ગુજરાત રોજગાર સમાચાર

# કારકિર્દી માર્ગદર્શન

વિશેષાંક 2025





## સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...




વર્ષ : ૬૪ ■ અંક : ૨ ■ તા.૧૬-૧-૨૦૨૪

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક,**
**પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...**

## નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

- રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના
- અધિકૃત માહિતી
- સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
- લોકકલ્યાણની વાત
- રાજ્ય સરકારના નિર્ણયો
- લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
- સફળ લોકોની વાતો આ ઉપરાંત
- અતિથિની કલમે
- વિદ્વાનોના વિચારો
- વાંચકોની વાત
- વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય
- પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

**વાર્ષિક લવાજમ માત્ર ₹50/-**

ગુજરાત રોજગાર સમાચાર

# કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-2025





| | | |
|---|---|---|
| તંત્રી | : | કે. એલ. બચાણી |
| સહતંત્રી | : | અરવિંદ પટેલ |
| કાર્યવાહક તંત્રી | : | જયેશ દવે |
| સંપાદક | : | ઉર્વિ રાવલ, ભરતસિંહ રાઠોડ, શીરિન સૈયદ |
| ઉપસંપાદક | : | શ્રેયા સાઠે, બેલા મહેતા |
| ડિઝાઈન | : | મૌલિક એમ. રાજપૂત |
| વિતરણ વ્યવસ્થા | : | પી. જી. ચંડીસરા, હિતેન્દ્રસિંહ પરમાર<br>પ્રકાશન શાખા, ગાંધીનગર તથા જિલ્લા કચેરીઓ |
| પ્રકાશક | : | માહિતી નિયામકની કચેરી,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. |
| પ્રોસેસિંગ અને મુદ્રણ | : | સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ. |
| વેબસાઈટ | : | www.gujaratinformation.gujarat.gov.in |

કિંમત : 20-00


વિદ્યાર્થીઓને કારકિર્દી અંગેની જાણકારી અને માર્ગદર્શન મળી રહે એ આશયથી કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. અનુભવી અને વ્યવસાયિક તજજ્ઞો દ્વારા સંપૂર્ણ ચોકસાઈ રાખીને વિગતો પ્રસ્તુત કરવામાં આવી છે. આમ છતાં વિદ્યાર્થી મિત્રો કે વાલી મિત્રોને તેમાં કોઈ હકીકત અંગે વધુ જાણકારી પ્રાપ્ત કરવી હોય તો સંબંધિત લેખક / સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી છે.


આ વિશેષાંકમાં પ્રસિધ્ધ થયેલા લેખોનાં પુનઃ મુદ્રણ માટે માહિતી નિયામકશ્રીની પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે.



# સંદેશ

શિક્ષણ એક એવો દીપ છે જે જીવનમાં અંધારા ઉલેચીને અજવાસ ફેલાવે. શિક્ષિત સમાજ રાષ્ટ્ર અને રાજ્યનું ઘરેણું છે. યોગ્ય શિક્ષણ અને જ્ઞાન થકી જ દેશના ભાવિનું નિર્માણ થતું હોય છે. આપણી ગરિમામયી શિક્ષણ પદ્ધતિને અનુસરીને આજે પણ શિક્ષણને પવિત્ર દરજ્જો પ્રાપ્ત છે. ઉજ્જવળ ભાવિના નિર્માણ માટે કારકિર્દીની પસંદગી અંગે દિશાદર્શન યોગ્ય સમયે મળી રહે તે ખૂબ જરૂરી છે. આપણી ભાવિ પેઢી જ્ઞાન, શિક્ષણ અને કૌશલ્યથી સજ્જ બની રહે તેના માટે ગુજરાત સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પરંપરાગત શિક્ષણની સાથે અદ્યતન શિક્ષણનો સમન્વય સાધી બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવાના હિમાયતી રહ્યા છે.

વિદ્યાર્થીઓને અભ્યાસકાળ દરમિયાન તેમની રુચિ હોય તે વિષયને સંલગ્ન શિક્ષણ પ્રદાન કરી તેમની કારકિર્દીનું યોગ્ય ઘડતર સરળતાથી કરી શકાય છે. વિદ્યાર્થીઓને તેમના રુચિના અભ્યાસમાં પ્રવેશ મળી રહે તેને અનુલક્ષીને 'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-2025'નું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે તે જાણી આનંદ થયો. આ વિશેષાંક વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતરમાં ઉપયોગી બની રહે તેવી હાર્દિક શુભેચ્છા સહ પ્રત્યેક વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય અને ઉત્તરોત્તર પ્રગતિ માટે મંગલકામના પાઠવું છું.

આપનો,

**(ભૂપેન્દ્ર પટેલ)**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



## સંદેશ

રસ અને રુચિ સાથે કરેલા કોઈ પણ કાર્યમાં સફળતા સરળતાથી મળે છે, અભ્યાસલક્ષી કે કારકિર્દીલક્ષી પ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિવર્ષ ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા "કારકિર્દી વિશેષાંક' તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવે છે, દૂરંદેશી નેતૃત્વ ધરાવતા આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી શિક્ષણ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીના સમન્વય દ્વારા એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે અનેકવિધ પ્રયાસો કરી રહ્યા છે, રાજ્યની વિકાસયાત્રાના સારથી તરીકે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ જ્ઞાનયજ્ઞને આગળ વધારી રહ્યા છે.

વિદ્યાર્થીઓ માટે ધોરણ 10 પછી શું? ધોરણ 12 પછી શું? કયા પ્રકારના કોર્સ ઉપલબ્ધ છે? પ્રવેશ અર્થે પ્રક્રિયા શું છે? કેટલી ફી છે? ભણતર પછી નોકરી માટે કયું ક્ષેત્ર શ્રેષ્ઠ રહેશે? ક્યાંથી યોગ્ય માર્ગદર્શન મળશે? જેવા પ્રશ્નોને સરળ રીતે સમજાવી તેના યોગ્ય જવાબ સાથે "ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ પ્રસિધ્ધ કરવામાં આવે છે. મને વિશ્વાસ છે કે આ લેખો દ્વારા દરેક વિદ્યાર્થીને અનુભવાતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ મળી રહેશે. યુવામિત્રો, મહાન વ્યક્તિ હંમેશા આજીવન શીખવાની પ્રક્રિયામાં માનનાર રહ્યા છે. સફળ થવા અને મહાન બનવા જીવનમાં ઘણી કસોટીઓ આવશે, પરંતુ અથાક પરિશ્રમથી જ વિજયી બની શકાય છે.

આ કારકિર્દીલક્ષી વિશેષાંક પ્રસિદ્ધ કરવા બદલ હું માહિતી ખાતાના પ્રયાસને આવકારું છું, તેમજ આ પ્રકાશનના માર્ગદર્શન થકી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય તરફ કંડારેલા પ્રગતિમય પથ માટે શુભેચ્છા પાઠવું છું.

**(ઋષિકેશ પટેલ)**
મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ,
તબીબી શિક્ષણ,
ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ,
કાયદો, ન્યાયતંત્ર,
વૈધાનિક અને સંસદીય બાબતો



## સંદેશ

ઊર્જા, સાહસ, નવા વિચારો અને જુસ્સાથી ભરેલા યુવાનો દેશનું ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ કરી શકે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, "તમારી જાત પર બ્રહ્માંડની કોઈપણ વસ્તુ સત્તા ધરાવી શકતી નથી, જ્યાં સુધી આપણે સ્વયં જ તેને એ સત્તા ન સોંપીએ. આ સમજવું સહેલું નથી પણ સમય જતા આની સમજણ કેળવાઈને જ રહે છે."

સ્વામી વિવેકાનંદના શબ્દોમાં નિષ્પ્રાણ વ્યક્તિને પણ જગાડી શકવાની શક્તિ હતી. વિદ્યાર્થીકાળ એ સૌથી મહત્ત્વનો કાળ ગણાય. વિદ્યાર્થીઓની ક્ષમતા, શક્તિ અને ઉમંગને યોગ્ય દિશાદર્શન મળી રહે તો અસાધારણ પરિણામોના સુફળ વ્યક્તિ, પરિવાર, સમાજ, દેશ અને વિશ્વને ચાખવા મળતા હોય છે.

ધો2ણ-10 અને 12ની પરીક્ષાઓ બાદ વિદ્યાર્થી તરીકે યોગ્ય કારકિર્દીના નિર્માણ વડે જીવનને યોગ્ય દિશા આપવી એ અતિ મહત્ત્વનો પડાવ ગણાય. આ સંજોગોમાં રાજ્ય સરકાર દ્વારા પ્રતિવર્ષ ગુજરાતના યુવક-યુવતીઓના કારકિર્દીલક્ષી માર્ગદર્શન માટે 'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' તૈયાર કરવામાં આવે છે. પ્રસ્તુત વિશેષાંકના માધ્યમથી નિતનવીન વિકાસ પામી રહેલા ક્ષેત્રોથી વિદ્યાર્થીવર્ગ, વાલીવર્ગ અને શૈક્ષણિક સંસ્થાઓ પરિચિત થાય અને આ વિશેષાંક સર્વ માટે લાભકારક નીવડે તેવી અભ્યર્થના...

આભાર સહ...

**(ડૉ. કુબેરભાઈ ડીંડોર)**
મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક,
માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ



## સંદેશ

તમારા જીવનની શ્રેષ્ઠ દિશા પસંદ કરવી એ સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણય છે અને તે નિર્દેશક હોય છે જે તમારી કારકિર્દી અને ભવિષ્યના માર્ગને નિર્મિત કરે છે. એક વિદ્યાર્થી માટે; ધોરણ-10 અને ધોરણ-12 એ શ્રેષ્ઠ કારકિર્દી વિકલ્પોને સમજવાનો અને પસંદ કરવાનો મંચ છે. આ સમયગાળા દરમિયાન યોગ્ય માર્ગદર્શન અને દિશા મળવાથી વિદ્યાર્થીઓ તેમની કારકિર્દી પસંદગીની જટિલતાઓ સરળતાથી ઉકેલી શકે છે.

આજની વિજ્ઞાન અને ટેકનોલોજીથી સજ્જ 21મી સદીમાં રાજ્ય સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) અને પીએચ.ડી. અભ્યાસ માટેની યોજનાઓ જેવા પ્રયત્નો દ્વારા વિદ્યાર્થીઓને નવી તક અને અવસર પૂરા પાડ્યા છે. તેના માધ્યમથી, ગ્રામીણ- વિસ્તારોમાં રહેતા બાળકો પણ ઉચ્ચ અભ્યાસ અને ઉજ્જ્વળ કારકિર્દી માટે આગળ વધતા રહ્યા છે. યુવાનોના સપનાઓને સાકાર કરવા માટે રાજ્ય સરકારની અનેક યોજનાઓ અમલમાં છે. જે વિદ્યાર્થીઓના ભવિષ્યને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

વિશિષ્ટ કારકિર્દી માર્ગદર્શન અને તક આપવા માટે, ગુજરાત રાજ્યના માહિતી વિભાગ દ્વારા દર વર્ષે "ગુજરાત રોજગાર સમાચાર - કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' પ્રકાશિત કરવામાં આવે છે. આ વિશેષાંકમાં વિવિધ કારકિર્દી વિકલ્પો અને તજજ્ઞ દ્વારા લખવામાં આવેલા પ્રેરણાદાયી લેખો દર્શાવવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને તેઓના ભવિષ્ય માટે શ્રેષ્ઠ માર્ગ પસંદ કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે તેવી અભ્યર્થના વ્યક્ત કરું છું. આ 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક'નો લાભ લઈને, દરેક વિદ્યાર્થી તેમની કારકિર્દી માટે શ્રેષ્ઠ માર્ગ પસંદ કરશે એ આશા સાથે આપના તેજસ્વી ભવિષ્ય માટે મારી હાર્દિક શુભકામના પાઠવું છું.

**(પ્રફુલ પાનસેરીયા)**
મંત્રી (રાજ્યકક્ષા), સંસદીય બાબતો, પ્રાથમિક,
માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ



## જીવનના મહત્ત્વપૂર્ણ નિર્ણયોમાંથી એક:
## ‘યોગ્ય કારકિર્દી પસંદગી’

આધુનિક સમયમાં ટેકનોલોજીનો વ્યાપ અવિરતપણે વધી રહ્યો છે. સાથે-સાથે તેમાં પરિવર્તનો પણ એટલી જ ઝડપથી થઈ રહ્યાં છે. વર્તમાન સમયની સાથે તાલબદ્ધ થઈ વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવી ભાવિ કારકિર્દીનું ઘડતર કરવાનું છે, આથી જ વિદ્યાર્થીકાળને કારકિર્દી ઘડતર માટેનો શ્રેષ્ઠ સમય ગણવામાં આવે છે.

સફળતાના શિખરે પહોંચવા માટે આજની યુવા પેઢી સખત પરિશ્રમ તો કરી રહી છે પરંતુ જ્યારે કારકિર્દીલક્ષી યોગ્ય માર્ગદર્શન મળે છે, ત્યારે મહેનત રંગ લાવે છે. આવા માર્ગદર્શનથી સફળ અને સાર્થક જીવન માટેનો નિર્ધારિત લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે વિદ્યાર્થીઓ આયોજનપૂર્વકની તૈયારી કરી શકે છે. વિદ્યાર્થીઓના રસ અને રુચિ મુજબ કારકિર્દીનું ઘડતર થાય તે માટે તેમને યોગ્ય પથદર્શનની ખૂબ જ આવશ્યકતા હોય છે.

‘ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-2025’માં કારકિર્દી ઘડતરના જુદા-જુદા ક્ષેત્રોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો અને તે અંગેના માહિતીપ્રદ લેખો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓને તેમની ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં ખૂબ જ ઉપયોગી બને તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું.

**કે.એલ. બચાણી**, IAS
માહિતી નિયામક

# અનુક્રમણિકા



## પ્રેરણાદાયી લેખો


| ક્રમ | વિષય | લેખક | પેજ |
|---|---|---|---|
| 1. | ચીનની જાયન્ટ કંપની 'અલીબાબા'ના માલિક જેક મા 30 ઇન્ટરવ્યૂમાં નાપાસ થયા હતા | ભવેન કચ્છી | 1 |
| 2. | કારકિર્દીની તરક્કી માટે પ્રો. શ્રી કૃષ્ણ યાદવની અદભુત ફોર્મ્યુલા | બી. એન. દસ્તુર | 3 |
| 3. | ચેલેન્જ વિનાની તો વીડિયો ગેમમાં પણ મજા નથી આવતી, તો લાઇફમાં શું આવે ? | જય વસાવડા | 5 |
| 4. | સફળતાના સપ્તરંગી મેઘધનુષ્યને સાકાર કરવા આઠ રાહ અને પ્રવાહ આલેખન | રમેશ તન્ના | 8 |
| 5. | લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂર છે, દમદાર સંકલ્પ અને દૃઢ આત્મવિશ્વાસની | પુલક ત્રિવેદી | 10 |
| 6. | જ્યાં છો ત્યાંથી આગળ વધો | અશોક ગુજ્જર | 12 |
| 7. | સુખી થવાના પાંચ સૂત્રો | સંજય રાવલ | 14 |
| 8. | દુનિયા પાસે કન્ફ્યૂઝન્સની વણજાર છે, પણ સોલ્યુશનનું સરનામું એક જ - આપણું અંતર ! | અંકિત દેસાઈ | 15 |
| 9. | જાત સાથે વાત : ઊડવા માટે ડૂબો | ઉત્સવ પરમાર | 17 |
| 10. | વિદ્યાર્થીની કારકિર્દીની પસંદગી કોના દ્વારા ? વાલી કે વિદ્યાર્થી ? | દેવેશ મહેતા | 19 |

## ધોરણ-10 પછીના વિકલ્પો


| ક્રમ | વિષય | લેખક | પેજ |
|---|---|---|---|
| 1 | ધોરણ-10 પછીના કારકિર્દીના વિકલ્પો | કુલસુમ ઘાંચી | 22 |
| 2 | ધોરણ-10 બાદ પ્રાપ્ત થતી ઇમર્જિંગ કેરિયર | ગુર્જર ઘર્મિષ્ઠા એમ. | 28 |
| 3 | જીવન આગળ ધપાવતા ITIના રસપ્રદ અભ્યાસક્રમો | એસ.આર. વિજયવર્ગીય | 31 |
| 4 | જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રે કારકિર્દી | જયાબહેન ડી. પટેલ | 43 |
| 5 | સી-ડેકના અદ્યતન અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડતરની ઉજ્જ્વળ તકો... | જગદીશ પટેલ | 46 |
| 6 | બોર્ડના પરિણામો બાદ પ્રવેશ માટે મહત્ત્વની વેબસાઇટ્સ | | 48 |


## ધોરણ-12 પછીના વિકલ્પો


| ક્રમ | વિષય | લેખક | પેજ |
|---|---|---|---|
| 1 | વિનયન વિદ્યાશાખાનાં કારકિર્દી ક્ષેત્રો | ગુર્જર ઘર્મિષ્ઠા એમ. | 50 |
| 2 | મેડિકલ / પેરામેડિકલ કોર્સિસમાં અભ્યાસ | ડૉ. જિગ્નેશ ચૌહાણ | 54 |
| 3 | વિદ્યાર્થીઓ માટેની કેટલીક શાળા-કોલેજ કક્ષાની કોમ્પિટિટિવ પરીક્ષાઓ | તૃપ્તિ ઉપાધ્યાય | 60 |
| 4 | એન્જિનિયરિંગ : ક્ષેત્ર એક ધારાઓ અનેક | ધવલ ગોકાણી | 67 |
| 5 | ગરવી ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓ | ડૉ. રાજેન્દ્ર ઉપાધ્યાય | 105 |
| 6 | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે કારકિર્દી નિર્માણના વિવિધ અવસરો | ડૉ. રામકુભાઈ ભેડા | 110 |
| 7 | ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ઉભરતી કારકિર્દી ઘડતરની તકો | પ્રણવ દવે | 116 |
| 8 | વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અને નોકરીની તકો... | સતીષ જે. શાહ | 125 |
| 9 | પ્લાસ્ટિક ટેકનોલોજી, મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં કારકિર્દી... | બેલા મહેતા | 128 |
| 10 | હોમિયોપેથી સાથે કારકિર્દી | ડૉ. સીમા ખિલવાણી | 129 |
| 11 | ડિજિટલ મીડિયાનો આવિર્ભાવ અને કારકિર્દીની તકો | પ્રો (ડૉ.) શિરીષ કાશીકર | 134 |
| 12 | સોફ્ટવેર ટેસ્ટિંગ ફિલ્ડની પણ એક અલગ જ દુનિયા છે | કિશન જોશી | 136 |
| 13 | દિવ્યાંગજનોના પુનર્વસન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં કારકિર્દી ઘડતરની તકો | ડૉ. અજીત કુમાર | 139 |
| 14 | ક્લાસિકને કહો અલવિદા : હવેનો જમાનો ક્વોન્ટમ કમ્પ્યુટિંગનો... | ખ્યાતિ જોશી | 144 |

| | | | |
|---|---|---|---|
| 15 | એક્સપોર્ટ-ઇમ્પોર્ટ ફિલ્ડમાં બનાવો ઉજ્જ્વળ ભવિષ્ય | કિશન જોશી | 146 |
| 16 | સાયબર સિક્યોરિટી એક્સપર્ટની રક્ષણમય કારકિર્દી | વિકાસ વર્તુળ ટ્રસ્ટ | 149 |
| 17 | હોટલ મેનેજમેન્ટ: ''અતિથિ દેવો ભવ''ની સંસ્કૃતિને રોજિંદું જીવવાની સુવર્ણ તક | પ્રશાંત ત્રિવેદી | 153 |
| 18 | શિક્ષક તરીકેની કારકિર્દીનું ઘડતર | એસ.આર. વિજયવર્ગીય | 157 |
| 19 | AIના યુગમાં પણ પર્ફોર્મિંગ આર્ટ્સનું સ્થાન અવિચળ | મેઘના ખારોડ | 161 |
| 20 | ડિજિટલ યુગમાં લાઇબ્રેરી સાયન્સ: નવી તકો, નવી ક્ષિતિજો | દેવાંગ મહેતા | 164 |
| 21 | ભારતીય સશસ્ત્ર દળો : સન્માન અને ઉદ્દેશ્યથી ભરપૂર જીવનનું પ્રવેશદ્વાર | લે. કર્નલ (ડો.) કમલપ્રીત સાગી (નિવૃત્ત) | 167 |
| 22 | સંગ્રહાલયમાં ક્યુરેટર તરીકેની કારકિર્દી | ડો. શેફાલિકા અવસ્થી | 178 |
| 23 | ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે શિક્ષણ અને તાલીમ | નિખિલેશ દેસાઈ | 180 |
| 24 | CA-CS દેશ અને ગુજરાતમાં લોકપ્રિય કારકિર્દીનું ક્ષેત્ર | સારંગ એમ. દવે | 183 |
| 25 | દરિયાના ઊંડાણ પામવાની સાહસિક જીવનની અનોખી સફર : સ્કુબા ડાઇવિંગ | લોઈસ ક્રિશ્ચિયન | 188 |
| 26 | કલામય કારકિર્દી ઘડતર... ચિત્રકલા સંગ | મનહર કાપડિયા | 192 |
| 27 | ફિલ્મ-ડોક્યુમેન્ટરી મેકીંગના વિષયમાં કારકિર્દી ઘડતરની ઉજ્જ્વળ તકો | મૌલિન પરમાર | 194 |
| 28 | અભિનય કલાની વિધિસર તાલીમ, આપે અનેક ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી... | ભવ્ય ગાંધી | 197 |
| 29 | સર્જનાત્મકતાથી ભરપૂર કારકિર્દી : કેલિગ્રાફી | સોહમ રાઠોડ | 201 |
| 30 | ઓડિયોલોજી અને સ્પીચ-લેંગ્વેજ પેથોલોજીમાં કારકિર્દી | પ્રીતિ સાહુ | 203 |
| 31 | કાયદા ક્ષેત્રે બંધારણની સમજણ વિકસાવતી કારકિર્દીનું નિર્માણ... | બી. એમ. દવે | 211 |
| 32 | જનસંપર્ક : કારકિર્દીની વિપુલ તકો ધરાવતું ક્ષેત્ર | આશિષ ખારોડ | 214 |
| 33 | કૃષિ ક્ષેત્રે ઉત્તમ કારકિર્દીની તકો | ઉર્વિશા બુહા | 217 |
| 34 | ડિઝાઇન કૌશલ્ય નિર્માણ માટે IPSA અને KSD : સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ | રિદ્ધિ શાહ | 220 |
| 35 | અગત્યની વેબસાઈટ્સ | | 222 |

# ચીનની જાયન્ટ કંપની 'અલીબાબા'ના માલિક જેક મા 30 ઇન્ટરવ્યૂમાં નાપાસ થયા હતા

ભવેન કચ્છી

**કારકિર્દીના કોઈ મુકામે નિષ્ફળ જાઓ ત્યારે ગભરાશો નહીં... મંજિલે ઓર ભી હૈ**

ચીનના ધનાઢ્ય કોર્પોરેટ જાયન્ટ જેક માની કંપની 'અલીબાબા ગ્રુપ' હવે માઈક્રોસોફ્ટ, ગુગલ, એમેઝોન જેવી આગવી ઓળખ ધરાવે છે. 'ફોરચ્યુન' મૅગેઝિનની વિશ્વની ૫૦ શક્તિશાળી હસ્તીઓમાં જેક માનું બીજા નંબરનું સ્થાન છે. ૪૨ અબજ ડોલરની વર્થ ધરાવતા જેક મા વિશ્વમાં અગ્રક્રમનો મોટિવેટર લેક્ચરર છે.

માત્ર ચીનના જ નહીં જેક માને આંતરરાષ્ટ્રીય નાગરિક બનવાની કિશોરવયથી જ ખ્વાહીશ હતી. અમેરિકા અને બ્રિટનના પ્રવાસીઓ પાસેથી અંગ્રેજી ભાષા શીખી શકાય તે માટે તે તેનો ગાઈડ બનતો અને તેના ઘરથી જોવાલાયક સ્થળોએ ગાઈડ બનવા શનિ-રવિ ૭૦ માઈલ સાઈકલ ચલાવતો.

ચીનમાં કૉલેજ પ્રવેશ માટેની ૧૨મા ધોરણ જેવી પરીક્ષામાં જેક મા ચાર વર્ષ સુધીના પ્રયત્નમાં નાપાસ થયો હતો. માંડ માંડ ગ્રેજ્યુએટ થઈને ૩૦ જગ્યાએ નોકરી માટેના ઈન્ટરવ્યૂ આપ્યા હતા, જે તમામમાં તેના નામ પર ચોકડી વાગી હતી. કેએફસી ફાસ્ટ ફૂડ ચેઇનમાં ડિલિવરી મેનની જગ્યાઓ માટે ૨૪ ઉમેદવારોએ ઈન્ટરવ્યૂ આપ્યા હતા જેમાંથી ૨૩ને પસંદ કરાયા અને જે એક નાપાસ જાહેર થયો તે જેક મા હતો. ૧૦ વખત તે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં પ્રવેશની અરજી કરવા છતાં રિજેક્ટ થયેલો.

હવે તેણે ચીનમાં પોલીસની નોકરી કરવાની તૈયારી બતાવી. જ્યાં એક માત્ર જેક મા સિવાય અન્ય ચાર પસંદ થયા. જેક માને લાગ્યું કે કદાચ તે હોટલના વેઈટર બનવાને લાયક હશે તેથી તેણે તે પ્રયત્ન કર્યો. પણ કુદરત તેની પાસેથી કંઈક ઐતિહાસિક કરાવવા માંગતી હશે. જો તેને કેએફસી કે પોલીસની નોકરી મળી ગઈ હોત તો ? જેક માને આવી હતાશા વચ્ચે મનમાં પ્રેરણા ઝબૂકી હતી કે 'ઈફ યુ કેન ગેટ યુઝ્ડ ટુ ફેઈલોર - જસ્ટ લાઈક અ બોક્સર - ઈફ યુ કેન નોટ ગેટ યુઝ્ડ ટુ બીઈન્ગ હીટ, હાઉ કેન યુ વીન ?'

જેક મા વિદ્યાર્થીઓને તેના વક્તવ્ય દરમિયાન કહે છે કે 'સફળ વ્યક્તિઓનાં ચરિત્ર વાંચવાં કરતાં નિષ્ફળતા, જાકારા છતાં મનોબળ ટકાવી ઊંચાઈ હાંસલ કરનારાઓને ક્યાં સમયે કેવો સ્પાર્ક થયો તેવાં પુસ્તકો આત્મસાત્ કરવાં જોઈએ. જેક માએ તેની શાળાના અરસાની મિત્ર ઝાંગ ચિંગ સાથે લગ્ન કર્યા ત્યારે તેની માસિક આવક ૧૫ ડૉલર હતી.

વિદ્યાર્થીઓને તેમના મનગમતા ક્ષેત્રમાં પ્રવેશ ન મળે તો અથવા તો આર્થિક જરૂરિયાત હોય અને નોકરી કરવા ઘણી જહેમત બાદ પરીક્ષા-ઈન્ટરવ્યૂ આપે ત્યારે નાપાસની હારમાળા સર્જાય તેવું બનતું હોય છે. ભારતથી ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયેલા વિદ્યાર્થીઓને ૧૦-૧૫ કંપનીના ઈન્ટરવ્યૂ પછી પણ નોકરી ન મળે ત્યારે તે અને તેના પરિવારજનો હતાશ થાય તે સ્વાભાવિક છે. આવે વખતે તેમણે એવું હકારાત્મક જ વિચારતાં રહેવાનું છે કે ધંધો કે નોકરી માટેના દરવાજા બંધ થયા પછી સ્ફૂરણા થશે તે જ તેની સાચી નિયતિ અને ખેડાણનું પ્લેટફોર્મ હશે. પ્રત્યેક રિજેકશન એમ કહે છે કે તું આના માટે નથી ઘડાયો. કંઈક વિશિષ્ટ અને આગવું તારો ઈંતજાર કરે છે. એવું પણ બને જ કે ૧૫ નાની કંપનીએ ઈન્ટરવ્યૂમાં નકાર્યા પછી ૧૬મા જાયન્ટ કંપનીનાં ઈન્ટરવ્યૂમાં તમે સફળ નીવડો. નોકરી મળે જ નહીં અને કોઈ હુન્નર, શ્રમ કે બિઝનેસ કરો તેમાં તમે છવાઈ જાવ. હીરો બનવા જાવ

અને એક્સ્ટ્રા બનીને આવો તે પછી તમે ફિલ્મ પ્રોડ્યુસર પણ બની શકો.

અમિતાભ બચ્ચને આકાશવાણી કલકત્તામાં ઉદઘોષક તરીકે ઈન્ટરવ્યૂ આપ્યો હતો. પણ તેને ઓડિયો ટેસ્ટમાં નાપાસ કરવામાં આવ્યા હતા, એટલું જ નહીં સુનિલ દત્તે તેની ફિલ્મ ''રેશમા ઔર શેરા''માં તેને સાવ ટૂંકો રોલ આપ્યો હતો, જે પણ મૂંગાનો હતો. ત્યાર પછી અમિતાભે તેની એક્ટિંગ, ડાયલોગ ડિલિવરી અને અવાજની મદદથી કેવો ઈતિહાસ સર્જ્યો તે આપણે જાણીએ છીએ. તેવી જ રીતે મહાન કાર્ટૂનિસ્ટ આર. કે. લક્ષ્મણ કામ માટે ભટકતા હતા ત્યારે તે અરસાના ટોચના અખબાર ''ફ્રી પ્રેસ જર્નલ''ના ધક્કા ખાતા હતા ત્યાં પણ તેમને નિરાશાજનક રીતે જાકારો મળ્યો હતો ''ફ્રી પ્રેસ જર્નલ''નો ઈન્કાર આગળ જતાં ''ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'' અને આર. કે. લક્ષ્મણની અરસપરસ લોકપ્રિયતાની ઐતિહાસિક ઓળખ બન્યા.

અત્યારે ભલે મહાનુભાવોનાં જીવનચરિત્રોને ઉદાહરણીય રીતે રજૂ કરાતાં હોય કે પછી મૅનેજમૅન્ટ ગુરૂઓ પોઝિટિવ બનવાની બડાશ મારી લેક્ચરો આપતા હોય પણ મહાન એક્ટર, આર્ટિસ્ટ, શોધક જ નહીં, જે તે ચીજવસ્તુના પ્રવેશ વખતે તેને જાકારો જ મળ્યો હતો. તમામ વખતે તેઓ જ પોઝિટિવ રહ્યા તેવું નથી, પણ તેમને ચાન્સ મળતો રહ્યો અને લોકોએ તેમને સ્વીકારી આસમાન પર બેસાડી દીધા. શોધકો તેના સંશોધનને કે નિર્માતા કલાકારને બે કોડીનો ગણે તોપણ પાછળથી કેવો ઈતિહાસ સર્જાઈ શકે છે તે જાણવા માટે આ વાક્યો પર નજર ફેંકવા જેવી છે.

આ વાંચીને તમે બોલી ઊઠશો કે "Thank god we didn't believe them'' મને લાગે છે કે બહુ બહુ તો વિશ્વમાં પાંચેક પર્સનલ કમ્પ્યૂટર વેચી શકાય.'' (થોમસ વોટસન, આઈબીએમના ચેરમેન (૧૯૪૩)

''૬૪૦ Kથી વિશેષ ક્ષમતાના કમ્પ્યૂટરની આપણને ક્યારેય જરૂર નહીં પડે.'' - બિલ ગેટ્સ (માઈક્રોસોફ્ટ) (૧૯૮૧)

એક્ટરોની વાતો સાંભળવી કોને ગમે ? ગોસીપ, પબ્લિસિટી ને હાસ્યાસ્પદ નિષ્ફળતા સાંપડશે-'' (એચ એમ વોર્નર, વોર્નર બ્રધર્સ ૧૯૨૭)

''આવા કાન ધરાવતી વ્યક્તિને તમે કઈ રીતે ફિલ્મ દુનિયામાં તક આપી શકો ?'' (મહાન એક્ટર કલાર્ક ગેબલને હાંસી ઉડાવી રિજેક્ટ કરતી વખતે જેક વોર્નરના શબ્દો, ૧૯૩૦)

''મને તેઓનો અવાજ બિલકુલ જ પસંદ નથી પડયો, અને ગિટાર મ્યુઝિકનો હવે જમાનો અસ્ત થઈ રહ્યો છે.''- (બિટલ્સને રિજેક્ટ કરતી ડેક્કા રેકૉર્ડિંગ કંપની, ૧૯૬૨માં)

''ચીપ તો શોધાઈ, પણ તેનું હવે કરવાનું શું?''- (આઈબીએમના એન્જિનિયરે ૧૯૬૮માં કરેલી કોમેન્ટ)

''વિમાન ખૂબ જ રસપ્રદ અને સાહસપૂર્ણ રમતનાં રમકડાં કહી શકાય. પણ તેની લશ્કરમાં કોઈ રીતે ઉપયોગી થવાની ક્ષમતા નથી.'' (ફ્રાન્સની જાણીતી ડિફેન્સ એજન્સીના પ્રોફેસર મારેચલ ફર્દીનાન્દ ૧૯૦૦ની આસપાસ)

ફ્રેડ અસ્તાઈફ, તમે એક્ટિંગ કરી શકતા નથી, ગાઈ શકતા નથી, તમને ટાલ પણ પડતી જાય છે. તમે ડાન્સ પણ સામાન્ય સ્તરનો કરી શકો છો.''- (એક્ટરો શોધવાનું કામ કરતી એમજીએમ ટેલેન્ટ સ્કાઉટે મહાન એક્ટર અસ્તાઈફ માટે જણાવ્યું હતું - ૧૯૨૮માં)

અખબારોનું વ્યાપારીકરણ થયું ત્યારે યુરોપથી માંડી ભારતના ક્રાંતિકારીઓ અને ચળવળિયાઓ મોં મચકોડતાં કહેતા હતા કે અખબાર તો કોઈ મુખપત્ર, ઝુંબેશ માટે હોય. રોજેરોજ તેને સમાચારો જાણવા શું કામ ખરીદે ? તમારા જીવનમાં આવેલાં તમામ પરિવર્તનો, સગવડોની ઈમારતના પાયામાં જાકારો જ જોવા મળશે.

---

એમ-૭૦૪, સર્જન ટાવર, સુભાષ ચોક પાસે,
મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૧

# કારકિર્દીની તરક્કી માટે પ્રો. શ્રી કૃષ્ણ યાદવની અદ્‌ભુત ફૉર્મ્યુલા

બી. એન. દસ્તુર

આજથી આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયા શ્રી કૃષ્ણ યાદવ નામના એક જબરજસ્ત વિદ્વાન, જેમણે કર્મની સફળતા માટેની એક અદભુત ફૉર્મ્યુલા એમની જિંદગી મેનેજ કરવા માટેની કૃતિ શ્રીમદ્‌ ભાગવત્‌ ગીતામાં જણાવી છે.

**ગીતા ધાર્મિક ગ્રંથ નથી.**

તમે, હું, સૌ, મંદિર, મસ્જિદ, ચર્ચ અગ્નિ મંદિરમાં જઈએ છીએ ઈશ્વરને માખણ લગાવવા, ભીખ માગવા, લાંચ આપવા, માફી માગવા, આભાર માનવા અને પસ્તાવો કરવા.

આ બધું કઈ રીતે કરવું એ ગીતામાં નથી. જિંદગી પ્રસન્નતાથી જીવવા માટે શું, શા માટે કરવું, શું ન કરવું એ વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે.

કમનસીબે ગીતાજીને ધાર્મિક કિતાબ પુરવાર કરનાર પંડિતોએ એમની ફ્રેમ ઑફ રેફરન્સ (જિંદગી જોવાની આગવી દૃષ્ટિ) પ્રમાણએ ગીતાનું અર્થઘટન કર્યું છે.

ગીતાના ૧૮મા અધ્યાયના ૧૪ નંબરના શ્લોકમાં ફક્ત ૧૨ શબ્દોમાં કર્મની સિદ્ધિની ફૉર્મ્યુલા આપી છે, જેનું અર્થઘટન કરવા ડિક્શનરી જરૂરી છે.

**આ ફોર્મ્યુલામાં પાંચ ઘટકો છે.**

અધિષ્ઠાન - વાતાવરણ, સ્થળ

કર્તા - કર્મનો કરનાર

કરણ - સાધનો, રિસોર્સ

ચેષ્ટા - પ્રોસેસ

દૈવ - નસીબ

**અધિષ્ઠાન :**

કારકિર્દીની તરક્કી માટે એવી સંસ્થા શોધો જ્યાં યોગ્ય વાતાવરણ (environment) હોય.

- તમારાં જ્ઞાન, આવડત, અનુભવ અને પ્રતિષ્ઠા મુજબનું કામ કરવાની તક હોય
- સંસ્થા તમને, તમારી કારકિર્દીની સડક ઉપર ઝડપથી આગળ વધવામાં મદદ કરતી હોય.
- તમારા કામની ગુણવત્તામાં, તમારા કુટુંબના સભ્યોના સાથ સહકારની કદર થતી હોય
- તમારા દિમાગમાં આવતા તુક્કાઓ-વિચારો સાંભળવા, સમજવા માટે ઉચ્ચ મૅનેજમૅન્ટ તૈયાર અને તત્પર હોય.
- તમારા યોગદાનની યોગ્ય કદર થતી હોય.

**કર્તા :**

સંસ્થામાં તમારુ સ્ટેટસ કર્મચારીનું નથી. તમે એક નૉલેજ વર્કર છો જે જ્ઞાન તમારી પાસે છે તે સંસ્થાની તરક્કીમાં મદદ કરે એવું છે.

જાપાનથી આયાત કરેલો એક શબ્દ છે 'કૈઝન' એકધારો સુધારો. તમારે તમારાં જ્ઞાન, આવડત, અનુભવમાં એકધારો સુધારો કરતાં રહેવું પડશે. સંસ્થાની અંદરના અને બહારના પ્રતિસ્પર્ધીઓ કરતાં વધારે ઝડપથી શીખતાં રહેવું પડશે. તમારા વિચાર, વાણી, વર્તનની જવાદારી સ્વીકારવી પડશે, જોખમો ઉઠાવવાની તૈયારી રાખવી પડશે.

**કરણ :**

કરણ એટલે રિસોર્સ (resource) સાધનો. આજના અનિશ્ચિતતા અને પરિવર્તનોનાં તોફાનોથી છલકાતા માહોલમાં સંસ્થામાં રિસોર્સ હંમેશાં શોર્ટ સપ્લાયમાં હોય છે. સહકાર્યકરો, મશીનરી ટૅકનોલૉજી, નાણાં, સમય જેવા રિસોર્સનો મહત્તમ ઉપયોગ કરતાં શીખવું પડશે. યાદ રાખો, જ્ઞાન, આવડત, માહિતી, અનુભવ અને પ્રતિભા પણ અજોડ રિસોર્સ છે.

**ચેષ્ટા :**

ચેષ્ટા એટલે રિસોર્સ વાપરવાની પ્રોસેસ. જે કાંઈ કરવાનું છે તે ક્યારે, કઈ રીતે, કોની મદદથી, કેટલા સમયમાં કરવાનું છે તેનું ભાન ન હોય તો જરૂરી પરિણામો મળતાં નથી.

દરેક રિસોર્સ વાપરવાની પ્રોસેસ અલગ અલગ હોય છે. આજના અટપટા માહોલમાં સફળતા ગણિતના દાખલા જેવી બની ગઈ છે. એક પગથિયું ખોટું તો આખો દાખલો જ ખોટો.

લોકો પાસે કામ લેવાની, કરાવવાની, કઢાવવાની આવડત ન હોય, સંસ્થાની સાથે સંકળાયેલા સૌ કોઈનું પરસેપ્શન મેનેજ કરવાની પ્રોસેસનું ભાન ન હોય, રાજકારણ ખેલવાની તૈયારી ન હોય તો કારકિર્દીની તરક્કી શક્ય નથી.

**નસીબ :**

આજના માહોલમાં ન બનવાનું બનતું રહે છે, બનવા જેવું બનતું નથી, જે બને છે તે ગમતું નથી. આવા સંજોગોમાં નસીબને જવાબદાર ઠેરવવાનો શિરસ્તો છે.

શ્રી કૃષ્ણએ, એમની ફૉર્મ્યુલામાં 'દૈવં' નસીબને સ્થાન આપ્યું છે પણ ચોખવટ કરી છે કે 'દૈવં ચૈવાત્ર પંચનમ્'. અહીં નસીબ પાંચમા સ્થાને છે.

પાંચ ઘટકો ધરાવતી ફૉર્મ્યુલામાં નસીબનું યોગદાન ફક્ત ૨૦ ટકા છે.



એ યાદ રાખો કે નસીબ ઘણા મોટા ભાગના કિસ્સાઓમાં પોતાના પગ ઉપર ઊભું રહી શકતું નથી. એને ટેકાની જરૂર પડે છે. તમારા નસીબમાં લૉટરીનો કરોડો રૂપિયાનો જૅકપૉટ ભલે લખાયો હોય. તમે લૉટરીની ટિકિટ ખરીદવાનું કર્મ ન કરો તો કાંઈ ઊપજે નહીં.

કચ્છી ભાયડાઓની એક કહેવત છે :

**'હલંધલ જો નસીબ હલે,**
**વેંધલ જો નસીબ વે**
**સુમંધલ જો નસીબ સુમે'**

હાલનારનું નસીબ હાલે, બેસનારનું નસીબ બેસી રહે ઊંઘનારનું નસીબ ઊંઘી જાય.

શ્રીકૃષ્ણની ફૉર્મ્યુલા ગોખી મારવી આસાન છે. ગોખી મારો અને દિવસની શરૂઆત એ બોલવાથી કરો.

**અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્**
**વિવિધાશ્ચ પૃથકચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્ ।।**

**અર્થ છે :**

આ વિષયમાં સ્થાન અને વાતાવરણ, કર્તા તથા અલગ અલગ સાધનો અને વિવિધ પ્રકારની પ્રક્રિયાઓ, એ જ રીતે પાંચમો ઘટક દૈવ અર્થાત નસીબ છે.

એ-૭૦૨, ગાલા ઈટેરિના,
ટીવી ટાવરની સામે,
કાલુપુર કોમર્શિયલ બૅંકની નજીક
ડ્રાઈવ-ઇન રોડ, અમદાવાદ-૩૮૨૦૫૨.

# ચૅલેન્જ વિનાની તો વીડિયો ગેમમાં પણ મજા નથી આવતી, તો લાઇફમાં શું આવે ?

જય વસાવડા

'તમારી ઓળખ એ નથી કે તમે શું મેળવો છો, તમારી ઓળખ એ છે કે તમે કઈ બાબત માટે કેટલો સંઘર્ષ કરો છો.''

માર્ક મેન્સનનું અદ્દભુત ક્વોટ છે ચાવીચાવીને દસ વાર વાંચવા જેવું. માણસ એની સક્સેસથી નહિ, એની સ્ટ્રગલથી ઓળખાવો જોઈએ. સફળતામાં તો ઘણાં પરિબળો હોય, પરિસ્થિતિ, હરીફો, નસીબ, ઉંમર, ઉછેર... અને સફળતા તો ઉપર નીચેય થયા કરે. એ સેલિબ્રિટી હોવાની આઈડેન્ટિટી હોઈ શકે, પણ માણસ મૂલવવાનો માપદંડ નહિ. તમને જે બાબતમાં સંઘર્ષ કરવામાં થાક ન લાગે, એ તમારી ખરી વ્યાખ્યા.

પીપલ લવ વોટ અધર્સ આર પેશનેટ એબાઉટ. લા લા લેન્ડ ફિલ્મનો આ સંવાદ છે. તમે કશુંક જેન્યુઇન પેશનથી કરતા હો, તો લોકોને એમાં ખબર ના પડે તો ય રસ પડે છે ! આ પેશનની પ્યોરિટી ફિંગરપ્રિન્ટની જેમ આગવી અને એક્સક્લુઝિવ હોય છે. બિયોન્ડ બાયોડેટા. એમાં વધુ ને વધુ લોકોની લાઈક ઉઘરાવવાના વળગણને બદલે પોતાની ભીતર ઘૂંટાતી વાત કહેવાનો ઉમળકો વધુ હોવાનો ! સ્ટીવ જોબ્સ એન્ડ સ્ટીવ વૉઝેનિઆક વચ્ચેય એપલના સ્થાપનાકાળે આવા જ મતમતાંતર થતા. જે તે નેગેટિવલી લેવાને બદલે ઊલટું પોતાની લૂપહોલ્સ સુધારીને ભૂલો અટકાવવાનું, મોટી ગફલત થાય એ પહેલાં આંતરિક ચર્ચાથી નટબોલ્ટ ટાઈટ કરવાનું એ શીખ્યા હોય તો જ એપલ જેવી બ્રાન્ડ વિકસે. રાઈટ બ્રધર્સે પ્લેનના પ્રોપેલર બાબતે આવી જ મૂંઝવણ અનુભવી હતી. દિવસો સુધી બહારના કોઈ સાંભળે તો ઝઘડો જ લાગે એવી રાડારાડ બેઉ કરતા. ફોર બેટર ક્રિએટીવિટી આફટર એ પોઈન્ટ, અંદરખાનેથી એકબીજા માટે રિસ્પેક્ટ, સેમ પેશન અને લાગણી-જ્ઞાનની કદર હોઈને સાચું શું છે એ સમજી જતા.

સરવાળે, એકબીજાથી ઓપોઝિટ ઊભા હોય તે જે ચર્ચા શરૂ થઈ હોય એ પૂરી થાય ત્યાં બેય એકબીજાની નજીક આવી જતા. બીજાની વાતમાં કન્વિન્સ થતા જતા, પોતાની મર્યાદાનો છેદ ઉડાડતા જતા ને પરિણામે જે ક્રિએટિવ ડિસીશન આવતું એ ફૂલપ્રૂફ રહેતું. માટે બધા સાવ રોબોટની જેમ ખામોશ જ બેસે, એ કોઈ વિદ્યાભ્યાસની નહિ, વિદ્યા-આભાસની નિશાની છે.

વિશ્વભરની સંસ્કૃતિઓએ 'મુખીપણા'ની વડીલશાહીમાંથી ન્યાયતંત્રો વિકસાવ્યાં ત્યારે એમાં સ્કોપ આર્ગ્યુમેન્ટસનો રાખ્યો. કારણ કે મલ્ટિપલ ઍંગલ ચકાસ્યા વિના સત્ય ન જડે. તો પછી નવી પ્રોડક્ટ પણ બને જ નહિ. પણ કોઈ ન્યૂટન સાથે કોઈ આઇન્સ્ટાઇન અસહમત થાય તો જ વિજ્ઞાન ચિત્તાફાળ ભરે ને પ્રગતિની !

વાચન કિતાબનું કે કિન્ડલનું છે શું ? વધુ ને વધુ ભેજાંઓએ લખેલી દલીલો, આપેલી હકીકતો અને રચેલી સૃષ્ટિનું સારગ્રહણ. જે તમારી થોટપ્રોસેસને કિકસ્ટાર્ટ કરે. તો ક્રિએટિવિટીની આ ફોર્મ્યુલા સિક્રેટ નથી. પણ આપણે એ સ્વીકારીને જીવવા જેટલા ઓપન નથી. શોર્ટ એન્ડ સિમ્પલ લિબર્ટી. ક્રિએટિવિટી એટલે જ બાઉન્ડ્રીની બહાર નીકળવું.

'તમે બીજાઓની સફળતા જોઈને બળીને ઈર્ષા કે ટીકા કરવામાં જેટલો સમય વીતાવો છો, એટલો સમય એ સફળ લોકો કામ કરતા હોય છે! આસાનીથી સમજાઈ જવું જોઈએ કે સમયનો સદુપયોગ કોણ કરે છે...' જોન વેસ્ટનબર્ગનું આ ક્વોટ છે. સિમ્પલ સી બાત હૈ : પ્લેયર રમે છે. ઓડિયન્સ ચીઅર કરે કે હુરિયો બોલાવે છે. ખેલાડી સ્ટેડિયમમાં બેસી શકે છે. પણ સ્ટેડિયમમાં બેઠેલ પ્રેક્ષક ખેલાડી બની શકતો નથી. વિન્સ્ટન ચર્ચિલે એક વાર એમની ટ્રેડમાર્ક સ્ટાઈલમાં કહેલું કે 'સફળતા કાયમી નથી, નિષ્ફળતા ઘાતક નથી. મહત્ત્વની વાત સફળતા કે નિષ્ફળતા નહીં, સતત આગળ વધવા માટેની હિંમત હોય

છે!' બિલકુલ સહી. કોઈ પણ કામ પૂરું કરવું હોય તો એકધારા પ્રયત્નો જરૂરી છે. કેવળ પ્રયત્ન નહીં. એકધારા, સતત પ્રયત્નો! એને જ કહેવાય સાતત્ય, કન્ઝિસ્ટન્સી.

સકસેસનું આ મેજર સિક્રેટ છે. જે બેહદ સાદું હોવાને લીધે ઝટ સમજાતું નથી. એનું નામ છે પરસિસ્ટન્સ, ખંત. જેને લીધે જળવાય કન્સિસ્ટન્સી, સાતત્ય. અને એના માટે જોઈએ ડિસિપ્લિન, સ્વનિયંત્રણ. આ થઈ સકસેસની ડીસીપી ફોર્મ્યુલા.

દુનિયામાં આપણાથી વધુ પ્રતિભાશાળી, વધુ સુંદર, વધુ હોશિયાર, વધુ ચાલાક, વધુ ક્રિએટિવ, વધુ પૈસાદાર, વધુ પહોંચ કે વગવાળા, વધુ સ્માર્ટ, વધુ ભણેલા હજારોલાખો લોકો હશે. એને એમ બીટ નહિ જ કરી શકાય. પણ એક બાબત માત્ર આપણા હાથમાં હોવાની. આપણે વધુ મહેનત તો કરી જ શકીએ. કમિટમેન્ટ રાખી તપસ્વીની જેમ મચી તો પડીએ જ. કઠોર પરિશ્રમ અને દૃઢ મનોબળનો કોઈ વિકલ્પ નહોતો જ ને નથી જ. તમે જો એકધારા ટકી રહો, તોય અડધા હરીફોને તો કાળ જ ખાઈ જશે. મતલબ, સમય જતા એમના ચમકારા આપોઆપ ઝાંખા થઈ જશે.

મૂળ સમસ્યા જ આ છે. આપણે ઝટ નિરાશ થઈએ છીએ, કે ઝટ કંટાળીને થાકી જઈએ છીએ. હોય, બધાને ક્યારેક તો બધું છોડવાનું મન થાય એવી ફીલિંગ આવે જ. હતાશા કે બોરડમ ઘેરી વળે. સતત પરાજય કે નિંદાનો ભાર લાગે. પણ રાતનો થાક ગાઢ નીંદર ને હૂંફાળા સ્નાન પછી ઊતરી નથી જતો? એ તબક્કાને ધીરજથી પસાર કરતાં શીખવાનું છે. નહિ કે સંયમ ગુમાવીને મરવા ભાગવાના વિચારો કરવાનું. ફરી રિજુવિનેશન થશે જ. કારણ કે, સ્થિર તો આ બ્રહ્માંડ પણ લાગે છે. હોતું નથી. ફર્યા જ કરે છે.

કન્ઝિસ્ટન્ટ પીપલ આર રેરેસ્ટ ઓફ રેર. દેશી ભાષામાં કહીએ તો એક જ કામમાં ખૂંપી જવાની ત્રેવડ આંગળીને વેઢે ગણાય એટલા ઈન્સાનોમાં હોવાની. બાકીના એકથી બીજી ડાળે ઠેકડા માર્યા કરશે. તમે લાંબું ટકો, એટલે આપોઆપ કામની બારીકીઓ સમજાય. આપણી ને બીજાની ભૂલો દેખાય. નવા નવા અનુભવો થાય. અને આ બધું ઉમેરાતું જાય એમ કામની ગુણવત્તાય સુધરે ને આસપાસનો ભરોસોય મળતો જાય. માટે ઝટ હારીને ભાગી ન છૂટવું. પ્રયાસ કરતા જવા. ન જ આવડે કે જીતી જ ન શકાય એવા રોંગ રોડ પરથી યુ ટર્ન મારવો પણ સફર છોડી ન દેવી. મૂવ ઓન એન્ડ કીપ લૂકિંગ ફોર બેટર.

આવી સફરમાં લૂઝર હોવાની અનુભૂતિ અનિવાર્ય છે. એવા તબક્કા આવશે જ્યાં નાપાસ ને નાસીપાસ થવાશે. ટ્રાય, ફેઈલ, ટ્રાય વન્સ મોર, ફેઈલ વન્સ મોર. પણ એટલે લગભગ બધા ઓન ઓફ મોડમાં જતા રહે. ક્યારેક સરસ કામ કરે. ક્યારેક સાવ વેઠ ઉતારે. એમ આળસ થાય. પછી ફેંકાઈ જવાય. પણ એના કરતાં બેસ્ટ સ્ટ્રેટેજી લાંબી ચર્ચા કર્યા વિના બહુ બધી સલાહો લીધા વિના આવડે ને અંદરથી જેનું પેશન જાગે એ બાબતમાં એકધારું કશુંક ડિલિવર કરતા રહેવાની છે. મોટા ભાગે, રિપીટિશન કંટાળો આપે છે. એટલે ભલભલા પડતું મૂકીને ભાગી છૂટે છે. વિલ પાવરની જરૂર ત્યાં જ પડે છે. પ્રેક્ટિસ કે રિયાજ ચાલુ રાખવામાં. અને વિલ પાવર કુદરતી બક્ષિશ નથી. હેબિટ છે. એક ટેવની જેમ એને કેળવી શકાય છે.

સ્પર્ધા તો બહુ જરૂરી છે. આપણી ધાર નીકળે. મર્યાદાનો અહેસાસ થાય અને નિતનવું શીખવા મળે. તૈયારી માટે ખડેપગે રહેવાની, મહેનત કરવાની જોમભરી પ્રેરણા મળે. પણ એ સ્પર્ધાનું રૂપાંતર પરીક્ષા આપતાં આપતાં જગતની સાથે કરતાં કરતાં જાત સાથે કરવા લાગો તો અને ત્યારે ! પહેલાં બાજુમાં બેઠેલા હરીફથી આગળ નીકળવાનો ભાવ હોય, પણ પછી ગઈ કાલે આપણે જે હતા, એનાથી આવતીકાલને આપણે વધુ બેહતર બનાવી ખુદને જ હંફાવતા રહીએ, તો અનબીટેબલ બનતા જઈએ. કોઈ સચીન, બચ્ચન, આઈન્સ્ટાઈન, સ્ટીવ જોબ્સ કે ગાંધીજીની જેમ.

એક બીજી અગત્યની વાત. બી ઈરરિપ્લેસેબલ. જી હા, આ સૌથી મોટો ટેસ્ટ છે. કામ કોઈ પણ કરો. સારા ડ્રાઈવરની જરૂર ડૉક્ટર કરતાંય વધુ છે. વડીલો-દર્દીઓના કેરટેકરની અછત કોન્સ્ટેબલથી વધુ છે. ઈરરિપ્લેસેબલ એટલે જેમનું રિપ્લેસમેન્ટ શક્ય નથી એવા. રસોઈ કરો કે પોતું લગાવો, ચોકીદારી કરો કે વિમાન ઉડાડો, ફોન રિપેર કરો કે સેલ્સ પર્સન બનો - જે કરો એમાં રસ લો, પૂરું જાણો, તપ કરીને જાતને ઘડો અને આગળ વધો. એવી આવડત ખીલવો કે કામ નાનું-મોટું જે કરો તે. પણ એમાં ઝટ તમારો વિકલ્પ ન મળે.

વર્લ્ડ હેવીવેઇટ બોક્સિંગ ચેમ્પિયન જો ફ્રેઝરનું અમર વિધાન છે : 'ચેમ્પિયન મેદાનમાં બનતા નથી, મેદાનમાં તો માત્ર એ ઓળખાય છે!' યસ, અચાનક સ્ટેજ કે ગ્રાઉન્ડ ગજાવનાર કંઈ એ જ દિવસે તૈયારી કરી આવી સફળ થતા હોય એવું નથી હોતું. વર્લ્ડ ચેમ્પિયન્સ એથ્લેટ રોજ એમની નસો તોડી નાખતી પ્રેક્ટિસમાં જીતની ઈમારત કંડારતા હોય છે. તપ એકાંતમાં હોય. તક જાહેરમાં ઝડપવાની હોય. આ એકલા એકલા થતું તપ એ જ તફાવત છે : સારા અને ખરાબ વચ્ચેનો, સફળ અને નિષ્ફળ વચ્ચેનો.

કંઠ કે કલમ, પીંછી કે પાઠ - બધામાં માત્ર ક્રિએટિવિટી હોવાથી સકસેસ ના મળે. એને ઘડવી પડે રિઝલ્ટ આપે એવા જ માણસો જગત આગળ રાખે છે. બાકીના ગમે એટલા મહાન હોય ફગાવી દે છે. માત્ર બેઠાં બેઠાં ફની કોમેન્ટ કરવાવાળા કે આર્ટના આઇડિયાઝ ફેંકતા રહેતા લોકો બસ બેઠાં જ રહેશે. ક્યાંય પહોંચી નહીં શકે.

તમે અત્યારે સારા ને સફળ હશો તોય નિયમિત તપસ્યા તમને બેટર ને બેસ્ટ બનાવશે. સ્ટારમાંથી મેગાસ્ટાર બનાવશે. સતત ખખડાવવાથી ગમે તે દરવાજા ખૂલે. પણ પછી તમે રસપ્રદ ને તૈયાર ન હો તો ખોલનાર તમને ખખડાવી નાખે ને એ ધડામ દઈને બંધ પણ થઈ જાય એ યાદ રાખવું!

સાતત્ય લોકલથી નેશનલ ને નેશનલથી ગ્લોબલ પહોંચાડી દેશે. બસ લગે રહો. ડટે રહો. બઢે ચલો. મૂળ વાત એટલી જ છે કે શરૂ કરો. શૂઝની લેસ બાંધી બેઠાં રહેશો તો ચાલવાનો ટાઈમ ટીવી કે મોબાઇલ ખાઈ જશે. પણ બહાર નીકળી જશો તો રાઉન્ડ પૂરું તરત થઈ જશે. જસ્ટ ગેટ અપ. સ્ટાર્ટ. ડોન્ટ વેઇટ.

જગતમાં આર્થિક સફળતા પણ ટેકનિકલ નોલેજને લીધે ૧૫% જ મળે છે. ૮૫% તો હ્યુમન એન્જિનિયરિંગથી મળે છે. યાને કોમ્યુનિકેશન, નિગોશિએશન, લીડરશિપ, ડિસીશન મેકિંગની આવડતથી. માટે શક્ય એટલી મહેનત કરવી. પણ કોઈ કારણસર ધારી સફળતા ન જ મળે, તો ડોન્ટ લૂઝ હાર્ટ. યોગ્ય દિશામાં સતત પ્રયાસોથી કે એક દિવસ ધાર્યા કરતાં અલગ પણ ધાર્યા કરતા વધુ સારી મંજિલ મળશે. ને એ યાત્રામાં મોજ મળશે એ તો બોનસ. બસ, સફળતાની ધગશ એટલી રાખવી કે નિષ્ફળતાના ડરની ટકાવારી ઘટે ! અને હા, સફળતાને દિમાગમાં ન રાખવી, જેથી ગુમાન ન આવે અને નિષ્ફળતાને દિલમાં ન રાખવી, જેથી ડિપ્રેશન ન આવે. વિન્સ્ટન ચર્ચિલ કહેતા: 'કોઇ સફળતા આખરી નથી. કોઈ નિષ્ફળતા કાયમી નથી. શાશ્વત છે : સતત ચાલતા રહેવાની હિંમત !''અને યાદ આવે મેકડોનાલ્ડ્સના રે ક્રોકનું અમર વાક્ય : સકસેસ માટે જિનિયસ બ્રેઈન નહિ હાર્ડ વર્કિંગ હાર્ટ જોઈએ. ખંત હશે તો ક્યારેક ખજાનો મળશે !

મેન્ટલ મેકઅપ ઇઝ મસ્ટ. બહાર જતી વખતે ચહેરો જોઈએ અરીસામાં એમ કલેજું પણ બેલ્ટ સાથે કસી લેવું. મોટી ફાઇનલ કે મોટી પરીક્ષા માત્ર તમારી શક્તિ ચકાસવા પૂરતી મર્યાદિત નથી. એ તમારી પ્રેશર હેન્ડલ કરવાની મેન્ટલ સ્ટ્રેંથનો ચેક છે. સિવિલ સર્વિસ કે અમેરિકાની સેટ જેવી પરીક્ષામાં ઘણી વાર ટાઇમ લિમિટ કે ઓપ્શનવાળા ઓબ્જેક્ટિવ કવેશ્ચન્સ માત્ર આવડે છે કેટલું એ જાણવા નથી હોતા - પણ સમયના દબાણમાં તમે કેવી રીતે સ્વસ્થતા જાળવી નિર્ણય લો છો, એ સમજવા માટે હોય છે. શારીરિક સાથે આવી માનસિક તંદુરસ્તી વિકસાવવા માટે રમતો હોય છે.

પ્રયાસ સાથે જોઈએ પેશન્સ એટલે કે, ધીરજ. યાદ રાખો કે, નિષ્ફળતા એટલે સફળતા તરફ જવાના માર્ગમાં એકાદ આડખીલી ઓછી થઈ એનો આનંદ. પ્રેશરનો પડકાર ઝીલે એ કાર્બન કાળા નરમ કોલસાને બદલે ઝગમગતો સખત હીરો બની જાય. કોલસો પગ નીચે ભૂકો થાય અને હીરો સદીઓ સુધી સચવાય. માટીનું દબાણ સહન કર્યા પછી જ બીજમાંથી અંકુર ફૂટે છે, અને વૃક્ષ વિકસે છે. પડકાર આવે એટલે અંદર શું ક્ષમતા પડી છે એ જડે. એ ઓળખીને પછી પરાક્રમ બતાવવાની હિંમત કરો તો પરિસ્થિતિ પલટાઈ જાય. પણ સમય મુજબ પરિવર્તન કરી અપગ્રેડ ન થાવ તો સિદ્ધિઓ કટાઈ પણ જાય.

આનંદ બક્ષીએ લખેલું : મુશ્કિલમેં હૈ કૌન કિસી કા સમજો ઇસ રાઝ કો... લે કર અપના નામ કભી તુમ ખુદ કો આવાઝ દો !

---

૩૦૨, ઉજાસ ફ્લેટ્સ, નાલંદા પાર્કની બાજુમાં,
અમીન માર્ગ, કાલાવડ રોડ, રાજકોટ.

# સફળતાના સપ્તરંગી મેઘધનુષ્યને સાકાર કરવા આઠ રાહ અને પ્રવાહ આલેખન

રમેશ તન્ના

યુવામાત્ર સફળતાને પાત્ર. જેને કિનારો મંજૂર જ નથી, કિનારો આવે તો કિનારાને પણ તોફાનમાં ફેરવી નાખવાનો જે પ્રયત્ન કરે એનું નામ યુવાન. જે ફરિયાદ ન કરે અને સંવાદ કરે તેનું નામ યુવાન. જે ક્યારેય પ્રશ્ન છે એવું ન કહે, પરંતુ પરિસ્થિતિ છે એવું માને અને દરેક પરિસ્થિતિને માણે એનું નામ યુવાન.

દરેક નિષ્ફળતા છેવટે તો સફળતા સુધી પહોંચવાનો જ ધોરીમાર્ગ હોય છે. નિષ્ફળતા વિનાની સફળતા અધૂરી છે અને નિષ્ફળતા સાથેની સફળતા મધુરી છે. એમાંય જ્યારે યુવાન વિકટ પરિસ્થિતિ સાથે પનારો પાડે ત્યારે તો ચમત્કાર જ થાય. પરિસ્થિતિ તેના ઉપર પથ્થર ફેંકે તો એ પથ્થરનાં પણ પગથિયાં બનાવીને આગળ વધે.

આવા દરેક યુવાનની ફરજ છે કે તે માત્ર પોતાના માટે નહીં, પોતાના પરિવાર માટે નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે સમૃદ્ધિનું સપ્તરંગી મેઘધનુષ્ય રચે.

આવું સપ્તરંગી મેઘધનુષ્ય રચવા માગતા યુવા માટે આ રહ્યા આઠ રાહ અને પ્રવાહ. યુવાન ચાહ ઉમેરીને આગળ વધી શકે.

### 1. શિક્ષણ અને સ્વવિકાસ માટેનો વિશ્વાસ

એટલું યાદ રાખવાનું છે કે વ્યક્તિ કે સમાજ માટે શિક્ષણ અને કેળવણી સૌથી મહત્ત્વનાં છે. દરેક યુવાને શિક્ષણ અને સ્વ-વિકાસમાં માટે જ વધારે ને વધારે સમય આપવાનો છે. શિક્ષણ માટે, નવું નવું શીખવા માટે, સમય આપો. સમય ન હોય તો સમય કાઢો. ટાઈમ-મૅનેજમૅન્ટ કરો. થાક્યા વગર નવું નવું શીખતાં જ રહો. જે શીખે છે તે જ ખીલે છે. તમારે નોકરી કરવી હશે કે પછી પોતાનો વ્યવસાય કરવો હશે, બજારની અને વર્તમાન સમયની જે જરૂરિયાતો અને માગણીઓ હશે એ પ્રમાણે સજ્જતા, જ્ઞાન અને કુશળતાને સંવર્ધિત કરવાં જ પડશે. જેમ વર્ચ્યૂઅલ દુનિયામાં સતત અપડેટ કરાય છે એવી જ રીતે આપણે આપણી જાતને પણ અપડેટ કરવી જોઈએ. આપણે એ પણ ન ભૂલીએ કે હવે જે દુનિયા છે તે ખૂબ ઝડપથી બદલાતી દુનિયા છે. ટૅકનોલૉજી અને આર્થિક વિકાસને કારણે હવે પરિવર્તનો ઝડપથી આવે છે. ઝડપથી આવતા દરેક પરિવર્તનનો સામનો કરવા માટે આપણે તૈયાર રહેવાનું છે અને તેથી સતત શીખતા રહેવાનું છે. મનોવિજ્ઞાન પણ એવું કહે છે કે જે વ્યક્તિ સતત નવી નવી થાય છે એ વ્યક્તિ જ સ્વસ્થ રહી શકે છે.

### 2. વિશાળ અને મજબૂત સંપર્કવિશ્વ

આપણે નોકરી કરતા હોઈએ, વ્યવસાય કરતા હોઈએ કે પછી નોકરી માટેની તૈયારી કરતા હોઈએ પરંતુ આપણી આજુબાજુમાં એક એવું સંપર્કવિશ્વ હોવું જોઈએ જે આપણને માર્ગદર્શન અને પ્રેરણા આપે. આપણને કારકિર્દી બનાવવાની તક આપે. આપણને નવા નવા વિચારો આપે. આપણને સહયોગ કરે. વિચારોનું આદાન-પ્રદાન કરે. આપણા જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તૃત કરે અને આપણે ભૂલ કરતા હોઈએ તો આપણું ધ્યાન પણ દોરે. આ ખૂબ જરૂરી છે.

### 3. સાહસવૃત્તિ અને મહત્ત્વાકાંક્ષા

અમારા એક વડીલ મિત્ર, મનસુખભાઈ મેદાણીએ શૂન્યમાંથી સર્જન કર્યું છે. નબળી અને કપરી સ્થિતિમાંથી આગળ વધીને સી.એ. થયા છે અને પછી તો શિક્ષણના પ્રસાર માટે લાખો વિદ્યાર્થીઓની મદદ કરી છે. તેઓ વારંવાર એક વાત કહે છે કે મહત્ત્વાકાંક્ષા વગરનો માણસ માણસ જ ન કહેવાય. કંઈક મોટું કરવું છે એ અભિગમ તો કદી ઢીલો પડવા જ નહીં દેવાનો. એપીજે અબ્દુલ

કલામસાહેબ પણ એવું કહેતા હતા કે નાનાં સપનાંઓ જોવાં એ તો ગુનો છે. સપનાંઓ જોવાનાં છે અને પછી જોખમ લઈને સાહસ કરીને તેને પૂરાં પણ કરવાનાં છે. સાહસ વગર સિદ્ધિ નથી એ યાદ રાખવાનું છે. તમે સાહસ કરશો તો જ તમને સાચી સફળતા મળશે.

### 4. હંમેશાં સક્રિય અને જાગૃત રહો.

સતત સક્રિય રહીને જ આગળ વધી શકાય છે. જો આળસ કરી, કંટાળ્યા, થાક્યા તો ગયા કામથી. બીજી વાત છે સતત જાગૃત રહેવાની. પોતાની જાતનો હિસાબ પોતાને જ આપતા રહો. સ્વજાગૃતિ ખૂબ જ જરૂરી છે. પોતાની વ્યક્તિગત શક્તિઓ, આપણી સજ્જતા આપણી નબળાઈઓ, આપણી રુચિ અને આપણાં મૂલ્યો આ બધી બાબતો માટે સતત જાગૃત રહેવું જોઈએ. સાધકે તો એક એક ક્ષણ જાગૃત રહીને જીવવાનું હોય છે એવું સંત વિમલાતાઈ ઠકાર કહેતાં હતાં. આજુબાજુનું વાતાવરણ આપણને રોકી દે, થકવી દે, ભેરવી દે, નુકસાન કરે, તેમાંથી જો બચવું હોય તો સતત જાગૃત રહેવું.

### 5. શક્તિઓ અને નબળાઈઓ, બંનેને ઓળખો

આપણે પોતાની શક્તિઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો છે. શ્રેષ્ઠ ઉપયોગ થાય એ માટે પ્રયત્ન કરવાનો છે. આપણી નબળાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને ઓછી કરવાની છે. શક્તિ-સજ્જતા-સ્કિલને વધારવાની છે અને નબળાઈ-મર્યાદાને ઓછી કરવાની છે.

### 6. હંમેશાં સ્થિતિને અનુકૂળ બની રહો.

યુવા મિત્રો, સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું હોય કે સ્વસ્થ કારકિર્દી બનાવવી હોય તો રચના અને સંઘર્ષ તો કરવાં જ પડે છે. રચનાત્મક બાબતો પર વધારે ભાર આપો. સતત અનુકૂળ બનીને નવું નવું કરતા રહો. હું ઘણીવાર એવું કહું છું કે દુનિયાનું સૌથી મોટામાં મોટું કુળ કયું તો એનો જવાબ છે અનુકૂળ. જે વ્યક્તિ પોતાના જીવનમાં આવતી દરેક દરેક સ્થિતિને અનુકૂળ થઈ જાય છે એનું કુળ સૌથી મોટું. આવી વ્યક્તિનું મૂળ મજબૂત થઈ જાય છે. કોઈ એને મૂળમાંથી હલાવી ના શકે. અનુકૂળ થઈ જવું એટલે ફરિયાદ કર્યા વગર જે તે સ્થિતિનો સ્વીકાર કરીને શ્રેષ્ઠ કામ કરવું.



### 7. કઠોર પરિશ્રમ કરો

એટલું યાદ રાખવાનું કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. જે મહેનત કરે છે એને પરિણામ મળે જ છે. હા, ક્યારેક વહેલું મોડું થાય, પણ પરિશ્રમનું પરિણામ આવતું જ હોય છે. અને હા, માત્ર હાર્ડવર્ક ન કરો, સ્માર્ટવર્ક પણ કરો. અને તમારા કાર્યમાં ક્રિએટિવિટી પણ ઉમેરો. આખી દુનિયામાં અત્યારે ઇન્ફર્મેશન જેટલું જ ક્રિએટિવિટીનું મહત્ત્વ પણ વધી ગયું છે. જે વ્યક્તિ જુદું કરે છે, અલગ કરે છે, ક્રિએટિવ કરે છે તેને ઝડપથી સફળતા મળે છે અને તરત તેના તરફ ધ્યાન પણ દોરાય છે.

### 8. ધ્યેયપ્રાપ્તિ માટે ડેડલાઈન નક્કી કરો

સ્વામી વિવેકાનંદે એક વાત સરસ કરી છે કે ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી લાગેલા રહો. એ જ વિવેકાનંદે એમ પણ કહ્યું છે કે જે ધ્યેય અંતિમ રેખા સાથેનું નથી હોતું એટલે કે ડેડલાઈન સાથેનું નથી હોતું એ ધ્યેય કાલ્પનિક ધ્યેય બની જાય છે. જેટલું ધ્યેયનું મહત્ત્વ છે એટલું જ તેની ડેડલાઈનનું પણ મહત્ત્વ છે. આ કામ હું આટલા સમયમાં પૂરું કરીશ.

માણસ જે ધારે તે કરી જ શકે. ધાર્યા પછી આયોજન કરીને પૂરી નિષ્ઠા સાથે પરિશ્રમ કરીએ તો પરિણામ આવે, આવે ને આવે જ.

૩૦૨, યશ એકવા.
વિજય ચાર રસ્તા, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯

# લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂર છે, દમદાર સંકલ્પ અને દૃઢ આત્મવિશ્વાસની

પુલક ત્રિવેદી

ક્યારેક સલોણી સવારને સસ્મિત હેલો કરી તો જુઓ, ક્યારેક મદમસ્ત હવાઓને હસીને શ્વાસમાં ભરી તો જુઓ, જો પોતાના ઉપર હશે વિશ્વાસ તો વિચારેલી તમામ વાત ખોળામાં આવીને પડશે. બસ આવા આત્મવિશ્વાસથી નવી શરૂઆત કર્યા કરો... અનુભવથી શક્તિ, સાહસ અને આત્મવિશ્વાસ પ્રાપ્ત થાય છે. આનાથી તમારા મનમાં ને મનમાં ઉછેરેલો ડર દૂર થાય છે. પછી એ જ કરવા તમારું મન હરહંમેશ તૈયાર થઈ જતું હોય છે જે કામ કરવા માટે મન એમ કહેતુ હોય કે, આ કામ નહીં થઈ શકે.

આપણે દૃઢ આત્મવિશ્વાસ અને પોતાની જાત ઉપર ભરોસો રાખવો પડે. બધું અનુકૂળ થઈ જાય ત્યાં સુધી રાહ ન જોવાય. પ્રતિકૂળતામાં પણ પ્રયત્નપૂર્વક માર્ગ કાઢવો પડે. યાદ રાખો કે, વર્ષોની લગાતાર મહેનતના પરિણામે પ્રાપ્ત થતું હોય છે આત્મવિશ્વાસનું અમૃત. એક વાર હારી ગયા પછી ફરી પ્રયત્ન કરવા ડર ન રાખો કારણ કે, આ વખતની નવી શરૂઆત શૂન્યથી નથી થવાની, અનુભવના ભાથાથી થવાની છે. બ્રુસલી અચ્છા ફાઈટર ઉપરાંત દાદુ ચિંતક પણ હતા. એ કહેતા કે, યાદ રહે કોઈ પણ વ્યક્તિ ત્યાં સુધી નથી હારતી જ્યાં સુધી એનો આત્મવિશ્વાસ નથી ડગતો. આત્મવિશ્વાસ ડગતો હોય તો એને વધારવા માટે એ જ કામ કરો કે, જેનાથી તમને સૌથી વધારે ડર લાગતો હોય. મુસીબત અને સંકલ્પ આડે અંતરાયો બધા ઉપર આવે, પણ કોઈ મુસીબત જોઈને હટી જાય અને કોઈ મુસીબતને કારણે કંઈક બની જાય.

સંકલ્પમાં સૌથી વધુ તાકાત હોય છે. જીવનમાં સૌથી વધુ ખુશી એ કામમાં આવવી જોઈએ કે, જે કામ કરવા માટે લોકો એમ કહેતા હોય કે, 'ભાઈ રહેવા દે આ કામ તું નહીં કરી શકે.' જો તમે તમારું સપનું નહીં સજાવો તો કોઈક બીજો તેનું શમણું સાકાર કરવા તમને એની મદદ માટે ભાડે રાખી લેશે. આત્મવિશ્વાસ સાથેના સંકલ્પો સ્વપ્ન સજાવે છે. આપણે એવા જ બનીએ છીએ જેવું આપણે વિચારીએ છીએ. એક ઈચ્છાથી કશું ન બદલી શકાય, એક નિર્ણયથી કદાચ થોડું ઘણું બદલી શકાય પણ એક દૃઢ સંકલ્પથી ઘણું બધું બદલી શકાય છે.

દૃઢ આત્મવિશ્વાસની કૂંચીથી જ દરેક સમસ્યાનાં તાળા ખોલી શકાય છે. આત્મવિશ્વાસ જીવનનો આધાર સ્તંભ છે. વ્યક્તિનો આત્મવિશ્વાસ જેટલો મજબૂત એટલો એ એના જીવનમાં મજબૂત બની શકે છે. જીવનની ગતિ એકધારી અને તેજ છે. જેટલા વહેલા આ રફતારને સમજી લેવાય એટલી સફળતાની સીડી ચડવાની ઝડપ વધી શકે છે. પલાંઠી વાળીને બેસી રહેવા કરતાં મુઠ્ઠીઓ વાળીને કમર કસીને દૃઢતાથી ઊભા થઈને દોડવાથી લક્ષ્ય ઢૂકડું આવે. આત્મવિશ્વાસથી લબાલબ ભરેલો એલેક્ઝાન્ડર વાંગ વિશ્વનો સૌથી યુવાન અમેરિકન ઉદ્યોગપતિ બન્યો છે. અમેરિકાના પ્રતિષ્ઠિત મૅગેઝિન ફોર્બ્સ દ્વારા પ્રસિદ્ધ કરાયેલી વિશ્વના સંપત્તિવાન લોકોની સૂચિમાં વાંગને વિશ્વનો સૌથી યુવા અબજપતિ ઉદ્યોગકાર તરીકે નવાજાયો હતો. જે ઉંમરમાં યુવાનો ધિંગામસ્તી, ચીટ-ચેટ અને મિત્રો સાથે સિનેમા અને રેસ્ટોરંટ્સમાં જમવાની મોજ કરતા હોય છે એવી સ્વીટ સેવેન્ટીનની ઉંમરમાં વાંગ દૃઢ આત્મવિશ્વાસ સાથે 'ક્વોરા' સાઈટ માટે ફુલટાઈમ કોડિંગનું કામ કરવા લાગ્યો હતો. અને આગળ જતાં બિઝનેસ ટાયફૂન બન્યો.

દૃઢ આત્મવિશ્વાસ વગરના આ લોકો જંગલની ભયાનક આગ જેવા છે. બને ત્યાં સુધી આવા લોકોથી હંમેશાં છેટા રહેવું સારું. શ્રેષ્ઠતમ સ્થિતિ સુધી પહોંચવાનો દૃઢ નિર્ધાર હોવો જોઈએ. એક વાત સમજી લેવી પડે કે, પતંગનો જન્મ જ આકાશમાં ઊડવા માટે થયો છે. પતંગની નિયતિ શાનથી આકાશમાં ઊડવાની હોય. એનો અંત તો કપાઈને કે ફાટીને કચરાના ઢગલામાં જ છે, પણ કપાવાની કે કચરામાં પડવાની ચિંતા સાથે પતંગનો જન્મ થતો નથી. આસમાનમાં ઊડવાના દૃઢ આત્મવિશ્વાસ સાથે પતંગનો જન્મ થાય છે.

આપણે જે કોઈ પણ ક્ષેત્ર પસંદ કરીએ એ ક્ષેત્રમાં સૌથી ઉપર બેસવાનો દૃઢ સંકલ્પ હોવો જોઈએ. એ ક્ષેત્રના શ્રેષ્ઠ માણસો સાથે રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. શિખર પર બેઠેલા લોકો સાથે બેસવાથી મન અને હૃદય કેળવાય છે. એમાંથી મારે પણ આજે નહીં તો કાલે, એક દિવસ આ શિખર પર બેસવાનું છે, એવા નક્કર વિચારોનાં મૂળિયાં નંખાય છે. વ્યવસાય કરો કે નોકરી કરો કે પછી અભ્યાસ કરો, શિખર પર બેઠેલી વ્યક્તિ સાથે સંપર્ક રાખવાની દૃષ્ટિ કેળવવી જરૂરી છે.

વિચાર એ કરવાનો રહે કે, જેટલી યોગ્યતા અને ક્ષમતા છે અને જેટલી સફળતા મળવી જોઈએ, તેટલી સફળતા મળી છે ખરી? જો આ પ્રશ્નનો જવાબ 'હા'માં મળે છે, તો એ વ્યક્તિ માનસિક રીતે બીમાર છે. સફળતા માટે તો આકાશ પણ ઓછું પડે. આ તો એવી વાત થઈ કે, દસ કિલોમીટર દોડવાની તાકાત છે પણ બે કિલોમીટર દોડીને ઊભા રહી જવાય. પાછળ ઊભેલી વ્યક્તિને જોઈને એનાથી તો આગળ છું એમ વિચારવું જ હોનારત સર્જનારી અને એલાર્મિંગ પરિસ્થિતિ છે. એમાંથી બહાર આવવું પડે. જે જન્મ્યો છે તેણે મરવાનું છે, એ નક્કી છે, પણ મરતાં પહેલાં આસમાનમાં ઊડવાનું છે. પોતાની જાતને પ્રશ્ન પૂછવો પડે કે, જે ક્ષેત્રમાં છીએ એ ક્ષેત્રમાં શ્રેષ્ઠ બની શક્યા છીએ કે નહીં?

ત્રણ કક્ષાના લોકો હોય. એક માત્ર ટકી રહેવા જેટલું જ કામ કરતાં હોય. એને 'સર્વાઈવલ ગ્રેડ'ના એટલે કે, સાચવીને ચાલવાવાળા લોકો કહેવાય. બીજા એવા લોકો હોય કે, જે જરૂર જેટલી જ મહેનત કરે. થોડી પણ વધારે કે ઓછી મહેનત ન કરે. આવા લોકો 'પોઝિશન મેઇન્ટેઇનિંગ ગ્રેડ'ના એટલે કે પોતાનું સ્થાન જાળવી રાખવાની કક્ષાના હોય છે. અને ત્રીજા એવા લોકો હોય છે કે જે આવશ્યકતા કરતાં અને સરેરાશ કામ કરવાવાળા કરતા ઘણા આગળ હોય અને ઘણું વધારે કામ કરતા હોય, આવા લોકો 'ટોપ ગ્રેડ'માં એટલે કે અવ્વલ કક્ષામાં આવતા હોય છે.

દૃઢ મનોબળ એક એવી અદભુત ચાવી છે કે, જેના દ્વારા નિષ્ફળતાનાં તમામ તાળાં પળવારમાં ખૂલી જાય છે. ગીધ હંમેશાં એકલું જ ઊડે છે. ગીધને પોતાની જાત ઉપર અતૂટ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ હોય છે. બીજું ગીધની દૃષ્ટિ ખૂબ દૂર સુધી પહોંચતી હોય છે. એવું કહેવાય છે કે, ગીધ છ કિલોમીટર દૂરથી એના શિકારને સ્પષ્ટ રીતે જોઈ શકે છે. એટલે વિદ્યાર્થી કાળમાં દૃષ્ટિ ખૂબ દૂર સુધી સ્પષ્ટ હોવી જોઈએ. ભવિષ્યમાં હું ક્યાં પહોંચીશ અને શું હાંસલ કરીશ એની સજ્જતા આજે જ કેળવી લેવાની રહે. ત્રીજું જ્યારે મુશળધાર વરસાદ પડે છે ત્યારે બીજાં પંખીઓ આશરો શોધીને એમાં છુપાઈ જાય છે. જ્યારે ગીધ વરસાદની મોસમને અગાઉથી માપી લેશે અને ખૂબ ઝડપથી જે વાદળ વરસાદ વરસાવવાનું હોય એની પણ ઉપર પહોંચી જાય છે. એટલે એને વરસાદનો કોઈ ભય રહેતો નથી. ગીધ જ્યારે ઘરડું થાય ત્યારે એની ચાંચ વળી જાય છે અને બરડ થઈ જાય છે. ત્યારે ખૂબ આત્મવિશ્વાસ સાથે એ કોઈ ઊંચા અને મજબૂત ઝાડની ડાળી ઉપર બેસીને જોરજોરથી એની ચાંચને ઝાડના થડ જોડે વારંવાર મારીને વાંકી વળી ગયેલી ચાંચ તોડી નાખે છે અને પરિણામે એને ખૂબ લોહી પણ નીકળે છે. પરંતુ અંતમાં જૂની ચાંચની જગ્યાએ નવી ચાંચ ફરી પાછી આવે છે. મુસીબતો જીવનની વાસ્તવિકતા છે. શ્રેષ્ઠતા તરફ પહોંચવાની દોડના માર્ગમાં આવતી મુસીબતો જ જીવનની સચ્ચાઈ છે. લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂર છે, દમદાર સંકલ્પ અને દૃઢ આત્મવિશ્વાસની.

પોતાનામાં પડેલી શક્તિઓની સુગંધ નિશ્ચય અને મહેનતથી રૂપાંતરિત થાય તો સમાજ પણ સુવાસિત થાય છે. ઈતિહાસ રચવાની ક્ષમતા ઈશ્વરે સૌ કોઈને એકસરખી આપી છે. તમે ઈતિહાસ વાંચવા માટે નહીં ઈતિહાસ રચવા આવ્યા છો એવો પાક્કો અહેસાસ થવો જોઈએ. અભ્યાસની સાથે જરૂર છે, દૃઢ નિશ્ચય અને પરિશ્રમના પ્રસ્વેદની. સફળ થવા માટે માત્ર પુસ્તકના જ્ઞાન કરતાં ક્યાંય વધારે મહેનતનું ઝનૂન અને આગળ વધવાનું દૃઢ મનોબળ હોવું જોઈએ. કોઈ પણ લક્ષ્ય અસંભવ નથી હોતું. ઈશ્વરે દરેક વ્યક્તિને એકસરખી ક્ષમતા આપેલી છે. પોતાની ક્ષમતાને સમજવાની જરૂર છે. શૈક્ષણિક અભ્યાસ એ સ્પર્ધા નથી, એ તો દૃઢ સંકલ્પ સાથે આત્મવિશ્વાસ કેળવવાની અને વિકાસની મજેદાર યાત્રા છે.

૫૩૩/૨, સૌરભ સોસાયટી,
સેક્ટર - ૨૩, ગાંધીનગર.

# જ્યાં છો ત્યાંથી આગળ વધો

અશોક ગુજ્જર

આ દુનિયામાં સફળતાની ઘણી વ્યાખ્યાઓ છે. જેમકે કોઈ નિશ્ચિત લેવલ સુધી પહોંચો તો સફળ, કોઈ કહે આ લેવલ પ્રાપ્ત કરો તો સફળ, પરંતુ શું બધા A1 ગ્રેડ લાવે તો જ સફળ? શું જે ડૉક્ટર બને એ જ સફળ? શું જે NEE કે JEEની પરીક્ષામાં સારો SCORE કરે એ સફળ? ના મિત્રો,

સફળતાની સાચી વ્યાખ્યા તો એ છે કે તમે હતા ક્યાં અને પહોંચ્યા ક્યાં? તમારી સફર ક્યાંથી ક્યાં પહોંચી. એક 60 % લાવતો દીકરો જો પરીક્ષામાં 70% સુધી પહોંચે તો એ સફળ જ ગણાય. એ વિદ્યાર્થીની સરખામણીમાં જે 80% થી 90 % સુધી પહોંચ્યો છે. કેમ કે બંનેમાં પરિણામમાં કેરફાર તો 10% નો જ છે ને!

હું હંમેશા એક વાત કહું છું કે, ईश्वरने हम सबको सब कुछ नही दिया, परंतु कुछ तो दिया है, अगर वह कुछ को जान ले, खोज ले, और उसके उपर काम करना शुरू कर दे, तो उसके जरिए हम सब कुछ हासिल कर सकते है જો તમે જીવનમાં સાચા અર્થમાં આગળ જ વધવા ઈચ્છતા હો તો નાની નાની કિંમતો ચૂકવવી પડશે બોસ.

હમણાં સુરેશ રૈનાએ એક ઈન્ટરવ્યૂમાં સરસ મજાની વાત જણાવી કે જ્યારે હું દુનિયા માટે સુરેશ રૈના ન હતો ત્યારના સમયની વાત છે. એક દિવસ જે દિવસે મારી મેચ અને સગી બહેનના લગ્ન બંને સાથે હતા, પરંતુ મેં લગ્નને બદલે મેચમાં જવાનું પસંદ કર્યું. બહેન ખૂબ જ નારાજ થઈ. પરંતુ આજે એ જ બહેન સૌથી વધારે ગૌરવ મારા નામનું લે છે.

**આપણે પણ નાની-મોટી કિંમત ચૂકવવી જ પડશે.**

મોટાભાગે વિદ્યાર્થી સવારે ૫ વાગ્યાનો અલાર્મ મૂકે. જ્યારે એ અલાર્મ વાગે ત્યારે બંધ કરી ફરી સૂઈ જાય. જો આજે તમે એક ઍલાર્મને નથી હરાવી શકતા તો કાલે દુનિયામાં સ્વયંના નામને સ્થાપિત કેમ કરશો? **જ્યાં છો ત્યાંથી આગળ વધવા માત્ર ત્રણ સ્ટેપ અપનાવો.**

**1. નિર્ધારિત લક્ષ્ય નક્કી કરો :** એટલે કે મારે જીવનમાં જવું છે ક્યાં? ગુકેશ દોમ્મારાજૂ જ્યારે ચેસની રમતમાં વિશ્વવિજેતા બન્યા ત્યારે બધાએ કીધું કે કેવા નસીબ છે આ દીકરાના.

પરંતુ સાચા અર્થમાં 7 વર્ષની ઉંમરથી જ ચેસ રમવાનું શરૂ કર્યું અને 11 વર્ષની ઉંમરે જ કારકિર્દીનું લક્ષ્ય નક્કી કર્યું કે મારે ચેસમાં વિશ્વવિજેતા બનવું છે.

લક્ષ્ય નક્કી કર્યું એટલે આજે સફળતાના મુકામ સુધી પહોંચ્યા. બસ, તમે પણ લક્ષ્ય નક્કી કરો.

કોઈ પણ દીકરા અને દીકરીએ જો પોતાનું લક્ષ્ય નક્કી કરવું હોય, તો એની બહુ સરળ પ્રક્રિયા છે.

તમે અત્યારે છો ક્યાં? માનો કે ઉદાહરણ તરીકે આપણે અભ્યાસની વાત કરીએ. તમે ગણિતની અંદર એવરેજ 60 માર્ક્સ લાવી રહ્યા હશો. તો એ તમારી વર્તમાન પરિસ્થિતિ છે. હવે તમારે જવું છે ક્યાં આગળ, માત્ર 70 માર્ક્સ લાવવા છે, તો 70 માર્ક્સ લાવવા એ આપણું નિર્ધારિત લક્ષ્ય છે. તમે જ્યાં છો ત્યાંથી માત્ર 10%નો વધારો કરવાનો વિચારો. 10 માર્ક્સ હોય કે 10% હોય. ધારો કે, કોઈ દીકરો દોડની અંદર, રમતમાં, પિસ્તોલ શૂટિંગની અંદર, રાઇફલ શૂટિંગની અંદર કે કોઈ ખેલની અંદર, કે નૃત્યની અંદર કે કોઈ રમતમાં કે કોઈ ગાયનમાં કે કોઈ સંગીતનું વાદ્ય વગાડવાનું સ્વપ્ન જોતા હોય કે એમાં મારે એ ક્ષેત્રની અંદર આગળ વધવું છે એવું સ્વપ્ન જોતા હોય, તો એવાં દીકરા અને દીકરીઓએ પોતાના સ્વપ્નના ક્ષેત્રમાં કેટલે છે ? ક્યાં પહોંચશે ? એ વિચારી પોતાનું આદર્શ લક્ષ્ય નક્કી કરવું પડે. આપનું નિર્ધારિત લક્ષ્ય મોટું હોઈ શકે, આપનું લક્ષ્ય દૂર સુધીનું હોઈ શકે.

પણ શરૂઆત માટે છો ક્યાં, ત્યાંથી થોડું આગળ વધવાનું રાખો. પછી પણ નિયમ તો એ જ લાગુ પડશે. તમે છો ક્યાં ત્યાંથી થોડા આગળ વધો. એમ કરતા કરતા થોડા આગળ, આગળ, આગળ અને અંતિમ લક્ષ્ય સુધી તમે પહોંચશો. એક સાથે મોટી છલાંગ મારવામાં અસફળતા પણ મળે છે. હતાશા, નિરાશાનો પણ સામનો કરવો પડે છે. પણ જ્યાં છીએ, ત્યાંથી થોડા આગળ વધવામાં આપણને હંમેશાં પ્રેરણા પણ મળે, આનંદ પણ મળે અને આપણા આત્મવિશ્વાસને પણ વધારતો હોય છે.

**2. અડચણ હટાવો પરિણામ મેળવો :** જ્યારે નક્કી કરેલા લક્ષ્ય સુધી પહોંચવાની યાત્રામાં નાની નાની અડચણો આવે ત્યારે આપણી ઘણી બધી માન્યતાઓ આડે આવે, જેમકે મારા નસીબમાં નથી, મારા-કિસ્મતમાં નથી, મારાથી ન થાય જેવા અનેક વિચારો જે મારા માટે એક અડચણ બની રહે, પ્રગતિ અટકાવે ત્યારે આ વિરોધોને હટાવી પરિણામ તરફ આગળ વધવું જ રહ્યું.

સુરતમાં બકુલાબહેન નામની એક વ્યક્તિ રહે છે. આજે એમની ઉમર 81 વર્ષની છે અને 58 વર્ષની ઉમરથી એમણે સ્વિમિંગ કરવાનું શરૂ કર્યું. 58 વર્ષે તો સ્વિમિંગ શીખ્યાં, છેલ્લાં 23 વર્ષથી બકુલાબહેન સ્વિમિંગ કરે છે. અને આજે બકુલાબહેને સ્વિમિંગમાં 500 કરતાં વધારે મેડલો જીત્યા છે. મિત્રો, વાત એ સમજવા જેવી છે કે આ ઉમરે જો આ કામ થઈ શકતું હોય, તો આપણે તો એટલી નાની ઉમરે કેટલું મોટું કામ કરી શકીએ ? પણ જ્યાં સુધી આપણે અડચણ નહીં હટાવીએ, જ્યાં સુધી આપણા માન્યતાઓ રૂપી વિચારો દૂર નહીં થાય, ત્યાં સુધી જ્યાં છીએ ત્યાંથી આગળ આવવું આપણા માટે શક્ય બનવાનું નથી. અને હા, આ બકુલાબહેને 81 વર્ષની ઉમરે હમણાં સુરતમાં આવેલી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં MAમાં એડમિશન લીધું. વિચારો, 81 વર્ષની ઉમરે કૉલેજમાં જનાર વ્યક્તિ બન્યા છે. તો એમની વિચારશક્તિ આવી હોય, એમનું મનોબળ આટલું દૃઢ અને મક્કમ હોય, તો આપણે આપણા જીવનમાં કેટલું આગળ વધી શકીએ? એટલા માટે કહું છું, અડચણ હટાવો, રિઝલ્ટ બનાવો.

**3. ધ્યાન કેન્દ્રિત કરો :** કોઈ એક ફોટો ક્લીક કરવા માટે પણ ધ્યાન રાખવું પડે તો જીવનમાં જ્યાં છીએ ત્યાંથી આગળ વધવા માટે પણ ચોક્કસ ધ્યાન રાખવું જ પડે.

ફોકસ વગર ફોટો બરાબર ન આવે તો, ફોકસ વગર જીવનને યોગ્ય દિશા કેવી રીતે આપી શકાય?

આપણે જે દિશામાં, જે કાર્યમાં સફળ થવું છે, એ દિશામાં 100% ધ્યાન ધરો તો જ સફળતા મળે.

ધ્યાનની જ્યારે વાત આવે ત્યારે આપણી પાસે હંમેશાં બે રસ્તાઓ હોય છે. એક તો મારી પાસે કેટલું છે? બીજું મારી પાસે કેટલું નથી ? એમાં મોટા ભાગે આપણું ધ્યાન કેટલું નથી એના ઉપર હોય છે. એને બદલે જો ધ્યાનને સ્વિચ કરીએ, “મારી પાસે કેટલું છે?” તો એ સહજતાથી, આત્મવિશ્વાસથી આપણે જ્યાં છીએ ત્યાંથી આગળ વધી શકીએ. ઘણી વાર એવું બને કે હું કેટલું કરી શકું છું, ત્યાં આપણું ધ્યાન નથી, પણ હું કેટલું નથી કરી શકતો, મને સારો ડાન્સ નથી આવડતો, મારા અક્ષર બરાબર નથી, મને સારી ચિત્રકલા આવડતી નથી. એ દિશામાં મારું ધ્યાન વધી જાય છે. પણ મારામાં કેટલી ક્ષમતા છે. હું આ આઠ કલાક મહેનત કરી શકું છું. હું બહુ સારું બોલી શકું છું, તો એ દિશામાં જો હું ધ્યાન રાખું તો મારા આત્મવિશ્વાસને પણ જુસ્સો મળે અને હું જ્યાં છું ત્યાંથી આગળ વધી શકું છું.

આમ તમારે શાના પર ધ્યાન કરવાનું છે તે વિચારી, તમારી પાસે શું છે એના ઉપર હકારાત્મક વિચારો. આમ, યોગ્ય જગ્યાએ ધ્યાન ધરીએ તો જીવનમાં જ્યાં છીએ ત્યાંથી ચોક્કસ આગળ વધી શકીએ.

તમામ યુવામિત્રોને જીવનમાં જ્યાં છે, ત્યાંથી આગળ વધે તેવી શુભેચ્છા.

રો હાઉસ, ફસ્ટ ફ્લોર, પ્લોટ નં. 40,
કોમ્યુનિટી હોલ, શ્રદ્ધા કોમ્પ્લેક્સ,
સરથાણા જકાત નાકાની સામે,
સુરત - 395006

# સુખી થવાના પાંચ સૂત્રો

સંજય રાવલ

દુનિયામાં ૪૩ સંસ્કૃતિઓ હતી. ગ્રીક, બેબિલોન ભારતમાં સનાતન સંસ્કૃતિ. આ ૪૩માંથી ૪૨ સંસ્કૃતિઓ લગભગ સમાપ્ત થઈ ગઈ. માત્ર સનાતન સંસ્કૃતિ બચી છે. નિત્ય, અખંડ, અનંત, અનાદિ... આ દેશ પર મોગલો, અંગ્રેજોએ ૧૦૦૦ વર્ષ શાસન કર્યું. આ દેશને લૂંટયો પણ આ દેશ અડિખમ ઊભો છે અને ૨૦૫૦ પહેલા વિશ્વની ટોપ-૩ ઈકોનોમીમાં આવી જશે. પૈસા અને સંપત્તિ તો કોઈની પણ પાસે આવી શકે છે. પણ એક નાની જિંદગી સરસ કેમ જીવાય એ માટે આ પાંચ વાતો માર્ગદર્શકરૂપ છે.

**1) જે કરવું એ શ્રેષ્ઠ કરવું :** જે પળે જ્યાં સુધી રહ્યાં ત્યાં જાગતાથી, સભાનતાથી આપણું બેસ્ટ પરફોર્મ કરવું. બધાને ૨૪ કલાક મળ્યા છે. એનો સદઉપયોગ કરી શકે એ સુખી. ધાર્યું જીવન પામવા અને બધી ઈચ્છા પૂર્ણ થાય તે માટે યુવાનીમાં જ દરેક કાર્ય શ્રેષ્ઠ કરવાની ટેવ પાડવી. આમ બધું જ શ્રેષ્ઠ કરવાની આદત તમને એવી જગ્યાએ લઈ જશે જેની તમે કલ્પના પણ ના કરી હોય.

**2) ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા :** બધું જ બેસ્ટ કર્યા પછી જે પરિણામ આવે એ ઈશ્વરનો પ્રસાદ છે. એને આખું બ્રહ્માંડ ચલાવવાનું છે, એને બધી ખબર છે. ઓટો મોડ પર આ બ્રહ્માંડ ચાલે છે. ઈશ્વર તો દરિયો લઈને આપવા બેઠો છે, આપણે માગવાવાળા ચમચી લઈને ઊભા છીએ, બસ આટલું આપી દે, ઈશ્વર કહે તથાસ્તુ. જે વાવો એ જ ઊગે, રોજ કર્મમય રહો. એની પર શ્રદ્ધા રાખવી કે "મે જે પણ કર્યું એ શ્રેષ્ઠ કર્યું છે હવે તું જે કરે એ સાચું" - કર્મયોગ - સાક્ષી ભાવ આ બધુ આ જ કહે છે. એ પરમ શક્તિ એનું કાર્ય મસ્ત કરે છે માટે એની ઉપર ભરોસો રાખવો.

**3) મા-બાપથી મોટું અને પૂજનીય કોઈ નથી :** માત્ર મા-બાપ ચાહે છે કે આપણી પ્રગતિ થાય. બાકી કોઈ ઈચ્છતું નથી કે આપણી પ્રગતિ થાય. આપણા કારણે આપણા મા-બાપની આંખમાં એકવાર આંસુ આવી ગયા ને તો નર્કમાં પણ જગ્યા નહીં મળે. અને સ્વર્ગ-નર્ક તો અહી પૃથ્વી પર જ છે. ઘરમાં જીવતા ભગવાનને છોડીને પથ્થરોમાં શોધશું તો કશું મળવાનું નથી. ગુજરી જાય તો મેઈન હૉલમાં એમનો ફોટો રાખો. ઘરેથી બહાર નીકળીએ માં-બાપને પગે લાગીને જ નીકળવું. અને મા-બાપને પગે ના લાગીએ તો કઈ નહી, પણ એવું કંઈ કામ ના કરવું કે આપણા મા-બાપને કોઈને પગે લાગવા જવું પડે.

**4) જીવનસાથી નક્કી છે :** કારકિર્દી બનાવો, શરીર સોષ્ઠવ બનાવો, પૈસા કમાઓ, સફળતાનો સ્વાદ ચાખો. આ પ્રેમના ચક્કરોમાં પડશો નહીં. કેમકે તમે જેને પ્રેમ કહો છો એ પ્રેમ છે જ નહીં. બે સ્વતંત્ર વ્યક્તિઓ એક બીજાને પ્રેમ કરે ને પછી બંને એકબીજાને ગુલામ બનાવે, ગુલામ કદી પ્રેમ કરી શકે જ નહીં. અને ખાસ દીકરીઓને કહું છું કે મા-બાપ વિરુદ્ધ જઈ લગ્ન કરવાં નહીં... કેમ કે તમે જ્યારે મા-બાપની મરજીની વિરુદ્ધ જઈ લગ્ન કરો છો ત્યારે એ છોકરો સમજી જાય છે કે જે મા-બાપે પેદા કરી, મોટી કરી, ભણાવી આ એમની નથી થઈ તો મારી પણ નહીં થાય.

**5) મોક્ષ :** બધું છોડી દેવું એ મોક્ષ નથી. પૈસા અને સંસાર છોડી દેવો એ મોક્ષ નથી. આ જન્મ જન્માંતરમાંથી મુક્તિ મળી જાય એ મોક્ષ છે. પણ એ મળે કેમ ? કોઈને ના મળે પણ મારી સમજ મુજબ એક કામ કરજો મોક્ષ ગેરંટીથી જોઈતો હોય તો... તમારા કુટુંબ, પરિવાર, સમાજમાં નજર કરજો. આપણી નજીક કે દૂરની કોઈ બહેન દીકરી, કુવાસી દુ:ખી હોય તો એના ઘરે ૬-૧૨ મહિનાનું સીધું-સામાન કોઈને પણ કહ્યા વગર, ચૂપચાપ મોકલી દાન કરજો. જીવતા મોક્ષ મળી જશે.

બસ આ પાંચ વાતો યાદ રાખી લેવી. સંયુક્ત પરિવારમાં રહેવાનો પ્રયત્ન કરવા. સાવરણીની સળિયો ભેગી હોય તો કચરો કાઢે અને જો છૂટી પડી જાય તો ખુદ કચરો બની જાય. એક નાની જિંદગી મસ્ત રીતે જીવવા માટેની આ પાંચ જડીબુટ્ટીઓ છે.

5મો માળ, અતિશય પ્રિઝમ, નિગમનગર,
ચાંદખેડા, અમદાવાદ-382424

# દુનિયા પાસે કન્ફ્યૂઝન્સની વણજાર છે, પણ સૉલ્યુશનનું સરનામું એક જ - આપણું અંતર !

અંકિત દેસાઈ

આપણે હાલમાં એવા સમયમાં જીવી રહ્યા છીએ, જે સમયમાં માહિતીની વણજાર છે. માહિતીની વણજાર એટલે શું, સોશિયલ મીડિયા અને અન્ય મીડિયાનાં માધ્યમોથી આપણને દરેક ક્ષણે નવી જ જાણકારી કે માહિતી મળતી રહે છે. આ જાણકારી કે માહિતી જ આપણે માટે હવે તાણનું કે મૂંઝવણનું મુખ્ય કારણ બની ગઈ છે. કેમ? તો કે સમાચારપત્રો અથવા સોશિયલ મીડિયાની એક પોસ્ટ કહે છે કે, 'રોજ ખોરાકમાં હળદર ખાવી જોઈએ. કારણ કે એક સ્ટડી એમ કહે છે કે હળદર તમારી રોગપ્રતિકારક શક્તિ વધારશે.' તો બીજા જ દિવસે એ અખબારમાં એવા સમાચાર હશે કે 'રોજ ખોરાકમાં હળદર લેવી ખતરનાક. એક અભ્યાસ કહી રહ્યો છે કે રોજ હળદર ખાનારા લોકોની કિડની વહેલી બગડી જાય છે.' બોલો હવે શું કરવું? રોજ હળદર ખાવી કે ન ખાવી? અને ખાવી તો કેટલી ખાવી?

જોકે હળદર તો આપણે સદીઓથી ખાઈએ છીએ, એટલે હળદર કેટલા પ્રમાણમાં ખાવી એનું પ્રમાણભાન આપણને છે જ, પરંતુ આ એક ઉદાહરણ આપ્યું કે હળદરના એક સામાન્ય કિસ્સામાં જો આટલા બધાં વિરોધાભાસ સર્જાઈ શકતા હોય તો જીવનમાં અન્ય બાબતોમાં તો કેવાં કેવાં વિરોધાભાસ અને મૂંઝવણો સર્જાતાં હશે? અને શું આવું આપણી કારકિર્દી બાબતે કે આપણી પસંદગીના અભ્યાસ કે આપણી પસંદગીના કોર્સ બાબતે નહીં થતું હોય? એવું થાય જ છે. એટલે એક સમયે આ દેશમાંથી એકલા કોમર્સ ગ્રેજ્યુએટ્સ જ બહાર પડ્યા તો એક લહેર એવી આવી જેમાં દેશમાં એન્જિનિયર્સની ફોજ આવી. વચ્ચે એક સમય એવો પણ હતો, જ્યારે દેશનો દર ચોથો વિદ્યાર્થી એમબીએ કરી રહ્યો હતો.



સમાજના એક મોટા વર્ગનો એક જ અભ્યાસક્રમ કે એક જ સ્ટ્રીમ તરફનો ઝુકાવ એ માત્ર મૂંઝવણનો જ નહીં, પરંતુ માનસિક પરાધીનતાનો પણ પ્રશ્ન છે. સમાજને ઘેટાંચાલની એવી આદત થઈ ગઈ છે કે જેને ફાઇન આર્ટ ભણવું છે એને એન્જિનિયરિંગમાં ધકેલવામાં આવતા અને જેઓ સારા વકીલ થઈ શકે એમ હતા એમને મેડિકલમાં ધકેલવામાં આવ્યા હતા. જોકે આપણે અહીં પેરેન્ટ્સના સ્તરના એટલે વાલીઓના સ્તરના નિર્ણયો કે એમની માન્યતાઓ વિશે વાત નથી કરવી. આપણે વાત કરવી છે વિદ્યાર્થીઓ લક્ષી, જેમની એક તરફ ઘેટાં જેવી માનસિકતા ધરાવતો સમાજ છે અને બીજી તરફ સતત ખોટી અને એકબીજા સાથે વિરોધાભાસ ધરાવતી હોય એવી માહિતી ફેલાવતી મીડિયાની દુનિયા છે. અધૂરામાં પૂરું, તેઓ ઉંમરના એવા પડાવ પર આવીને ઊભા છે, જ્યાં તેમની પાસે અનુભવ શૂન્ય છે અને તેમણે કારકિર્દીને લગતા નિર્ણયો ભારેભરખમ કરવાના છે!

ઈનશોર્ટ ઉંમરના આ પડાવ પર વિદ્યાર્થીઓ પાસે મૂંઝવણો અનેક હોવાની કે તેમણે કયા કોર્સમાં જવું, કયા શહેરમાં ભણવું? કઈ કૉલેજમાં ભણવું? અને ત્યાંથી શરૂ કરીને બીજી અનેક મૂંઝવણો હશે જેને વિદ્યાર્થીઓ ન તો વ્યાખ્યાયિત કરી શકતા હશે કે નહીં તો એ મૂંઝવણો વિશે કોઈને કહી શકતા હશે. બસ, મનમાં ને મનમાં ગૂંચવાતા રહેતા હશે. અને કેટલાક કિસ્સામાં ખોટા નિર્ણયો લઈને

પોતાની અંદર ને અંદર બળતા રહેતા હશે. પણ મારે વિદ્યાર્થીઓને આ સંદર્ભે એક-બે વાતો કરવી છે. એક વાત એ કે, જીવનમાં ભલે અનુભવો ઓછા હશે કે ભલે તમારી સામે અનેક પ્રકારની માહિતી કે વિકલ્પોની વણજાર હશે, પરંતુ આ બધા વચ્ચે પણ તમારી અંદર ઈશ્વરે એક દીવાદાંડી મૂકી છે. આ દીવાદાંડી તમારા હૃદયમાં છે, જે સમયાંતરે પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રકાશ ફેંકતી જ રહેતી હશે અને તમને કોઈ ને કોઈ પ્રેરણા આપતી રહેતી હશે.

એ દીવાદાંડીને જ અંગ્રેજીમાં ઇન્સ્ટિંક્ટ્સ અને ગુજરાતીમાં અંતરનો અવાજ કહેવાય છે. એ અવાજ તમને સતત કંઈ ને કંઈ કહેતો હશે, કે દુનિયા ભલે કહે કે મારે એન્જિનિયરિંગમાં જવું છે, પરંતુ મારે તો ગ્રાફિક ડિઝાઇનિંગ કરવું છે. કારણ કે મારી આર્ટ-સેન્સ અત્યંત સારી છે. તમારો એ અંતરનો અવાજ જ તમને એમ પણ કહેતો હશે કે માતા-પિતા બંને ડૉક્ટર છે અને આપણી પોતાની હૉસ્પિટલ છે એટલે મારે પણ મેડિકલ ભણવું જ એવું નથી, મને તો આંકડા બહુ ગમે છે અને દેશની ટેક્સેશન પ્રક્રિયા કેવી રીતે થાય છે એમાં મને રસ છે એટલે મારે સીએ થવું છે. કદાચ એમ પણ બને કે તમારું અંતર તમને આટલા સ્પષ્ટ સંદેશાઓ નહીં આપતું હોય પરંતુ તોયે તમારું અંતર એટલું તો કરશે જ કે તમારે ક્યાં જવું છે એનો સંદેશ નહીં આપતું હોય તો ક્યાં નથી જવું એના વિશે તો સ્પષ્ટ સંદેશ આપતું હશે.

અને એ બાબતે મારી સલાહ એ જ છે કે ભલે દુનિયા જ્યાં જતી હોય ત્યાં જાય, દુનિયાને જે ભણવું હોય એ ભણે. તમે એ જ કરો કે ભણો જે તમારું મન કે અંતર ઇચ્છે છે. આ માટે તમારે થોડીક હિંમત તો એકઠી કરવી જ પડશે અને માતા-પિતાને સમજાવવાથી લઈ અમુક કપરા નિર્ણયો લેવા જ પડશે, નહિંતર આજીવન તમારે ભાગે વેઠવાનું આવશે અને ખાસ તો તમારે ભાગે બળીબળીને જીવવાનું આવશે! તો બીજી એક બાબત મારે તમને એ કહેવી છે કે ચાલો ભાઈ, તમારાથી તમારા અંતરનો અવાજ નથી સાંભળી શકાયો કે તમારાથી એ નથી થઈ શક્યું જે તમારે કરવું કે ભણવું હતું, તો પછી હવે તમારા હાથમાં જે ભણતર કે કામ છે એને ખૂબ ચાહો અને એ માટે તમારે જે કરવું પડે એ કરો. પરંતુ એ ભણતરને કે એ કામ પ્રત્યેના અણગમાને દૂર કરો એને ધિક્કારવાનું બંધ કરી દો.

કારણ કે જ્યારે આપણે આપણને ન ગમતી બાબતોને ધિક્કારવાનું શરૂ કરીએ છીએ ત્યારે આખરે નુકસાન આપણું થતું હોય છે. કારણ કે આપણો ધિક્કાર આપણને ડિપ્રેશન તરફ કે જીવનની નિરર્થકતા તરફ દોરી જતો હોય છે. જ્યારે જીવન નિરર્થક લાગે અથવા તો આપણે જ આપણી જાતને હારેલી માનીએ ત્યારે જીવનમાં અત્યંત મોટા ઝંઝાવાતો સર્જાતા હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે કામ કે ભણતર એક કૅરિયર એ જીવનનો અત્યંત નાનો હિસ્સો છે. એથી ઉપર અને એથી આગળ પણ જીવનનો વિસ્તાર છે. પરંતુ એ એક નાનકડા હિસ્સાને કારણે આપણે આખું જીવન વેઠીએ છીએ કે જીવનને નર્ક સમું બનાવી દઈએ છીએ.

આપણે એવું કરવાનું થતું નથી. જીવનને નકારાત્મકતાથી દૂર રાખવાના તમામ પ્રામાણિક પ્રયાસો કરી જીવનની ક્ષણેક્ષણને ઉત્સવ તરીકે સ્વીકારી ઊજવવાની છે, એને આપણે માણવાનું છે અને ખૂબ સુખી થવાનું છે. એમાં તે વળી ભણતર કે કૅરિયર અવરોધ કઈ રીતે બને? અને એટલે જ આપણે અત્યારથી બે બાબતો ગાંઠે બાંધી લેવાની છે. એક બાબત એ કે પહેલાં તો આપણે આપણા અંતરનો અવાજ સાંભળવાનો છે. અને બીજી બાબત એ કે જો અંતરનો અવાજ સાંભળવામાં આપણે ગોથું ખાધું તો આપણે ભાગે જે આવ્યું છે એને ગર્વપૂર્વક, ખુમારીપૂર્વક સ્વીકારી લેવાનું છે. આખરે આ અભિગમ જ આપણા જીવનના લગભગ તમામ પ્રશ્નોનું અલ્ટિમૅટ સૉલ્યુશન છે.

એ-૩૦૨, સ્ટર્લિંગ ટાવર,
આર્યા હાઇટ્સની નજીક,
નૂતનનગર, ઓલ્ડ વાપી-૩૯૬ ૧૯૧

# જાત સાથે વાત : ઊડવા માટે ડૂબો

ઉત્સવ પરમાર

થોડા દિવસ પહેલાં એક ઇન્ટરવ્યૂ પેનલમાં બેસવાનું થયું. એક ઉમેદવાર આવ્યા. પુછાયેલા પ્રશ્નોના એ ખૂબ શાંતિથી જવાબ આપી રહ્યા હતા.

વાતવાતમાં એમણે કહ્યું કે , "મને લોકોને જોક કહેવા, હસાવવું ખૂબ ગમે."

અમે પૂછ્યું કે, "તમે સ્ટેન્ડઅપ કોમેડી કેમ નથી કરતા? તમે વધુ પોપ્યુલર થઈ શકો ને ઇન્કમ પણ સમય જતા વધુ મળી શકે"

એટલામાં એ ઉમેદવાર હસતાં હસતાં બોલ્યા, હું કોઈ દિવસ હસાવવાના પૈસા ન લઈ શકું"

અમને આશ્ચર્ય થયું, ઉમેદવારે પરવાનગી માંગી કે વાંધો ન હોય તો મારા વિશે થોડું કહું? હા પણ મારી વાત કોઈ સહાનુભૂતિ માટેની નથી, આપને રસ પડ્યો એટલે કહેવા માંગુ છું.

અમે પરવાનગી આપી. એમણે કહ્યું, હું બહુ સામાન્ય પરિવારમાંથી આવું છું. દસમા ધોરણમાં હતો ને મારા પપ્પાની નોકરી જતી રહી. મને થયું આખા પરિવારની તો ખબર નહિ પણ ખાલી મારા પૂરતો ખર્ચો કાઢી શકું તો ઘરમાં રાહત રહે. ઘરની પાસે વજનકાંટા બનાવતી ફેક્ટરી હતી ત્યાં પાર્ટ ટાઇમ નોકરી કરી, ટ્યૂશન આપ્યાં. જે નાનાં મોટાં કામ મળ્યાં એ કર્યાં. બહુ નાની ઉમરે ઘણાં દુઃખ જોયાં. જોકે મને એની સામે કોઈ ફરિયાદ નથી, દરેકનું જીવન અલગ અલગ હોય. મેં જોયું કે મારા જ નહિ દરેકના જીવનમાં કોઈને કોઈ દુઃખ છે. માંડ હસવાની કોઈ ક્ષણ આવે, માંડ એવી કોઈ મૉમેન્ટ આવે જેમાં ખુશ થવાય. હવે કોઈના ચહેરા પર સ્માઇલ લાવવાના પૈસા શી રીતે લેવા? જીવનમાં એમ પણ ઘણાં દુઃખ છે.

એ ઉમેદવાર જે સહજતાથી બોલી ગયા, અમારી અંદર જાણે કંઈક મૂકી ગયા. એમની ઉમર અંદાજે પચ્ચીસ-છવ્વીસ વર્ષની હશે. મને ચાર્લી ચેપ્લિનની યાદ આવી ગઈ, જેનું હાસ્ય જીવનની પીડાઓમાંથી પેદા થયેલું.

ઘણીવાર આપણે સંજોગો સામે ઘૂંટણ ટેકવી દેતા હોઈએ. ઘણીવાર આસપાસની દુનિયા જ આપણા પોતાના જીવનને માપવાની ફૂટપટ્ટી બની જાય છે. આપણી અંદર જે ખજાનો છુપાયેલો છે તેને શોધી નથી શકતા. ધરતીના પેટાળમાં પેદા થયેલો દરેક હીરો ભયંકર ગરમી અને દબાણમાંથી પસાર થયો જ હોય છે. ગરમી અને દબાણ સહન ન કરનાર એના જ કાર્બન બંધુ આજે ક્યાંક રેતી કે માટીનો ભાગ હશે!

સૌથી અઘરી યાત્રા હોય છે મનની યાત્રા. અંદર થોડાં અજવાળાં છે, થોડાં અંધારાં છે. અંદર દરિયા ઘૂઘવાય છે ને હિમ શિખરો સમાધિમાં બેઠાં છે. પવનના સૂસવાટા રોજ અંદર સૂતેલાં સપનાં જોડે પેલા લોખંડના પતરાની જેમ અવાજ કરે છે. ક્યારેક મન જાગી જાય, ક્યારેક આંખ બંધ થઈ જાય.

અમારા એક મિત્ર એકવીસ વર્ષે એવરેસ્ટ ચડી આવેલા. અમને ધૂન ચડી ને એમને ફોન કર્યો કે એવરેસ્ટ ચડવા શું કરવાનું? કોઈ તરંગી ક્ષણનો ઉલ્કાપાત એ મિત્ર સમજી ગયા, એમણે જે જવાબ આપ્યો એ હંમેશાં માટે મારા ડહાપણનું સ્મારક બની ગયો. તેમણે કહ્યું કે, એ એવરેસ્ટ ચડવો જરૂરી નથી, સૌનો પોપોતાનો એવરેસ્ટ હોય છે. સૌથી પહેલાં એ ચડવો જરૂરી છે. અમારા મનના અરબ સાગરમાં વિચારોનાં વાવાઝોડાં બની ગયા એ વાક્યથી. અનુભવીની સમજણ સપનાઓને નવી દિશા આપી શકે છે. બાકી ઝાંઝવાં પાછળ દોડતાં હરણ આપણી અંદર રોજ છલાંગ મારે છે.

ભલા મિત્રોની સલાહનું આચમન પણ તમારી હોડી ડૂબતી બચાવે છે. અંદરના એવરેસ્ટનો ખ્યાલ આવ્યો ને પછી એવરેસ્ટના માથે તો નહિ, પણ એવરેસ્ટના ચરણે જઈ આવ્યો. એવરેસ્ટ બેઝકેમ્પ, જોકે એ પણ 5300 મીટર ઊંચો છે. ભૂગોળમાં જે જેટ સ્ટ્રીમ વિશે વાંચ્યું હતું એ આ ઊંચાઈની આસપાસ જ પવનની તોફાની નદીની જેમ વહેતી હોય છે. આ કાઠા પહાડોમાં અમે સિત્તેર-એંસી વર્ષના વૃદ્ધોને પણ જોયા. અમને અમારી ઉમરનું ગુમાન ઉતારી દે એવી તાકાતથી એ બર્ફ અને ચટ્ટાનો પર ચાલી રહ્યા હતા. કોઈનાં ફેફસામાં તકલીફ છે, કોઈની કમર

દુખે છે, કોઈને હૃદય દગો દઈ દેશે એવી બીક લાગી રહી છે. પણ આ બધામાં એક જ વાત સરખી હતી અને એ છે એવરેસ્ટ બૅઝકૅમ્પ પહોંચવાનો જુસ્સો. અને ખાલી જુસ્સો નહિ, આ વૃદ્ધો એ માટે સતત ચાલ્યા છે. કદાચ ક્યાંક અટક્યા હશે, ક્યાંક રોકાયા હશે, ક્યાંક મનથી નબળા પણ પડ્યા હશે. પણ આ મહા હેતાળ હિમાલયના ઉત્તુંગ શિખરોની પાછળથી સૂરજ નીકળે એટલે એના તડકા ઓઢીને તેઓ રોજ ચાલ્યા છે. બૅઝકેમ્પની કઠિન યાત્રાના અંતિમ બિંદુ પર એમની આંખમાં કૈક કર્યાનો સંતોષ દેખી શકાતો હતો. દુનિયાના સૌથી ઊંચા પહાડ સામે ઊભા રહેતા માણસના સપનાની ઊંચાઈ એવરેસ્ટ કરતાં પણ ઊંચી હોય છે. માઈનસ દસ તાપમાન પર સપનું થીજતું નથી, મનના પેટાળમાં વહેતા વિચારો, લાવારસની જેમ વાસ્તવિકતાની સપાટી પર વહે છે.

પાછા આવ્યા ત્યારે બીજા મિત્રો મળ્યા, એક છોકરી હતી- પ્રજ્ઞાચક્ષુ. બીજો એક છોકરો હતો એના બે પગ નહોતા, પ્રોસ્થેટિક્સ હતા. બંને બૅઝકેમ્પ જઈ આવ્યા હતા. એમને જોઈને શરીરમાં વીજળી દોડી ગઈ. મનમાં ખ્યાલ આવ્યો, શરીર કોઈ મર્યાદા છે જ નહિ. મર્યાદાઓ વિચાર જ પેદા કરે છે. એ આપણી પોતાની કલ્પના છે. આપણે આપણી સલામતીનું અભયારણ્ય બનાવીને બેસી જઈએ છીએ. આપણને આપણી માન્યતાઓ બહુ હૂંફાળી લાગતી હોય છે. એની અનુકૂળતાઓ પેલા રસ્તે ચાલતા વાગેલા કાંટા જેવી હોય છે, જે અંદર ખૂંપી જાય તો એની પીડા એટલી ફાવી જાય કે એને કાઢવામાં વધારે દુ:ખ થાય એમ લાગે. બની ગયેલા રસ્તાઓ પર ચાલવું જ આપણને સહેલું લાગે, નવા રસ્તાઓનાં જોખમો ઉઠાવવા બહુ ઓછા તૈયાર હોય છે. પણ જીવનમાં નવા અનુભવો માટે, જીવનના પડકારો માટે, શરીર અને મનની ક્ષમતાની અંતિમ ક્ષમતા સુધી જાતને લઈ જવા એ માટે અફાટ દરિયાના તરવૈયા તો થવું જ પડે.

સેવન યર્સ ઇન તિબેટ મારી ગમતી ફિલ્મોમાંની એક. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિમાલયમાં પર્વતારોહણ માટે આવેલા એક ઑસ્ટ્રિયન પર્વતારોહકે તિબેટમાં વિતાવેલાં સાત વર્ષની સત્યકથા પરથી બનેલી આ ફિલ્મ છે. કોઈ રીતે એ તિબેટ પહોંચે છે અને બાળ દલાઈ લામા સાથે તેમની મિત્રતા થાય છે. બાળક તરીકે દલાઈ લામાના મનમાં ઘણું કુતૂહલ થયા કરે છે દુનિયા વિશે અને પર્વતારોહકને એ પૂછ્યા કરે છે. એક દિવસ દલાઈ લામા પૂછે છે કે તમને પહાડો આટલા બધા કેમ ગમે છે? પર્વતારોહક જવાબ આપે છે, "કેમ કે એમાં સરળતા છે. મને એ જ ગમે છે. તમે જયારે કોઈ શિખર સર કરી રહ્યા હો ત્યારે મન એકદમ સ્પષ્ટ હોય છે, તમામ દ્વિધાઓથી મુક્ત. તમારું ધ્યેય કેન્દ્રિત હોય છે. અને અચાનક પ્રકાશ વધુ તીવ્ર બનતો જાય છે, અવાજ ઊંડો બનતો જાય છે અને તમને તમારી અંદરના જીવનનો સૌથી શક્તિશાળી અનુભવ ત્યારે જ થાય છે" આ વાત પહાડ માટે જ નહિ, આપણા સ્વપ્ન શિખરની યાત્રાઓ માટે પણ એટલી જ સાચી છે.

કોઈ અઘરી પરીક્ષા હોય, કોઈ કપરી પરિસ્થિતિ હોય પણ પોતાની જાતની નજીક લઈ આવે એ સાચી યાત્રા છે. સ્પર્ધા બીજાને પછાડવા માટે નથી હોતી, આપણી અંદર જે શ્રેષ્ઠતમ છે તેને પામવા માટે હોય છે. આપણી જાત સાથે સંવાદ કરવાની આપણી આળસ કે બીક જ ઘણીવાર આપણને મૂળિયાંથી અળગા કરે છે. ઇન્સ્ટાગ્રામ કે ફેસબુક કે યૂટ્યૂબની બારીએથી લોકોના જીવનની કોસ્મેટિક ક્ષણો જોઈને અંદરની કૉસ્મિક ક્ષણો વેડફી દઈએ છીએ. બનાવટ સહેલી છે, નકલ સહેલી છે. કોઈનાથી અત્યંત પ્રભાવિત થવામાં મનુષ્યે કરેલી લાખો વર્ષોની બૌદ્ધિક ઉત્ક્રાંતિ વેડફાઈ જાય છે. વ્હેલ માછલી રણમાં ચાલતા ઊંટની નકલ કરવા જાય તો? સાપને સારસ થઈ ઉડવાનાં સપનાં આવે તો? વ્હેલ અને સાપ બંને આજીવન દુખી રહીને ધરતી અને સમંદરની અમીરાતથી દૂર જ રહેશે. તમને દેખાતું કોઈ પણ જંગલ હજારો વર્ષો પહેલાં લાખો નાનાં મોટા બીજમાં જ સંતાયેલું. દુનિયામાં લખાયેલો પ્રત્યેક શબ્દ હજારો લેખકોના મનમાં જ સંતાયેલો. પ્રકાશવર્ષોની યાત્રા પહેલા પગલાંથી જ થાય છે.

અંધારાં ઉલેચવા અંદર ઊતરવું પડે. જાત સાથે વાત કરવી પડે. અંદર જેટલા ઊતરશો એટલા જ ઉપર પણ ચડશો. પોતાની અંદર ડૂબકી લગાવવી પણ એક અમૃત સ્નાન જ છે. વિષ અને અમૃત બંને આપણી ભીતર જ છે... અંદર નજર નાખો, બ્રહ્માંડ રાહ જોઈ રહ્યું છે તમારા માટે ...કે પ્રવાસી પ્રવાસ ક્યારે શરૂ કરશે??

---

પ્લોટ નં. ૫૪૭/૨, સેક્ટર-૭બી,
ગાંધીનગર-૩૮૨૦૦૭.

# વિદ્યાર્થીની કારકિર્દીની પસંદગી કોના દ્વારા ? વાલી કે વિદ્યાર્થી ?

દેવેશ મહેતા

દેશભક્ત સંન્યાસી સ્વામી વિવેકાનંદ કહેતા હતા 'શિક્ષણ એ કંઈ જુદા જુદા પ્રકારની માહિતીઓનો ઢગલો નથી, પણ એ સાચે જ તો અંતર્નિહિત જ્ઞાનને પ્રકટ કરવાની પ્રવિધિ છે.' શિક્ષણથી જ્ઞાન પ્રાપ્ત થાય છે તે સાથે તે સંસ્કાર-સદભાવ અને સદગુણોને પણ વિકસાવે છે. વિદ્યા એ માનવજીવનની મહામૂલી મૂડી છે. અમેરિકન વિજ્ઞાની અને સંશોધક થોમસ આલ્વા એડિસન કહે છે - 'An industrious and virtuous education of children is better inheritance for them than a great estate`. વિદ્યારૂપી પરિશ્રમયુક્ત, સદગુણ શિક્ષણ એ મહાન અસ્ક્યામત મેળવવી એના કરતાં વધારે સારો વારસો છે. શિક્ષક વિદ્યાર્થીમાં રહેલી બીજભૂત શક્તિઓ (potentialities) ને પુષ્પિત અને ફલિત કહે છે. સાચા શિક્ષણનો આ જ ઉદ્દેશ છે. મહાન ગ્રીક તત્ત્વચિંતક પ્લેટોનું વિધાન છે - `To develop in the body and in the soul all beauty and all perfetion of which they are capable : શરીર અને આત્મામાં વધારેમાં વધારે જેટલું સૌંદર્ય અને સંપૂર્ણતાનો વિકાસ થઈ શકે તે સંપન્ન કરવો તે જ શિક્ષણનો ઉદ્દેશ છે.'



વિદ્યાર્થીજીવન દરમિયાન એના અભ્યાસ અને પરિણામના અંતે કારકિર્દી પસંદ કરવાનો સમય આવે છે. તે વખતે દ્વિધા ભરેલી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. વિદ્યાર્થીએ પોતે પોતાની કારકિર્દી પસંદ કરવી કે તેના વાલીએ તે પસંદ કરવી ? આ બન્નેના ગુણ-દોષોનો વિચાર કરીએ તે પહેલાં વિદ્યાર્થી જીવનના એ પાયારૂપ ગુણધર્મોનો વિચાર કરીએ જે એના ચરિત્રનું નિર્માણ કરનારા છે. શબ્દકલ્પદ્રુમમાં કહેવાયું છે - शान्तो सनातनमसनातनः शुद्धात्मा श्रद्धावान धारणक्षमः । समर्थश्च कुलीनश्च प्राज्ञः सच्चरितो व्रती ॥ एवमादिगुणैर्युक्तः शिष्यो भवति नान्यथा ॥ જે શાંત, સનાતન, સ્વભાવથી નમ્ર, શુદ્ધ આત્માવાળો, શ્રદ્ધા-વિશ્વાસયુક્ત, પ્રમાણિક, વફાદાર, શીખેલી વાતને ધારણ કરી રાખવાની ક્ષમતાવાળો, નિપુણ, કુળવાન, બુદ્ધિમાન સારા આચરણવાળો અને વિદ્યાગ્રહણ કરવાને વ્રત કે તપસ્યા રૂપે અપનાવનારો હોય તે વિદ્યાર્થી છે.

**મનુસ્મૃતિમાં પણ કહેવાયું છે -**

वेदाभ्यासे स्तपो ज्ञानं इन्द्रियाणां च संयमः अहिंसा गुरु देवा च निःश्रेयसकरं परम् ॥

વેદોનો અભ્યાસ, તપ, જ્ઞાન ઇન્દ્રિયો પર સંયમ, અહિંસા અને ગુરુ સેવા વિદ્યાર્થીઓ માટે પરમ શ્રેયસ્કારી છે.'

આવા ગુણધર્મો ધરાવતો હોવાને કારણે વિદ્યાર્થી વિચારશીલ, બુદ્ધિમાન, સારાસાર વિવેકથી યુક્ત, કુશળ, સક્ષમ અને તર્કસંગત હોય છે. તે પોતાના રસ અને રુચિને સુપેરે જાણતા હોય છે. પોતાની મર્યાદા અને વિશેષતાથી પણ સુપરિચિત હોય છે. એટલે ખોટી કારકિર્દી પસંદ કરી લે તેવી શક્યતા બહુ ઓછી છે. તે સતત સ્વ-મૂલ્યાંકન કરી આત્મનિરીક્ષણ પણ કરતો રહેતો હોય છે. જે વિદ્યાર્થીઓ આ પ્રમાણે ન કરતા હોય

તેમણે આ ગુણધર્મ કેળવવા જોઈએ જેથી તેમનાથી ખોટો નિર્ણય ન લેવાઈ જાય. વિદ્યાર્થીઓએ વિઝ્યુલાઈઝેશન (Visualisation) ટેક્નિકનો ઉપયોગ કરીને એમની અભિરુચિ અને અભિયોગ્યતા જાણી કારકિર્દીની પસંદગીનો નિર્ણય કર્યો હોય તો તે તેમના ભાવિ જીવનને સફળ અને સમૃદ્ધ બનાવી શકે છે. વિદ્યાર્થીએ યોગ્ય, અનુરૂપ, જરૂરી યોજના ઘડવી જોઈએ. યથાર્થ આયોજનથી કેવળ પરીક્ષાના પરિણામમાં જ સફળતા મળે છે એવું નથી, તેની કારકિર્દીના ક્ષેત્રે પણ સફળતા અને સિદ્ધિ મળે છે. એટલે જ યુનાઈટેડ સ્ટેટસ ઑફ અમેરિકાના સંસ્થાપક જનક એવા બહુશ્રુત વિદ્વાન લેખક બેન્જામિન ફ્રેન્કલિન કહેતા હતા - 'If you fail to plan, you are planning to fail : જો તમે આયોજન કરવા નિષ્ફળ બનશો તો તમે નિષ્ફળ થવાનું આયોજન કરી રહ્યા છો.'

માતા-પિતા-વાલી, વિદ્યાર્થીના મહદંશે હિતચિંતક જ હોય છે. તેમનાં સલાહ-સૂચનો અને માર્ગદર્શન પણ વિદ્યાર્થીએ લેવા જોઈએ તેનાથી વિદ્યાર્થી પોતાના સર્વાંગીણ વિકાસની ભૂમિકા ઊભી કરી શકે છે. માતા-પિતા-વાલી એમના અનુભવની પાકટતાને લીધે વિદ્યાર્થી સંતાન કે ઉછેર કરનારના દૂરગામી લાભ કે ગેરલાભનો વિચાર કરી શકતાં હોય છે. એટલે એમણે પણ એમના સંતાન આગળ એને ગળે ઊતરે એ રીતે પોતાની વાત પ્રસ્તુત કરવી જોઈએ. વિદ્યાર્થીએ પણ તેના પર પૂરતો વિચાર કરી પસંદગી માટે નિર્ણય લેવો જોઈએ.

બાળક જન્મે ત્યારથી એને સાયન્સ સ્ટ્રીમમાં જ ભણાવવો કે ડૉક્ટર કે એન્જિનિયર જ બનાવવો છે એવા અફર, અટલ ઈરાદાથી અને એ માટેના તનતોડ (કેવળ પોતાના જ નહીં, બાળકના પણ) પ્રયત્નો કરનારા વાલીઓ અત્યાચાર જ કરતાં હોય છે. તેમના પ્રભાવથી દબાયેલો અને ડરેલો વિદ્યાર્થી વાલીએ ધારેલું પરિણામ લાવી ન શકાયું કે લાવી નહીં શકાય એ કારણથી ન ભરવાનું પગલું પણ ભરી લે છે એવું દૂરાગ્રહી વાલીઓએ પણ સમજવું અત્યંત જરૂરી બન્યું છે. વર્તમાન સમયની એ તાતી જરૂરિયાત છે.

જીવનને 'મેનેજ' કરવા અધ્યાત્મિક ગ્રંથો પણ સહાયક બને છે. એમાંય શ્રીમદ્ ભગવદગીતા મૅનેજમૅન્ટનો પણ ઉત્તમ ગ્રંથ કહેવાય છે. ગીતાના અઢારમા અધ્યાયના ૬૩મા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે -'ઇતિ તે જ્ઞાનમાખ્યાતં ગૃહ્યાદગૃહ્યતરં મયા । વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છતિ તથા કુરુ ।। આ પ્રમાણે મેં તને આ જ્ઞાન સમજાવ્યું છે જે અન્ય સર્વ રહસ્યોની તુલનામાં ગુહ્યતમ છે. તેના અંગે ગહન રીતે મનન કર અને પછી તારી જે ઇચ્છા હોય તે કર.' તેની સાથે તે ભક્તવત્સલતા બતાવી સ્પષ્ટ નિર્દેશ પણ કરે છે - સર્વગુહ્યતમં ભૂયઃ શૃણુ મે પરમં વચઃ । ઇષ્ટોડસિ મે દ્રઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્ ।। સર્વથી પણ વધારે ગુહ્ય આ મારું પરમ હિતકારક વચન સાંભળ, તું મને હું પ્રિય હોવાથી હું તે તને કહું છું.'

માતા-પિતા કે વાલીના સાચા માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીએ કરેલી સમ્યક્ કારકિર્દી - પસંદગી એને માટે યથાર્થ રીતે અર્થકરી વિદ્યા (ધન પ્રાપ્ત કરાવનારી વિદ્યા)થી ધનાગમ (ધનપ્રાપ્તિ) તો થાય છે તે સાથે સાચા સુખની પણ પ્રાપ્તિ થાય છે. એટલે જ કહેવાયું છે - विद्या ददाति विनयं विनयाद् याति पात्रताम् । पात्रत्वात् धनमाप्नोति । धनाद् धर्मं ततः सुखम् ।। વિદ્યા વિનય આપે છે, વિનયથી પાત્રતા પ્રાપ્ત થાય છે. પાત્રતા આવે એટલે ધન પ્રાપ્ત થાય છે. ધનથી ધર્મ ધારણ થાય છે. તે પછી સુખ મળે છે.'

પ્રસિદ્ધ કટાર લેખક,
C-61, સચિન ટાવર,
100ft આનંદનગર રોડ,
શ્યામલ ચારરસ્તા પાસે, સેટેલાઇટ,
અમદાવાદ - 380015.

# ધોરણ-10 પછીના વિકલ્પો



# ધોરણ-10 પછીના કારકિર્દીના વિકલ્પો

કુલસુમ ઘાંચી




**ડિપ્લોમા** - ગુજરાતમાં ધોરણ 10 પછીના પૂર્ણ સમયના અને અપ્રત્યક્ષ અધ્યયન પદ્ધતિ હેઠળના ઇજનેરી અને અન્ય ડિપ્લોમા અભ્યાસમાં પ્રવેશ કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિ Admission Committee for Professional Diploma Courses (ACPDC) અને ગુજરાત ટેક્નોલૉજી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે.



## ધોરણ-10 ડિપ્લોમા અભ્યાસક્રમો

### આર્ટ્સ (કલા) 1-3 વર્ષ

**પર્ફોર્મિંગ આર્ટ્સ**

» ડાન્સ
» ડ્રામા
» એક્ટિંગ
» વોકલ મ્યુઝિક
» પ્લેરાઇટિંગ
» એપરલ ડિઝાઇન અને ફેબ્રિક ટેક્નોલોજી
» એપ્લાઇડ એન્ડ ફાઇન આર્ટ્સ
» સિનેમેટોગ્રાફી
» કોસ્ચ્યુમ ડિઝાઇન એન્ડ ડ્રેસ મેકિંગ
» દિગ્દર્શન
» સ્ક્રીન-પ્લે રાઇટીંગ એન્ડ ટી.વી. પ્રોડક્શન
» ફેશન ડિઝાઇન
» ફિલ્મ એન્ડ વીડિયો એડિટીંગ
» ફાઇન આર્ટ્સ
» ફર્નિચર ટેક્નોલોજી એન્ડ ઇન્ટિરિયર ડેકોરેશન
» હેન્ડલૂમ ટેક્નોલોજી
» ઇન્ટિરિયર ડેકોરેશન
» જ્વેલરી ડિઝાઇન એન્ડ મેન્યુફેક્ચરિંગ
» લાઇબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ
» ફોટોગ્રાફી
» લેધર ગુડ્સ એન્ડ ફૂટવેર મેન્યુફેક્ચરિંગ
» કમર્શિયલ આર્ટ

### એન્જિનિયરિંગ (3-વર્ષ)

» મિકેનિકલ એન્જિનિયરિંગ
» કમ્પ્યૂટર એન્જિનિયરિંગ
» પેટ્રોકેમિકલ ટેક્નોલોજી
» સિવિલ એન્જિનિયરિંગ
» ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન એન્જિનિયરિંગ
» ઇન્ફર્મેશન ટેક્નોલોજી
» ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
» ટેક્સ્ટાઇલ એન્જિનિયરિંગ
» એગ્રિકલ્ચર એન્જિ. (કૃષિ વિજ્ઞાનના અભ્યાસક્રમો)
» આર્કિટેક્ચર આર્ટીકલશિપ
» ઓટોમોબાઇલ એન્જિ
» બાયોટેક્નોલોજી
» બાયો-મેડિકલ એન્જિ
» સિરામિક એન્જિ.
» કેમિકલ એન્જિ
» પ્લાસ્ટિક એન્જિ
» કમ્પ્યૂટર નેટવર્કિંગ
» ઇન્ડસ્ટ્રિયલ (પ્રોડક્શન એન્જિ)
» મેન્યુફેક્ચરિંગ એન્જિ.
» મરીન એન્જિ.
» મેકાટ્રોનિક્સ એન્જિ.
» ટેક્સ્ટાઇલ કેમેસ્ટ્રી
» મેટલર્જી
» પાવર ઇલેક્ટ્રોનિક્સ
» એન્વાયરમેન્ટલ એન્જિ.
» ટેક્સ્ટાઇલ ટેક્નોલોજી
» પ્રિન્ટિંગ ટેક્નોલોજી
» માઇનિંગ ટેક્નોલોજી
ટ્રાન્સપોર્ટેશન એન્જિ.
ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ

### કોમન કૅરિયર

**સામાન્ય કારકિર્દી**

» હોટલ મેનેજમેન્ટ
» ઇન્ડસ્ટ્રિયલ રિલેશન્સ એન્ડ પર્સનલ મેનેજમેન્ટ
» ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ
» ઓફિસ મેનેજમેન્ટ
» કમ્પ્યૂટર એપ્લિકેશન
» બી.પી.ઓ/ કોલ સેન્ટર
» મેસર (માલિશ)

### પેરામેડિકલ કોર્સ (2-3 વર્ષ)

**મેડિકલ લેબ ટેક્નોલોજી**

» મેડિકલ એક્સ-રે ટેક્નોલોજી
» મેડિકલ રેકોર્ડ ટેક્નોલોજી
» ઓપરેશન થિયેટર ટેક્નોલોજી (શસ્ત્રક્રિયા)
» ઓપ્થેલ્મિક ટેક્નોલોજી (નેત્રરોગ પ્રક્રિયા)
» હેલ્થ/સેનેટરી ઇન્સ્પેક્ટર
» ઓક્ઝિલિઅરી નર્સ/મિડવાઇફરી
» ડાયાલિસીસ ટેક્નોલોજી
» બ્લડ બેંક ટેક્નોલોજી
» ઇ.સી.જી.ટેક્નોલોજી

ગુજરાત એડમિશન કમિટી ફોર ડિપ્લોમા સરકારી ટૅકનિકલ કેમ્પસ, પાંજરાપોળ સામે, આંબાવાડી, અમદાવાદ વેબસાઈટ- **www.gujdiploma.nic.in, www.acpdc.in**

**ITI Courses**

ધો.10 પછી ટૅકનિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છે છે તેમને માટે ITI- Industrial Training Institute કેટલાક અત્યંત ઉપયોગી કોર્સ છે. ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ઔદ્યોગિક વિકાસ માટે આવશ્યક એવા કુશળ માનવ સંસાધનનું નિર્માણ કરે છે. રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નેજા હેઠળ રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળ રાજ્યના તમામ તાલુકાઓમાં / અંતરિયાળ વિસ્તારો સુધી કાર્યરત સરકારી/ ગ્રાન્ટ- ઈન- એઈડ/ સ્વ-નિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ITIs માં વ્યવસાયલક્ષી તાલીમ મેળવવા માટે વિસ્તૃત અને વ્યાપક તાલીમ સુવિધાઓ ઉપલબ્ધ છે. આગળ વધુ અભ્યાસ તકો જાણવા માટે એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાનો લાભ લઈ શકે છે. વેબસાઈટ **www.itigujarat.gov.in, www.itiadmission.guj.nic.in** અને **www.talimrojgar.org**

આ ઉપરાંત દૈનિક પ્રસિદ્ધ સમાચાર પેપરમાં આ અંગેની જાહેરાત આવે છે.

**નોંધ :** - (1) રાષ્ટ્રીય કક્ષાના NCVT પેટર્નના વ્યવસાયો માટે ન્યૂનતમ પ્રવેશ લાયકાત, વ્યવસાયનો પ્રકાર તથા વ્યવસાયની મુદત ભારત સરકારના ડાઈરેક્ટર જનરલ ઓફ ટ્રેનિંગ, નવી દિલ્હીની વેબસાઈટ: http://www.dget.nic.in માં દર્શાવ્યા મુજબ રહેશે. જે સમયાંતરે ફેરફારને આધીન રહેશે.

(2) રાજ્યકક્ષાના GCVT પેટર્નના વ્યવસાયો માટે ન્યૂનતમ પ્રવેશ લાયકાત, વ્યવસાયનો પ્રકાર તથા વ્યવસાયની મુદત ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગરની વેબસાઈટ: https://www.gcvt.gujarat.gov.inમાં દર્શાવ્યા મુજબ રહેશે. જે સમયાંતરે ફેરફારને આધીન રહેશે.

**એપ્રેન્ટિસ તાલીમ યોજના**

1. **હેતુ :** ઔદ્યોગિક એકમોને જરૂરી એવા કુશળ કારીગરો તૈયાર કરવા. યોગ્ય યુવાનોને તાલીમ આપવી અને તે દ્વારા રોજગારીની તકોમાં વધારો કરવો.
2. **સત્ર પ્રારંભ :** વર્ષમાં 2 વખત
   1લી ફેબ્રુઆરીથી 15મી એપ્રિલ
   1લી ઓગસ્ટથી 15મી ઑક્ટોબર
3. **લાયકાત :** ટ્રેડ મુજબ ધો.-4થી 12 /ડિગ્રી -ડિપ્લોમા સુધી
4. **તાલીમ સમયગાળો:** ટ્રેડ અનુસાર 1 વર્ષથી 4 વર્ષ
5. **તાલીમ પદ્ધતિ :**
   **પાયાની તાલીમ :** ઔદ્યોગિક તાલીમ સંસ્થા અથવા મોટા ઉદ્યોગગૃહોમાં
   **પ્રાયોગિક તાલીમ :** ઔદ્યોગિક એકમ અથવા આઈ.ટી. આઈ. ખાતે
   **આનુષંગિક તાલીમ :** વર્ષ દરમિયાન (બાવન) દિવસ આઈ.ટી.આઈ ખાતે
6. **મળતા લાભો :**
   આ તાલીમ વિનામૂલ્યે આપવામાં આવે છે.
   તાલીમ દરમિયાન રહેવાની સગવડ આપવામાં આવે છે.
   તાલીમ દરમિયાન નિયમાનુસાર મળવાપાત્ર રજાના લાભ આપવામાં આવે છે.
   તાલીમ દરમિયાન સ્ટાઈપેંડ મળવાપાત્ર છે.
   **પરીક્ષા :** વર્ષમાં બે વખત પરીક્ષા એપ્રિલ અને ઓક્ટોબર માસમાં લેવાય છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારને નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ- નવી દિલ્હી તરફથી નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

**નોંધ :** તાલીમમાં જોડાવવા માટે નજીકના તાલુકા/ જિલ્લા કક્ષાએ આવેલ આઈ.ટી.આઈ. એપ્રેન્ટિસશિપ એડવાઈઝરનો સંપર્ક કરવો જરૂરી છે.

**પ્રોફેશનલ કોર્સિસ**

**સેનેટરી ઇન્સ્પેક્ટર :-** ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સેલ્ફ ગવર્નમેન્ટ રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદ ખાતે સેનેટરી ઇન્સ્પેક્ટરનો 18 માસનો કોર્સ ઉપલબ્ધ છે. (ધો.12 પાસ માટે 1 વર્ષની મુદત છે) વેબસાઇટ : www.aiilsg.org

**ફીમેલ હેલ્થ વર્કર :-** આ અભ્યાસક્રમ વિવિધ જિલ્લાઓમાં આવેલી જિલ્લા પંચાયત હેઠળની સરકારી હૉસ્પિટલોમાં ફીમેલ હેલ્થ વર્કર (ANM કક્ષા)નો અભ્યાસક્રમ ઉપલબ્ધ હોય છે.

સંપર્ક: આ માટે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયતનો સંપર્ક કરવો અથવા રાજ્ય આરોગ્ય સંસ્થાન, સિવિલ હૉસ્પિટલ, સેક્ટર-12 ગાંધીનગરનો સંપર્ક કરી શકાય.

**ફાઇન આર્ટ્સ ડિપ્લોમા મલ્ટીમીડિયા**

વેબ ડિઝાઇનિંગ, ગ્રાફિક ડિઝાઇનિંગ, ડિઝિટલ એડવર્ટાઇઝમેન્ટ, એનિમેશન, વિઝ્યુલાઇઝર, ક્રિએટિવ આર્ટિસ્ટ, ગ્રાફિક આર્ટિસ્ટ, વેબ પ્રોગ્રામર વગેરે ક્ષેત્રો ઝડપથી આગળ આવી રહ્યાં છે.

(1) ડિઝાઇનનું ફિલ્ડ (2) જાહેરાતની દુનિયા (3) ફાઇન આર્ટ ડિપ્લોમા (4) ચિત્રકલાના અભ્યાસક્રમ વગેરે

5 વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમોની લાયકાત (ધોરણ-10 પછી)ની રાખવામાં આવી છે.

» ડ્રોઈંગ એન્ડ પેઇન્ટિંગ
» એપ્લાઇડ/કોમર્શિયલ આર્ટ
» સ્કલ્પ્ચર એન્ડ મોડેલિંગ

**Additional** :- Animational, Visual Effects, Digital Advertisement, Digital Marketing, Multi Media, Broadcast નોંધ: Diploma in Multi Media & Animationનાં અભ્યાસક્રમો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)માં ઉપલબ્ધ છે.

**વોકેશનલ કોર્સિસ**

» DVOC in Event Management
» DVOC in Travel & Tourism
» DVOC in Photography
» DVOC in jewellery Design
» DVOC in Interior Design
» DVOC in 3D Animation
» DVOC in Textile & Leather Designing

ઉપરોક્ત કોર્સિસ વિવિધ આઇ.ટી.આઇ. ડિપ્લોમા કૉલેજ તેમજ અન્ય સંસ્થાઓમાં ઉપલબ્ધ છે.

**ધો.10 પછી નોકરીની કેટલીક તકો**

**સ્ટાફ સિલેકશન કમિશન -** ધો.10 પાસ, વય મર્યાદા: 18થી 25, સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા મેટ્રિક લેવલની બધી જ પોસ્ટ માટે એક કમ્બાઇન્ડ પ્રિલિમિનરી એક્ઝામ અને ત્યારબાદ ફાઈનલ એક્ઝામ લેવામાં આવે છે. વેબસાઇટ : www.ssc.nic.in

**ઇન્ડિયન આર્મીમાં સોલ્જર ટેકનિકલ (M.E.R) EXAM :** ઇન્ડિયન આર્મી સોલ્જર, નર્સિંગ આસિસ્ટન્ટ એક્ઝામ, ઇન્ડિયન આર્મી સોલ્જર જનરલ ડ્યૂટી એક્ઝામ, ઇન્ડિયન આર્મી સોલ્જર ક્લાર્ક એક્ઝામ વગેરે. વેબસાઇટ : www.joinindianarmy.nic.in

**લશ્કરી ભરતી કચેરી :** (1) આર્મી રિક્રુટિંગ ઑફિસ, શાહીબાગ ડફનાળા પાસે, લશ્કર કેન્ટોન્મેન્ટ એરિયા, હનુમાન મંદિર સામે, અમદાવાદ. (2) આર્મી રિક્રુટિંગ ઑફિસ જી.જી.સિવિલ હૉસ્પિટલ રોડ, સોલેરિયમ પાસે, જામનગર.

**ઇન્ડિયન એરફોર્સ :** ઇન્ડિયન એરફોર્સ- એરમેન (નોન ટેકનિકલ ટ્રેડ), ઇન્ડિયન એરફોર્સમાં એરમેન ટેકનિકલ (ઇન્ટર) ટ્રેડસ

વેબસાઇટ : https://indianairforce.nic.in

**ઇન્ડિયન નેવી :** ભારતીય નૌકાદળમાં આર્ટીફીશર, એપ્રેન્ટિસ/મેટ્રિક એન્ટી રિક્રુટ્સ /ડાઇરેક્ટ એન્ટ્રી ડિપ્લોમા હોલ્ડર્સ, (DEDH), આર્ટીફીશર એપ્રેન્ટિસીસ (AA), મેટ્રિક એન્ટ્રી રિક્રુટ્સ (MER), ઇન્ડિયન નેવીમાં ડોક

યાર્ડ એપ્રેન્ટિસીસ એક્ઝામ, ઈન્ડિયન નેવીમાં સેઈલર (નાવિક) વેબસાઈટ https://indiannavy.nic.in

**પોસ્ટ વિભાગમાં ભરતી**

**શૈક્ષણિક લાયકાત:** ઉમેદવારોએ કોઈ પણ માન્ય બોર્ડમાંથી 10/12 પાસ કરેલું હોવું જોઈએ, સ્થાનિક ભાષાનું ફરજિયાત જ્ઞાન, મૂળભૂત કોમ્પ્યૂટર જ્ઞાન હોવું જોઈએ. વેબસાઈટ : https://indiapostgdsonline.gov.in અને www.indiapost.gov.in

ઈન્ડિયા પોસ્ટ ઑફિસ ભરતી માટે નિર્ધારિત વિવિધ પોસ્ટ, પોસ્ટમેન, મેલ ગાર્ડ અથવા MTS વગેરે.

વય મર્યાદા- 18 થી 32 વર્ષ.

**સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરી નિમણૂંક અંગેની કાર્યવાહી કરતી મહત્ત્વની સંસ્થાઓની યાદી.**

- યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુ.પી.એસ.સી)
- સ્ટાફ સિલેકસન કમિશન (એસ.એસ.સી)
- રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ (આર.આર.બી)
- બૅંકિંગ સર્વિસ રિક્રુટમેન્ટ બોર્ડ (બી.એસ.આર.બી)
- સંરક્ષણ દળોમાં યોજાતી ભરતી પરીક્ષાઓ
- ટપાલ, ટેલિફોન ખાતા દ્વારા લેવાતી પરીક્ષાઓ
- જીવન વીમા નિગમમાંથી થતી ભરતી પરીક્ષાઓ
- ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જી.પી.એસ.સી)
- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

**કૃષિ ક્ષેત્રના અભ્યાસક્રમો**

ખેતીવાડી, પશુપાલન, મત્સ્યોદ્યોગ વગેરે ક્ષેત્રે જુદા-જુદા પ્રકારના ડિપ્લોમા, સ્નાતક, MBA અનુસ્નાતક તથા પીએચ.ડી સુધીના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. સંપર્ક - સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

**લાઇવસ્ટોક ઇન્સ્પેક્ટર (પશુધન નિરીક્ષક)**

પશુધન નિરીક્ષક સર્ટિફિકેટ કોર્સ: - કૃત્રિમ બીજદાન (પશુપાલન), ઘાસચારા ગુણવત્તા, સીડ પ્રોડકશન, સેન્દ્રિય ખેતી વગેરે.



## દિવ્યાંગ ઉમેદવારો માટે વિશિષ્ટ અભ્યાસક્રમો

| વ્યવસાયનો નંબર | ટ્રેડ કોડ | વ્યવસાયનું નામ | ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત | વ્યવસાયનો પ્રકાર | અભ્યાસક્રમની મુદત |
|---|---|---|---|---|---|
| 301 | 283 | કોમ્પ્યૂટર ઓપરેટર | ધોરણ : 10+2ની પદ્ધતિમાં ધોરણ ઃ 10 પાસ | નોન-એન્જિ. | 1 વર્ષ |
| 302 | 282 | સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) | ધોરણ : 10+2ની પદ્ધતિમાં ધોરણ 10 પાસ (અંગ્રેજી વિષય સાથે) | નોન-એન્જિ. | 1 વર્ષ |
| 303 | 272 | ટેલિફોન ઓપરેટર કમ રિસેપ્શનીસ્ટ | | નોન-એન્જિ. | 6 માસ |
| 304 | 245 | કટિંગ એન્ડ ટેલરિંગ | ધોરણ : 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | નોન-એન્જિ. | 1 વર્ષ |
| 305 | 226 | ડેસ્કટોપ પબ્લિશિંગ ઓપરેટર(ડીટીપી) | | નોન-એન્જિ. | 1 વર્ષ |
| 306 | 227 | એમ્બ્રોઇડરી એન્ડ નીડલ વર્ક્સ | | નોન-એન્જિ. | 1 વર્ષ |
| 307 | 294 | હેર એન્ડ સ્કિન કેર | | નોન-એન્જિ. | 1 વર્ષ |
| 308 | 219 | પ્લમ્બિંગ આસિસ્ટન્ટ | | એન્જિ. | 1 વર્ષ |
| 309 | 284 | ઓફસેટ પ્રિન્ટર | ધોરણ : 10+2ની પદ્ધતિમાં ધોરણ ઃ 10 પાસ | નોન-એન્જિ. | 1 વર્ષ |
| 310 | 288 | ટુ વ્હીલર ઓટો રિપેરર | ધોરણ : 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | એન્જિ. | 1 વર્ષ |
| 311 | 942 | પેપરબેગ મેકિંગ | Disability Certificate From Competent Authority | નોન-એન્જિ. | 6 માસ |
| 312 | 932 | સર્ટિફિકેટ કોર્સ ઇન આર્ટ એન્ડ ક્રાફ્ટ | ધોરણ : ૫ પાસ | નોન-એન્જિ. | 6 માસ |
| 313 | 199 | કટિંગ એન્ડ સુઈંગ | ધોરણ ઃ 8 પાસ | નોન-એન્જિ. | 1 વર્ષ |

નોંધ:- પ્રસ્તુત લેખમાં આપેલ વિગતો જાણકારી અને દિશાસૂચન માટે છે. તેને આખરી ન ગણતા ચોક્કસ અને આખરી માહિતી માટે જે તે સંસ્થાનો સંપર્ક કરવો તેમજ પ્રવેશ ફોર્મ સાથે અપાતી માહિતી પુસ્તિકા તથા ફોર્મ સાથેની સૂચનાનો અભ્યાસ કરવો જરૂરી છે.

વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા
રાયખડ - અમદાવાદ
ફોન નંબર-8000815232

# ધોરણ – 10 બાદ પ્રાપ્ત થતી ઇમર્જિંગ કૅરિયર

ગુર્જર ધર્મિષ્ઠા એમ.

ધોરણ - 10 પછી આપણી પાસે ઇમર્જિંગ કેરિયરના ઘણા વિકલ્પો ખુલતા હોય છે. આપણે આપણી રસ, રુચિ, અભિયોગ્યતા, ક્ષમતા વગેરેને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પો પસંદ કરીને ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરવું જોઈએ. કુદરતે દરેકને કાર્ય કરવાની જુદી-જુદી શક્તિઓ આપી છે અને કંઈક નવું કરવાની પ્રેરણા આપી છે અને તે જ ગુણવત્તાનું નિર્માણ કરે છે. પ્રવર્તમાન સમય ગુણવતાનો છે. તેથી બધા જ વિકલ્પોને જાણી સમજી તેની વિસ્તૃત જાણકારી મેળવી ભવિષ્યના સંદર્ભમાં તુલના કરી આપણા મનપસંદ વિકલ્પને પસંદગી કરી ભાવિ કારકિર્દી અંગેનો નિર્ણય લઈશું.



**ઇન્ડો-જર્મન ટૂલ રૂમના જોબ ઓરિએન્ટેડ કોર્સ**

ઈન્ડો-જર્મન ટૂલ રૂમ નામની સંસ્થા અમદાવાદમાં વટવા - જી.આઈ.ડી.સી. ખાતે સ્થિત છે. ભારત સરકારની Ministry of Micro, Small & Medium Enterpriseનું ISO 9001-2000 સર્ટિફાઇડ ટ્રેનિંગ સેન્ટર છે. આ સંસ્થાના પ્રોફેશનલ અભ્યાસક્રમોની Industryમાં ડિમાન્ડ સારી છે.

**અભ્યાસક્રમો**

1. ડિપ્લોમા ઈન ટૂલ રૂમ એન્ડ ડાઈમેકિંગ (DMT)
2. સર્ટિફિકેટ ઈન ટૂલ રૂમ એન્ડ ડાઈમેકિંગ (CMT)
3. પોસ્ટ ડિપ્લોમા ઈન CAD/CAM

સમયગાળો - 3 થી 4 વર્ષ (કોર્સ મુજબ ફુલ ટાઈમ)

**સંપર્ક :-** ઈન્ડો-જર્મન ટૂલ રૂમ, પ્લોટ નંબર 5003, ફેઝ - 04, GIDC, વટવા, અમદાવાદ.

Website: - **www.igtrahd.com**

**ડી ફાર્મસી :- (આયુર્વેદ)**

સમયગાળો - 02 વર્ષ

સંસ્થા :- IPS (Institute of Pharmaceutical Science) C/O, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, એ.કે. જમાલ બિલ્ડિંગ ગુરુ નાનક રોડ, જામનગર.

**www.ayurveduniversity.com**

**વીમા એજન્ટ :-**

ભારતમાં વીમા શિક્ષણ અને તાલીમને પ્રોત્સાહન આપવાના હેતુથી વર્ષ -1955માં ભારતીય વીમા સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (III) ના ઉમેદવારોએ એસોસિયેટશિપ / ફેલોશિપ પાસ કરવાની રહે છે.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઑથોરિટી ઓફ ઈન્ડિયા મુજબ ઈન્સ્યોરન્સ એજન્ટ બનવા ઈચ્છતા ઉમેદવારોએ (IRDA) INSURANCE REGULATORY AND DEVELOPMENT AUTHORITY OF INDIA દ્વારા અધિકૃત સંસ્થામાંથી 100 કલાકની પ્રેક્ટિકલ તાલીમ લેવી પડે છે. દરેક વીમા કંપનીની પાત્રતા અલગ અલગ હોય છે. તેથી વીમા એજન્ટ બનનાર વ્યક્તિએ પસંદ કરેલી કંપની પાસેથી તેના નિયમો અને શરતોની સંપૂર્ણ માહિતી મેળવવી પડે છે. વીમા એજન્ટ તરીકેની કારકિર્દી બનાવવા ઈચ્છતા ઉમેદવારે પસંદ કરેલી વીમા કંપનીની MCQ પરીક્ષા પાસ કરી લાઇસન્સ મેળવવાનું રહે છે. ત્યારબાદ તે વીમા એજન્ટ તરીકે પોતાની કારકિર્દી આગળ વધારી શકે છે.

લાયકાત :- ધોરણ - 10 અથવા 12 પાસ ફરજિયાત

ઉમેદવાર વીમા એજન્ટ તરીકેની જોબ પાર્ટ ટાઈમ તરીકે પણ સ્વીકારીને સારું વેતન મેળવી શકે છે.

**આયુર્વેદ કમ્પાઉન્ડર:-**

લાયકાત :- ધોરણ-10 સંસ્કૃત વિષય સાથે પાસ

સમયગાળો :- 01 વર્ષ

સંપર્ક :- સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, આજવા રોડ, વડોદરા.

**આઇ.ટી.આઇ. (I.T.I.) :-**

ધોરણ-10 પાસ કર્યા બાદ વિદ્યાર્થી આઈ.ટી.આઈ. (I.T.I.)માં પ્રવેશ મેળવી 01 વર્ષની મુદ્દતના નીચે જણાવેલા કોર્સ કરી શકે છે, જે ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (I.T.I.)માં થાય છે. આઈ.ટી.આઈ. (I.T.I.)માં 02 પેટર્નમાં અભ્યાસક્રમ કાર્યરત છે.



## NCVT અને GCVT પેટર્નના અભ્યાસક્રમો

### NCVT NSQF ALIGN વ્યવસાયો

| વ્યવસાય ક્રમ | ટ્રેડ કોડ | વ્યવસાયનું નામ | NSQF લેવલ | પ્રકાર અને મુદ્દત | ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|---|
| 43 | 185 | ફાયર ટેક્નોલૉજી એન્ડ ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી મૅનેજમૅન્ટ | 04 | નોન - એન્જિનિયરિંગ મુદ્દત - 01 વર્ષ | ધોરણ - 10 પાસ ઊંચાઇ - 165 C.M. વજન - 52 K.G. છાતી - 81 C.M. 85 C.M. (ફૂલાવીને) MBBS (મેડિકલ સર્ટિફિકેટ) |

### GCVT પેટર્નના વ્યવસાયો

| વ્યવસાય ક્રમ | ટ્રેડ કોડ | વ્યવસાયનું નામ | પ્રકાર અને મુદ્દત | ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|
| 109 | 257 | ફાયરમેન | એન્જિનિયરિંગ 01 વર્ષ | ધોરણ - 10 પાસ (ગણિત / વિજ્ઞાન સાથે) |
| 111 | 208 | સેફ્ટી એન્ડ સિક્યોરિટીમેન | એન્જિનિયરિંગ 01 વર્ષ | ધોરણ - 10 પાસ (ગણિત / વિજ્ઞાન સાથે) |
| 130 | 858 | સબ ફાયરમેન ઑફિસર | એન્જિનિયરિંગ 06 માસ | ધોરણ - 10 પાસ |



સંપર્ક :- કૉલેજ ઓફ સેફ્ટી એન્ડ ફાયર ટેક્નોલૉજી,
કોર્પોરેટ હાઉસ 03,
પાર્શ્વનાથ બિઝનેસ પાર્ક,
પ્રહલાદનગર,
અમદાવાદ-380 015.

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
રાયખડ, અમદાવાદ. - 380001

# જીવન આગળ ધપાવતા ITIના રસપ્રદ અભ્યાસક્રમો

એસ.આર. વિજયવર્ગીય

આજના ઉચ્ચ શિક્ષણના યુગમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલૉજી જેને ટૂંકમાં આઇ.આઇ.ટી. (IIT) કહેવામાં આવે છે તેના બદલે આઇ.ટી.આઇ.. (ITI) ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટની જરૂરિયાત મધ્યમવર્ગના પરિવારો તેમજ રોજગારની તલાશમાં ઝડપથી રોજગારી મેળવવા માટે યુવાનોને આકર્ષી રહી છે, જે સમયની સાથે જ્યાં ઝડપથી સર્ટિફિકેટ કોર્સ રોજગાર અને સ્વ-રોજગાર પ્રાપ્ત કરવાના સંબંધ સાથે ઝડપથી આગળ વધી રહ્યું છે તેવા ઓટોમેશન, રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ટ્રેન્ડ (પ્રવાહ)ને જોતાં એવું લાગે છે કે વિશ્વકક્ષાએ આપણે આપણી જોબને સુરક્ષિત કરવા અથવા કોઈક ખાસ વિષયના ક્ષેત્રનો અભ્યાસ કરવા માટે વૉકેશનલ કોર્સિસ અથવા આઇ.ટી.આઇ..ના કોર્સિસ કેરિયરની યોગ્ય દિશા નક્કી કરવા મહત્ત્વના છે.

વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યમાં આઇ.ટી.આઇ.ની લાયકાત ધરાવતા યુવાનોને ડિગ્રી કે ડિપ્લોમાની શૈક્ષણિક લાયકાતની સરખામણીએ રોજગારનો અવસર ખૂબ જ ઝડપથી પ્રાપ્ત થાય છે. આઇ.ટી.આઇ. એટલે ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટનાં હુલામણાં નામથી ઓળખાતી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના નેજા હેઠળ ધો. 10 અથવા ધો. 12 અથવા અમુક કોર્સિસ એવા છે કે જેમાં ધો. 10થી ઓછું ભણેલા પણ કૌશલ્ય પ્રાપ્ત કરી શકે છે. આઇ.ટી.આઇ.નું પ્રમાણપત્ર જે-તે ટ્રેડના કોર્સની મુદત પ્રમાણે એક વર્ષ, બે વર્ષની યોગ્યતા પ્રાપ્ત કરી કૌશલમ બલમના સિદ્ધાંતને ચરિતાર્થ કરવામાં સફળ નીવડ્યા છે. આઇ.ટી.આઇ.માં એન.સી.વી.ટી અને જી.સી.વી.ટી એમ બે પ્રકારના તાલીમ તાલીમ સર્ટિફિકેટ કોર્સ ઉપલબ્ધ છે. એન.સી.વી.ટી એટલે નેશનલ કાઉન્સિલ ઓફ વૉકેશનલ ટ્રેનિંગ જે ભારત સરકાર દ્વારા ઓલ ઈન્ડિયા લેવલે માન્યતાપ્રાપ્ત હોય છે. જી.સી.વી.ટી એટલે ગુજરાત કાઉન્સિલ ઓફ વૉકેશનલ ટ્રેનિંગ જે ગુજરાત સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે. બન્ને પ્રકારના સર્ટિફિકેટ કોર્સમાં તફાવત એ છે કે એન.સી.વી.ટી કોર્સ ભારત સરકાર દ્વારા ઓલ ઈન્ડિયા લેવલનો કોર્સ હોઈ અંગ્રેજીમાં પ્રશ્નપત્ર આપવામાં આવે છે અને માન્યતાપ્રાપ્ત ભારતની તમામ સંસ્થાઓ જ્યાં રોજગાર ઉપલબ્ધ છે ત્યાં પ્રાથમિક્તા અપાય છે. જી.સી.વી.ટી પેટર્નના કોર્સિસ પણ એટલી જ યોગ્યતા ધરાવે છે પરંતુ ગુજરાત રાજ્યમાં આવા કોર્સિસના માધ્યમથી રોજગાર/સ્વરોજગાર પ્રાપ્ત કરવામાં સરળતા રહે છે. ગુજરાતમાં આઇ.ટી.આઇ. એ રોજગાર મેળવવા માટે સૌથી લોકપ્રિય સર્ટિફિકેટ કોર્સ બનવા પામ્યું છે. ગુજરાત રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે તેને ધ્યાનમાં લેતાં આઇ.ટી.આઇ.ના ટ્રેડ જેવા કે ફીટર, ટર્નર, વેલ્ડર, મશીનિસ્ટ, ડીઝલ મિકેનિક, ઈલેક્ટ્રિશિયન, વાયરમેન,આર.એફ.એમ તેમજ અન્ય કેટલાક ટ્રેડ જેવા કે ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક, કોમ્પ્યૂટર પ્રોગામિંગ, સ્ટેનોગ્રાફીની લાયકાતવાળા અસંખ્ય કોર્સિસ ખૂબ જ લોકપ્રિય બન્યા છે.



| એન.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમો | | | |
|---|---|---|---|
| વ્યવસાયનો ક્રમ નં | વ્યવસાયનું નામ | ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત | અભ્યાસક્રમની મુદત અને પ્રકાર |
| ધોરણ : 10ની લાયકાતવાળા અભ્યાસક્રમો | | | |
| 01 | મશીનિસ્ટ ગ્રાઈન્ડર | વ્યવસાય ક્રમ નં. 01 થી 24 માટે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત<br>ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) | 2 વર્ષ (એન્જિ.) |
| 02 | મિકેનિક (રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશનર) | | 2 વર્ષ (એન્જિ.) |
| 03 | ડ્રાફ્ટસમેન મિકેનિક | | 2 વર્ષ (એન્જિ.) |
| 04 | ડ્રાફ્ટસમેન સિવિલ | | 2 વર્ષ (એન્જિ.) |
| 05 | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક | | 2 વર્ષ (એન્જિ.) |
| 06 | સર્વેયર | | 1 વર્ષ (એન્જિ.) |
| 07 | મરીન ફીટર | | 1 વર્ષ (એન્જિ.) |
| 08 | ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) | | 2 વર્ષ (એન્જિ.) |
| 09 | એટેન્ડેન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) | | 2 વર્ષ (એન્જિ.) |
| 10 | લેબોરેટરી આસિસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ) | | 2 વર્ષ (એન્જિ.) |
| 11 | મેન્ટેનન્સ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) | | 2 વર્ષ (એન્જિ.) |
| 12 | ઇલેક્ટ્રિશિયન | | 2 વર્ષ (એન્જિ.) |
| 13 | ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનિક | | 2 વર્ષ (એન્જિ.) |
| 14 | ટુલ એન્ડ ડાઇ મેકર(પ્રેસ ટુલ્સ,જીગ્સ એન્ડ ફિક્ચર્સ) | | 2 વર્ષ (એન્જિ.) |
| 15 | ઇન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલૉજી સિસ્ટિમ મેન્ટેનન્સ | | 2 વર્ષ (એન્જિ.) |
| 16 | મિકેનિક મોટર વ્હિકલ | | 2 વર્ષ (એન્જિ.) |
| 17 | પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઓપરેટર | | 1 વર્ષ (એન્જિ.) |
| 18 | મિકેનિક ડીઝલ એન્જિન | | 1 વર્ષ (એન્જિ.) |
| 19 | ફીટર | | 2 વર્ષ (એન્જિ.) |
| 20 | ટર્નર | | 2 વર્ષ (એન્જિ.) |
| 21 | મશીનિસ્ટ | | 2 વર્ષ (એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| 22 | લિફ્ટ એન્ડ એસ્કલેટર મિકેનિક | | 2 વર્ષ (એન્જિ.) |
| 23 | ઈન્ટિરિયર ડેકોરેશન એન્ડ ડિઝાઈન | | 1 વર્ષ (એન્જિ.) |
| 24 | મિકેનિક ઓટો ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ | | 1 વર્ષ (એન્જિ.) |
| 25 | ફિઝિયોથેરાપી ટેક્નિશિયન | | 1 વર્ષ (એન્જિ.) |
| 26 | ફાઈનાન્સ એક્ઝિક્યુટિવ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 27 | મલ્ટિમીડિયા એનિમેશન એન્ડ સ્પેશિયલ ઈફેક્ટ | વ્યવસાય ક્રમ નં. 25 થી 44 માટે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત<br>ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 28 | સ્ટેનોગ્રાફર સેક્રેટરિયલ આસિસ્ટન્ટ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 29 | ડેસ્ક ટોપ પબ્લિશિંગ ઓપરેટર | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 30 | હોર્ટીકલ્ચર | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 31 | હૉસ્પિટલ હાઉસ કીપિંગ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 32 | હેલ્થ સેનેટરી ઈન્સપેક્ટર | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 33 | આસિસ્ટન્ટ ટૂરિસ્ટ ગાઈડ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 34 | કોમ્પ્યૂટર ઓપરેટર કમ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 35 | ડ્રેસમેકિંગ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 36 | બેઝિક કોસ્મોટોલોજી | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 37 | ફ્રન્ટ ઑફિસ આસિસ્ટન્ટ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 38 | પ્રિ-પ્રિપેટરી સ્કૂલ મૅનેજમૅન્ટ આસિસ્ટન્ટ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 39 | ડેરિંગ | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 40 | ફેશન ડિઝાઈન ટેક્નોલૉજી | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 41 | ડેન્ટલ લેબોરેટરી ટેક્નિશિયન | | 2 વર્ષ (નોન એન્જિ.) |
| 42 | ફ્રૂટ એન્ડ વેજિટેબલ પ્રોસેસિંગ | | 1 વર્ષ (નોન એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| 43 | હેલ્થ સેફટી એન્ડ એન્વાયર્મેન્ટ | ઊંચાઈ-165 સેમી, છાતી-81 સે.મી, ફુલાવીને-85 સે.મી., વજન-52 કિ.ગ્રા, MBBS ડૉ.નું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 44 | હૉસ્પિટાલિટી મૅનેજમૅન્ટ બેઝિક ટ્રેનિંગ(HMBT)(હોટલ મૅનેજમૅન્ટ કોર્સિસ) | | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 45 | ફાયર ટૅકનોલૉજી એન્ડ ઈન્ડસ્ટ્રિયલ સેફટી મૅનેજમૅન્ટ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 12 પાસ ઊંચાઈ-165 સેમી, છાતી-81 સે.મી, ફુલાવીને-85 સે.મી., વજન-52 કિ.ગ્રા, MBBS ડૉ.નું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 46 | પ્લમ્બર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 47 | સ્યુઈંગ ટૅકનોલૉજી | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| **ધોરણ: 8 ની લાયકાતવાળા અભ્યાસક્રમો** | | | |
| 48 | ફાઉન્ડ્રીમેન ટેક્નિશિયન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 49 | વાયરમેન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 2 વર્ષ (એન્જિ.) |
| 50 | મિકેનિક ટ્રેક્ટર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 51 | સરફેસ ઓર્નામેન્ટેશન ટેક્નિ. (એમ્બ્રોઈડરી) | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 52 | પેન્ટર જનરલ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 2 વર્ષ (એન્જિ.) |
| 53 | ઓલ્ડ એજ કેર આસિસ્ટન્ટ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 54 | શીટ મેટલ વર્કર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| 55 | જનરલ કારપેન્ટર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 56 | વેલ્ડર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 57 | મેશન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |

## જી.સી.વી.ટી. પેટર્નના (રાજ્ય કક્ષા) અભ્યાસક્રમો

### ધોરણ: 10 ની લાયકાતવાળા અભ્યાસક્રમો

| ક્રમ | વ્યવસાયનું નામ | ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત | અભ્યાસક્રમની મુદત અને પ્રકાર |
|---|---|---|---|
| 58 | સર્ટિફિકેટ કોર્સ ઇન લેબોરેટરી આસિસ્ટન્ટ (પૅથોલૉજી) | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (સાયન્સ અંગ્રેજી વિષય સાથે) | 6 માસ (નોન એન્જિ.) |
| 59 | સર્ટિફિકેટ કોર્સ ઇન મેડિકલ લેબોરેટરી ટૅક્નોલૉજી(પૅથોલૉજી) | B.sc. (Chemistry/Micro Biology/Bio chemistry/ zoology/Botony) | 1 વર્ષ |
| 60 | સર્ટિફિકેટ કોર્સ ઇન બિલ્ડિંગ એન્ડ આર્કિટેકચર ડિઝાઈન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) | 1 વર્ષ |
| 61 | સર્ટિફિકેટ કોર્સ ઇન સિવિલ પ્લાનિંગ એન્ડ ડ્રાફ્ટિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) | 2 વર્ષ |
| 62 | મિકેનિક રેડિયો એન્ડ ટી.વી. | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) | 2 વર્ષ (એન્જિ.) |
| 63 | સર્ટિફિકેટ કોર્સ ઇન કોમ્પ્યૂટર ટીચર્સ ટ્રેનિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 6 માસ (નોન એન્જિ.) |
| 64 | સર્ટિફિકેટ કોર્સ ઇન ઇ-કોમર્સ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 65 | સર્ટિફિકેટ કોર્સ ઇન વેબ ડિઝાઈન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| 66 | સર્ટિફિકેટ કોર્સ ઈન મલ્ટિમીડિયા ટૅકનોલૉજી એન્ડ ડી.ટી.પી | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ અથવા ધો. 10 પછીનો AICTE માન્ય ઈજનેરી ડિપ્લોમા અથવા ડિપ્લોમા ઈન ફાઈન આર્ટ્સ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 67 | સર્ટિફિકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નો. નેટવર્ક એન્ડ એડમિનિસ્ટ્રેશન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 68 | સર્ટિફિકેટ કોર્સ ઈન કોમ્પ્યૂ. એડેડ ડિઝાઈન એન્ડ ઓટો કેડ-2000 | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (સાયન્સ) અથવા I.T.I /D.C/D.M.ટ્રેડ અથવા AICTE માન્ય ઈજનેરી ડિપ્લોમા | છ માસ |
| 69 | સર્ટિફિકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 70 | સર્ટિફિકેટ કોર્સ ઈન ફાઈનાન્શિયલ એડવાઈઝિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ અથવા પોલિટેક્નિક ડિપ્લોમા પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 71 | સર્ટિફિકેટ કોર્સ ઈન ટૂલ ટૅકનોલૉજી | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 2 વર્ષ (એન્જિ.) |
| 72 | ટેલિફોન મોબાઈલ ફોન રિપેરિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | છ માસ(એન્જિ.) |
| 73 | ઓફસેટ પ્રિન્ટર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 74 | સ્ટેનો કમ કોમ્પ્યૂ. ઓપરેટર (અંગ્રેજી) | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (અંગ્રેજી વિષય સાથે) | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 75 | પ્લેટમેકર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 76 | સ્ટેનો કમ કોમ્પ્યૂ. ઓપરેટર (ગુજરાતી) | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગુજરાતી વિષય સાથે) | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 77 | કોમ્પ્યૂ. એડેડ ક્વાર્ટઝ વોચ કમ મોબાઈલ ફોન મિકે. | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| 78 | કોમ્પ્યૂ. એડેડ ડ્રેસ મેકીંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 79 | મેડિકલ ઇક્વિપમેન્ટ મિકેનિક | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ તથા N.C.V.T. પેટર્નના R.M.T.V/ELECTRO. MECH./ELECTRICIAN ટ્રેડ પૈકી કોઈ પણ એક ટ્રેડ પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 80 | સ્ટેનોગ્રાફી ગુજરાતી | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગુજરાતી વિષય સાથે) | 1 વર્ષ |
| 81 | ફૂડ એન્ડ બેવરેજીસ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (અંગ્રેજી વિષય સાથે) અથવા તેની સમકક્ષ | છ માસ |
| 82 | ફૂડ પ્રોડક્શન(કોન્ટિનેન્ટલ/ઇન્ડિયન/પંજાબી/ ચાઈનીઝ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (અંગ્રેજી વિષય સાથે)અથવા તેની સમકક્ષ | છ માસ |
| 83 | હાઉસ કીપિંગ એન્ડ બેકરી | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (અંગ્રેજી વિષય સાથે)અથવા તેની સમકક્ષ | છ માસ |
| 84 | સર્ટિફિકેટ કોર્સ ઈન મશીન ટૂલરૂમ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ (ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષય સાથે) (50 ટકા ગુણ આવશ્યક અને અનામત કૅટેગરી માટે 40 ટકા) | 2 વર્ષ (એન્જિ.) |
| 85 | ફાયરમેન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 86 | સેફ્ટી એન્ડ સિક્યૉરિટી મેન. | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 87 | લિફ્ટ મેન્ટેનન્સ મિકેનિક | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ(વિજ્ઞાન પ્રવાહ અથવા I.T.I ઈલેક્ટ્રિશિયન પાસ) | 1 વર્ષ (એન્જિ.) |
| 88 | ઓફસેટ પ્રિન્ટર એન્ડ પૅકેજર્સ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 89 | ઈલેક્ટ્રિકલ એપ્લાયન્સિસ રિપેરર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| 90 | કોમ્યૂનિકેશન એન્ડ સ્પોકન ઈંગ્લિશ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 3 માસ |
| 91 | ઓટોમોબાઈલ બોડી રિપેરર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 92 | ઓટોમોબાઈલ પેઈન્ટ રિપેરર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 93 | સેલ્સ આસિસ્ટન્ટ (રિટેઈલ) | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| 94 | શિપ બિલ્ડિંગ ટેક્નિશિયન | ધો. 10 પાસ+I.T.I વેલ્ડર, ફિટર પાસ | છ માસ |
| 95 | મરીન ઈલેક્ટ્રિશિયન એડવાન્સ | ધો. 10 પાસ+I.T.I ઈલેક્ટ્રિશિયન, વાયરમેન પાસ | છ માસ |
| 96 | પાઈપ ફીટર મરીન | ધો. 10 પાસ+I.T.I ફીટર, પ્લમ્બર પાસ | છ માસ |
| 97 | સ્પેશિયલ પરપઝ વ્હિકલ એન્ડ ક્રેઈન ઓપરેટર | ધો. 10 પાસ+I.T.I મોટર મિકે., મિકે. ડીઝલ પાસ | છ માસ |
| 98 | શીટ મેટલ ટેક્નિશિયન | ધો. 10 પાસ+I.T.I શીટમેટલ પાસ | છ માસ |
| 99 | કારપેન્ટર એન્ડ જોઈનર | ધો. 10 પાસ+I.T.I કારપેન્ટર પાસ | છ માસ |
| 100 | શિપ બિલ્ડિંગ ટેક્નિશિયન એડવાન્સ | ધો. 10 પાસ+I.T.I વેલ્ડર, ફિટર પાસ | છ માસ |
| 101 | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક પાવર પ્લાન્ટ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 2 વર્ષ (એન્જિ.) |
| 102 | ઈલેક્ટ્રિશિયન પાવર પ્લાન્ટ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ: 10 પાસ | 2 વર્ષ (એન્જિ.) |
| 103 | ફાર્માસ્યુટિકલ મશીનરી મિકેનિક | ધોરણ: 10 પાસ+ITI FT/ET/ RFM/IM પાસ | છ માસ (એન્જિ.) |
| 104 | ડોમેસ્ટિક હોમ એપ્લાયન્સ રિપેરિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:10 પાસ | 1 વર્ષ(નોન એન્જિ.) |

| ધોરણ : 7 તથા 8 ની લાયકાતવાળા અભ્યાસક્રમો | | | |
|---|---|---|---|
| 105 | પ્લમ્બિંગ આસિસ્ટન્ટ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 106 | મરીન એન્જિનિયરિંગ ટેક્નિશિયન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 107 | ટુ વ્હિલર ઓટો રિપેરર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 108 | સ્યુઈંગ મશીન ઓપરેટર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 3 માસ |
| 109 | આર્મેચર મોટર રિવાઈન્ડિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:7 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 110 | મેન્સ એન્ડ વુમન ગારમેન્ટ મેકિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:7 પાસ | 1 વર્ષ(નોન એન્જિ.) |
| 111 | જનરલ મિકેનિક | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:7 પાસ | ૨ વર્ષ (એન્જિ.) |
| 112 | વેલ્ડર કમ ફેબ્રિકેટર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:7 પાસ | 1 વર્ષ (એન્જિ.) |
| 113 | સર્ટિ કોર્સ ઇન ડાયમન્ડ ગ્રેડિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:7 પાસ | 3 માસ |
| 113-એ | કન્સ્ટ્રકશન ટેક્નિશિયન | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ (નોન એન્જિ.) |
| અંધ અપંગ ઉમેદવારો માટે વિશિષ્ટ અભ્યાસક્રમ | | | |
| 114 | કોમ્પ્યૂટર ઓપરેટર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:10 પાસ | 1 વર્ષ |
| 115 | સ્ટેનોગ્રાફી અંગ્રેજી | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:10 પાસ (અંગ્રેજી વિષય સાથે) | 1 વર્ષ |
| 116 | ઓફસેટ પ્રિન્ટર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:10 પાસ | 1 વર્ષ |
| 117 | એમ્બ્રોઇડરી એન્ડ નીડલ વર્ક | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ |
| 118 | કટિંગ એન્ડ ટેલરિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ |
| 119 | ઓફસેટ પ્રિન્ટિંગ એન્ડ બુક બાઈન્ડિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ |
| 120 | આર્મેચર મોટર રિવાઇન્ડિંગ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:7 પાસ (સૂચિત) | 1 વર્ષ |
| 121 | ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર(ડીટીપી) | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ |
| 122 | પ્લમ્બીંગ આસિસ્ટન્ટ | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ |
| 123 | ટુ વ્હિલર ઓટો રિપેરર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ |
| 124 | હેર એન્ડ સ્કિનકેર | ધોરણ: 10+2ની પદ્ધતિમાં ધોરણ:8 પાસ | 1 વર્ષ |
| 125 | ટેલિફોન ઓપરેટર કમ રિસેપ્શનિસ્ટ | ધોરણ: 10 (અંગ્રેજી વિષય સાથે) | 6 માસ |

શિક્ષણ વિભાગના તારીખ: 3/5/2012ના ઠરાવ ક્રમાંક:પરચ/102012/યુઓઆર-1/સ તથા તારીખ: 10/5/2012ના સુધારા ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ-10 પછીના આઈ.ટી.આઈ. પેટર્નના અભ્યાસક્રમો પાસ કરેલ તાલીમાર્થીઓને ડિપ્લોમા એન્જિનિયરિંગના અભ્યાસક્રમોમાં ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ આપવા ઠરાવ કરાયો છે. પ્રવેશ અંગેનો કાર્યક્રમ તથા પ્રવેશ અંગેની માહિતી www.acpdc.in પરથી મળી શકશે.

**(1) કારીગર તાલીમ યોજના (સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા) :**

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો છે. તેમજ જુદાં જુદાં ક્ષેત્રે વિકસતી જતી ટૅકનોલૉજી અંગે ઉમેદવારોને તાલીમ આપી, રોજગારી/ સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે. આ યોજનાના નિયમન માટે રાષ્ટ્રીય કક્ષાએ ભારત સરકારની નેશનલ કાઉન્સિલ ફોર વૉકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી) કાર્યરત છે.

મુખ્યત્વે ભારત સરકારના શ્રમ મંત્રાલયની કારીગર તાલીમ યોજના હેઠળ, ગુજરાત રાજ્યની વિવિધ સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં છ માસ, એક વર્ષ, બે વર્ષ કે ત્રણ વર્ષ સુધીની, લાંબા ગાળાની મુદતના વિવિધ વ્યવસાયના અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે.

**બેઠકોની સંખ્યાઃ**

» રાજ્યમાં વ્યાવસાયિક તાલીમ માટે વ્યાપક સુવિધાનું નિર્માણ કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે હાલમાં, 282 સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (130772 બેઠકો), 113 ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (13844 બેઠકો) તથા 384 સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (26715 બેઠકો) મળી કુલ 779 સંસ્થાઓમાં કુલ 1,71,331 બેઠકો પ્રાપ્ય છે.

» આ યોજના હેઠળ 111 એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયોની તેમજ રાજ્ય કક્ષાની ગુજરાત કાઉન્સિલ ઓફ વૉકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી) પેટર્ન હેઠળના 65 વ્યવસાયોની તાલીમ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.), ગ્રાન્ટ ઈન એઈડ/ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, સરકારી ટેકનિકલ હાઈસ્કૂલો વગેરે સંસ્થાઓ ખાતે આપવામાં આવે છે.

» ઓછામાં ઓછી 14 વર્ષની વય ધરાવતો કોઈ પણ ઉમેદવાર કે જે ધો. 7થી 12 સુધીની લાયકાત ધરાવતો હોય તે લાયકાત અનુસારના વ્યવસાયમાં મેરિટના આધારે પ્રવેશ મેળવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વ્યાવસાયિક તાલીમ પ્રાપ્ત કરી શકે છે.

» સામાન્ય રીતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું પ્રવેશ સત્ર ઑગસ્ટ માસથી શરૂ થતું હોય છે. જે અંતર્ગત, રોજગાર અને તાલીમ ખાતા દ્વારા દર વર્ષના મે-જૂન માસમાં એસ.એસ.સી.ના પરિણામના એકાદ સપ્તાહમાં વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે.

» સંબંધિત પ્રવેશ સત્રમાં વિવિધ વ્યવસાયમાં ભરવાપાત્ર બેઠકો, સંસ્થાઓ તેમજ વ્યવસાયોની યાદી, પ્રવેશ લાયકાત તેમજ વ્યાવસાયિક તાલીમ સંબંધિત અન્ય બાબતોની વિગતવાર માહિતી સંબંધિત માહિતી પુસ્તિકા રોજગાર અને તાલીમ ખાતા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે.

» રોજગાર અને તાલીમ ખાતાની વેબસાઈટ
(1) http://www.talimrojgar.org
(2) http://itiadmission.guj.nic.in
(3) http://itiadmission1.guj.nic.in
ઉપર ઓનલાઈન એપ્લિકેશન માગવામાં આવે છે, આવેલ એપ્લિકેશન પૃથક્કરણ કરી મેરિટ તૈયાર કરવામાં આવે છે. મેરિટના આધારે પ્રવેશ મેળવવાપાત્ર ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે છે અને મેરિટના આધારે મળવાપાત્ર વ્યવસાયની ઉપલબ્ધ ખાલી બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવે છે.

» અપંગ ઉમેદવારો, મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને ટ્યૂશન ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. તદઉપરાંત આવકમર્યાદાને ધ્યાને લઈને સંસ્થા ખાતે મંજૂર બેઠકોના 33.03 ટકા તાલીમાર્થીઓને પ્રવર્તમાન નિયમોનુસાર વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) પણ આપવામાં આવે છે.

» અ.જ.જા/અ.જા/સા.શૈ.પ. વગેરે કેટેગરીના તાલીમાર્થીઓને રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ/ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત અનુક્રમે અનુસૂચિત જાતિ કલ્યાણ/વિ.જા. કલ્યાણ/અનુ.જનજાતિ કલ્યાણ ખાતાઓ દ્વારા પણ નિયત દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

» **છાત્રાલયની સુવિધાઓ :** રાજ્યની 48 સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે છાત્રાલયની સગવડ છે. જેમાં રૂ. 250/- અનામત રકમ તથા રૂ. 50/- છ માસિક સર્વિસ ચાર્જ સાથે તાલીમાર્થીને પ્રવેશ આપવામાં આવે છે. અનામતની રકમ તાલીમાર્થીઓ હોસ્ટેલ છોડી જાય ત્યારે પરત કરવામાં આવે છે.

### (2) ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (ગ્રાન્ટ ઇન એઇડ) સંસ્થાઓ :

રાજ્ય સરકાર હસ્તકની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોના ધસારાને ધ્યાનમાં લઈ તથા સરકારી સંસ્થાઓમાંની હાલની મર્યાદિત પ્રવેશ ક્ષમતાને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે સહાયક અનુદાનના ધોરણે ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ચલાવવાની યોજના અમલમાં મૂકી છે. તે અન્વયે જે ખાનગી સંસ્થા, ટ્રસ્ટ વગેરેને આ કારીગર તાલીમ યોજના હેઠળના અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપવામાં આવે છે અને આવી સંસ્થાઓને આવર્તક ખર્ચના 100 ટકા પ્રમાણે ગ્રાન્ટ આપવામાં આવે છે. હાલ, રાજ્યમાં 113 ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે. જેમાં 13844 બેઠકો ઉપર તાલીમ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

### (3) બાંધકામ ક્ષેત્રની તાલીમ

બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા અસંગઠિત ક્ષેત્રના કામદારોને તાલીમ માટે કુલ 25 સંસ્થાઓમાં કન્સ્ટ્રક્શન સ્કિલ તાલીમ કેન્દ્રો સ્થાપવામાં આવેલાં છે. જેમાં આ પ્રકારના ટૂંકાગાળાના વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવે છે. જે (1) બાર બેન્ડિંગ (2) સ્કે ફોલ્ડિંગ (3) પ્લમ્બિંગ અને સેનિટેશન (4) ફોમ વર્ક કારપેન્ટરી (5) કન્સ્ટ્રક્શન ઈલેક્ટ્રિશિયન અને વાયરમેનના વ્યવસાયોમાં અસંગઠિત ક્ષેત્રના કામદારોને અદ્યતન તાલીમ આપવા માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

### (4) સુપિરિયર ટેકનોલોજીના અભ્યાસક્રમો બાબત :

રાજયના નવયુવાનોને અદ્યતન ટૅકનોલૉજીથી તાલીમબદ્ધ કરવા માટે અને ઉદ્યોગ ગૃહોની માંગ અનુસાર આધુનિક ટૅકનોલૉજીના સુપિરિયર ટૅકનોલૉજીના નવા અભ્યાસક્રમો નિરંતર બદલાતી ટૅકનોલૉજીને ધ્યાને લઈ નવીન ટૅકનોલૉજીને અનુરૂપ માનવબળની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે જે માટે આ ખાતા દ્વારા ઓટોમોબાઈલ ક્ષેત્રે, સી.એન.સી. ટૅકનોલૉજી, સોલાર ટૅકનોલૉજી, કેમિકલ, એન્વાયરમેન્ટ વગેરે સેક્ટરોમાં કુલ 29 સંસ્થાઓ ખાતે નવીન સુપિરિયર ટૅકનોલૉજીના વિવિધ સેક્ટરોમાં કુલ 9840 ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે.

### (5) મોડ્યુલ એમ્પ્લોયેબલ સ્કીમ MES :

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય (DGET), નવી દિલ્હી દ્વારા કૌશલ્ય વિકાસ પહેલ શક્તિ યોજના (SDIS) આધારિત મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કિલ (MES) યોજના વર્ષ 2007-08 થી શરૂ કરેલ છે. રાજ્યમાં અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલ કામદારો, શાળાકીય શિક્ષણ અધવચ્ચે છોડી જનાર

કારખાનામાં કામ કરતા કામદારો કે જેઓ તે પૂરતું કૌશલ્ય ધરાવતા નથી તેવા ઉમેદવારો આ યોજના હેઠળ તાલીમ મેળવી એન.સી.વી.ટી. પ્રમાણપત્ર મેળવી શકે. આ માટે ગુજરાતમાં હાલમાં 768 વૉકેશનલ ટ્રેનિંગ પ્રોવાઈડર (VTP)ને માન્યતા આપવામાં આવેલ છે. હાલમાં આ યોજના માટે ગુજરાત ખાતે ડીજીઇટી, નવી દિલ્હી દ્વારા પ્રમાણિત કરેલ 61 સેક્ટર અને 578 વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવી છે.

**(6) સ્વનિર્ભર તાલીમ સંસ્થાઓ માટેની યોજના :**

રાજયમાં વ્યાવસાયિક તાલીમની સુવિધાઓનું વિસ્તૃતીકરણ કરવા સારુ સ્વરોકાણથી એન.સી.વી.ટી./ જી.સી.વી.ટી. અભ્યાસક્રમો સ્વનિર્ભર ધોરણે ચલાવવા જાહેર ટ્રસ્ટો/પબ્લિક લિ. કંપનીઓને વર્ષ 1999-2000થી માન્યતા આપવાનું શરૂ કરેલ છે. હાલમાં 384 સંસ્થાઓમાં સ્વનિર્ભર ધોરણે 26715 બેઠકો ઉપર તાલીમ સુવિધા મંજૂર થઈ છે.

**(7) મોટર ડ્રાઇવિંગ સ્કૂલ :**

રાજ્યની 44 સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સરકારી મોટર ડ્રાઈવિંગ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલી છે. તદુપરાંત 45 કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રોમાં પણ મોટર ડ્રાઈવિંગ સ્કૂલની કરવામાં આવી છે. આમ કુલ 89 મોટર ડ્રાઈવિંગ સ્કૂલોમાં યોગ્ય, સલામત અને પદ્ધતિસરનું મોટર ડ્રાઈવિંગ શીખવવામાં આવે છે.

સફળતાને સેલિબ્રેટ કરવા માટે આઇ.ટી.આઇ.(ITI) ના હુન્નર આપતા ઉપરોક્ત કોર્સિસને એમ્પ્લોયર્સ અને કૅરિયર એડવાઈઝર્સ પણ મહત્ત્વ આપે છે, આપ જાણો છો કે કોઈ જોબ રોલ માટે અરજી કરનારા કેન્ડિડેટ પાસે એક સરખી લાયકાત હોય, પરંતુ તેમની પ્રેક્ટિકલ તાલીમ તેઓને પરસ્પર અલગ બનાવે છે કેમકે અભ્યાસ દરમ્યાન ઔદ્યોગિક તાલીમ સાથે સમયસૂચકતા, ગુણવત્તા અને ઝડપી ઉત્પાદન પ્રક્રિયા કે કામગીરી કરવામાં રુચિ/રસ અને વિવિધતા ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો દ્વારા અપાતા તાલીમ પ્રમાણપત્ર/ કૌશલ્ય આજીવિકા માટે ઘણા ઉપયોગી છે.

42, રાધે ટેનામેન્ટ, રાધે ગેલેક્સી રેસીડેન્સીની સામે,
નીલ ટેનામેન્ટની પાસે, નરોડા, કઠવાડા,
અમદાવાદ - 382330
મો. 9898410646



# જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રે કારકિર્દી

જયાબહેન ડી. પટેલ

**ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી** (ISGJ)નાં વિવિધ મથકો સુરત, અમદાવાદ, ચેન્નઇ, તથા શ્રીલંકામાં આવેલાં છે.

- સુરત - ISGJ કૉલેજ, સાઈન્સ સેન્ટરની સામે, સિટીલાઈટ, સૂરત-395007 (ફોન - 9925050423)
- ચેન્નઈ - RNJ એન્કલેવ, નં.-11, મહાલિંગપુરમ મેઇન રોડ, નુનગનમ્બકમ, ચેન્નઈ, તામિલનાડુ-600034
- અમદાવાદ - 102 પહેલો માળ, થર્ડ આઈ થ્રી બિલ્ડિંગ, ગિરીશ કોલ્ડ્રિંક પાસે, શિલ્પ ક્રોસ રોડ, નવરંગપુરા, અમદાવાદ-380006 (ફોન-9925050435)

**અભ્યાસક્રમ**

- સ્નાતક અભ્યાસક્રમ - પ્રોગ્રામ ઈન જેમ્સ એન્ડ જ્વેલરી -03 વર્ષ
- અનુસ્નાતક અભ્યાસક્રમ - જેમ્સ એન્ડ જ્વેલરી -02 વર્ષ
- ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન જ્વેલરી ડિઝાઇન એન્ડ ટૅક્નોલૉજી -01 વર્ષ
- બી.બી.એ. ઈન જ્વેલરી ડિઝાઈન -03 વર્ષ

**સર્ટિફિકેટ પ્રોગ્રામ્સ**

- ડાયમંડ પ્રોફેશનલ (02 સપ્તાહ- 22 સપ્તાહ)
- પોલિશ્ડ ડાયમંડ ગ્રેજ્યુએટ (12 સપ્તાહ)
- રફ ડાયમંડ ગ્રેજ્યુએટ (12 સપ્તાહ)
- એક્રેડિટેડ ડાયમંડ ડિપ્લોમા (24 સપ્તાહ)
- સ્કૂલ ઓફ ડાયમંડ જ્વેલરી અને જેમોલોજીમાં ઉપરોક્ત વિવિધ અભ્યાસક્રમ કાર્યરત છે.

**ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી** (IIGJ)ના વિવિધ કેમ્પસ દિલ્હી, મુંબઇ, જયપુર, વારાણસી, ઉડીપી, રત્નાગિરીમાં નીચેના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. (iigj.org)





**સ્નાતક અભ્યાસક્રમ**

- બી.એ. ઈન જેમ્સ એન્ડ જ્વેલરી ડિઝાઈન 36 માસ - મુંબઈ
- બી. ડિઝાઈન ઈન જ્વેલરી ડિઝાઈન - 48 માસ - જયપુર

**પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમ :-**

- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જ્વેલરી મૅનેજમૅન્ટ - 12 માસ - મુંબઈ
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જ્વેલરી ડિઝાઈન એન્ડ CAD - 12 માસ - જયપુર
- એડવાન્સ્ડ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જ્વેલરી ડિઝાઈન એન્ડ CAD - 24 માસ - જયપુર

**ડિપ્લોમા અભ્યાસક્રમો :**

- ડિપ્લોમા ઈન જ્વેલરી ડિઝાઈન - 12 માસ
- ડિપ્લોમા ઈન જ્વેલરી મેન્યુફેક્ચરિંગ - 16 માસ
- ડિપ્લોમા ઈન જેમોલોજી - 06 માસ
- ડિપ્લોમા ઈન CAD - 06 માસ
- ડિપ્લોમા ઈન જ્વેલરી મેન્યુફેક્ચરિંગ એન્ડ પ્રોડક્શન - 12 માસ
- ડિપ્લોમા ઈન જેમ આઈડેન્ટીફિકેશન - 03 માસ

**સર્ટિફિકેટ અભ્યાસક્રમો :-**

- એડવાન્સ્ડ જ્વેલરી મેન્યુફેક્ચરિંગ - 04 માસ - મુંબઈ
- બેઝિક જ્વેલરી મેન્યુફેક્ચરિંગ - 05 માસ - મુંબઈ
- સ્ટાઈલ્સ ઓફ જ્વેલરી ડિઝાઈન (SID) - 15 - માસ - દિલ્હી
- જ્વેલરી મેન્યુફેક્ચરિંગ બેઝિક - (JMB) - 15 - દિવસ - દિલ્હી
- સર્ટિ ઈન જેમ્સ એન્ડ આઈડેન્ટિફિકેશન - 03 માસ - જયપુર
- એડવાન્સ્ડ સર્ટિ ઈન (CAD) - 05 માસ - જયપુર

**અન્ય સંસ્થાઓ :-**

- ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ, કતારગામ, GIDC, સુમુલ ડેરી રોડ, સુરત - 395008 www.diamondinstitute.net
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જ્વેલરી ડિઝાઈન, સી.જી. રોડ, અમદાવાદ - 380006. niid.org.in
- NIFT - National Institute of Fashion Technology (www.nift.ac.in)
- Symbiosis Institute of Design, Maharashtra (www.sig.edu.in)
- Pearl Campus, West Delhi
- Pearl Academy, Rajasthan (www.perlacademy.com)
- IMS Design and Innovation Academy, Noida (www.imsdia.com)

**સ્નાતક કક્ષાએ જેમ્સ અને જ્વેલરી પ્રવેશ મેળવવા માટે એન્ટ્રન્સ એક્ઝામ**

UCEED

AIEED

Pear Academy Entrance Exam

**ગુજરાત ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ**

ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝને તાલીમબદ્ધ કુશળ કારીગરો ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી નિયામકશ્રી, રોજગાર કૌશલ્ય અને તાલીમની કચેરી, ગાંધીનગર હસ્તક રાજયમાં હીરા ઉદ્યોગની અદ્યતન તાલીમ માટે હાલ સરકારી સંસ્થા ગુજરાત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, રખિયાલ, અમદાવાદ ખાતે સને-1988થી કાર્યરત છે, જે શિક્ષિત બેરોજગારો માટે 04 થી 06 માસના ટૂંકાગાળાની તાલીમ

આપતા અભ્યાસક્રમો ચલાવે છે, જે નીચે મુજબ છે.

**સર્ટિફિકેટ ઇન ડાયમંડ પ્રોસેસિંગ**

(રફ ડાયમંડ એસોર્ટમેન્ટ, રફ ડાયમંડ પ્લાનિંગ અને માર્કિંગ(સાઇન) કોમ્પ્યૂટર ઉપર પોલિશિંગ ડાયમંડ ગ્રેડિંગ, બ્રુટિંગ, પોલિશિંગ

- ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત, ધોરણ - 04 પાસ
- તાલીમનો સમયગાળો - 04 માસ, દૈનિક - 03 કલાક
- ઉંમર - 15 થી 40 વર્ષ

**સર્ટિફિકેટ ઇન જ્વેલરી ડિઝાઇનિંગ (મેન્યુઅલ અને જ્વેલકેડ સોફ્ટવેર)**

- ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત, ધોરણ - 08 પાસ
- ઉંમર - 15 થી 45 વર્ષ
- ગુજરાત ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ
- રખિયાલ પોલીસ સ્ટેશન સામે, રખિયાલ, અમદાવાદ

**National Institute of Jewellery Design**

- બેઝિક જ્વેલરી ડિઝાઇન
- એડવાન્સ જ્વેલરી
- રાઇનો કેડ (કમ્પ્યૂટર એઇડેડ ડિઝાઇન)
- ઇન્ટ્રોડક્શન ટુ જ્વેલરી ક્રાફ્ટ
- પર્લ સ્ટ્રીન્ગિંગ
- ડાયમંડ ગ્રેડિંગ
- જેમોલોજી
- નવગ્રહ જેમસ્ટોન

**Skill Development Centre For Gems and Jewellery**

ટ્રેનિંગ ક્ષેત્રો :-

ડાયમંડ પ્રોસેસિંગ

કાસ્ટ એન્ડ ડાયમંડ સેટ જ્વેલરી

જેમ સ્ટોન ગર્ડલ પોલિશર

હેન્ડમેડ ગોલ્ડ એન્ડ જેમ્સ સેટ જ્વેલરી

**જોબ પ્રોફાઇલ**

જેમ્સ એન્ડ જ્વેલરીના વિવિધ અભ્યાસક્રમો કરી જ્વેલરી ડિઝાઇનર, જ્વેલરી કન્સલ્ટન્ટ, બ્રાન્ડ મેનેજર, પ્રોડક્શન મેનેજર, રિટેઇલ સ્ટોર મેનેજર, ફેશન જ્વેલર મેન્યુફેક્ચરર, ફ્રી લાન્સર જ્વેલરી ડિઝાઇનર વગેરે ક્ષેત્રે કારકિર્દી બનાવી શકાય છે.

મદદનીશ, વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
રાયખડ, અમદાવાદ-380001
ફોન : 079-25384939



# સી-ડેકના અદ્યતન અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડતરની ઉજ્જવળ તકો...

જગદીશ પટેલ

AI, ડ્રોન ટેક્નોલૉજી અને સાયબર સિક્યૉરિટી ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે મહત્ત્વપૂર્ણ માહિતી:

### 1. Artificial Intelligence-AI) (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ):

**મુખ્ય કુશળતાઓ**

- પ્રોગ્રામિંગ (Python)
- મશીન લર્નિંગ (ML) અને Deep લર્નિંગ (DL)
- ડેટા સાયન્સ અને એનાલિટિક્સ
- નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (NLP)
- ક્લાઉડ કમ્પ્યૂટિંગ (AWS, GCP, Azure)
- AI ઈથિક્સ અને જવાબદાર AI

**કારકિર્દીના માર્ગો**

- AI એન્જિનિયર
- ડેટા સાયન્ટિસ્ટ
- મશીન લર્નિંગ એન્જિનિયર
- AI પ્રોડક્ટ મેનેજર
- સંશોધન વૈજ્ઞાનિક (Research Scientist)




### 2. Drone Technology (ડ્રોન ટેક્નોલોજી) :

**મુખ્ય કુશળતાઓ**

- UAV (Unmanned Aerial Vehicles) ઓપરેશન
- રોબોટિક્સ અને મેકાટ્રોનિક્સ
- એરોડાયનેમિક્સ અને ફ્લાઈટ કન્ટ્રોલ સિસ્ટિમ
- પ્રોગ્રામિંગ (Python, C++)
- LiDAR અને 3D મેપિંગ
- AI અને કમ્પ્યૂટર વિઝન

**કારકિર્દીના માર્ગો**

- ડ્રોન પાઈલટ
- ડ્રોન સોફ્ટવેર એન્જિનિયર
- GIS અને રિમોટ સેન્સિંગ નિષ્ણાત

### 3. Cyber Security (સાયબર સિક્યોરિટી):

**મુખ્ય કુશળતાઓ**

- એથિકલ હેકિંગ અને પેનેટ્રેશન ટેસ્ટિંગ
- નેટવર્ક સિક્યૉરિટી અને ફાયરવોલ્સ
- ક્રિપ્ટોગ્રાફી
- SIEM (Security Information & Event Management)
- ક્લાઉડ સિક્યૉરિટી
- ઈન્સિડન્ટ રિસ્પોન્સ અને ડિજિટલ ફોરેન્સિક્સ

**કારકિર્દીના માર્ગો**

- એથિકલ હેકર
- સાયબર સિક્યૉરિટી એનાલિસ્ટ
- સિક્યૉરિટી એન્જિનિયર
- ઈન્સિડન્ટ રિસ્પોન્સર
- ડિજિટલ ફોરેન્સિક નિષ્ણાત

નોંધ: સી-ડેક દ્વારા AI, ડ્રોન ટેક્નોલૉજી અને સાયબર સિક્યૉરિટીના સર્ટિફિકેટ, ઇન્ટિગ્રેટેડ અને એડવાન્સ લેવલના કોર્સ ચલાવવામાં આવે છે.

**4. CCC**

મિત્રો, સી-ડેક દ્વારા "CCC"ના કોર્સની તાલીમ આપવામાં આવે છે. ગુજરાત સરકારની ભરતી સમયે સી-ડેકનું "CCC"નું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવે છે, જેમાં 2 માસ સુધી થિયરી અને પ્રેક્ટિકલની ટ્રેનિંગ આપવામા આવે છે. તાલીમ પૂર્ણ થયા બાદ સી-ડેક દ્વારા ઓનલાઈન પરીક્ષા લેવામાં આવે છે. પાસ થયેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ/પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. સી-ડેકના સર્ટિફિકેટની રાષ્ટ્રીય સ્તરે વેલ્યૂ ઘણી સારી છે. જેથી આપને દેશ કે વિદેશમાં નોકરી મેળવવાની તક ઘણી વધી જાય છે. તેમજ સી-ડેકનાં સત્તાવાર તાલીમ કેન્દ્રો દ્વારા પણ ઘણી વખત પ્લેસમેન્ટ આપવામાં આવતું હોય છે.

**5. Tally Prime (With ADVANCE GST)કોર્સ**

જે લોકો એકાઉન્ટ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગે છે તેમના માટે Tally Primeનો કોર્સ ખૂબ જ ઉપયોગી છે, સીડેક દ્વારા આ કોર્સ બે માસના ટૂંકા ગાળામાં નજીવી ફીમાં કરાવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ પાસે સમયની અનુકૂળતા હોય તેમના માટે ડિપ્લોમા અને એડવાન્સ ડિપ્લોમા કોર્સ પણ ઉપલબ્ધ છે. આ કોર્સમાં પુસ્તકો સી-ડેક દ્વારા મફતમાં આપવામાં આવે છે. આ કોર્સ કર્યા બાદ એકાઉન્ટ ક્ષેત્રે દેશ અને વિદેશમાં નોકરીની ખૂબ જ ઉજ્જવળ તકો પ્રાપ્ત છે.

**6. ગ્રાફિક્સ અને એનિમેશન**

મિત્રો, જે વિદ્યાર્થીઓ ગ્રાફિક્સ અને એનિમેશન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગે છે તેમના માટે સીડેકના સર્ટિફિકેટ, ડિપ્લોમા અને એડવાન્સ ડિપ્લોમા ઘણા બધા કોર્સ ઉપલબ્ધ છે. આ બધા કોર્સમાં Corel Draw, Photoshop, Flash, Illustrator, Adobe Premier, Indesign, Image Editing, 3D Animation જેવા સોફ્ટવેરની તાલીમ આપવામાં આવે છે જેના દ્વારા ડેટા એન્ટ્રી વર્ક તેમજ Animation ક્ષેત્રે જ કારકિર્દી બનાવવાની તકો ઉપલબ્ધ થાય છે.

**7. Programmingના કોર્સ**

તદુપરાંત વેકેશનનો સદઉપયોગ કરી એન્જિનિયરિંગમાં એડમિશન લેવું હોય અને આ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે C, C++, Java, Python, Oracle, ASP.Net, PHP જેવા ટૂંકા ગાળાના કોર્સ પણ ઉપલબદ્ધ છે, તેમાં પણ live project પર શિખવાડવામાં આવે છે.

મિત્રો, ઘણા બધા વાચકો સોફ્ટવેર એન્જિનિયરિંગ ક્ષેત્રે કેરિયર બનાવવા માટેના કોર્સની પૂછપરછ કરતા હોય છે. Post-Graduate Diploma in Computer Application એટલે કે PGDCA એક વર્ષનો કોર્સ કરી શકાય છે. Basic સાથે Web Development, Application Programming Asp.Net સાથેનો C, C++, Java તથા તેના ઉપરથી EFD, DFD સાથેનો Project, Facultyની મદદ સાથે વિદ્યાર્થીએ Develop કરાવાના હોય છે.

સી-ડેક PACE પ્રોગ્રામ અંતર્ગત ચાલતાં માન્યતા પ્રાપ્ત સેન્ટરો ગુજરાતના ઘણા બધા જિલ્લા અને તાલુકામાં ચાલે છે, જેની માહિતી www.cdacgujarat.com પરથી મળી જશે. વધુ માહિતી મેળવવા માટે નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો.

સી-ડેક, ઓથોરાઇઝડ રિજનલ કો-ઓર્ડિનેટર,
402, સમાન કોમ્પલેક્સ, સત્યમ મોલની સામે,
કામેશ્વર સ્કૂલ નજીક, સેટેલાઇટ, અમદાવાદ - 380015
ફોન - 079 48006090

www.cdacgujarat.com, www.cdac.in,
Email:jr_patel@hotmail.com

402, સમાન કોમ્પલેક્ષ, સત્યમ મોલની સામે,
કામેશ્વર સ્કૂલ નજીક, સેટેલાઇટ, અમદાવાદ - 38001
મો. 9824025745

# બોર્ડના પરિણામો બાદ પ્રવેશ માટે મહત્ત્વની વેબસાઈટ્સ

(૧) એન્જિનિયરિંગ (ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા ટુ ડિગ્રી), આર્કિટેકચર હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ, ફાર્મસી (ડિગ્રી ટુ ડિપ્લોમા), મેનેજમેન્ટ (MBA)માં પ્રવેશ માટે વેબસાઈટ :
**http://www.jacpcldce.ac.in/**

(૨) ઉપર દર્શાવેલ કેટેગરી પૈકી કોઈમાં પણ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન માટે નીચે દર્શાવેલ વેબ સાઈટની મુલાકાત લો.
**http://gujacpc.nic.in/**

(૩) વિવિધ યુનિવર્સિટીની જાણકારી માટે યુનિવર્સિટી ગ્રાંટ કમિશનની વેબસાઈટ :
**http://www.ugc.ac.in/**

(૪) દેશભરમાં આવેલી એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે AICTE ની વેબસાઈટ :
**http://www.aicte-india.org/**

(૫) દેશભરમાં આવેલી ફાર્મસી ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની વેબસાઈટ
**http://www.pci.nic.in/**

(૬) દેશભરમાં આવેલી આર્કિટેકચર ઈન્સ્ટિટ્યૂટની વિગતો જાણવા માટે કાઉન્સિલ ઓફ આર્કિટેકચર ઑફ ઇન્ડિયાની વેબસાઈટ :
**http://www.coa.gov.in/**

(૭) ટેકનિકલ એજ્યુકેશન માટેની ફી રેગ્યુલેટરી ઓથોરિટીની માહિતી મેળવવા માટે :
**http://www.frctech.ac.in/**

(૮) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની વેબસાઈટ :
**http://gujarat-education.gov.in/education/**

(૯) કમિશનર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યની વેબસાઈટ :
**http://dte.gswan.gov.in/**

(૧૦) ગુજરાત ટૅક્નોલૉજીકલ યુનિવર્સિટીની વેબસાઈટ :
**www.gtu.ac.in**

(૧૧) મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, નર્સિંગ, આયુર્વેદિક, હોમિયોપેથી, ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ, ઓડિયોલોજી, નેચરોપથી વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે :
**http://www.medadmgujarat.org**

(૧૨) CEPT યુનિવર્સિટીની વેબસાઈટ :
**http://www.cept.ac.in/**

(૧૩) ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ સંબંધી માહિતી માટે વેબસાઈટ :
**http://www.acpdc.in/**

(૧૪) એલ.ડી. કોલેજ ઑફ એન્જિનિયરિંગની વેબસાઈટ :
**http://ldceahd.org/**

(૧૫) ગુજરાત સેકન્ડરી બોર્ડની વેબસાઈટ :
**http://www.gseb.org/**

(૧૬) સેન્ટ્રલ બોર્ડની વેબસાઈટ :
**http://cbse.nic.in/**

## કટ ઑફ લિસ્ટ જાણવા માટે :

- ડિગ્રી એન્જિનિયરિંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના કટ્સ ઑફ માર્ક્સ જોવા માટે વેબસાઈટ : **http://www.jacpcldce.ac.in/be.asp** અથવા નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી.
- વિવિધ ડિપ્લોમા એન્જિનિયરિંગના કટ ઑફ માર્ક્સ જોવા માટે નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી. **http://www.acpdc.in/First_Year/Closure.pdf**
- ધોરણ-૧૨ સાયન્સ પછી બી-ગ્રુપમાં ઉપલબ્ધ બધા મેડિકલ-પેરા મેડિકલ કોર્સનું કટ ઑફ લિસ્ટ જોવા માટે વેબ-સાઈટ : **http://www.medadmgujarat.org**

# ધોરણ-12 પછીના વિકલ્પો



# વિનયન વિદ્યાશાખાનાં કારકિર્દી ક્ષેત્રો

ગુર્જર ધર્મિષ્ઠા એમ.

શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) પોર્ટલ લોન્ચ કરાયું છે. જેના માટે gcas.gujgov.edu.in પર લોગઈન કરવું. આ પોર્ટલ સાથે ગુજરાતની મહત્ત્વપૂર્ણ 15 યુનિવર્સિટી અને 2700 કોલૅજ જોડાયેલી છે.

**વિનયન વિદ્યાશાખામાં મુખ્યત્વે બે ભાગ છે :**

**1 ભાષા, 2 સમાજવિજ્ઞાન વિવિધ વિષયો-શાસ્ત્રો**

પ્યોર આર્ટ્સ અને પર્ફોર્મિંગ આર્ટ્સ, મૅનેજમૅન્ટ અને વ્યવસ્થાપન, ક્રિએટિવ અને ચેલેન્જિંગ ક્ષેત્રો, ઍકૅડૅમિક-શૈક્ષણિક ક્ષેત્ર, સામાજિક અને સેવાકીય ક્ષેત્રો, ફાઈન આર્ટ્સ, ભાષા સાથે સ્નાતક - અનુસ્નાતક, એમ.એસ.ડબલ્યુ, એમ.એલ.ડબલ્યુ, એમ.એચ.આર.ડી., જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન / ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન, ઍકૅડમિક (બી.એડ્., બેચરલ ઑફ એલિમેન્ટરી એજ્યુકેશન) સાઈકોલોજી, ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ / હોટલ મૅનેજમૅન્ટ

**ધોરણ-12 પછીના અભ્યાસક્રમો (B.A.)**

BA એટલ કે, બેચરલ ઑફ આર્ટ્સમાં ફાઈન આર્ટ્સ, જિઓગ્રાફી, ફિલ્મ માર્કેટિંગ એન્ડ ટેલિવિઝન પ્રોડક્શન, ફેશન ટૅક્નોલૉજી, ફેશન માર્કેટિંગ એન્ડ પ્રમોશન, ફેશન ડિઝાઈન ટૅક્નોલૉજી, ફેશન બિઝનેસ મૅનેજમૅન્ટ યોગ, (ઓનર્સ) ફિલોસોફી, ડિજિટલ મીડિયા, સ્ટેટીસ્ટિક, હૉસ્પિટાલિટી મેનેજમૅન્ટ, (ઓનર્સ) ફાઈન આર્ટ્સ, (ઓનર્સ) ફેશન બ્રાન્ડ મેનેજમૅન્ટ, (ઓનર્સ) ફેશન ડિઝાઈન, હોસ્પિટાલિટી ટૂરિઝમ, હ્યુમન રાઈટ, ઈન્ટરનેશનલ રિલેશન, જર્નાલિઝમ સાયકોલોજી એન્ડ ઈંગ્લિશ, હોટલ મૅનેજમૅન્ટ, એનિમેશન કમ્પ્યૂટર ગ્રાફિક, મૅનેજમૅન્ટ માર્કેટિંગ ઑફ ઈન્સ્યોરન્સ, એજ્યુકેશન, (ઓનર્સ) ફ્રેન્ચ, જર્નાલિઝમ, જર્મન, હિન્દી, સંસ્કૃત વગેરે એવા વિષયોનો સમાવેશ થાય છે.

**ધોરણ-12 પછી બેચરલ ઑફ ફાઇન આર્ટ્સ (BFA) :**

BFA Applied Arts, BFA (Hons) painting, BFA Sculpture, BFA Digital Graphics Technology, BFA Photography, BFA Graphics, BFA Interior Design

**ધોરણ-12 (H.S.C.) પછીના ડિપ્લોમા અભ્યાસક્રમ**

**D.El.Ed.**

**આર્ટ્સ**

- ફાઈન આર્ટ્સ
- પેઈન્ટ એપ્લિકેશન
- લેંગ્વેજીસ
- ક્રિએટિવ રાઈટિંગ
- સિનેમેટોગ્રાફી
- વોકેશનલ રીહેબિલિટેશન એન્ડ કાઉન્સેલિંગ
- લાઈબ્રેરી અને ઈન્ફર્મેશન સાયન્સ
- પોટરી અને સિરામિક્સ
- એક્ટિંગ/થિયેટર/પર્ફોર્મિંગ આર્ટ્સ

**વિશેષ કારકિર્દી**

- ફેશન ટૅક્નોલૉજી એન્ડ ટેક્સટાઈલ ડિઝાઈન
- ડિરેક્શન (દિગ્દર્શન)
- એડિટિંગ (સંપાદન)
- પ્રોડક્શન
- એનિમેશન
- વિઝ્યુઅલ ઈફેક્ટ એન્ડ કમ્પોઝિંગ
- ટૂરિઝમ સ્ટડી
- રૂરલ ડેવલપમૅન્ટ
- જ્વેલરી ડિઝાઈન
- મેક-અપ આર્ટિસ્ટ

- રેડિયો જોકી
- ઑફિસ ઓટોમેશન
- કમ્પ્યૂટર એપ્લિકેશન
- હૉટલ મૅનેજમૅન્ટ
- બેકિંગ એન્ડ કન્ફેકશનરી
- વેબ એન્ડ મલ્ટિમીડિયા ટેક્નોલૉજી
- માસ કમ્યૂનિકેશન એન્ડ જર્નાલિઝમ (પત્રકારત્વ)
- ઈન્ટિરિયર ડિઝાઈન
- પબ્લિક રિલેશન
- એસેસરી એન્ડ જ્વેલરી ડિઝાઈન
- એપરલ માર્કેટિંગ
- ડબિંગ એન્ડ વોઈસઓવર
- ફોટોગ્રાફી
- યોગ ટીચર
- ડિસ્ક જોકી
- ટેટુ આર્ટિસ્ટ

**જનરલ નર્સિંગનો કોર્સ**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ધોરણ-12 પછીના નર્સિંગ, ફિઝિયોથેરાપી અને અન્ય અભ્યાસક્રમો માટે "The Gujarat Professional Nursing & Allied Medical Education Courses` ના નામે એડમિશન કમિટીની રચના કરેલ છે.

- General Nurhing and Midwifery (GNM) Diploma Course)
- Auxiliary Nurses and Midwives Course (ANM) (Diploma Course)

આ પ્રમાણેના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. તેમાં (GNM) (ANM) આ બે કોર્સ માટે જે ઉમેદવારે ધોરણ-1૨ સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેઓ ફક્ત GNM અને ANM કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે.

નોંધ:- વિજ્ઞાનપ્રવાહ પાસ કરેલ હોય તેવા ઉમેદવારો પણ આ કોર્સ કરી શકે છે.

**- કોર્સની વિગત અને સમયગાળો**

(1) GNM-3 (ત્રણ) વર્ષનો સમય

(૨) ANM (બે) વર્ષનો સમય

**- લાયકાત અને વયમર્યાદા**

- સામાન્ય પ્રવાહ અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ-1૨ પાસ હોવું જોઈએ.
- GNM માટે જનરલ કેટેગરી, EWS, Ph 40%, અને S.C.S.T., S.E.B.C., Ph. માટે 35 % ઓછામાં ઓછા હોવા જોઈએ.
- ANM માટે ધોરણ-12 પાસ હોવું જરૂરી છે.

**Hotel Management**

હોટેલ મૅનેજમૅન્ટ ક્ષેત્રે કારકિર્દી બનાવવાની ઉજ્જવળ તકો છે. જેના માટે,

- **B.Sc. :(Hotel Management) / (Tours &Travells Management)**

  સંપર્ક : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મૅનેજમૅન્ટ (IHM)માં પ્રવેશ મેળવવા માટે NCHMCT JEEની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. ધ તાજ ગ્રુપ ઑફ હોટેલ્સમાં પ્રવેશ મેળવવા માટે IHM - AEEની પરીક્ષા પાસ કરવી જરૂરી છે., ઓબેરોય ગ્રુપ ઑફ હોટેલ્સમાં પ્રવેશ મેળવવા માટે STEPની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. સીમ્બાયોસિસ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે SET - GENની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. વેબસાઈટ: www. nchmjee.nta.nic.in



| Degree | Duration | Eligibility |
|---|---|---|
| B.Sc. Hospitality and Hotel Administration | 3 Years | 10 + 2 Any Stream |
| B.A. (Hons) in Hotel Management | 4 Years | 10 + 2 Any Stream |
| B.A. (Hons) in Culinary Arts | 4 Years | 10 + 2 Any Stream |
| B.Tech (Hospitality Mgmt. & Catering Tech.) | 4 Years | 10 + 2 Any Stream |
| B.H.M (Bachelor of Hotel Management) | 3 Years | 10 + 2 Any Stream |
| Bachelor of Event Management | 3 Years | 10 + 2 Any Stream |

### Mass Communication

પત્રકારત્વ (Journalism) તથા માસ કોમ્યુનિકેશન ક્ષેત્રે કારકિર્દી માટેની વિશાળ તકો રહેલી છે. ગુજરાતની દરેક યુનિવર્સિટી પત્રકારત્વનો અભ્યાસક્રમ ચલાવે છે. દરેક યુનિવર્સિટીમાં પોતાની અલગ અલગ પ્રવેશ પરીક્ષા લેવાય છે. મૅનેજમૅન્ટ ક્વોટા અને ખાનગી યુનિવર્સિટીમાં ફીનું ધોરણ વધુ હોય છે.

| Degree | Duration | Eligibility |
|---|---|---|
| BBM (Bachelor of Mass Media) | 3 Years | 10 + 2 Any Stream |
| BMC (Bachelor in Mass Communication) | 3 Years | 10 + 2 Any Stream |
| BMS (Bachelor of Media Studies) | 3 Years | 10 + 2 Any Stream |
| BJMC (Bachelor of Journalism & Mass Communication) | 3 Years | 10 + 2 Any Stream |
| BA in Journalism | 3 Years | 10 + 2 Any Stream |
| BA in Communication & Media | 3 Years | 10 + 2 Any Stream |

### શિક્ષક ક્ષેત્રે કારકિર્દી

આટ્ર્સના વિવિધ વિષયોમાંથી કોઈ એક વિષયમાં સ્નાતક થયા બાદ બી.એડ. અને ત્યારબાદ એમ.એડ્. નો અભ્યાસક્રમ થાય છે. શિક્ષક તરીકે પોતાની કારકિર્દી બનાવવા માટે શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત (BA + B.Ed.) ઉપરાંત પ્રાથમિક શાળા માટે TET-1, TET-2, માધ્યમિક શાળા માટે TAT (માધ્યમિક) અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે (TAT) પરીક્ષાઓ, જે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવે છે તે પાસ કરી સરકારશ્રીના ધારાધોરણ મુજબ શિક્ષક તરીકેની કારકિર્દી બનાવી શકાય છે. જો IGNOU દ્વારા બી.એડ્. કરવું હોય તો પ્રવેશ પરીક્ષા આપવી પડે છે.

### કાયદાકીય ક્ષેત્રે કારકિર્દી :

શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દી માટે વિવિધ યુનિવર્સિટીમાં સ્નાતક પછી LLBની ડિગ્રી પ્રાપ્ત કરી શકાય છે તેમજ ગુજરાતમાં રાષ્ટ્ર કક્ષાની યુનિવર્સિટીનું મથક ગાંધીનગર ખાતે (GNLU) Gujarat National Law Universityમાં આપેલું છે. જેમાં BA / B.Com. / BBA / B.Sc. / BSW

LLB (Hons)ના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ કાર્યરત છે.

| Programme | Centre/College | Seats | Medium of Instruction | Subjects/Methods offered |
|---|---|---|---|---|
| B.Sc.B.Ed. | Centre of Education, IITE | 100 | English | Mathematics, Physics, Chemistry, Botany |
| B.A.B.Ed. | Centre of Education, IITE | 100 | English | English, Gujarati |
| B.Ed. | Affiliated Colleges | 2950 | Gujarati/English | Gujarati, Hindi, English(LL/HL), Sanskrit, Maths, Science, Social Science, Accountancy, BOM, Economics, Agronomy |
| B.Ed.M.Ed. | Centre of Education, IITE | 50 | English | Maths, Science |
| M.Ed. | Centre of Education, IITE | 50 | English | Education |
| M.Ed. | Shree Ramba District Institute of Education & Training, Porbandar | 50 | Gujarati | Education |
| M.Sc./M.A. M.Ed. | Centre of Education, IITE | 100 | English | Mathematics, Physics, Chemistry, Botany,English |
| Ph.D. | Centre of Education, IITE | 30 | English | Education |

જેમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ-12 સાથે CLAT પરીક્ષા જરૂરી છે. જે વર્ષમાં એક જ વાર ડિસેમ્બર માસમાં લેવાય છે. જેનું ફોર્મ જુલાઈ માસમાં ઓનલાઈન ભરવાનું હોય છે. જેની CLATની જનરલ કેટેગરીની ફી અંદાજિત રૂ. 2500, અને રિઝર્વ કેટેગરીની ફી રૂ. 1250 હોય છે. વધુ માહિતી માટે વેબસાઈટ www.gnlu.ac.in જોવી.

### શિક્ષણક્ષેત્રે કારકિર્દી

(IITE) Indian Institute of Teacher Education આ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે આવેલ છે. જેમાં

BA - B.Ed. - 4 વર્ષ Integrated

M.Ed. - 2 વર્ષ

B.Ed. - M.Ed. - 4 વર્ષ Integrated

M.A. - M.Ed. - 3 વર્ષ Innovative & Integrated તથા Ph.D.ના અભ્યાસક્રમ કાર્યરત છે. વેબસાઈટ : www.iite.ac.in

### પ્રવેશ પ્રક્રિયા

પાત્રતા ધરાવતા ઉમેદવારોને Indian Institute of Teacher Education (IITE) દ્વારા આયોજિત i3T પરીક્ષામાં હાજર રહેવાનું રહેશે. ત્યારબાદ i3T પરીક્ષાના ગુણના આધારે તૈયાર કરાયેલ મેરિટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

### સંસ્કૃત ભાષામાં કારકિર્દી

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાત રાજ્યમાં આવેલ જાહેર યુનિવર્સિટીમાં સ્નાતક, સ્નાતકોતર, ડૉકટરેટ, ડિપ્લોમા, વેદ, છંદ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાને લગતા સંસ્કૃત સંબંધિત વિવિધ અભ્યાસક્રમો કાર્યરત છે. વેબસાઈટ : www.sssu.ac.in

વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, રાયખડ, અમદાવાદ.
મો. 9978136369

# મેડિકલ / પેરામેડિકલ કોર્સિસમાં અભ્યાસ

ડૉ. જિગ્નેશ ચૌહાણ

ધોરણ-12ના પરિણામ આવ્યા પછી મેડિકલ / પેરામેડિકલ કોર્સિસમાં અભ્યાસ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા નીચે મુજબની જોગવાઈ કરેલી છે:

## મેડિકલ કોર્સિસ

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર-ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનલ કોર્સિસ (ACPUGMEC) ગુજરાત, ગાંધીનગર દ્વારા 12th (સાયન્સ) પછી અને NEET (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ) પરીક્ષાના પરિણામ પછી મેડિકલના તમામ કોર્સિસ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા વેબસાઈટ https://www.medadmgujarat.org પરથી કરવામાં આવશે:

(અ) MBBS / BDS કોર્સિસમાં પ્રવેશ માટે અને

(બ) BAMS / BHMS(આયુષ) કોર્સિસમાં પ્રવેશ માટે

વિદ્યાર્થીએ વેબસાઈટ https://www.medadmgujarat.org દ્વારા અલગ અલગ ઓનલાઈન રજિસ્ટ્રેશન અને ડોક્યુમેંટ્સ અપલોડ કરવાના રહેશે.

ત્યાર બાદ એડમિશન કમિટી દ્વારા માન્ય કરેલ 29 હેલ્પસેન્ટરમાંથી કોઈ પણ એક હેલ્પસેન્ટર પર રજિસ્ટ્રેશન કન્ફર્મ માટે પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે.

પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર મેરિટ લિસ્ટની જાહેરાત થશે. ત્યાર બાદ ઓનલાઈન ચોઈસ ફિલિંગ અને એડમિશન ફાળવણી કરવામાં આવશે.

પ્રવેશ ફાળવેલ વિદ્યાર્થી જો પ્રવેશ કન્ફર્મ કરવા માગતો હોય તો તેમણે ઓનલાઈન/ પ્રવેશ સમિતિ દ્વારા માન્ય કરેલ બૅન્ક બ્રાન્ચમાં ટ્યૂશન ફીની ચૂકવણી કર્યા બાદ હેલ્પ-સેન્ટર પર અસલ પ્રમાણપત્રો જમા કરાવવાનાં રહેશે.

વિદ્યાથીઓ દ્વારા કોઈ પ્રશ્નો અને મૂંઝવણ માટે પ્રવેશ સમિતિના ઈમેલ આઈડી medadmgujarat2018@gmail.com તથા મોબાઈલ નં. 9099074536, 9099058953 પર સંપર્ક કરી શકે છે.

MCC (મેડિકલ કાઉન્સેલિંગ કમિટી)

MBBS (બેચલર ઓફ મેડિસિન એન્ડ બેચલર ઓફ સર્જરી) ઉપલબ્ધ કૉલેજ અને બેઠકો:

| કોલેજ | કોલેજની સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 7 | 1408 |
| GMERS | 13 | 2100 |
| સેલ્ફ - ફાઈનાન્સ | 20 | 3450 |
| કુલ | 40 | 6958 |

## રિમાર્ક્સ

(1) સરકારી મેડિકલ કૉલેજોની અને GMERS કૉલેજ જેવી કે,

1 GMERS Medical College Porbandar,
2 GMERS Medical College Godhra,
3 GMERS Medical College Rajpipla,
4 GMERS Medical College Morbi,
5 GMERS Medical College Navsariની 15% બેઠકો MCC, નવી દિલ્લી, ભારત સરકાર દ્વારા ભરવામાં આવે છે.



(2) સ્વનિર્ભર મેડિકલ કૉલેજોમાં 25% મૅનેજમૅન્ટ ક્વોટા (15% એન. આર. આઇ. ક્વોટા સહિત) રાખવામાં આવે છે.

● **BDS (બેચલર ઓફ ડેન્ટલ સર્જરી) ઉપલબ્ધ કૉલેજ અને બેઠકો :**

| કૉલેજ | કૉલેજની સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 2 | 250 |
| સેલ્ફ - ફાઇનાન્સ | 11 | 1005 |
| કુલ | 13 | 1255 |

**રિમાર્ક્સ -**

(1) સરકારી ડેન્ટલ કૉલેજોની 15% બેઠકો MCC, નવી દિલ્લી, ભારત સરકાર દ્વારા ભરવામાં આવે છે.

(2) સ્વનિર્ભર ડેન્ટલ કૉલેજોમાં 25% મૅનેજમૅન્ટ ક્વોટા 15% એન.આર.આઇ. ક્વોટા રાખવામાં આવે છે.

**BAMS (બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી) ઉપલબ્ધ કૉલેજ અને બેઠકો:**

| કૉલેજ | કૉલેજની સંખ્યા | કુલ બેઠકો |
|---|---|---|
| સરકારી | 5 | 420 |
| સેલ્ફ - ફાઇનાન્સ | 39 | 3053 |
| કુલ | 44 | 3473 |

**રિમાર્ક્સ**

(1) સરકારી આયુર્વેદ કૉલેજની 15% બેઠકો AACCC, નવી દિલ્લી, ભારત સરકાર દ્વારા ભરવામાં આવે છે.



(2) સ્વનિર્ભર આયુર્વેદ કૉલેજોમાં 25% મૅનેજમૅન્ટ ક્વોટા 15% એન.આર.આઇ. ક્વોટા રાખવામાં આવે છે.

**BHMS (બેચલર ઓફ હોમિયોપેથીક મેડિસિન એન્ડ સર્જરી) ઉપલબ્ધ કૉલેજ અને બેઠકો:**

| કૉલેજ | કૉલેજની સંખ્યા | કુલ બેઠકો |
|---|---|---|
| સરકારી | 1 | 125 |
| ગ્રાન્ટ -ઇન -એઇડ | 3 | 375 |
| સેલ્ફ - ફાઇનાન્સ | 41 | 3860 |
| કુલ | 45 | 4360 |

**રિમાર્ક્સ -**

(1) સરકારી અને ગ્રાન્ટ- ઇન -એઇડ હોમિયોપેથી કૉલેજોની 15% બેઠકો AACCC, નવી દિલ્લી, ભારત સરકાર દ્વારા ભરવામાં આવે છે.

(2) સ્વનિર્ભર હોમિયોપેથી કૉલેજોમાં 25% મૅનેજમૅન્ટ ક્વોટા 15% એન આર આઇ ક્વોટા સહિત રાખવામાં આવે છે.

**નોટ:** આ સાથે શૈક્ષણિક વર્ષ 2024-25 Institutewise Last Rank સામેલ છે.

**2. પેરામેડિકલ કોર્સિસ:**

એડમિશન કમિટી ફોર ફિઝિયોથેરાપી, B.Sc. નર્સિંગ, પ્રોસ્થેટિક્સ એન્ડ ઓર્થોટિક્સ, ઓક્યુપેશનલ થેરાપી, ઑપ્ટોમેટ્રી, નેચરોપથી, ઑડિયોલોજી અને સ્પીચ થેરાપી, જી.એન.એમ. એન્ડ એ.એન.એમ. એડમિશન ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા 12th (સાયન્સ/ સામાન્ય) પરીક્ષાના પરિણામ પછી પેરામેડિકલ કોર્સિસમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ વેબસાઇટ https://www.medadmgujarat.org પર ઓનલાઇન રજિસ્ટ્રેશન અને ડોક્યુમેટ્સ અપલોડ કરવાના રહેશે.

ત્યારબાદ એડમિશન કમિટી દ્વારા માન્ય કરેલ 49 હેલ્પ-સેન્ટરમાંથી કોઈ પણ એક હેલ્પ-સેન્ટર પર રજિસ્ટ્રેશન કન્ફર્મ માટે પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે.

ત્યાર બાદ પ્રવેશ સમિતિની વેબસાઇટ ઉપર મેરિટ

લિસ્ટની જાહેરાત થશે. ત્યાર બાદ ઓનલાઈન ચોઈસ ફિલિંગ અને એડમિશન ફાળવણી કરવામાં આવશે.

પ્રવેશ ફાળવેલ વિદ્યાર્થી જો પ્રવેશ કન્ફર્મ કરવા માગતો હોય તો તેમણે ઓનલાઇન/ પ્રવેશ સમિતિ દ્વારા માન્ય કરેલ બેન્ક બ્રાન્ચમાં ટ્યૂશન ફીની ચુકવણી કર્યા બાદ હેલ્પ સેન્ટર પર અસલ પ્રમાણપત્રો જમા કરાવવાનાં રહેશે.

વિદ્યાથીઓ દ્વારા કોઈ પ્રશ્નો અને મૂંઝવણ માટે પ્રવેશ સમિતિના ઈમેલ pnamec.admcommittee1@gmail.com તથા મોબાઈલ નં. 9099058952, 9979710460 પર સંપર્ક કરી શકે છે.

**નીચે મુજબના પેરામેડિકલ કોર્સિસ માટે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે:**

1. ફિઝિયોથેરાપી (BPT)-12th (સાયન્સ)
2. નર્સિંગ (B.Sc. Nursing)-12th(સાયન્સ)
3. પ્રોસ્થેટિક્સ એન્ડ ઓર્થોટિક્સ (BOP)-12th(સાયન્સ)
4. ઓક્યુપેશનલથેરાપી (BOT)- 12th(સાયન્સ)
5. ઑપ્ટોમેટ્રી (BO)- 12th(સાયન્સ)
6. નેચરોપથી (BNYS) -12th(સાયન્સ)
7. ઑડિયોલોજી અને સ્પીચથેરાપી (BASLP)-12th(સાયન્સ)
8. જી.એન.એમ.(GNM- General Nursing and Midwifery)-12th(સાયન્સ/સામાન્ય)
9. એ.એન.એમ. (ANM-Auxiliary Nurse Midwifery)-12th(સાયન્સ/સામાન્ય)

ઉપલબ્ધ કૉલેજ અને બેઠકો:

**કોર્સ : ફિઝિયોથેરાપી**

**(BPT -બેચલર ઓફ ફિઝિયોથેરાપી)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 05 | 471 |
| સેલ્ફ - ફાઈનાન્સ | 66 | 4457 |
| કુલ | 71 | 4928 |

**કોર્સ: બી.એસ.સી. (B.Sc. નર્સિંગ)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 08 | 400 |
| સેલ્ફ - ફાઈનાન્સ | 237 | 11941 |
| કુલ | 245 | 12341 |

**કોર્સ: પ્રોસ્થેટિક્સ એન્ડ ઓર્થોટિક્સ (BOP)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 01 | 12 |
| કુલ | 01 | 12 |

**કોર્સ: ઓક્યુપેશનલ થેરાપી (BOT)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 01 | 12 |
| કુલ | 01 | 12 |

**કોર્સ: ઑપ્ટોમેટ્રી (BO)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સેલ્ફ - ફાઈનાન્સ | 09 | 348 |
| કુલ | 09 | 348 |

**કોર્સ: નેચરોપથી (BNYS)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સેલ્ફ - ફાઈનાન્સ | 01 | 30 |
| કુલ | 01 | 30 |

**કોર્સ: ઑડિયોલોજી અને સ્પીચ થેરાપી (BASLP)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 01 | 10 |
| સેલ્ફ - ફાઈનાન્સ | 02 | 40 |
| કુલ | 03 | 50 |

**કોર્સ: જી.એન.એમ.**

**(GNM- General Nursing and Midwifery)**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 24 | 915 |
| સેલ્ફ - ફાઈનાન્સ | 309 | 15421 |
| કુલ | 333 | 16336 |

**કોર્સ: એ. એન. એમ.**

| કૉલેજ | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી | 30 | 650 |
| સેલ્ફ - ફાઈનાન્સ | 203 | 7842 |
| કુલ | 233 | 8492 |

રિમાર્કસ - (1) ઉપરોક્ત પેરામેડિકલ કોર્સિસમાં સ્વનિર્ભર કૉલેજોમાં 25% મૅનેજમૅન્ટ ક્વોટા 15% એન. આર. આઇ. ક્વોટા સહિતની બેઠકો રાખવામાં આવે છે.



**B - GROUP**

| | | |
|---|---|---|
| MEDICAL/ PARA-MEDICAL<br>M. B. B. S.,<br>B. A. M. S.<br>B. H. M. S.<br>D. N. Y. S.<br>B.D.S<br>Physiotherapy<br>Optometry<br>Speech Therapy<br>Occupational Therapy<br>Food & Nutrition | AGRICULTURE<br>B.V.Sc.& A.H.<br>B.Tech.(Agri)<br>B.Sc.(Agri)<br>B.Sc.(Fisheries)<br>B.Sc.(Horticulture)<br>B.Sc.(Foresty)<br>B.Sc.(Home Science) | B.Sc Nursing Bachelor of Biotechnology<br><br>DAIRY SCIENCE & TECHNOLOGY<br>B. Sc. / M. Sc. |

| | | | |
|---|---|---|---|
| INTEGRATED<br>M.Sc IT<br>BCA, MCA B.Sc B.Ed<br>B.Sc. L.L.B<br>M.Sc. Integrated<br>Actural Science Artificial Intelligence<br>Data science<br>Machine Learning | B.S.W, B.R.S.<br>Fire Tech.<br>Hotel Management<br>N.I.F.T,N.I.D<br>D.El.Ed.,C.P.Ed<br>G.N.M(General Nursing Midwifery) ,Liberal Studies, ANM(Auxilliary MidwiferyBechelor of Technology (B. Tech), Mass Communication | Army, Marine Airforce (Entrance Exam)<br><br>Diploma Engineering<br>I.T.I | IGNOU, BAOU, NIOS DISTANCE LEARNING<br><br>PHARMACY<br>B. Pharm.<br>M. Pharm.<br>D. Pharm.<br>Ayurvedic Pharmacy |

ધોરણ- 12 વિજ્ઞાન પ્રવાહમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથ્સ તથા અંગ્રેજી અને અન્ય ભાષા જેવા વિષયો સાથે અભ્યાસ કરવાનો હોય છે. વિજ્ઞાન પ્રવાહની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા સાથે બી- ગ્રુપ માટે NEET - UG / GUJCET તથા એ- ગ્રુપ માટે JEE (MAINS) / GUJCET / NATA(આર્કિટેક્ટ) પરીક્ષા પણ આપવાની રહે છે. આ પરીક્ષાના પરિણામના મેરિટના આધારે પ્રવેશ મોટા ભાગના કોર્સમાં કેન્દ્રીયકૃત પદ્ધતિથી આપવામાં આવે છે. આ ઉપરાંત ધોરણ- 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ

પોતે જે તે વિષયો સાથે અભ્યાસ કરતા હોય તે વિષયોને લાગુ પડતી અખિલ ભારતીય ધોરણે લેવાતી પ્રવેશ કસોટીઓ આપી હોય તેમાં પણ મેરિટમાં આવવા પ્રયત્ન કરી પ્રવેશ મેળવવા પ્રયત્નશીલ બનવું અત્યંત જરૂરી છે. આ પ્રવેશ કસોટીઓ જેવી કે NEET - UG, JEE (MAINS), JEE (ADVANCE), NATA, પ્રિ-વેટરનરી (AIPVT) વગેરેનો સમાવેશ થાય છે.

ધોરણ- 12 વિજ્ઞાન પ્રવાહ પછીના અભ્યાસક્રમોને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એ, ગ્રુપ-બી તથા ગ્રુપ-એબી સાથે અભ્યાસ કર્યા બાદ નીચે મુજબના અભ્યાસક્રમો પ્રાપ્ય છે.

(1) મેડિકલ & એલાઇડના અભ્યાસક્રમો
(2) ડિગ્રી એન્જિનિયરિંગના અભ્યાસક્રમો
(3) આર્કિટેક્ચર
(4) ફાર્મસી અભ્યાસક્રમો
(5) કૃષિક્ષેત્રના અભ્યાસક્રમો
(6) ડિપ્લોમા અભ્યાસક્રમો
(7) શિક્ષણ ક્ષેત્રે
(8) સ્નાતક અભ્યાસક્રમો
(9) અન્ય

## (1) મેડિકલ & એલાઇડના અભ્યાસક્રમો

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ધોરણ-12 (10 + 2) PCB- B-ગ્રુપ વિજ્ઞાન પ્રવાહ પછી મેડિકલ અને પેરામેડિકલ અભ્યાસક્રમો માટે ACPUGMEC - Admission Committee For Professional Undergraduate Medical Education Courses નામની એડમિશન કમિટીની રચના કરવામાં આવી છે. ACPUGMECની જાહેરાત મુજબ પિન નંબર સાથે માહિતી પુસ્તિકા મેળવી તેનો અભ્યાસ કરી ઓન-લાઇન રજિસ્ટ્રેશન www.medadmgujarat.org વેબસાઇટ ઉપર કરવાનું હોય છે.

**લાયકાત :**

- વિદ્યાર્થી ગુજરાત રાજ્યનો રહેવાસી હોવો જોઈએ.
- વિદ્યાર્થીની ઉંમર શૈક્ષણિક વર્ષની 31મી ડિસેમ્બરે 17 વર્ષથી ઓછી ન હોવી જોઈએ.
- ધોરણ - 12 (10 + 2) વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ- બી, ગ્રુપ- એબી વિજ્ઞાન પ્રવાહમાં PCB- Physics, Chemistry અને Biology વિષયોના ગ્રુપ) હોય તે ઉમેદવાર MBBS, BDS, BHMS, BAMS અને BNYSના પ્રવેશ માટે ફોર્મ ભરી શકે છે.
- NEET - UGમાં ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓના AIR - All India Rankને આધારે મેરિટ લિસ્ટ બનાવવામાં આવે છે.

આયુર્વેદમાં પ્રવેશ માટે ધો.12 સંસ્કૃત વિષય સાથે પાસ હોવા જોઈએ.

**પ્રવેશ પ્રક્રિયા-**

પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન www.medadmgujarat.ncode.in / www.medadmgujarat.org સત્તાવાર વેબસાઇટ પરથી કરવાની હોય છે.

**પ્રવેશ સમિતિનું સરનામું :-**

ACPUGMEC ગ્રાઉન્ડ ફ્લોર, GMERS મેડિકલ કૉલેજ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ પાસે, સેક્ટર- 12, ગાંધીનગર



## મેડિકલ/પેરા મેડિકલ અભ્યાસક્રમોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | કોર્સનું નામ | પૂરું નામ | મુદત વર્ષ |
|---|---|---|---|
| 1 | MBBS | બેચલર ઓફ મેડિસિન એન્ડ સર્જરી | 4.5 + 1 |
| 2 | BDS | બેચલર ઓફ ડેન્ટલ સર્જરી | 4 + 1 |
| 3 | BAMS | બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી | 4.5 + 1 |
| 4 | BHMS | બેચલર ઓફ હોમિયોપેથિક મેડિસિન એન્ડ સર્જરી | 4.5 + 1 |
| 5 | BPT | બેચલર ઓફ ફિઝિયોથેરાપી | 4.5 + 1 |
| 6 | Nursing | નર્સિંગ | |
| | 1. B.sc. Nursing | બેચલર ઓફ સાયન્સ નર્સિંગ | 4 |
| | 2. GNM | જનરલ નર્સિંગ મીડવાઇફરી | 3 |
| | 3. ANM | ઓક્ઝિલરી નર્સિંગ મીડવાઇફરી | 2 |
| 7 | B.V.Sc& A.H | બેચલર ઓફ વેટરીનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી | 4.5 + 1 |
| 8 | B.Sc Agri. | બેચલર ઓફ સાયન્સ એગ્રિકલ્ચર | 4 |
| 9 | Pharmacy | ફાર્મસી | |
| | 1.B.Pharma | બેચલર ઇન ફાર્મસી | 4 |
| | 2.D.Pharma | ડિપ્લોમા ઇન ફાર્મસી | 2 |
| 10 | B.A.P | બેચલર ઓફ આયુર્વેદિક ફાર્મસી | 4 |
| 11 | B.N.Y.S | બેચલર ઓફ નેચરોપેથી એન્ડ યોગિક સાયન્સ | 4.5 + 1 |
| 12 | B.Sc | બેચલર ઓફ સાયન્સ | 3 |
| 13 | B.A.S.L.P | બેચલર ઓફ ઓડીઓલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી | 4 + 1 |
| 14 | B.M.L.T | બેચલર ઓફ મેડિકલ લેબ ટેક્નોલોજી | 3 |
| 15 | B.Optom | બેચલર ઓફ ઓપ્ટોમેટ્રી | 3 + 1 |
| 16 | B.R.I.T | બેચલર ઓફ રેડીઓડાયોગ્નોસીસ એન્ડ ઇમેજિંગ ટેક્નોલોજી | 3 |
| 17 | B.O.T | બેચલર ઓફ ઓક્યુપેશનલ થેરાપી | 4 + 0.5 |
| 18 | B.P.& O | બેચલર ઓફ પ્રોસ્થેટિક્સ એન્ડ ઓર્થોટિક્સ | 4 + 0.5 |
| 19 | D.M.L.T | ડિપ્લોમા ઇન મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી | 2 + 0.5 |
| 20 | B.M.R | બેચલર ઓફ મેન્ટલ રીહેબિલિટેશન | 4 + 0.5 |
| 21 | B.S.L.H | બેચલર ઓફ સ્પીચ, લેંગ્વેજ એન્ડ હીઅરિંગ | 4 |

પ્રોફેસર એન્ડ હેડ PSM ડિપાર્ટમેન્ટ,
GMERS મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ,
પથિકાશ્રમ પાસે, સેક્ટર- 12, ગાંધીનગર
મો. 8238036140

# વિદ્યાર્થીઓ માટેની કેટલીક શાળા-કૉલેજ કક્ષાની કોમ્પિટિટિવ પરીક્ષાઓ

તૃપ્તિ ઉપાધ્યાય

સ્વાભાવિક રીતે જ વિદ્યાર્થીઓ પોતાનો શૈક્ષણિક અભ્યાસ પૂર્ણ કરીને રોજગારી મેળવવા માટે ઉમેદવાર બનીને કૉમ્પિટિટિવ પરીક્ષાઓ આપતા હોય છે. જો કે અહીં આ પ્રકારની કોમ્પિટિટિવ પરીક્ષાઓની ચર્ચા કરી નથી, પરંતુ શાળા-કૉલેજ કક્ષાએ જ વિદ્યાર્થીઓ માટે તેમના રસના વિષયોની રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય લેવલે ઘણી કૉમ્પિટિટિવ પરીક્ષાઓ ઉપલબ્ધ છે. અહીં શાળા-કૉલેજ કક્ષાએ લેવાતી એવી કૉમ્પિટિટિવ પરીક્ષાઓની ચર્ચા કરી છે કે જેના દ્વારા વિદ્યાર્થીઓ પોતાની ભવિષ્યની કારકિર્દી અંગેની ક્ષમતા જાણી શકે અને આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મેળવેલા માર્ક્સને આધારે સ્કૉલરશિપ કે ટ્રોફી / પ્રાઈઝ / સર્ટિફિકેટ મેળવી શકે તો થઈ જાઓ તૈયાર...

### 1. કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના (KVPY):

વર્ષ 1999થી ભારત સરકારના સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી ડિપાર્ટમેન્ટ દ્વારા KVPYનું આયોજન કરાય છે. KVPYનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓના સંશોધન એપ્ટિટ્યૂટને પ્રોત્સાહન આપવાનો છે. KVPYની પરીક્ષા ભારતની સર્વોચ્ચ ગણાતી યુનિવર્સિટીઓ પૈકીની એક એવી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc) બેંગલુરુ દ્વારા અંદાજિત જૂલાઈ મહિનાના ત્રીજા સપ્તાહમાં લેવામાં આવે છે. IISc એ વિશ્વની ટોપ-100 યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવેલ યુનિવર્સિટી છે.

IISc દ્વારા લેવાયેલ KVPYની લેખિત પરીક્ષા બાદ IISc ઉપરાંત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (IIT) મુંબઈ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્જિનિયરિંગ ઍન્ડ રિસર્ચ-કોલકતા દ્વારા ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવે છે. પસંદ થયેલા ઉમેદવારોને ભારત સરકારના સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી ડિપાર્ટમેન્ટ દ્વારા, ધોરણ 11-12 વિજ્ઞાનપ્રવાહ), ડિગ્રી બેઝિક સાયન્સ, ડિગ્રી એન્જિનિયરિંગ, બી.આર્ક., મેડિકલ (MBBS), ઇન્ટિગ્રેટેડ M.Sc. તથા રિસર્ચ માટે માસિક રૂ. 4,000 થી રૂ. 7,000ની સ્કૉલરશિપ ઉપરાંત કન્ટિજન્સી ખર્ચ રૂ. 16,000થી રૂ. 28,000 આપવામાં આવે છે.

પરીક્ષા માટે જરૂરી લાયકાત : KVPYની પરીક્ષાના 3 લેવલ Exam SA, Exam SX અને Exam SB છે.

**Exam SA માટે : ધોરણ- 11 વિજ્ઞાનપ્રવાહ**

(ધોરણ- 10 SSCમાં મેથ્સ, સાયન્સ વિષયોમાં 75% ગુણ હોવા જરૂરી)

**Exam SX માટે : ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહ**

(ધોરણ-10 SSCમાં મેથ્સ, સાયન્સ વિષયોમાં 75% ગુણ હોવા જરૂરી)

**Exam SB માટે : B.Sc. (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલૉજી), B.S., B.Stat, B.Maths, Integrated, M.Sc./M.S.ના પ્રથમ વર્ષમાં ભણતા વિદ્યાથીઓ**

**સંપર્ક :** ધી કન્વીનર, KVPY, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc), બેંગલુરુ, કર્ણાટક-560012

**વેબસાઈટ :** www.kvpy.iisc.ernet.in તેમજ www.kvpy.org.in

ફોન : 080-22932975

### 2. NASAની સ્પેસ સેટલમેન્ટ કોન્ટેસ્ટ :

અમેરિકન અવકાશી સંસ્થા NASA દ્વારા સ્પેસ સેટલમેન્ટ કોન્ટેસ્ટનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. આ એક પ્રોજેક્ટ સ્પર્ધા છે, જેમાં પૃથ્વી સિવાયના કોઈ પણ એક ગ્રહની આસપાસ ભ્રમણકક્ષા પર માનવજીવનની

શક્યતા, સ્પેસ શટલની ડિઝાઈન પર આધારિત પ્રોજેક્ટ તૈયાર કરવાનો હોય છે.

**પરીક્ષા માટેની જરૂરી લાયકાત :** ધોરણ-7 થી12માં અભ્યાસ કરતાં વિદ્યાથીઓ

આ પ્રોજેક્ટ સ્પર્ધામાં વૈશ્વિક કક્ષાની હોવાથી તેમાં ભાગ લેતા સ્પર્ધકોની સંખ્યા મોટી હોવાથી ઘણા બધા પ્રકારનાં ઈનામો મોટી સંખ્યામાં આપવામાં આવે છે, જેમાં ઈન્ટરનેશનલ સ્પેસ ડેવલપમૅન્ટ કોન્ફરન્સ (ISDL) માં પ્રોજેક્ટ રજૂ કરવાની તક, $ 5,000નો હર્બન રૂબીન ઍવૉર્ડ, વેબ પેઈજ પર સ્થાન, સર્ટિફિકેટ વગેરેનો સમાવેશ થાય છે. અંતિમ તારીખ - 15 ફેબ્રુઆરી આસપાસ.

**વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક :** નેશનલ સ્પેસ સોસાયટી (NSS)ની Space Settlement Contestની વેબસાઈટ www.nss.org, વધુ જાણકારી માટે Email - matthew.levine@nss.org કરી શકાય.

### 3. નેશનલ ટેલેન્ટ સર્ચ એક્ઝામિનેશન (NTSE)

NTSEના બે તબક્કા SAT (Scholastic Aptitude Test) અને MAT (Mental Ability Test) છે. આ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ (દરેક રાજ્યના અલગ-અલગ શિક્ષણ બોર્ડ) તેમજ NCERT / [CBSE બોર્ડ] દ્વારા લેવાય છે. આ પરીક્ષા રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી તરીકે ઓળખાય છે. આ પરીક્ષામાં સફળ થયેલા ધોરણ-10 (SSC)ના વિદ્યાર્થીઓને ધોરણ-11 અને 12માં માસિક રૂ. 1,250ની અને અંડર ગ્રેજ્યુએશન કક્ષાએ માસિક રૂ. 2,000ની સ્કોલરશીપ પ્રાપ્ત થાય છે. ઉપરાંત આવા વિદ્યાર્થીઓને Ph.D.ના અભ્યાસ માટે UGCના નિયમો અનુસાર સ્કૉલરશીપ મળે છે. 1963થી NTSEની પરીક્ષાનું આયોજન કરાય છે.

અરજી કરવાનો સમય દરેક રાજ્ય માટે જુદો જુદો હોય છે. પ્રથમ તબક્કો બીજી નવેમ્બર રાજ્ય સ્તર માટે જ્યારે બીજો તબક્કો બીજી જૂનની આસપાસ રાષ્ટ્રીય સ્તરે લેવામાં આવે છે

પરીક્ષા માટે જરૂરી લાયકાત : કોઈ પણ એજ્યુકેશન બોર્ડમાં કોઈ પણ માધ્યમમાં ભણતા ધોરણ-10 (SSC) ના વિદ્યાર્થીઓ.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.sebexam.com

ફોન: 7932361211.

### 4. નેશનલ લેવલ સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામિનેશન (NSTSE)

આ રાષ્ટ્રીય કક્ષાની પ્રતિભા શોધ સ્પર્ધા વિજ્ઞાન વિષય ઉપર ભાર મૂકે છે. વિવિધ ધોરણવાર લેવાતી આ પરીક્ષામાં તમામ ધોરણોમાં સૌથી વધુ ટકાવારી લાવનારને રૂ. 2,00,000નું રોકડ ઈનામ આપવામાં આવે છે. (દરેક ધોરણના પ્રથમ ટોપ રેન્કરને રૂ. 1,00,000નું રોકડ ઈનામ આપવામાં આવે છે.) ત્યાર બાદ લેપટોપ, મમેન્ટો, મેડલ બ્રિટાનિકા કન્સાઈસ એન્સાઈક્લોપીડિયા, C.D., ટેલેન્ટ એન્ડ સોલ્મિપીયાડ એક્ઝામ રિસોર્સ બુક, 50% ડિસ્કાઉન્ટ કૂપન, યુનિફાઈડ નોલેજ બોક્સ કિટ ખરીદવા માટે 50% ડિસ્કાઉન્ટ કૂપન IIT/AIEEE મટીરિયલ્સ ખરીદવા માટે દરેક સ્ટેટના પ્રથમ-3 ટોપ રેન્કર (દરેક રાજ્યમાંથી ઓછામાં ઓછા 10,000 વિદ્યાર્થીઓ)ને સ્પેશિયલ એન્કરેજમેન્ટ ઍવૉર્ડ વગેરે આપવામાં આવે છે.

આ સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીને પાર્ટિસિપેશન સર્ટિફિકેટ મળે છે.

**પરીક્ષા માટે જરૂરી લાયકાત :** કોઈ પણ શિક્ષણ બાર્ડના કોઈ પણ માધ્યમમાં ભણતા ધોરણ 1 થી10 અને ધોરણ 11-12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ. પરીક્ષાની તારીખ મોક પરીક્ષા - 26મી જાન્યુઆરી જ્યારે અંતિમ પરીક્ષા ફેબ્રુઆરીની આસપાસ લેવામાં આવે છે.

**વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક :** www.unifiedcouncil.com

### 5. ડૉ. હોમી ભાભા બાલ વૈજ્ઞાનિક સ્પર્ધા (HBBVS)

ધી મુંબઈ સાયન્સ ટીચર્સ એસોસિયેશન 1981થી ઉપરોક્ત સ્પર્ધાનું આયોજન કરે છે. ત્રણ તબક્કામાં

લેવાતી આ સ્પર્ધામાં પ્રથમ તબક્કામાં 35 માર્ક્સથી વધુ લાવનારા તમામ વિદ્યાર્થીઓને પાસિંગ સર્ટિફિકેટ મળે છે, અને પ્રથમ તબક્કાના ટોપ પર રહેલા 7.5% વિદ્યાર્થીઓ બીજા તબક્કામાં પહોંચે છે. અહીં પ્રથમ તબક્કામાં મેળવેલ માર્ક્સના 30% માર્કસ અને બીજા તબક્કાના માર્ક્સને આધારે ટોપ પર રહેલા 10% વિદ્યાર્થીઓને ત્રીજા તબક્કામાં પ્રવેશ મળે છે. જોકે બીજા તબક્કામાં પહોંચેલા તમામ વિદ્યાર્થીઓને મેરિટ સર્ટિફિકેટ મળે છે. અહીં પ્રથમ બંને તબક્કામાં મેળવેલા માર્ક્સના 30% અને ત્રીજા તબક્કાના માર્કસને આધારે ટોપ પર રહેલા 10% વિદ્યાર્થીઓને ગોલ્ડ મૅડલ, રોકડ ઈનામો અને સર્ટિફિકેટ તેમજ તબક્કાના બાકીના તમામ વિદ્યાર્થીઓને સિલ્વર મૅડલ, રોકડ ઈનામો અને સર્ટિફિકેટ આપવામાં આવે છે.

ઓનલાઈન અરજીની તા. 1લી થી 31 જુલાઈ, સ્કૂલ માટે જ્યારે વિદ્યાર્થીઓ માટે તા. 1લી થી 31 ઑગસ્ટની આસપાસ રહે છે.

**પરીક્ષા માટે જરૂરી લાયકાત :** કોઈ પણ શિક્ષણ બોર્ડના અંગ્રેજી, હિન્દી અને મરાઠી માધ્યમમાં ભણતા ધોરણ-6 અને 9ના વિદ્યાર્થીઓ.

**વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક :** www.msta.in/www.homibhabhacompetition.com

### 6. ઇન્ટરનેશનલ જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ (IJSO)

ઇન્ટરનેશનલ જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ (IJSO)ની પ્રક્રિયાના મુખ્ય 5 તબક્કાઓ નીચે મુજબ છે :

**તબક્કો-1 :** નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન ઇન જુનિયર સાયન્સ (NSEJS)

**તબક્કો-2 :** ઇન્ડિયન નેશનલ જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ (INJSO)

**તબક્કો-3 :** ઓરિએન્ટેશન કમ સિલેક્શન કૅમ્પ (OCSC)

**તબક્કો-4 :** પ્રિ-ડિપાર્ચર ટ્રેનિંગ કેમ્પ (PDT)

**તબક્કો-5 :** ઇન્ટરનેશનલ જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ (IJSO)

**લાયકાત :** 31મી ડિસેમ્બરના રોજ વિદ્યાર્થીની ઉંમર 16 વર્ષથી ઓછી હોવી જોઈએ.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : http://Olympiads.hbcse.tifr.res.in

### 7. નેશનલ સાયન્સ ઓલિમ્પિયાડ (NSO)

નેશનલ સાયન્સ ઓલિમ્પિયાડ (NSO)નો પ્રથમ રાઉન્ડ જે તે શાળામાં જ અને શાળાના સમય દરમિયાન જ યોજાય છે. તેમાંથી પસંદ થયેલા વિદ્યાર્થીઓ ક્રમશઃ શહેર કક્ષાએ, રાજ્ય કક્ષાએ તેમજ રાષ્ટ્ર કક્ષાએ પહોંચે છે.

ગતવર્ષની પરીક્ષાની તારીખ ઃ પ્રથમ તબક્કો 18 ઓક્ટોબરના રોજ બીજો તબક્કો 12 નવેમ્બર, જ્યારે ત્રીજો તબક્કો 3 ડિસેમ્બરની આસપાસ રહેવા પામે છે.

પરીક્ષા માટે જરૂરી લાયકાત : શાળા કક્ષાના પ્રથમ લેવલ માટે ધોરણ-1થી 12માં કોઈ પણ શિક્ષણ બોર્ડમાં ભણતા કોઈ પણ માધ્યમના વિદ્યાર્થીઓ.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક: www.softworld.org

### 8. નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન (NSE)

નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન (NSE)નું આયોજન ઇન્ડિયન એસોશિયેશન ઓફ ફિઝિક્સ ટીચર્સ દ્વારા લેવામાં આવે છે. આ પરીક્ષા ધોરણ-11 અને12 (વિજ્ઞાન પ્રવાહ) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે લેવામાં આવે છે. આ પરીક્ષા એ વિવિધ વિષયોમાંથી ઇન્ટરનેશનલ સાયન્સ ઓલિમ્પિયાડમાં પહોંચવાનું પ્રથમ સ્ટેજ છે.

નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન(NSE)માં નીચે મુજબના વિષયોની પરીક્ષા લેવામાં આવે છે.

NSEP નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન ફોર ફિઝિક્સ

NSEC નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન ફોર કેમેસ્ટ્રી

NSEB નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન ફોર બાયોલોજી

NSEA નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન ફોર એસ્ટ્રોનોમી

NSEP, NSEC અને NSEB ની પરીક્ષાઓમાંથી

દરેક વિષયના પ્રથમ 300 ક્રમાંકિત વિદ્યાર્થીઓ બીજા તબક્કામાં એટલે કે INO (ઈન્ડિયન નેશનલ ઓલિમ્પિયાડ) માં પહોંચે છે. જ્યારે NSEAની પરીક્ષાના પ્રથમ 500 ક્રમાંકિત વિદ્યાર્થીઓને INOમાં પ્રવેશ મળે છે.

પરીક્ષા માટેની અરજીની તારીખ : 21 ઑગસ્ટથી 18 સપ્ટેમ્બર જ્યારે પરીક્ષાની તારીખ : 23-24 નવેમ્બરની આસપાસ રહેવા પામે છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.iapt.org.in

### 9. ઇન્ડિયન નેશનલ ઓલિમ્પિયાડ (INO)

નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન (NSE)ની વિવિધ પરીક્ષાઓ NSEP, NSEC અને NSEB એમ દરેક માંથી પ્રથમ 300 ક્રમાંકિત અને NSEAમાંથી પ્રથમ 500 ક્રમાંકિત વિદ્યાર્થીઓ ઇન્ડિયન નેશનલ ઓલિમ્પિયાડ (INO)ની પરીક્ષા માટે લાયક બને છે. ઇન્ડિયન નેશનલ ઓલિમ્પિયાડ (INO) એ વિવિધ વિષયોમાંથી ઇન્ટરનેશનલ સાયન્સ ઓલિમ્પિયાડમાં પહોંચવા માટેનું બીજું સ્ટેજ છે જેમાં નીચે મુજબના વિષયોની પરીક્ષા લેવામાં આવે છે.

INPHO - ઇન્ડિયન નેશનલ ફિઝીક્સ ઓલિમ્પિયાડ
INBHO - ઇન્ડિયન નેશનલ બાયોલોજી ઓલિમ્પિયાડ
INCHO - ઇન્ડિયન નેશનલ કેમેસ્ટ્રી ઓલિમ્પિયાડ
INAHO - ઇન્ડિયન નેશનલ એસ્ટ્રોનોમી ઓલિમ્પિયાડ
INMHO - ઇન્ડિયન નેશનલ મેથેમેટિક્સ ઓલિમ્પિયાડ

**ગત વર્ષની પરીક્ષા માટેની મહત્વની તારીખો :** નવેમ્બરથી ડિસેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે. ફેબ્રુઆરી માસ દરમિયાન પરીક્ષા લેવામાં આવે છે. જ્યારે માર્ચ મહિનામાં પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવે છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : http://secure.hbcse.tifr.res.in

### 10. ઇન્ટરનેશનલ મેથેમેટિક્લ ઓલિમ્પિયાડ (IMO)

ઇન્ટરનેશનલ મેથેમેટિક્લ ઓલિમ્પિયાડ (IMO) ની શરૂઆત વર્ષ1959માં રૂમાનિયા ખાતે થઈ હતી, જે સમયે 7 દેશોએ ભાગ લીધો હતો. ત્યારબાદ ઇન્ટરનેશનલ મેથેમેટીક્લ ઓલિમ્પિયાડ (IMO) અંગેની જાગૃતિ અને લોકપ્રિયતા વધતા ક્રમશ 5 ખંડોના 150થી વધુ દેશોના વિદ્યાર્થીઓ તેમાં ભાગ લઈ રહ્યા છે. ઇન્ટરનેશનલ મેથેમેટિક્લ ઓલિમ્પિયાડ (IMO) એ ધોરણ-11 અને 12ના વિદ્યાર્થીઓ માટેની વિજ્ઞાનપ્રવાહના વિવિધ વિષયોની વર્લ્ડ ચેમ્પિયનશિપ છે. વર્ષ 2025ની આંતરરાષ્ટ્રિય મેથેમેટિકલ ઓલિમ્પિયાડ જુલાઈની 10 થી 20 તારીખ સુધી ઓસ્ટ્રેલિયામાં યોજાઈ રહી છે.

વધુ વિગતો માટે સત્તાવાર વેબસાઈટ : www.imo-official.orgની મુલાકાત લઈ શકાય.

### 11. શ્રીનિવાસ રામાનુજન ફાઉન્ડેશન(SRF) : ની SRMO, CVRSO, SEO AKO અને

(1) શ્રીનિવાસ રામાનુજન ફાઉન્ડેશન (SRF)
(2) શ્રીનિવાસ રામાનુજન મેથેમેટિક્સ ઓલિમ્પિયાડ (SRMO) બીજા તબક્કાનીની પરીક્ષા ડિસેમ્બર માસમાં.
(3) સી.વી.રામન સાયન્સ ઓલિમ્પિયાડ(CVRSO) બીજા તબક્કાનીની પરીક્ષા ડિસેમ્બર માસમાં.
(4) સ્ટેટ ઈંગ્લિશ ઓલિમ્પિયાડ (SEO) સીલેબસ જાન્યુઆરી માસમાં અપાય છે.
(5) અબ્દુલ કલામ ઓલિમ્પિયાડ (AKO)
વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.srmoe.com

### 12. રિજનલ મેથેમેટિક્સ ઓલિમ્પિયાડ (RMO)

રિજનલ મેથેમેટિક્લ ઓલિમ્પિયાડ (RMO) એ ઇન્ટરનેશનલ મેથેમેટિક્લ ઓલિમ્પિયાડ (IMO)નું પ્રથમ સ્ટેપ છે. જેમાં ધોરણ-9, 10, 11 અને 12 (વિજ્ઞાન પ્રવાહ) ના વિદ્યાર્થીઓએ 3 કલાકની પરીક્ષા આપવાની હોય છે, વિદ્યાર્થીઓને 3 કલાકની મર્યાદામાં 6 કે 7 દાખલાઓને ગણવાના હોય છે. જેમાં આંકડાશાસ્ત્રને બદલે બીજગણિત, ભૂમિતિ અને અંક થિયરી ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. અહીં સમગ્ર દેશને જુદા જુદા 19 પ્રદેશ (રિજિયન) માં વહેંચવામાં આવે છે. દરેક પ્રદેશ (રિજિયન)માંથી

30 પ્રથમ ક્રમાંકિત વિદ્યાર્થીઓને ઈન્ડિયન નેશનલ મેથ્સ ઓલિમ્પિયાડ (INMO) માટે મોકલવામાં આવે છે. RMOની પરીક્ષાનું આયોજન ડૉ. હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન (HBCSE), TIFR, મુંબઈ દ્વારા કરવામાં આવે છે.

ગત વર્ષની પરીક્ષાની તારીખ 3જી નવેમ્બર હતી.

### 13. જીયો જિનિયસ(Geo Genius)

ભૂગોળ વિષયમાં રસ ધરાવતા અને ભૂગોળ વિષયમાં કારકિર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા એક આદર્શ તક પૂરી પાડે છે. આ ટેસ્ટ બે લેવલમાં વહેંચવામાં આવેલી છે. જેમાં લેવલ 1 ડિસેમ્બર માસના બીજા અઠવાડિયામાં લેવામાં આવે છે. લેવલ-1માં સફળ થયેલા વિદ્યાર્થીઓની લેવલ-2ની ટેસ્ટ એપ્રિલ માસના છેલ્લા અઠવાડિયામાં લેવાય છે. લેવલ-1 માટે વિદ્યાર્થીઓનું ટેસ્ટ રજિસ્ટ્રેશન ઑક્ટોબર માસમાં કરવામાં આવે છે.

મહત્વની તારીખ : અરજી 1લી જૂનથી 15 ઑકટોબર જ્યારે પ્રવેશ પરીક્ષા ડિસેમ્બર મહિનામાં યોજાતી હોય છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.geogeniusindia.org

### 14. મેથ્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામિનેશન(MTSE)

મેથ્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામિનેશન (MTSE)નું આયોજન ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટડીઝ ઈન મેથેમેટિક્સ (IISMA) દ્વારા કરવામાં આવે છે. આ ટેસ્ટનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની મેથેમેટિક્સ વિષયની સમજ ને ચકાસવાનો છે. આ ટેસ્ટનું માધ્યમ અંગ્રેજી અને મરાઠી છે. આ ટેસ્ટમાં ધોરણ-3 થી 9ના વિદ્યાર્થીઓ માટે 90 મિનિટની 50 MCQની ઓનલાઈન ટેસ્ટ લેવામાં આવે છે.

અગત્યની તારીખો : નોંધણી - એપ્રિલ, પરીક્ષા - મે અને પરિણામ - જૂન માસમાં મળી રહે છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.iisma.com

### 15. વિકાસ વર્તુળ ટ્રસ્ટ(VVT)ની GK-IQ ટેસ્ટ

વિકાસ વર્તુળ ટ્રસ્ટ (VVT), ભાવનગર 1977 થી ગુજરાત રાજ્ય કક્ષાની સામાન્ય જ્ઞાન-બુદ્ધિ કસોટી (GK-IQ ટેસ્ટ)નું આયોજન કરે છે. જેમાં ધોરણ-5 થી12 તેમજ કૉલેજના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. ધોરણ-5 થી 10માં દરેક ધોરણની અલગ-અલગ ટેસ્ટ હોય છે. જ્યારે ધોરણ-11, 12 અને કૉલેજ માટેની સંયુક્ત ટેસ્ટ હોય છે. કસોટીનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી છે.

અંદાજિત પરીક્ષાની તારીખ સપ્ટેમ્બર મહિનામાં આવતી હોય છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.vikasvartul.org

### 16. ઇન્ટરનેશનલ સ્પેલિંગ ‘બી’ (Spell - ‘Bee’)

100 વર્ષો પહેલાં 1925માં અમેરિકામાં વોશિંગ્ટનમાં નેશનલ લેવલની સ્પેલિંગ ‘બી’ કૉમ્પિટિશન યોજાઈ હતી. આ સ્પર્ધા ખૂબજ ઝડપથી લોકપ્રિય બની ગઈ હતી, કારણ કે તેમાં વિજેતાને વ્હાઈટ હાઉસમાં અમેરિકાના પ્રેસિડેન્ટને મળવાની તક મળતી હતી. સમય જતાં, આ સ્પર્ધા આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાવા લાગી અને ઈન્ટરનેશનલ સ્પેલ ‘બી’ ના નામે જાણીતી બની. ગર્વની વાત એ છે કે અમેરિકાની આ ઈન્ટરનેશનલ સ્પેલ ‘બી’ સ્પર્ધામાં વર્ષોથી વિજેતા ભારતીય વંશના વિદ્યાર્થીઓ જ બને છે !

નોંધણી - 15થી 31 માર્ચ, જ્યારે પરીક્ષા 15 થી 30 એપ્રિલ દરમિયાન લેવાય છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.marrsspellingbee.com



### 17. સિલ્વર ઝોન ઓલિમ્પિયાડ

ઈન્ટરનેશનલ એજ્યુકેશન ઓલિમ્પિયાડનું આયોજન કરનારી વિવિધ સંસ્થાઓમાં સિલ્વર ઝોન ફાઉન્ડેશન એ જૂની અને જાણીતી સંસ્થા છે. જે ધોરણ : 1 થી 12ના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરે છે.

(1) iio (ઈન્ટરનેશનલ ઈન્ફોર્મેટિક ઓલિમ્પિયાડ)
(2) iOM (ઇન્ટરનેશનલ ઓલિમ્પિયાડ ઑફ મેથેમેટિક્સ)
(3) iOS (ઇન્ટરનેશનલ ઓલિમ્પિયાડ ઑફ સાયન્સ)
(4) iOEL (ઇન્ટરનેશનલ ઓલિમ્પિયાડ ઑફ ઈંગ્લિશ લેંગ્વેજ)
(5) iFLO (ઈન્ટરનેશનલ ફ્રેંચ લેંગ્વેજ ઓલિમ્પિયાડ)
(6) ABHO (અખિલ ભારતીય હિન્દી ઓલિમ્પિયાડ)
(7) SKGKO (સ્માર્ટ કિડ જનરલ નોલેજ ઓલિમ્પિયાડ)
(8) iTHO (ઈન્ટરનેશનલ ટેલેન્ટ હન્ટ ઓલિમ્પિયાડ)
(9) iSSO (ઇન્ટરનેશનલ સોશિયલ સ્ટડીઝ ઓલિમ્પિયાડ)
(10) iRAO (ઈન્ટરનેશનલ રિઝનિંગ ઍન્ડ એપ્ટિટ્યૂડ ઓલિમ્પિયાડ)

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.silverzone.org



### 18. નેચર ધ એક્સેલેન્સ ઇન મેથેમેટિક્સ (NEMC)

ધોરણ-9 અને 10 (SSC)માં 'ગણિત' વિષયના ડરને દૂર કરવા અને વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે રસ વિકસાવવા માટે વર્ષ 2011થી મહારાષ્ટ્ર ગણિત અધ્યાપક મંડળ, મુંબઈ ગણિત અધ્યાપક મંડળ, પૂણે ગણિત અધ્યાપક મંડળ દ્વારા અગાઉ ગણિત પ્રાવીણ્ય પરીક્ષા લેવાતી હતી. ધોરણ-10 (SSC)ના ગણિત વિષયનો પડકાર ઉઠાવવા માટે એનાલિટિકલ થિંકિંગ વિકસાવવા તેમજ લોજિકલ સિક્વન્સી માટે હવે 'નેચર ધ એક્સલેન્સ ઈન મેથેમેટિક્સ (NEMC)ની પરીક્ષા લેવામાં આવે છે. આ NEMCની ટેસ્ટ માત્ર ધોરણ-5 અને ધોરણ-8ના વિદ્યાર્થીઓ માટે લેવામાં આવે છે. NEMCની ટેસ્ટના બે સ્તર નીચે મુજબ છે :

લેવલ : 1 'ગણિત પ્રભુત્વ એક્ઝામિનેશન'
ધોરણ-5 માટે (ધોરણ-4નો અભ્યાસક્રમ ધોરણ-5નો પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસક્રમ)
ધોરણ-8 માટે (ધોરણ-5થી 7નો અભ્યાસક્રમ ધોરણ-8નો પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસક્રમ)

લેવલ : 2 'ગણિત પ્રભુત્વ સ્પર્ધા'

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.pragatiiitpmt.com

### 19. નેશનલ મેથેમેટિક્સ ટેલેન્ટ કોન્ટેસ્ટ (NMTC)

નેશનલ મેથેમેટિક્સ ટેલેન્ટ કોન્ટેસ્ટ (NMTC)નું આયોજન ધી ઍસોસિયેશન ઑફ મેથેમેટિક્સ ટિચર્સ ઑફ ઇન્ડિયા (AMTI) દ્વારા કરવામાં આવે છે. જેની સ્થાપના 1965માં કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ્ય ગણિત શિક્ષકોની દરેક કક્ષાએ નિપૂણતા વધે, તેમની વ્યાવસાયિક કૌશલ્ય વિકસે અને ગણિતને આનંદપૂર્વક લઈ શકાય તે માટેનો છે. AMTIની નેશનલ મેથેમેટિક્સ ટેલેન્ટ કોન્ટેસ્ટ (NMTC)ની નીચે મુજબની કૅટેગરી જોવા મળે છે.

**અગત્યની તારીખ:** પરીક્ષા ઑક્ટોબર મહિનાના છેલ્લા અઠવાડિયામાં લેવામાં આવે છે.

| | | |
|---|---|---|
| પ્રાઈમરી | કોન્ટેસ્ટ | ધોરણ : 5 અને 6ના વિદ્યાર્થીઓ માટે |
| સબ જુનિયર | કાર્પેકર કોન્ટેસ્ટ | ધોરણ : 7 અને 8ના વિદ્યાર્થીઓ માટે |
| જુનિયર | ભાસ્કરા કોન્ટેસ્ટ | ધોરણ : 9 અને 10 ના વિદ્યાર્થીઓ માટે |
| ઈન્ટર | રામાનુજન કોન્ટેસ્ટ | ધોરણ : 11 અને 12ના વિદ્યાર્થીઓ માટે |
| સિનિયર | આર્યભટ્ટ કોન્ટેસ્ટ | સાયન્સ, આર્ટ ઍન્ડ ટૅકનોલૉજીના ડિગ્રી કોર્સના વિદ્યાર્થીઓ માટે. |

### 20. શેલની જુનિયર નેશનલ સાયન્સ સ્કોલરશીપ એક્ઝામ : (NSSE)

જુનિયર નેશનલ સાયન્સ સ્કોલરશિપ એક્ઝામ (NSSE)નું આયોજન શૅલ ઈન્ડિયા, બ્રિટિશ કાઉન્સિલ અને નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ (NCSM) સાથે ભાગીદારીમાં કરે છે.

પરીક્ષાની પેટર્ન : ધોરણ-9 અને 10 ના વિદ્યાર્થીઓ માટેની ટેસ્ટ ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને મેથેમેટિક્સના વિષયોની ટેસ્ટ 90 મિનિટની ઓનલાઈન ટેસ્ટ.

રજિસ્ટ્રેશન : વિદ્યાર્થીઓએ શાળા દ્વારા કરવાનું રહે છે. વિદ્યાર્થીનું વ્યક્તિગત રજિસ્ટ્રેશન કરવામાં આવતું નથી. રજિસ્ટ્રેશન કરવા માટે બિરલા ઈન્ડસ્ટ્રિયલ ઍન્ડ ટૅકનોલૉજિકલ મ્યુઝિયમનો સંપર્ક કરવો. ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે www.bitm.gov.inનો સંપર્ક કરવો.

### 21. રાઓ ઇન્ટેલિજન્સ સર્ચ એક્ઝામિનેશન : (RISE)

આ ટેસ્ટ ધોરણ-6થી 10માં ભણતા વિદ્યાર્થીઓ માટેની છે. આ ટેસ્ટ ઓનલાઈન લેવામાં આવે છે, જેની સમય મર્યાદા 2 કલાકની છે. આ ટેસ્ટ એપ્રિલ માસના ત્રીજા અને ચોથા અઠવાડિયામાં તેમજ મે માસના પહેલા અને બીજા અઠવાડિયામાં લેવાતી હોય છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : http://raoiit.com/rise

### 22. ઓલ ઇન્ડિયા મેરિટોરિયસ સ્કોલરશિપ ટેસ્ટ (AIMST)

આ સ્કૉલરશિપ ટેસ્ટ ધોરણ : 10, 11 અને 12માં ભણતા વિદ્યાર્થીઓ માટેની છે. જેનું ઓનલાઇન રજિસ્ટ્રેશન મે માસથી શરૂ કરીને ઑગસ્ટ માસ સુધી થાય છે, જેની ટેસ્ટ ઑગસ્ટ માસમાં લેવામાં આવે છે.

અગત્યની તારીખો : પરીણામ જૂન-જુલાઈ સુધીમાં આવી શકે છે.

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : http://aimst.org

### 23. નેશનલ સ્કોલરશિપ ટેસ્ટ(NST)

આ ટેસ્ટ ધોરણ-4થી 12માં ભણતા વિદ્યાર્થીઓ માટેની છે.

**પરીક્ષાની પેટર્ન :** ઓનલાઇન ટેસ્ટ 100 MCQ 90 મિનિટ.

(જેમાં મેથ્સના 30 સાયન્સના 20 સામાન્ય જ્ઞાનના 30 અંગ્રેજીના 20 MCQનો સમાવેશ થાય છે.)

અંદાજિત પરીક્ષાની તારીખ: 15 ઑક્ટોબર

વધુ અને અદ્યતન માહિતી માટે સંપર્ક : www.nst.org.in

3/B, જીવનસ્મૃતિ સોસાયટી,
મીરામ્બિકા સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ.
મો. : 9408754641

# એન્જિનિયરિંગ : ક્ષેત્ર એક ધારાઓ અનેક

ધવલ ગોકાણી

**એન્જિનિયરિંગ માટેની અગત્યની વેબસાઇટ**

**gujacpc.admissions.nic.in - સમગ્ર ગુજરાતની એન્જિનિયરિંગ કૉલેજમાં** એડમિશન મેળવવા માટેની વેબસાઈટ

**acpc.gujarat.gov.in** - ગુજરાતભરની **કૉલેજોની યાદી, કટઓફ** અને કૉલેજમાં પ્રવેશને લગતી અગત્યની માહિતી

નોંધ: આ માહિતી તમારા સુધી પહોંચી છે તો ફક્ત બે ચાર કોર્સ જોઈને છોડી ન દઈ, બધા જ કોર્સનો સંપૂર્ણપણે અભ્યાસ કરો. જો કોઈ કોર્સ તમને નવો અથવા કંઈક અલગ લાગે તો પણ એક વાર જે-તે કોર્સ વિષેની માહિતી જરૂર વાંચી લેવી.

**વિવિધ કોર્સ અને કોલેજની માહિતી**

**1. FOOD PROCESSING TECHNOLOGY (B.E. / B.Tech.)**

ફૂડ એન્જિનિયરો નવી ટૅક્નોલૉજી અને પ્રક્રિયાઓનો ઉપયોગ ખોરાક ઉત્પાદનોને સાચવવા, પૅકેજિંગ કરવા અને ગુણવત્તા વધારવા માટે કરે છે. ફૂડ ટૅક્નોલૉજીમાં પદ્ધતિઓ અને ટેકનિક્સનો એક સેટ તૈયાર કરવામાં આવે છે, જ્યાં પદ્ધતિસર કાચા ખોરાકને સારા ખોરાકમાં બદલવામાં આવે છે જેથી કરીને માણસો અથવા પશુઓ દ્વારા સુરક્ષિત વપરાશ માટે લઈ શકાય. તેઓ દ્વારા ઉચ્ચ પોષણ અને નીચી કિંમતો, એ બંને ધ્યાનમાં રાખીને ખાદ્ય ઉત્પાદન, પ્રોસેસિંગ અને પૅકેજિંગ કરવામાં આવે છે. કાર્યક્ષમ ઉત્પાદન પ્રક્રિયા, પૅકેજિંગ અને ઊંચી ગુણવત્તાવાળા ખોરાકના ઉત્પાદનનો અભ્યાસ વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. આ પ્રકારના એન્જિનિયર ખોરાક સલામતી, સપ્લાય, પોષણ અને કિંમતની ખાતરી કરવા માટે કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સાથે કામ કરે છે. સંશોધન વૈજ્ઞાનિકો પૅકેજ્ડ ખોરાકની ઊપજ, સ્વાદ, પોષણનાં મૂલ્ય વગેરે વધારવા તરફ કામ કરે જેથી કરીને ગ્રાહકો વચ્ચે વધારે સ્વીકારવામાં આવે. Amul, ITC Limited, Agro Tech Foods, Dabur India Ltd, MTR Foods limited, Nestle India Pvt Ltd, Britannia Industries Ltd, Parle Products Pvt Ltd, PepsiCo India Holdings, Gits Food Products Pvt Ltd, Cadbury India Ltd, Hindustan Unilever Limited જેવી બીજી પણ બહુ બધી ખોરાક અને પીવાલાયક વસ્તુઓ બનાવતી કંપનીમાં આ ક્ષેત્રના લોકોની માંગ છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | A. D. Patel Institute Of Tech., Karamsad (The Charutar Vidyamandal (CVM) University) New Vallabh Vidhyanagar, Vitthal Udyognagar, Anand<br>No: 02692-233680<br>Website : www.adit.ac.in | Anand | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 1,14,000* |

| | | | | |
|---|---|---|---|---|
| 2 | U. V. Patel College of Engineering, Kherva, Mehsana (Ganpat University) No: 02762226001 Website : https://uvpce.guni.ac.in/ | Mehsana | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 1,19,000* |
| 3 | Gyanmanjari Institute Of Technology (Gyanmanjari Innovative University) Bhavnagar. No: 02782567811 Website : www.gmiu.edu.in | Bhavnagar | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 75,000* |
| 4 | Krishna School of Technology, (Drs. Kiran & Pallavi Patel Global University (KPGU)), Varnama, Vadodara No: 0265-2303991/2/6 Website: www.kpgu.ac.in | Vadodara | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 95,000* |
| 5 | Parul Institute of Technology (Parul University), Waghodia, Vadodara No: 90990 40571 Website : www.paruluniversity.ac.in | Vadodara | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 81,550* |
| 6 | Shree Parekh Engineeirng College Muni Nagar, Mahuva No: 90990 60179 Website: www.specmahuva.in | Bhavnagar | Boys Hostel: No Girls Hostel: No Mess: No Transportation: No | 57,750* |

### આ ક્ષેત્રને લગતા અન્ય કોર્સ

- B.E./B.Tech. Agricultural Engineering
- B.E. / B.Tech. Dairy Technology

આ બંને કોર્સની વધુ માહિતી માટે તમે www.gsauca.in વેબસાઇટ જોઈ શકો છો.

### 2. TEXTILE PROCESSING (B. E. / B. Tech.)

ટેક્સટાઇલ પ્રોસેસિંગ એ એન્જિનિયરિંગ સિદ્ધાંતોને કાપડને લગતા સાધનો અને પ્રક્રિયાઓના ચોક્કસ જ્ઞાન સાથે જોડે છે. આ જ્ઞાન પછી કાપડના રેસા અને ફેબ્રિક તેમજ યાર્ન અને બીજી તમામ પ્રકારની પ્રક્રિયા અને તેનું ઉત્પાદન કરવામાં વપરાય છે. ટેક્સટાઇલ પ્રોસેસિંગ એ કાપડની રચનામાં સામેલ પોલીમરના વર્તણૂકનું વિશ્લેષણ અને તેના ઉપયોગ સાથે વ્યવહાર રાખે છે, જેમાં રાસાયણિક અને ભૌતિક સિદ્ધાંતોના અભ્યાસોનો સમાવેશ થાય છે. વિશાળ રેન્જનાં ઉત્પાદનોની ફિનિશિંગ અને રંગની બહુ બધી જટિલ પ્રક્રિયાઓ છે, જેમાં સ્પિનિંગ અને ફેબ્રિક જેવા વિવિધ તબક્કાઓનો સમાવેશ થાય છે. આજે કાપડ ઉદ્યોગમાં જરૂરી કુશળતા સાથે સુયોજિત એવા વ્યાવસાયિકની ઘણી માંગ છે.

### કામના પ્રકાર

સાધનોની ડિઝાઇન, પ્રક્રિયાની ડિઝાઇન અને સંશોધન કાર્યક્રમો હાથ ધરવા.

કાપડની મિલમાં સક્ષમ ભૌતિક/ગાણિતિક મોડેલ્સ પર કામ કરવું જેથી તેની પ્રોડક્શન લાઇન પર ઓછો સમય અને ઓછી જગ્યા વાપરીને વધારે કામ લઈ શકાય અને તેના માટે યોગ્ય ઉપકરણ (યંત્ર)ની ડિઝાઇન કરવી, સુવિધાઓની વિશ્લેષણ પ્રક્રિયાઓ પર પણ કામ કરવાનું હોય છે.

પ્રક્રિયા નિયમન અને નિયંત્રણ માટે અદ્યતન પદ્ધતિઓનો અભ્યાસ અને અમલ.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/ Year |
|---|---|---|---|---|
| 1 | Faculty of Technology & Engineering, MSU (The Maharaja Sayajirao University of Baroda), Vadodara<br>No: 0265 2434898<br>Website: www.msubaroda.ac.in | Vadodara | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500 for Boys<br>Free for Girls |

### 3. TEXTILE ENGINEERING (B. E. / B. Tech.)

ટેક્સટાઈલ એન્જિનિયર એ ફાઈબર, કાપડ અને બીજા તમામ તૈયાર વસ્ત્રોની પ્રક્રિયાઓ, ઉત્પાદનો અને મશીનરીના તમામ પાસાઓનું ડિઝાઈન અને નિયંત્રણ કરવા માટે વૈજ્ઞાનિક અને એન્જિનિયરિંગ સિદ્ધાંતોનો ઉપયોગ કરી કામ કરવાનું હોય છે. **ટેક્સટાઈલ ટૅક્નોલૉજી એ આધુનિક કાપડ ટૅક્નોલૉજીની ઊંડી સમજ પૂરી પાડે છે.** આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને કાપડના મટીરિયલનું મૂળભૂત જ્ઞાન, પ્રોડક્ટ ડિઝાઈન અને તેના વિકાસની પ્રક્રિયાઓ સાથેની સંબંધિત તકનીકો, મટીરિયલ પસંદગીના મહત્ત્વની સમજણ અને યોગ્ય ટૅક્નોલૉજીનો ઉપયોગની સમજ અપાય છે.

ટેક્સટાઈલ ટૅક્નોલૉજી એ વ્યાપક શૈક્ષણિક કાર્યક્રમ



છે કે જેમાં વિદ્યાર્થીઓને નવા વૈશ્વિક વ્યાપારમાં કારકિર્દી બનાવવા માટે તૈયાર કરાય છે, જેમાં વિવિધ ક્ષેત્રો જેમકે એરોસ્પેસ, દવા, સ્થાપત્ય, ઓટોમોટિવ, તૈયાર વસ્ત્રો, રમતગમત અને અન્ય ઘણાં બધાં ક્ષેત્રોની વસ્તુઓની ડિઝાઈન, ઉત્પાદન અને વિકાસનું કામ કરવાનું હોય છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/ Year |
|---|---|---|---|---|
| 1 | Faculty of Technology & Engineering, MSU (The Maharaja Sayajirao University of Baroda), Vadodara<br>No: 0265 2434898<br>Website: www.msubaroda.ac.in | Vadodara | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500 for Boys<br>Free for Girls |
| | **TEXTILE TECHNOLOGY COLLEGE** | | | |
| 2 | L.D.College Of Engineering, Navrangpura, Ahmedabad<br>No : 079-26302887<br>Website : www.ldce.ac.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500 for Boys<br>Free for Girls |

**આ ક્ષેત્રને લગતા બીજા કોર્સ**

- B. Des. Textile Design
- B. Des. Fashion Design

### 4. BIO-MEDICAL ENGINEERING (B. E. / B. Tech.)

બાયો-મેડિકલ ક્ષેત્ર એન્જિનિયરિંગ અને તબીબી ક્ષેત્રનું મિશ્રણ છે

બાયો-મેડિકલ એન્જિનિયરો નિદાન અને સારવાર માટેના ઉત્પાદનો અને ઉપકરણો વિકસાવવા જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર તેમજ રસાયણશાસ્ત્રના સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. તબીબી હેતુ માટે ઉપયોગી એવાં ઉત્પાદનો અથવા યુકિતઓ (ટકનિક) ઉત્પન્ન કરવા માટે બાયો-મેડિકલ એન્જિનિયરિંગમાં તબીબી વિજ્ઞાનને અને એન્જિનિયરિંગ તકનીકો જોડી તેના પર અભ્યાસ કરાવવામાં આવે છે.

ઘણા એન્જિનિયરો રસાયણશાસ્ત્રીઓ, જીવ વૈજ્ઞાનિકો અને તબીબી વૈજ્ઞાનિકો સાથે સંશોધન કરી જીવવિજ્ઞાન અને આરોગ્ય ક્ષેત્રમાં વિવિધ તબીબી પ્રક્રિયા જેવી કે રક્તના સૂક્ષ્મ પરીક્ષણ કે આંખની લેસર સર્જરી દરમિયાન ઉપયોગમાં લેવાતાં કોમ્પ્યૂટર સિસ્ટિમો અને ઉપકરણો બનાવે છે. તેઓ કૃત્રિમ અવયવો, કૃત્રિમ અંગ (શરીરના ક્ષીણ થયેલાં કૃત્રિમ ઉપકરણો બદલવા), ઈમેજિંગ સિસ્ટિમો જેવી કે ચુંબકીય પ્રતિધ્વનિ, અલ્ટ્રાસાઉન્ડ, એક્સ રે, ઓટોમેટિક ઈન્સ્યુલિનના ઈન્જેક્શન અને શરીર નિયંત્રિત ઉપકરણો અને સિસ્ટિમોનો વિકાસ, મૂલ્યાંકન, સંચાલન અને જાળવણી કરે છે. વિવિધ તબીબી પ્રક્રિયાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ઈમેજિંગ સિસ્ટિમો જેવા કે મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ (MRI)ની ડિઝાઈન અને બનાવટ પણ કરે છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | Government Engineering College Sector-28, Gandhinagar No:(079)23215167 Website : www.gecg28.ac.in | Gandhinagar | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: No Transportation: No | 1500/- for Boys Free for Girls |
| 2 | L.D.College Of Engineering, Navarangpura, Ahmedabad No:079-26302887 Website : www.ldce.ac.in | Ahmedabad | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: No | 1500/- for Boys Free for Girls |
| 3 | U. V. Patel College of Engineering, Kherva, Mehsana (Ganpat University) No:02762226001 Website : https://uvpce.guni.ac.in/ | Mehsana | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 1,19,000* |
| 4 | Krishna School of Technology, (Drs. Kiran & Pallavi Patel Global University (KPGU)), Varnama, Vadodara No: 0265-2303991/2/6 Website: www.kpgu.ac.in | Vadodara | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 95,000* |
| 5 | Parul Institute of Technology (Parul University), Waghodia, Vadodara No: 90990 40571 Website : www.paruluniversity.ac.in | Vadodara | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 81,550* |

### 5. BIO-TECHNOLOGY ENGINEERING

### (B. E. / B. Tech.)

બાયોટૅકનોલૉજી ફિઝિક્સ, બાયોકેમિસ્ટ્રી, જિનેટિક્સ, માઈક્રોબાયોલોજી, ગણિત તેમજ એન્જિનિયરિંગ ટૅકનોલૉજી જેવા મૂળભૂત વિજ્ઞાનના વિષયોના સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. બાયોટૅકનોલૉજી માઈક્રો-ઓર્ગેનિઝમ જેમકે બેક્ટેરિયા અથવા યીસ્ટ, જીવ-વૈજ્ઞાનિક પદાર્થો જેવા કે એન્ઝાઈમને ઔદ્યોગિક રીતે ઉત્પાદન પ્રક્રિયામાં વાપરવામાં આવે છે. અણુ અને આનુવંશિક સ્તર પર સજીવોના આરોગ્ય, સુરક્ષા, પોષણ અને પર્યાવરણને સુધારવા માટે પણ છે.

બાયોટૅકનોલૉજી ફાર્માસ્યુટિકલના સંશોધનથી નવી રસીઓ અને તપાસ કાર્યવાહીમાં ખૂબ વિકાસ થયો છે.



પર્યાવરણીય બાયોટેકનોલૉજી ઘણા બિનજરૂરી ઔદ્યોગિક પદાર્થો પર વિશ્લેષણાત્મક અને નિદાન ટેકનિકની મદદથી તેનું રિસાઈક્લિંગ કરી અથવા માઈક્રોબાયલ પ્રક્રિયાઓ લગાવી તેના નિકાલ માટે બહુ ઉપયોગી નીવડે છે.

આનુવંશિક સુધારણા કૃષિ, પશુ અને માનવના જિનેટિક્સ પર કાર્યો સમાવતો વ્યાપક વિસ્તાર છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | V.V.P. Engineering College, Kalawad Road, Rajkot<br>No:9428200514<br>Website: vvpedulink.ac.in | Rajkot | Boys Hostel: No<br>Girls Hostel: No<br>Mess: Yes<br>Transportation: Yes | 1,02,532* |
| 2 | Aditya Silver Oak Institute Of Technology (Silver Oak University) Ahmedabad<br>No:079-66046300<br>Website: https://asoit.edu.in/ | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 63,000* |
| 3 | U. V. Patel College of Engineering, Kherva, Mehsana (Ganpat University)<br>No:02762226001<br>Website: https://uvpce.guni.ac.in | Mehsana | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 1,19,000* |
| 4 | Gyanmanjari Institute of Technology (Gyanmanjari Innovative University) Bhavnagar<br>No: 0278 2567811<br>Website: www.gmiu.edu.in | Bhavnagar | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation:Yes | 75,000* |
| 5 | Institute of Advanced Research (Institute of Advanced Research) Gandhinagar<br>No : 079 61804300<br>Website: www.iar.ac.in | Gandhinagar | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 68,500* |

| | | | | |
|---|---|---|---|---|
| 6 | Parul Institute of Technology (Parul University), Waghodia, Vadodara<br>No : 90990 40571<br>Website: www.paruluniversity.ac.in | Vadodara | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 81,550* |
| 7 | Silver Oak College Of Engg., & Tech. (Silver Oak University Gota, Ahmedabad<br>No : 079 66046304<br>Website: www.silveroakuni.ac.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 78,000* |
| 8 | Pandit Deendayal Energy University (Pandit Deendayal Energy University) Gandhinagar<br>No : 079 23275090<br>Website: www.pdpu.ac.in | Gandhinagar | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 2,49,000 |

### 6. PRODUCTION ENGINEERING (B. E. / B. Tech.)

પ્રોડક્શન એન્જિનિયરિંગ મૅનેજમૅન્ટ એ વિજ્ઞાન સાથે પ્રોડક્શન ટેકનોલૉજીનું મિશ્રણ છે, જેઓને સામાન્ય રીતે એન્જિનિયરિંગ વ્યવહારનું વિશાળ જ્ઞાનની સાથે ઉત્પાદનને સંબંધિત મૅનેજમૅન્ટથી પણ વાકેફ હોય છે.

પ્રોડક્શન એન્જિનિયરિંગમાં કાસ્ટિંગ, મશીનિંગ પ્રક્રિયા, મેટલ કટિંગ, સાધન ડિઝાઇન, મેટ્રોલોજી, મશીન ટૂલ્સ, મશીનિંગ સિસ્ટિમો, ઓટોમેશન, જીગ્સ અને ફિક્સચર્સ, ડાઇસ અને મોલ્ડ ડિઝાઇન, ઓટોમોબાઇલના ભાગો અને મશીન મટીરિયલ્સ વિજ્ઞાન, મશીન ડિઝાઇનિંગ અને પ્રોડક્શન જેવાં કાર્યો થાય છે.

ઉદ્યોગમાં એક વાર ડિઝાઇનની અનુભૂતિ થયા પછી તેનો કાર્ય અભ્યાસ, ઓપરેશન રિસર્ચ, મટીરિયલ મૅનેજમૅન્ટ, પ્રોડક્શન આયોજન વગેરે સંબંધિત પ્રોડક્શન એન્જિનિયરિંગ વિભાગોમાં કાર્યક્ષમ પ્રોડક્શન પ્રક્રિયા એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજકાલ આધુનિક પ્રોડક્શન પદ્ધતિઓ અને નિયંત્રણ સિસ્ટિમોના ઉદભવની સાથે વધુ ને વધુ જટિલ બની રહ્યું છે તેથી સમગ્ર પ્રોડક્શન સિસ્ટિમ એ કોમ્પ્લેક્સ રચના અને કાર્યક્ષમતાના આયોજન સાથે સંબંધ રાખે છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/ Year |
|---|---|---|---|---|
| 1 | L.E. College, Morbi<br>No:02822 240743<br>Website: www.lecollege.ac.in | Morbi | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys<br>Free for Girls |
| 2 | Birla Vishvakarma Maha Vidhyalaya (Gia)<br>V.V.Nagar Vallabh Vidyanagar, District: Anand<br>No: 02692 230 104<br>Website: www.bvmengineering.ac.in | Anand | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 1500/- for Boys<br>Free for Girls |

### 7. RUBBER TECHNOLOGY (B. E. / B. Tech.)

રબર ટેકનોલૉજી એક એન્જિનિયરિંગ શાખા છે જેમાં લેટેક્સ અને કુદરતી કાપડ અથવા કૃત્રિમ રબરનો ઉપયોગ વિવિધ ઉપયોગી ઉત્પાદનો કરવામાં થાય છે. આ વિષય વિવિધ પ્રકારના રબર, તેમજ તેમના ગુણધર્મો અને રબર સંયોજના સૂત્રની સાથે વહેવાર રાખે છે. વલ્કેનાઇઝેશન, મલ્ટિકેશન અને કેલેન્ડરિંગ જેવી વિવિધ પદ્ધતિઓ અને પ્રક્રિયાઓથી રબર બનાવવામાં આવે છે. રબર પર પ્રક્રિયા કરીને તેને જરૂરિયાત પ્રમાણેના આકારમાં રૂપાંતરિત કરવામાં આવે છે. રબરનું પરીક્ષણ કરવાની ક્ષમતા અને તેના માટેની જરૂરી સામગ્રીની પસંદગી કરવી અને આખા પ્રોજેકટનું નિરીક્ષણ કરવું, રબરના ઉત્પાદનની ઊંડાણપૂર્વક જાણકારી અને જરૂરી તકનીકી જાણકારી જેથી રબરની ગુણવત્તાનો ખ્યાલ રહે, જેથી ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થાય.

**<u>ઉપયોગો</u> - ફૂટવેર, કેબલ્સ, ગ્રાહક ઉત્પાદનો, તબીબી સાધનો, નળી (પાઈપ),** રમકડાં, સ્ટેશનરી અને એક્સેસરીઝ જેમકે બેન્ડ, **બેલ્ટ,** ઓટોમોબાઈલના ભાગો જે સરળતાથી સંકોચાય, અને અન્ય બહુ બધી બીજી વસ્તુઓમાં ઉપયોગ થાય છે. સૌથી વધુ વ્યાપક રીતે રબરનો ઉપયોગ બધા જ પ્રકારનાં વાહનનો ટાયર અને ટ્યૂબના ઉત્પાદનમાં થાય છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/ Year |
|---|---|---|---|---|
| 1 | L.D. College of Engineering, Navarangpura, Ahmedabad<br>No: 079-26302887<br>Website: www.ldce.ac.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys<br>Free for Girls |

### 8. MINING ENGINEERING (B. E. / B. Tech.)

માઈનિંગ એન્જિનિયરિંગ એવી શાખા છે કે જેમાં વાતાવરણમાં મળતાં કુદરતી ખનિજનો અભ્યાસ કરી અને વિજ્ઞાન અને ટેકનોલૉજીનો વિવિધ પ્રક્રિયામાં ઉપયોગ કરી ખનીજની ઉપયોગિતા વધારી તેનો વ્યવસાય વધારવામાં આવે છે.

માઈનિંગ (ખાણકામ) ઈજનેરો નિમ્નલિખિત પેટા ક્ષેત્રોમાં રોકાયેલા છે

**<u>ખનિજ શોધવું અને બહાર કાઢવું</u>** તેઓ ખનિજો શોધવાની પ્રક્રિયા, પ્લાન્ટ સાઇટ્સ પર ખનિજોના પરિવહન માટેની યુકિતઓ, ખાણ શાફ્ટ માટેની ભૂગર્ભ પ્રક્રિયાઓ, ટનલનું બાંધકામ, ઓપન ભૂગર્ભ ખાણોની ડિઝાઈન જેવાં વિવિધ કામ કરતા હોય છે.

**<u>ખનિજ પ્રોસેસિંગ</u>:** કેટલાક તો ખાણકામ મશીનરી વિકસાવવામાં અને ખનિજ મિશ્રણ કરવાની પ્રક્રિયામાં પણ કામ કરે છે ને અમુક ગંદકી, પથ્થરો અને અન્ય સામગ્રી અલગ કરવામાં સામેલ હોય છે. આ એન્જિનિયરો સામાન્ય રીતે કોલસો અથવા ગોલ્ડ જેવી ચોક્કસ ખનિજ અથવા મેટલના ખાણકામમાં નિષ્ણાત હોય છે.

**<u>ખનિજ મૂલ્યાંકન</u> :** કેટલાક ખાણકામ એન્જિનિયરો નવી અયસ્ક સ્થિત અને મૂલ્યાંકન શોધવા માટે ભૂસ્તર શાસ્ત્રીઓ અને ધાતુ એન્જિનિયરો સાથે મળીને કામ કરે છે.

**<u>ખાણ સલામતી</u> :** ખાણ ડિઝાઈન અને વ્યવહારનું જ્ઞાન, ખાણ કામદારોની સલામતીની ખાતરી કરવા માટે અને રાજ્ય અને ફેડરલના સુરક્ષા કાયદાઓની જાળવણી કરવા માટે ઉપયોગ થાય છે. હવાના નમૂનાઓ અને ખાણકામ સાધનોનું પરીક્ષણ, દીવાલો અને છત સપાટી નિરીક્ષણ જેવાં કામ એન્જિનિયરો દ્વારા હાથ ધરવામાં આવે છે કે જેથી સુરક્ષાના નિયમોનું હમેશાં પાલન થાય અને કોઈ પણ જાતની જાનહાનિ કે દુર્ઘટના ન થાય.

**<u>પર્યાવરણ સુરક્ષા</u> :** ખાણકામ પ્રવૃત્તિઓને લીધે આસપાસની પર્યાવરણ સ્થિતિમાં પણ ખલેલ પહોંચે છે, એટલા માટે ખાણકામ એન્જિનિયરોએ પ્રોડક્શનની પ્રક્રિયા એ રીતે સંભાળવી જોઈએ જેથી કરીને પર્યાવરણને બને એટલું ઓછું નુકસાન પહોંચે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/ Year |
|---|---|---|---|---|
| 1. | Government Engineering College, Mirzapar Road, Bhuj, Kutch<br>No : 028322 31164<br>Website: www.gecbj.cteguj.in | Kutch | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: No<br>Transportation: Yes | 1500/- for Boys<br>Free for Girls |

### 9. METALLURGY / METALLURGICAL & MATERIALS ENGINEERING (B. E. / B. Tech.)

મેટલર્જી મેટલ સંબંધિત વિસ્તાર છે, જેમાં ધાતુઓ અને ગુણધર્મનો અભ્યાસ કરી, તેની પાછળનું વિજ્ઞાન સમજી વિવિધ પ્રયોગો કરવામાં આવે છે, જેમકે, અશુદ્ધ ધાતુનું શુદ્ધીકરણ કરવું, સાયન્સ અને ટૅકનોલૉજીનો વિવિધ રીતે ઉપયોગ કરી મિશ્રધાતુ (એલોય) બનાવવી અને ધાતુને ગરમ કરી તેના ભૌતિક લક્ષણો બદલીને તેનો અલગ પ્રકાર બનાવવામાં આવે છે.

**આ 3 મુખ્ય શાખાઓમાં વિભાજિત થયેલું છે**

**મિનરલ પ્રોસેસિંગ :** પૃથ્વીના ખડકના સ્તરમાંથી ખનિજ તત્ત્વોનું ઉત્પાદન કરી ટૅકનોલૉજી દ્વારા ખનિજ વસ્તુને પ્રોસેસ કરે છે.

**એક્સટ્રેક્ટિવ ધાતુવિજ્ઞાન :** કાચી ધાતુમાંથી મેટલ બહાર કાઢે છે.

**ભૌતિક ધાતુશાસ્ત્ર :** તે પ્રોડક્શન અને બાંધકામ માટે વિવિધ પ્રકારની જરૂરી ધાતુ એલોયનો વિકાસ કરે છે.

તમે એન્જિનિયરિંગના બેઝિક્સથી તેમજ ત્રણ ક્ષેત્રોના ફંડામેન્ટલ્સથી વાકેફ થશો. આપણે ધાતુનો ઉપયોગ કારના અગત્યના ભાગો બનાવવામાં, બાઈક, વિમાનો, ઈમારતો, વગેરેમાં કરીએ છીએ. આ મેટલ્સ અને ખનિજ સંબંધિત વસ્તુઓનું નિર્માણ, ડિઝાઈન અને પ્રોડક્શનનું જ્ઞાન તમારા માટે લાભદાયી હોઈ શકે છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | Government Engineering College Sector-28, Gandhinagar<br>No: (079) 2321 5167<br>Website: www.gecg28.ac.in | Gandhinagar | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: No<br>Transportation: No | 1500/- for Boys<br>Free for Girls |
| | **METALLURGICAL AND MATERIALS ENGINEERING** | | | |
| 2 | Faculty of Technology & Engineering, MSU (The Maharaja Sayajirao University of Baroda), Vadodara No : 0265 2434898<br>Website: www.msubaroda.ac.in | Vadodara | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys Free for Girls |
| | **METALLURGICAL ENGINEERING** | | | |
| 3 | Indus Institute Of Tech. & Engg. (Indus University) Village: Rancharda Kalol Gandhinagar,<br>Contact No : 02764-350999<br>Website: www.indusuni.ac.in | Gandhinagar | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 1,00,800* |

### 10. MANUFACTURING ENGINEERING (B.E. / B.Tech.)

ઉત્પાદન એન્જિનિયરિંગ વિવિધ પ્રોડક્શન પદ્ધતિઓ અને સિસ્ટિમોના સંશોધન અને વિકાસ, પ્રક્રિયાઓ, મશીનો અને સાધનો સાથે વ્યવહાર રાખતી એન્જિનિયરિંગની એક મહત્ત્વપૂર્ણ શાખા છે. તેઓ કાચા માલમાંથી નવી વસ્તુ બનાવતાં મશીન સાથે સંબંધિત છે. ઉત્પાદન એન્જિનિયરો ભૌતિક વસ્તુઓની ઉત્પાદન પ્રક્રિયા અને ટૅકનોલૉજીના વિકાસ માટે કામ કરે છે. તેમાં ઉત્પાદનોની ડિઝાઈન અને વિકાસનો સમાવેશ થાય છે, જે ખૂબ જ વ્યાપક વિસ્તારમાં છે.

ઉત્પાદન એન્જિનિયરો પ્રોડક્શન પ્રક્રિયાના આયોજનથી પૅકેજિંગ સુધી બધાં કાર્યોમાં સંકળાયેલા હોય છે. તેઓ પ્રોડક્શનના પ્રવાહ અને તેની પ્રક્રિયા, સ્ટ્રીમલાઈન ઉત્પાદન, ટર્નરાઉન્ડ સુધારવા અને ખર્ચ ઘટાડવા માટેની રીતો પર સંશોધન કરે છે. ઉત્પાદન એન્જિનિયર પ્રોટોટાઈપ સાથે કામ કરે છે જે સામાન્ય રીતે કમ્પ્યૂટર સાથે ઈલેક્ટ્રોનિકલી બનાવવામાં આવેલું છે, જેનાથી અંતિમ ઉત્પાદન પ્રક્રિયા પ્લાન કરી શકાય છે. તેઓનું યાંત્રિક એન્જિનિયરિંગ, ઔદ્યોગિક એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક એન્જિનિયરિંગ, કમ્પ્યૂટર સાયન્સ, સામગ્રી વ્યવસ્થાપન અને ઓપરેશન્સ મૅનેજમૅન્ટ સાથે ખૂબ મજબૂત મિશ્રણ હોય છે. તેઓ રોબોટ્સ, પ્રોગ્રામેબલ અને સંખ્યાત્મક નિયંત્રકો અને વિઝન સિસ્ટિમ સાથે કામ કરી યંત્રના ભાગોનું જોડાણ, પૅકેજિંગ અને શીપિંગ સુવિધાઓમાં સુધારો લાવે છે. તેમની સફળતા કે નિષ્ફળતા સીધા ટૅકનોલૉજી અને ઈનોવેશનની ઉન્નતિ પર અસર કરે છે. વિશ્વવ્યાપી સ્પર્ધાત્મક માર્કેટમાં ઉત્પાદન એન્જિનિયરનું એક નિશ્ચિત કામ હોય છે જેમાં એન્જિનિયર એક નવી રીત શોધે છે જેમાં, છેવટે માલ કાર્યક્ષમ અને સસ્તો હોય.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| | Central Institute of Petrochemicals Engineering & Technology Vatva GIDC Ahmedabad<br>No : 079 401 03902<br>Website: www.cipet.gov.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 65000* |

### 11. CIVIL ENGINEERING (B. E. / B. Tech.)

સિવિલ એન્જિનિયરિંગમાં વિવિધ કાર્યો જેમકે ડિઝાઈન અને આયોજન, બાંધકામ, દેખરેખ, ભૌતિક માળખાની ગુણવત્તાનું નિયંત્રણ અને બંધારણ જાળવણી જેમકે પાણીકામ, ગટરો, ડેમ(બંધો), પાવર પ્લાન્ટ્સ, ટ્રાન્સમિશન ટાવર્સ/લાઈન્સ, રેલમાર્ગ, હાઈવે, પુલો, ટનલ, સિંચાઈ નહેરો, નદીની દિશા બદલવી, શિપિંગ કેનાલ, ટ્રાફિક કન્ટ્રોલ, સામૂહિક પરિવહન, એરપોર્ટ રનવે, ટર્મિનલ્સ, ઔદ્યોગિક પ્લાન્ટ અને ઈમારતો, સ્કાય સ્ક્રેપર્સ, દરિયાઈ બંદરો, વગેરે પર કામ કરે છે.

તેઓને ડિઝાઈન પ્રક્રિયા દરમિયાન બાંધકામ ખર્ચ, પ્રોજેક્ટનો અપેક્ષિત જીવનકાળ, સરકારી નિયમનો અને સંભવિત પર્યાવરણીય જોખમો જેમકે ભૂકંપ અને વાવાઝોડા જેવાં વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખીને કામ કરવાનું હોય છે.

વિશેષતાઓ જેમકે પર્યાવરણીય એન્જિનિયરિંગ, જિઓ-ટેક્નિકલ એન્જિનિયરિંગ, સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ, પરિવહન એન્જિનિયરિંગ, મ્યુનિસિપલ કે શહેરી એન્જિનિયરિંગ, જળસંપત્તિ એન્જિનિયરિંગ, (Material) મટીરિયલ એન્જિનિયરિંગ, દરિયાઈ એન્જિનિયરિંગ, સર્વેક્ષણો (Surveying) અને બાંધકામ એન્જિનિયરિંગનો સમાવેશ થાય છે.

વસ્તીવૃદ્ધિના કારણે તેમજ વધુ ટકાઉ અને સુરક્ષિત સેવાઓની જરૂરિયાત વધવાના કારણે સિવિલ એન્જિનિયરોએ ડિઝાઈન તેમજ બાંધકામમાં મોટી અને સુરક્ષિત ઈમારતો અને કોમ્પ્લેક્સ, પાણી પુરવઠો, ગટર અને પ્રદૂષણ નિયંત્રણ પદ્ધતિઓ પર પણ પૂરતું ધ્યાન આપવાનું હોય છે.

હાલના રસ્તાઓ, બંધો અને અન્ય જાહેર સગવડતાની મરમ્મતનું પણ એક મુખ્ય કામ તેમને ફાળવવામાં આવે છે.

હાઈવે એન્જિનિયરો રોડ નેટવર્કના પુનઃનિર્માણનું આયોજન, વન-વે સિસ્ટિમ્સ, ટ્રાફિક મૅનેજમૅન્ટ, પાર્કિંગ લેનની જગ્યાઓ વગેરે હાઈ-વે સંબંધિત કામ સાથે સંકળાયેલા હોય છે.

સિવિલ એન્જિનિયરોનું કામ પુલો અને નાળાં, તેમજ હાઈવે, એરફિલ્ડ, બંદરો, પાણી અને ગટર સિસ્ટિમો અને ઈમારતોનું ડિઝાઈન કરવાનું હોય છે અને તેઓ પ્રોજેક્ટના બાંધકામની દેખરેખ પણ કરે છે જેથી તેને યોજના મુજબ બાંધવાનું કામ પણ કાળજીપૂર્વક થાય. આમ તેઓ આ વિષયોમાં ખાસિયત ધરાવતી કંપનીઓમાં નોકરી મેળવવાની આશા રાખી શકે છે.

ઘણા સિવિલ એન્જિનિયર્સ સુપરવાઈઝર અથવા વહીવટી હોદ્દા સંભાળે છે કે જેમાં બાંધકામ સાઈટના નિરીક્ષકનું કામ કરતા હોય છે.

તેઓ સંશોધન તથા શિક્ષણ ક્ષેત્રમાં જઈ શકે છે અથવા તેઓ પોતાની રીતે સ્વતંત્ર કન્સલ્ટન્સી સેવાઓ પણ શરૂ કરી શકે છે.

આ કોર્સની ઘણી કૉલેજો છે, તમે ગુજરાતભરની કૉલેજોની યાદી, કટઓફ અને એન્જિનિયરિંગ કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે આ બે વેબસાઈટ **gujacpc.admissions.nic.in** અને **acpc.gujarat.gov.in** પરથી માહિતી મેળવી શકો છો.

## 12. WATER MANAGEMENT

### (B. E. / B. Tech.)

### સિંચાઈ અને જળ વ્યવસ્થાપન

સિંચાઈ એ જમીન અથવા માટીમાં પાણીના કૃત્રિમ ઉપયોગના વિજ્ઞાન તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. તે કૃષિ પાકો, લેન્ડસ્કેપ્સ જાળવણી, અને શુષ્ક વિસ્તારોની જમીનમાં વનસ્પતિના પુનઃવિકાસ અને અપૂરતા વરસાદ કાળ દરમિયાન મદદ કરવા માટે ઉપયોગી થાય છે. વધુમાં, પાકના ઉત્પાદનમાં સિંચાઈ, હિમ સામે છોડ રક્ષણ, અનાજ ક્ષેત્રોમાં વધતા ઘાસનું દમન અને માટી એકીકરણ અટકાવવામાં મદદરૂપ થાય છે, આ સિવાય થોડા અન્ય ઉપયોગો પણ છે.

જળ-વ્યવસ્થાપન - આયોજન, વિકાસ, વિતરણ અને જળ-સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ તેમની મુખ્ય પ્રવૃત્તિઓ છે. જળ-વ્યવસ્થાપન આયોજન પાણીની બધી જરૂરિયાતોને પૂર્ણ કરવાનું હોય છે અને બધા ઉપયોગો અને માંગણીઓને પૂર્ણ કરવા માટે સમાન ધોરણે પાણી ફાળવવામાં ઉપયોગી થવાનું હોય છે.



| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | Faculty of Technology & Engineering, MSU (The Maharaja Sayajirao University of Baroda), Vadodara<br>No : 0265 2434898<br>Website: www.msubaroda.ac.in | Vadodara | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys Free for Girls |

### 13. ENVIRONMENTAL ENGINEERING (B. E. / B. Tech.)

પર્યાવરણીય એન્જિનિયરિંગ એ વિજ્ઞાન અને એન્જિનિયરિંગના સિદ્ધાંતોનું એકીકરણ છે જેથી કરીને કુદરતી પર્યાવરણ (હવા, પાણી અને જમીન સંસાધનો) માનવ વસવાટ અને અન્ય સજીવ માટે સ્વચ્છ પાણી, હવા અને જમીન (ઘર) મળી રહે.

એક પર્યાવરણીય એન્જિનિયર સામાન્ય રીતે પર્યાવરણ સંબંધિત પ્રક્રિયાઓ, સાધનો અને અન્ય પર્યાવરણીય મૅનેજમૅન્ટ પ્રોટોકોલની ડિઝાઈન, બાંધકામ, સ્થાપના, અમલીકરણ અને કામગીરીમાં હોય છે.

તેઓ પાણી અને હવા પ્રદૂષણ નિયંત્રણ, રિસાઈક્લિંગ, કચરો નિકાલ અને જાહેર આરોગ્ય મુદ્દાઓમાં પણ સામેલ હોય છે.

તેઓ જોખમી કચરાના વ્યવસ્થાપનનો અભ્યાસ પણ હાથ ધરે છે જેમાં જોખમની હદ તપાસવી, તેની સારવાર અને તેને રોકવા માટે સલાહ આપવી અને તેને સંબંધિત દુર્ઘટના અટકાવવા નિયમો વિકસાવવા.

તેઓ મ્યુનિસિપલ જળ પુરવઠો અને ઔદ્યોગિક ગંદા પાણીના શુદ્ધીકરણ માટેની વ્યવસ્થા ઘડે, સૂચિત બાંધકામ પ્રોજેક્ટ્સની પર્યાવરણીય અસર પર સંશોધન હાથ ધરે, વૈજ્ઞાનિક માહિતી વિશ્લેષણ અને ગુણવત્તા નિયંત્રણ ચકાસણી કરે છે. પર્યાવરણીય એન્જિનિયરો સ્થાનિક અને વિશ્વવ્યાપી પર્યાવરણીય મુદ્દાઓ સાથે સંબંધિત છે.

કેટલાંક એસિડ વરસાદ, ગ્લોબલ વોર્મિંગ, ઓટોમોબાઈલ એમીશન અને ઓઝોન અવક્ષયની (ડિપ્લેશન) અસરોનો અભ્યાસ કરી તેની અસર ઘટાડવા માટે પ્રયત્ન કરે છે. તેઓ વન્ય-જીવનના રક્ષણમાં પણ સામેલ હોઇ શકે છે.

ઘણા પર્યાવરણીય એન્જિનિયરો કન્સલ્ટન્ટ તરીકે કામ કરી તેમના ગ્રાહકોને નિયમોનું પાલન કરવામાં, પર્યાવરણીય નુકસાન અટકાવવા અને જોખમી સાઇટ્સ સાફ કરવામાં મદદ કરે છે.

વધુમાં, એન્જિનિયરો સામાન્ય રીતે કાયદામાં વિશિષ્ટ તાલીમો મેળવ્યા કરે છે જેથી તેઓ પર્યાવરણીય કાનૂનના અમલમાં તેમની તકનીકીનો નિપુણતાપૂર્વક ઉપયોગ કરી શકે છે. પર્યાવરણીય એન્જિનિયરોમાંથી થોડા લોકો પર્યાવરણીય એન્જિનિયરિંગના વિસ્તારોમાં વિશેષતા મેળવી બોર્ડ પ્રમાણપત્ર (બોર્ડ સર્ટિફાઇડ પર્યાવરણીય ઈજનેર અથવા BCEE) મેળવે છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | DR. S & S.S. Ghandhi Government Engineering College Surat<br>No:02612653139<br>Website: http://www.gecsu.cteguj.in/ | Surat | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys<br>Free for Girls |
| 2 | Government Engineering College Bhuj-Kutch-Contact No:02832231164<br>Website: http://www.gecbj.cteguj.in/ | Kutch | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: No<br>Transportation: Yes | 1500/- for Boys<br>Free for Girls |
| 3 | Government Engineering College, Valsad Between B.K.M.Science College And Government Polytechnic Valsad<br>No : 02632241960<br>Website: www.gecv.ac.in | Valsad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys<br>Free for Girls |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | L.D.College Of Engineering, Navarangpura, Ahmedabad<br>No : 079-26302887<br>Website: www.ldce.ac.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys<br>Free for Girls |
| 5 | Ahmedabad University<br>Navrangpura, Ahmedabad<br>No : 079-61911111/112<br>Website: www.ahduni.edu.in/seas | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 3,75,000 |
| **CLIMATE CHANGE** | | | | |
| 6 | Anant School for Climate Action (Anant National University)<br>Sanskardham Campus, Bopal-Ghuma-Sanand Road, Ahmedabad<br>Website: anu.edu.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 2,55,000 |
| 7 | Swarrnim Institute of Technology (Swarnim Startup and Innovation Univertsity), Adalaj Kalol Highway Road, Opp. Iffco, Dist. Gandhinagar<br>No: 95123 43335<br>Website: www.swarrnim.edu.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 74,550 |
| **CHEMICAL & ENVIRONMENTAL ENGINEERING** | | | | |
| 8 | Ahmedabad University<br>Navrangpura, Ahmedabad<br>No : 079-61911111/112<br>Website: www.ahduni.edu.in/seas | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 3,75,000 |
| **ENVIRONMENTAL SCIENCE & TECHNOLOGY** | | | | |
| 9 | Shroff S.R. Rotary Inst. Of Chemical Technology<br>Valia, Bharuch<br>No : 97121 77799<br>Website: www.upluniversity.ac.in | Bharuch | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 1,04,000* |

### 14. CHEMICAL ENGINEERING (B. E. / B. Tech.)

રાસાયણિક એન્જિનિયરો રાસાયણિક ઉદ્યોગો માટે રસાયણશાસ્ત્ર અને એન્જિનિયરિંગના સિદ્ધાંતો એમ બંનેનું જ્ઞાન લગાવી વિજ્ઞાન અને ઉત્પાદન વચ્ચે કડી સ્વરૂપે જોડાય છે. કેમિકલ એન્જિનિયરિંગમાં રાસાયણિક પ્લાન્ટસની ડિઝાઈન, વિકાસ અને તેની જાળવણીનો અભ્યાસ વગેરેનો સમાવેશ થાય છે.

તેઓ વધુ સારી રીતે પ્લાસ્ટિક, પેઈન્ટ, ઈંધણ, કાગળ, ફાઈબર, દવાઓ, ખાતરો, સાબુ, શેમ્પૂ, ફિનાઈલ, અને વિવિધ રસાયણો શોધવા અને ઉત્પાદન કરવામાં માહિર હોય છે. આ ક્ષેત્રમાં ઘન, પ્રવાહી અથવા વાયુઓની રચના, ગુણધર્મો, ભૌતિક અને રાસાયણિક ફેરફારો જાણવા તેમના પર Chemical analysis (વિશ્લેષણ), Synthesis (સંશ્લેષણ), સંશોધન અને નમૂનાની તપાસણી વગેરે કરવામાં આવે છે. તેઓ મોટા પાયે

ચાલતા રાસાયણિક ઉત્પાદનના સાધનો અને પ્રક્રિયોઓની ડિઝાઈન, ઉત્પાદન થતાં પ્રોડક્ટની યોજના અને પરીક્ષણ, આડપેદાશોની સારવાર કરવી અને ઉત્પાદન પર દેખરેખ રાખે છે.

તેઓ પર્યાવરણ માટે વધુ કાર્યક્ષમ અને ઓછા નુકસાનકારક હોય તેવા તથા નવા અને સુધારેલા રાસાયણિક ઉત્પાદન પ્રક્રિયાનો વિકાસ થાય એવા સંશોધન હાથ ધરે છે. પ્રદૂષણ અને ઊર્જા માગણીઓ જેવી સમસ્યાઓના ઉકેલો શોધે છે, આમ તેઓ પર્યાવરણમાં રસાયણોનો ભાવિ અભ્યાસ, પર્યાવરણીય અસરોની ગણતરી અને ક્લીનર ટૅકનોલૉજીની શોધ તેમ એક પર્યાવરણ સંરક્ષણ તરીકેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ કોર્સની ઘણી કૉલેજો છે, તમે ગુજરાતભરની કૉલેજોની યાદી, કટઓફ અને એન્જિનિયરિંગ કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે આ બે વેબસાઈટ **gujacpc.admissions.nic.in** અને **acpc.gujarat.gov.in** પરથી માહિતી મેળવી શકો છો.

### 15. PLASTIC TECHNOLOGY (B.E./B. Tech.)

પ્લાસ્ટિક આજે આપણા વિશ્વમાં એક મોટી ભૂમિકા ભજવે છે, આપણે દરરોજ પ્લાસ્ટિકનો ઉપયોગ કરી રહ્યા છે, જેમકે ખોરાક જેવી જરૂરી વસ્તુઓના પેકિંગમાં, ઘરવપરાશની વસ્તુઓમાં, પ્રોડક્શન પ્રક્રિયામાં એમ બધી જ જગ્યાએ પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે. તેથી તેના કારણે પ્લાસ્ટિક ઉદ્યોગમાં મોટી માંગ છે. પ્લાસ્ટિક વસ્તુઓની ડિઝાઈન અને પ્રોડક્શન પ્રક્રિયા સંભાળવી એ પ્લાસ્ટિક એન્જિનિયરનું કામ છે. પ્લાસ્ટિકનો પ્રકાર, તેના ગુણધર્મો અને તેના અન્ય યાંત્રિક ગુણધર્મો પર વિશ્લેષણ કરવામાં આવે છે. મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, અવરોધ અને થર્મલ ગુણધર્મો અનુસાર સામગ્રીનું ડિઝાઈન અને પ્રોડક્શન કરવામાં આવે છે; તદુપરાંત તેમનાં ઉત્પાદનોનું પર્યાવરણલક્ષી ફૂટ પ્રિન્ટ ઘટાડવા વિવિધ રીતો પણ શીખવામાં આવે છે. હળવું વજન, સડા વગરનું, કાટ પ્રતિરોધક અને વિદ્યુતરોધન ગુણધર્મ જેવા વિવિધ ગુણોના કારણે પ્લાસ્ટિક લોકોમાં વ્યાપક રીતે સ્વીકારવામાં આવે છે. પરંતુ, હાલના યુગમાં જીવવૈજ્ઞાનિક ખલેલ અને વિવિધ પર્યાવરણ સંબંધિત મુદ્દાઓના લીધે, હવે કુશળ કારીગરોની જરૂર છે કે જે ઉત્પાદન અને વેચાણ એ બંને પ્રક્રિયામાં સુધારા લાવી શકે.

**ઉત્પાદનો ઈકોલોજિકલ (જીવવૈજ્ઞાનિક) ફૂટ પ્રિન્ટ ઘટાડવો એ એક પ્લાસ્ટિક એન્જિનિયર માટે મોટો પડકાર છે**

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/ Year |
|---|---|---|---|---|
| 1 | L.D. College of Engineering, Navarangpura, Ahmedabad<br>No:079-26302887<br>Website: www.ldce.ac.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 1500/- for Boys Free for Girls |
| 2 | Central Institute of Petrochemicals Engineering & Technology Ahmedabad<br>No:07940103902<br>Website: www.cipet.gov.in | Ahmedabad | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: No | 65,000 |
| **PLASTIC & POLYMER ENGINEERING** | | | | |
| 3. | School of Engineering, Plastindia International University<br>Vapi, Valsad<br>No: 99986 01371<br>Website: www.plastindia.edu.in | Valsad | Boys Hostel: No<br>Girls Hostel: No<br>Mess: Yes<br>Transportation: Yes | |

### 16. PETROLEUM TECHNOLOGY (B. E. / B. Tech.)

પેટ્રોલિયમ એન્જિનિયરો પૃથ્વી નીચેની થાપણોમાંથી તેલ અને ગેસ બહાર કાઢવાની પદ્ધતિઓની ડિઝાઇન તૈયાર કરે છે.

તેલસંગ્રહની શોધ થયા પછી, પેટ્રોલિયમ એન્જિનિયરો ભૂસ્તરશાસ્ત્રી અને બીજા નિષ્ણાતો સાથે કામ કરી ભૌગોલિક રચના સમજી, ખાણના ખડકોના ગુણધર્મો સમજી શારકામ પદ્ધતિઓ નક્કી કરે છે અને પછી ડ્રિલિંગ અને ઉત્પાદન પ્રક્રિયા પર નજર રાખે છે. તેઓ ઓઇલ અને ગેસની મહત્તમ નફાકારક રિકવરી મેળવવા વિવિધ સાધનો અને પ્રક્રિયાઓ ડિઝાઇન કરે છે કારણ કે કુદરતી બળથી બહુ ઓછા પ્રમાણમાં તેલ અને ગેસ સંગ્રાહકમાંથી બહાર વહે છે, એટલા માટે પેટ્રોલિયમ એન્જિનિયરો વધુ ઉન્નત પુનઃપ્રાપ્તિ પદ્ધતિઓનો વિકાસ અને ઉપયોગ કરે છે જેમકે દબાણથી ઓઇલ સંગ્રહસ્થાનમાં અંદર પાણી, રસાયણો, વાયુઓ, કે વરાળ નાખવી અથવા કમ્પ્યૂટર સંચાલિત શારકામ કરે અથવા સંગ્રાહકના એક વિશાળ વિસ્તારને એક નાના કૂવા સાથે જોડી દે. આજકાલ ઉપયોગ થતી શ્રેષ્ઠ ટેકનિક્સ પણ સંગ્રાહકમાંથી બહુ ઓછા પ્રમાણમાં ઓઇલ અને ગેસ બહાર કાઢે છે એટલા માટે પેટ્રોલિયમ એન્જિનિયરો આજે સંશોધન કરી એવી ટૅકનોલૉજી અને પદ્ધતિઓ શોધે છે જેથી કરીને વધુ માત્રામાં વસૂલાત થાય અને સાથે સાથે ડ્રિલિંગ અને ઉત્પાદન પ્રક્રિયાનો ખર્ચ પણ ઓછો થાય. આમ પેટ્રોલિયમ એન્જિનિયરોનો એક મહત્ત્વ હેતુ ઓછા ખર્ચે મહત્તમ માત્રામાં ઈંધણ કાઢવાનું હોય છે અને સાથે સાથે તે પ્રક્રિયા કોઈ ગંભીર પર્યાવરણીય મુદ્દો ન ઊભો કરે તેનું પણ ધ્યાન રાખવાનું હોય છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | Pandit Deendayal Energy University (Pandit Deendayal Energy University) Raysan, Gandhinagar<br>No:079 232 75090<br>Website: https://www.pdpu.ac.in | Gandhinagar | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 2,49,000 |
| 2 | Parul Institute of Technology (Parul University), Waghodia, Vadodara<br>No: 90990 40571<br>Website: www.paruluniversity.ac.in | Vadodara | Boys Hostel: Yes<br>Girls Hostel: Yes<br>Mess: Yes<br>Transportation: Yes | 81,550* |

### 17. AERONAUTICAL ENGINEERING (B. E. / B. Tech.)

એરોનોટિકલ એન્જિનિયરિંગ અવકાશ સંશોધન, ઉડ્ડયન અને સંરક્ષણ સિસ્ટિમ્સના વિસ્તારમાં નવી ટૅકનોલૉજીનો એક અભ્યાસ છે. તેઓ વ્યાપારી અને લશ્કરી વિમાન, અવકાશયાન અને તેમના ઘટકો બંને; તેમજ ઉપગ્રહો અને મિસાઇલોની રચના, બાંધકામ, વિકાસ, ચકાસણી, ઓપરેશન અને જાળવણીના નિષ્ણાત બની શકે છે.

તે બે મુખ્ય પણ એક સમાન એવી શાખાઓમાં વિભાજિત થઈ ગયેલ છે.

**Aeronautical Engineering:** તે પૃથ્વીના વાતાવરણમાં (અંદર) રહેતા ઉડ્ડયન સાથે સંબંધિત છે.

**Astronautical Engineering:** તે પૃથ્વીના વાતાવરણની બહાર ચલાવાતા ઉડ્ડયન સાથે વ્યવહાર રાખે છે. જેમકે તેની ડિઝાઇન, તેનો વિકાસ અને જાળવણી, તેમજ સંસ્થાઓમાં મૅનેજમૅન્ટ અને શિક્ષણ ક્ષેત્રમાં કામ લાગે છે. ઉડ્ડયન ઉદ્યોગના એરલાઇન્સ, એરક્રાફ્ટ પ્રોડક્શન એકમો, વાયુ ટર્બાઇન પ્રોડક્શન અથવા ડિઝાઇન વિકાસ કાર્યક્રમોમાં તેઓની ખૂબ માંગ છે.

**કામના પ્રકાર**

- પ્રોજેક્ટની દરખાસ્ત અને એન્જિનિયરિંગ માહિતીનું વિશ્લેષણ તથા એરોસ્પેસ અથવા એરોનોટિકલ ઉત્પાદનોની શક્યતા, અનુમાન, ખર્ચ અને પ્રોડક્શનનો સમય નક્કી કરવો.
- એરોસ્પેસ ઉત્પાદનોની પ્રક્રિયા દરમિયાન તેની ડિઝાઈન, રચના અને પરીક્ષણની દેખરેખ.
- ફ્લાઈટ પૂર્વ તપાસ અને ફ્લાઈટ દરમિયાન વિમાન કાર્યક્ષમતા કામગીરી.
- વિમાનમાં સુધારાઓ, મરમ્મત અને નિર્માણ, ફ્લાઈટ્સ દરમિયાન મુશ્કેલીઓ તથા એર ક્રૂના અહેવાલોનો જવાબ આપવો.
- સિસ્ટિમોનું વ્યવસ્થાપન, નિષ્ફળ સિસ્ટિમોનું નિદાન અથવા સમારકામ અને જાળવણી.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| 1 | Sardar Vallabhbhai Patel Institute of Tech., Vasad At & Po. Rajupura No:9510782981, 82, 83 Website: www.svitvasad.ac.in | Anand | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 79,500* |
| 2 | Bhagwan Arihant Institute of Tech. (Bhagwan Mahavir University) Bharthana - Vesu, Surat No: (0261) 677 0104, 677 0105 Website: www.bmusurat.ac.in | Surat | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 70,350* |
| 3 | Gyanmanjari Institute of Technology (Gyanmanjari Innovative University) Bhavnagar, No:0278 2567811 Website: www.gmiu.edu.in | Bhavnagar | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 75,000* |
| 4 | Parul Institute of Technology (Parul University), Waghodia, Vadodara No: 90990 40571 Website: www.paruluniversity.ac.in | Vadodara | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: Yes | 94,800 |
| 5 | Silver Oak College Of Engg., & Tech. (Silver Oak University) Gota, Ahmedabad, No:079-66046304 Website: www.silveroakuni.ac.in | Ahmedabad | Boys Hostel: Yes Girls Hostel: Yes Mess: Yes Transportation: No | 78,000* |

**TOP COLLEGES OUTSIDE GUJARAT**

## IIST - Indian Institute of Space Science and Technology

| Courses @ IIST | For Admission Enquiries - Dean (Academics) |
|---|---|
| • 4-Year B.Tech. (Aerospace Engineering)<br>• 4-Year B.Tech. Electronics and Communication Engineering (Avionics)<br>• 5-Year Dual Degree (B.Tech. + M.Sc./M. Tech.) | Valiamala, Thiruvananthapuram - Kerala<br>Phone: 0471 2568477 / 478<br>Email: ugadmission[at]iist.ac.in<br>Website: www.iist.ac.in |

**18. MARINE ENGINEERING (B. E. / B. Tech.)**

મરીન એન્જિનિયર્સ બોટ, જહાજોની યાંત્રિક સિસ્ટિમોની ડિઝાઇન, સંચાલન, જાળવણી અને મરમ્મતનું કામ કરે છે. તેઓ પ્રોપલ્શનની ડિઝાઇન, ઉપકારક પાવર મશીનરી અને વહાણ ચલાવવા માટે જરૂરી અન્ય સાધનો ઉપર કામ કરે છે. તેઓને જહાજની રચના કરતાં આર્કિટેક્ટ સાથે મળીને કામ કરવાનું હોય છે. જ્યારે તેઓ જહાજની અંદરની સિસ્ટિમ ડિઝાઇન કરે છે, ત્યારે તેમણે ખાતરી કરવાની હોય છે કે દરિયાઈ સફર દરમિયાન આ સિસ્ટિમોને નુકસાન ન થાય.

મરીન એન્જિનિયર્સ પંપ, એન્જિન, ગિઅર, હીટર અથવા ડેક મશીનરી જેવા અમુક પ્રકારનાં સાધનો પર વિશિષ્ટતા મેળવી શકે છે. અમુક લોકો શિપબિલ્ડિંગના ચોક્કસ પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમકે જરૂરી સાધનોની અંદાજિત કિમત નક્કી કરવી, કોઈ લુબ્રિકેશન જેવા શિપના એક ભાગને પણ પસંદ કરે છે.

મરીન એન્જિનિયર્સ ઈન્સ્પેક્ટર્સ પણ હોઇ શકે છે. નિરીક્ષકો વહાણ શરૂ થાય તે પહેલાં યોગ્ય રીતે કામ કરે છે તેની ખાતરી કરે છે. કેટલાક એન્જિનિયરો વહાણના રિપેર અને જાળવણીમાં ખાસિયત મેળવે છે.

| Sr. No. | College Details | District | Facilities | Tuition Fee/Year |
|---|---|---|---|---|
| | U. V. Patel College of Engineering, Kherva, Mehsana (Ganpat University)<br>No:02762226001<br>Website: https://uvpce.guni.ac.in | Mehsana | Boys Hostel:Yes<br>Girls Hostel:Yes<br>Mess:Yes<br>Transportation:Yes | 1,19,000 |

**19 AUTOMOBILE ENGINEERING (B. E. / B. Tech.)**

**ઓટોમોબાઈલ એન્જિનિયરિંગમાં ઓટોમોબાઈલ્સની ડિઝાઈન, વિકાસ, બનાવટ અને મરમ્મતના અભ્યાસનો સમાવેશ થાય છે.** વાહનો અને ઘટકોની કલ્પના સ્ટેજ પરથી પ્રોડક્શન તબક્કા સુધી ડિઝાઇન, પરીક્ષણ, વિકાસ દરમિયાન સંભાળ રાખવી અને પછી ગ્રાહકોના પ્રતિસાદ પર આધારિત વાહનમાં સુધારા કરવા.

**પેટા વિભાગો**

**ડિઝાઈન એન્જિનિયરના** કામમાં મોટર સિસ્ટિમોની ડિઝાઈન અને તેની ટૅક્નોલૉજીનો સમાવેશ થાય છે.

**પ્રોડક્શન ઈજનેર** - ઉત્પાદનોનું લેઆઉટ અને તેની સલામતી ઉપર કામ કરે છે.

**પ્રોડક્શન ડિઝાઈનર** - ઓટોમોબાઈલની સિસ્ટિમોનું ડિઝાઈન અને પરીક્ષણ કરે છે.

**વિકાસ એન્જિનિયર** - ગ્રાહકોની જરૂરિયાત મુજબ વાહન સુધારવા અને ગ્રાહક સંતોષની કાળજી રાખવાનું કામ કરે છે.

ઓટોમોબાઈલ એન્જિનિયરો એરોડાયનેમિક્સ, ઈંધણ, ચેસિસ, ઇલેક્ટ્રોનિક્સ, ઉત્સર્જન, એર્ગોનોમિક્સ, ઉત્પાદન સામગ્રી, ઝડપી પ્રોટોટાઇપિંગ, સલામતી, સિસ્ટિમ્સ વગેરે જેવાં વૈકલ્પિક ક્ષેત્રોમાં અભ્યાસ કરી શકે છે.

આ કોર્સની ઘણી કૉલેજો છે, તમે ગુજરાતભરની કૉલેજોની યાદી, કટઓફ અને એન્જિનિયરિંગ કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે આ બે વેબસાઈટ **gujacpc.admissions.nic.in અને acpc.gujarat.gov.in** પરથી માહિતી મેળવી શકો છો.

**20. ELECTRICAL ENGINEERING (B.E./B. Tech.)**

ઈલેક્ટ્રિકલ એન્જિનિયર્સ વીજ દ્વારા ઉપયોગમાં લેવાતાં વિવિધ વીજ ઉપકરણો જેમકે ઇલેક્ટ્રિક મોટર્સ, નિયંત્રણ મશીનરી, રડાર અને નેવિગેશન સિસ્ટિમ, સંચાર સિસ્ટિમો અને વીજ ઉત્પાદન, નિયંત્રણ, ટ્રાન્સમિશન ઉપકરણો અને સાધનોના ઉચ્ચ સ્પષ્ટીકરણ + સલામતી + વિશ્વસનીયતા અને તેનો બનાવટ ખર્ચ સંભાળવા માટે તેની ડિઝાઈન, વિકાસ, પરીક્ષણ અને તેની ઉત્પાદન પ્રક્રિયા ઉપર

દેખરેખ રાખે છે. તદુપરાંત, મકાન અને વિવિધ જાતની ઈમારતોમાં વીજળી પ્રવાહ માટે વાયરિંગના માર્ગો તથા તેના લાઈટિંગની ડિઝાઈન તૈયાર કરે છે. ઓટોમોબાઈલ્સ તથા વિમાનની ઈલેક્ટ્રિકલ સિસ્ટિમો તૈયાર કરે છે.

જો વિશ્વભરમાં પાવર સપ્લાય 24X7 છે તો એનો શ્રેય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર્સને જાય છે. વિદ્યુતચુંબકીયની વિવિધ લાક્ષણિકતાઓ સમજવા માટે આ શાખામાં વિદ્યુત, ચુંબકીય ક્ષેત્ર અને સિલિકોન આધારિત ડિજિટલ ઈલેક્ટ્રોનિક્સનો અભ્યાસ હોય છે. ડિજિટલ કોમ્પ્યૂટર્સ ઉત્પાદન ઉપરાંત અહીં બીજા ઘણા મુખ્ય વિષયો છે જેમકે પાવર એન્જિનિયરિંગ, નિયંત્રણ સિસ્ટિમો, સિગ્નલ પ્રોસેસિંગ, RF એન્જિનિયરિંગ, ટેલિકોમ્યુનિકેશન, રોબોટિક્સ, સૂક્ષ્મ આર્કિટેકચર (VLSI ડિઝાઈન), વાયરલેસ સંચાર એન્ટેના અને તેની ડિઝાઈન વગેરે.

### ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ વચ્ચે તફાવત

**ઈલેક્ટ્રિકલ એન્જિનિયર્સ:** તેઓ વિદ્યુત પ્રવાહના ઉત્પાદન અને સપ્લાય પર કામ કરે છે તેથી તેઓ પાવર સિસ્ટિમ એન્જિનિયરિંગ અથવા ઈલેક્ટ્રિકલ ઉત્પાદનો બનાવવામાં ખાસિયત મેળવે છે. તેઓ ઈલેક્ટ્રિક પાવર ટ્રાન્સમિશન અને ઈલેક્ટ્રિક મશીનો/ સિસ્ટિમો સાથે સંકળાયેલી સમસ્યાઓ પર કામ કરે છે.

| 12 | C. D. Pachchigar College of Homoeopathic Medicine and Hospital, Surat | CDHM | SFI | Veer Narmad South Gujarat University | 15 | 60 | 10 | 15 | 100 | Affiliated | Permitted | 0.76 | 1.3 | 7500 $ |
| 13 | C. N. Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara, Dist: Tapi | VHM | SFI | Veer Narmad South Gujarat University | 15 | 60 | 10 | 15 | 100 | Affiliated | Permitted | 1.28 | 1.98 | 1.98 Lakh |
| 14 | Gandhinagar Homoeopathic Medical College, At-Mubarakpur, Dist.Gandhinagar | MGHM | SFI | Gujarat University | 15 | 60 | 10 | 15 | 100 | Affiliated | Permitted | 1.18 | 1.59 | 1.59 Lakh |
| 15 | Gokul Homoeopathy Medical college, Gokul Foundation, Opp. IOC Depot, State Highway No. 41, Sujanpur Patia, Dist. Patan, Gujarat | SGHM | SFI | Gokul Global University, Siddhapur | 15 | 60 | 10 | 15 | 100 | Affiliated | Permitted | 1.11 | 1.65 | 1.65 Lakh |
| 16 | Jawaharlal Nehru Homoeopathic Medical College, Post: Limda, Dist: Vadodara | JNHM | SFI | Parul University Vadodara | 15 | 60 | 10 | 15 | 100 | Affiliated | Permitted | 1.6 | 2.4 | 5000 $ |

## Homoeopathy Colleges Seat Intake & Fee 2024-25

| Sr. No. | Name of Institute | College Code | Type | University | Seat Intake | | | | | University Affiliation | Pesrmission (NCH) 2024-25 | Tuition Fee 2024-25 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | AIQ | GQ | MQ | NRI | Total | | | Govt. Quota (in Lakhs) | Management Quota (in Lakhs) | NRI Quota (in U.S. dollar/Lakhs ) |
| 17 | Jay Jalaram Homoeopathic Medical College & Hospital, At: Morva (Rena), Dist:Panchamahal | JJHM | SFI | Shri Govind Guru University Godhra | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.35 | 1.82 | 1.82 Lakh |
| 18 | Kamdar Homeopathic Medical College & Research Centre, Rajkot | RKHM | SFI | Saurashtra University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.36 | 1.83 | 1.82 Lakh |
| 19 | Lalitaben Ramniklal Shah Homoeopathy College, At-Anandpar, Dis.Jamnagar | LRHM | SFI | Saurashtra University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 0.91 | 1.37 | 1.37 Lakh |
| 20 | Laxmiben Homoeopathy Institute & Research Center, At-Bhandu, Dist. Mehsana | BLHM | SFI | Hemchandracharya North Gujarat University | 15 | 60 | 25 | 0 | 100 | **Affiliated** | **Permitted** | 0.99 | 1.34 | ...... |
| 21 | Limbdi Homoeopathic Medical College and Hospital, Limbdi, Dist: Surendranagar | LHM | SFI | Saurashtra University | 15 | 60 | 25 | 0 | 100 | **Affiliated** | **Permitted** | 1.18 | 1.59 | ...... |
| 22 | Merchant Homoeopathic Medical College & Hospital, Basna, Dist: Mehsana | MMRHM | SFI | Hemchandracharya North Gujarat University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.03 | 1.39 | 1.39 Lakh |
| 23 | Noble Homoeopathic College & Research Institute, Bamangam, Dist:Junagadh | NHM | SFI | Noble University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.21 | 1.63 | 1.63 Lakh |
| 24 | Nootan Homeopathic Medical College & Hospital, Sankalchand Patel Vidyadham, Ambaji-Gandhinagar State Highway, District-Mehsana | VNHM | SFI | Sankalchand Patel University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.19 | 1.66 | 1.66 Lakh |
| 25 | P P Savani Homomoeopathic medical College & Hosspital, Kosamba, surat | PPSHM | SFI | P P Savani University | 9 | 36 | 6 | 9 | 60 | **Affiliated** | **Permitted** | 1.19 | 1.66 | 1.66 Lakh |
| 26 | Parul Institute of Homoeopathy and Research, Post. Limda, Dist. Vadodara | PHM | SFI | Parul University Vadodara | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.6 | 2.36 | 5000 $ |
| 27 | Pioneer (M. S. Pathak) Homoeopathic Medical College & Hospital, Vadodara | BMSPHM | SFI | Shri Govind Guru University Godhra | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.12 | 1.51 | 1.51 Lakh |
| 28 | Rajkot Homoeopathic Medical College, Gondal Road, Rajkot | RHM | SFI | Parul University Vadodara | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.6 | 2.4 | 5000 $ |
| 29 | S. S. Agrawal Homoeopathic Medical College & General Hospital, Navsari | SSHM | SFI | Veer Narmad South Gujarat University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.16 | 1.57 | 3.14 Lakh |
| 30 | Shree H. N. Shukla Homoeopathic Medical College & Hospital, Amargadh (Bhikhari), Rajkot | HNHM | SFI | Saurashtra University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.24 | 1.67 | 2.07 Lakh |
| 31 | Shree Mahalaxmiji Mahila Homoeopathic Medical College & Hospital, Vadodara (For the girls only) | BMLXHM | SFI | Shri Govind Guru University Godhra | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.24 | 1.74 | 2.50 Lakh |
| 32 | Shree Sardar Patel Mahila Homoeopathic Medical College & Hospital, Morbi Road, Hadala, Rajkot (For the girls only) | SPMHM | SFI | Saurashtra University | 9 | 36 | 6 | 9 | 60 | **Affiliated** | **Permitted** | 1.19 | 1.66 | 1.66 Lakh |

## Homoeopathy Colleges Seat Intake & Fee 2024-25

| Sr. No. | Name of Institute | College Code | Type | University | Seat Intake | | | | | University Affiliation | Pesrmission (NCH) 2024-25 | Tuition Fee 2024-25 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | AIQ | GQ | MQ | NRI | Total | | | Govt. Quota (in Lakhs) | Management Quota (in Lakhs) | NRI Quota (in U.S. dollar/Lakhs) |
| 33 | Shree Shamalaji Homoeopathic Medical College, Godhra | GHM | SFI | Shri Govind Guru University Godhra | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.2 | 1.67 | 1.67 Lakh |
| 34 | Shree Swaminarayan Homoeopathy College, Kalol, Dist: Gandhinagar | KSHM | SFI | Swaminarayan University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.5 | 2.02 | 2.02 Lakh |
| 35 | Shri Aryatej Homoeopathic Medical College, Aryavart, Near Navyug Tiles, Nr. Laxminagar Village, 8-A National Highway,, Laxminagar, Morbi, Gujarat | MAHM | SFI | Saurashtra University | 9 | 36 | 6 | 9 | 60 | **Affiliated** | **Permitted** | 1.19 | 1.25 | 1.19 Lakh |
| 36 | Shri B. A. Dangar Homoeopathic Medical College & Hospital, Rajkot. | RBADHM | SFI | Saurashtra University | 12 | 48 | 8 | 12 | 80 | **Awaited** | **Awaited** | 0.97 | 1.3 | 1.30 Lakh |
| 37 | Shri B G Garaiya Homoeopathic Medical College, Kalipat, Dist. Rajkot | RGJHM | SFI | Saurashtra University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.19 | 1.76 | 1.76 Lakh |
| 38 | Smt Malini Kishore Sanghvi Homoeopathic Medical College, Miyagam Karjan, Dist:Vadodara | KHM | SFI | Shri Govind Guru University Godhra | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.17 | 1.87 | 1.87 Lakh |
| 39 | Smt. A. J. savla Homoeopathic Medical College, Mehsana | MASHM | SFI | Hemchandracharya North Gujarat University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.02 | 1.42 | 2 Lakh |
| 40 | Smt. Vasantben N. Vyas Homoeopathic Medical College, Jesingpara, Amreli | AMVHM | SFI | Saurashtra University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 0.81 | 1.02 | 1.02 Lakh |
| 41 | Swami Vivekanand Homoeopathic Medical College and Hospital, Sidsar, Bhavnagar | BHHM | SFI | Maharaja Krishnakumarsinhji Bhavnagar University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.45 | 2 | 2 Lakh |
| 42 | Valan Homoeopathic Medical College and Hospital, Palej Karjan Road, At & Po. :VALAN, Ta. Karjan, Dist. Vadodara, Gujarat | KVHM | SFI | Shri Govind Guru University, Godhra | 9 | 36 | 6 | 9 | 60 | **Awaited** | **Awaited** | 1.19 | 1.66 | 1.66 Lakh |
| 43 | Vidhyadeep Homoeopathic Medical College and Research Centre, At & Po-Anita(Kim), Dist- Surat | VHSHM | SFI | Vidhyadeep University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.01 | 1.36 | 1.36 Lakh |
| 44 | Monark Homoeopathic Medical College and Hospital At.& Post- Vahelal, Naroda- Dahegam Road, Ta. Dascroi, Ahmedabad | DMHM | SFI | Monark University | 9 | 36 | 6 | 9 | 60 | **Affiliated** | **Permitted** | 1.19 | 1.66 | 5 Lakh |
| 45 | Shree Swaminarayan Gurukul Homoeopathic Medical College, Jamnagar-Okha State high way, Near Civil airport , Naghedi, Jamnagar | JSHM | SFI | Saurashtra University | 9 | 36 | 6 | 9 | 60 | **Affiliated** | **Permitted** | 1.19 | 1.35 | 2000 $ |
| 46 | Noble Star Homoepathic College & Research Institute, Junagadh (Makhiya) | JNSHM | SFI | Bhakta Kavi Narsinh Mehta University, Junagadh | 15 | 60 | 25 | 0 | 100 | **Affiliated** | **Permitted** | 1.19 (Token) | 1.66 (Token) | ....... |
| 47 | CVM Homoeopathic Medical College and Hospital, Aribas building, Near G.J Patel Ayurvedic College, ADIT Campus, Behind GIDC, New Vallabh Vidya Nagar, Anand | VCHM | SFI | CVM University | 15 | 60 | 10 | 15 | 100 | **Affiliated** | **Permitted** | 1.19 (Token) | 1.66 (Token) | 5 Lakh |
| 48 | Arpit Homoeopathic Medical College, Rajkot-Morbi Highway, Hadala, Taluka; Tankara, District: Rajkot, Gujarat | TAHM | SFI | Saurashtra University | 9 | 36 | 15 | 0 | 60 | **Affiliated** | **Permitted** | 1.19 (Token) | 1.66 (Token) | ...... |
| | **Total** | | | | **685** | **2860** | **460** | **555** | **4560** | | | | | |

**GIA= Grant-In-Aided, SFI =Self-Financed Institute, AIQ Seats= All India Quota Seat, GQ Seats= Govternment Quota Seats, MQ Seats= Management Quota Seats, NRI Seats= Non Resident India Seats**

# ડિજિટલ મીડિયાનો આવિર્ભાવ અને કારકિર્દીની તકો

પ્રો (ડૉ.) શિરીષ કાશીકર

"મીડિયા" કે "મીડિયમ", આ શબ્દો સામાન્ય રીતે માધ્યમો/જાહેર માધ્યમોના અનુસંધાને એકવચન કે બહુવચનમાં વપરાતા હોય છે. પરંતુ આજે આ શબ્દ એક નવા આધુનિક સ્વરૂપે જાણ્યે-અજાણ્યે આપણા જીવનનું એક અભિન્ન અંગ બની ગયો છે.

કારકિર્દી/રોજગારીની દુનિયામાં પ્રવેશતાં પહેલાં ડિજિટલ માધ્યમ/માધ્યમોનું વર્તમાન ચિત્ર જરા સમજી લઈએ. હાલના સમયમાં ભારતમાં એક અહેવાલ પ્રમાણે અંદાજે 75 કરોડ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે અને આશરે 110 કરોડ લોકો સુધી સ્માર્ટફોન/મોબાઇલ દ્વારા થતા પ્રત્યાયનની પહોંચ છે. વૉટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, યૂટ્યૂબ અને ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના વપરાશકારોની સંખ્યા પણ કરોડોમાં છે.

જો આ સંદર્ભે કેટલાક રસપ્રદ આંકડા તપાસીએ તો ભારતમાં જાન્યુઆરી 2024 સુધીમાં 751.5 મિલિયન એટલે કે 75 કરોડ લોકો ઇન્ટરનેટનો સક્રિય ઉપયોગ કરે છે. જે આશરે 52.4 ટકા વસ્તીને આવરી લે છે. એ જ રીતે આશરે 462 મિલિયન એટલે કે 46 કરોડ લોકો વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સક્રિય છે જે કુલ વસ્તીના 32.2% થવા જાય છે. એમાં પણ ફેબ્રુઆરી 2025ના આંકડા પ્રમાણે 52.23% સાથે ફેસબુક મોખરે છે અને 32.03% સાથે ઇન્સ્ટાગ્રામ બીજા નંબરે છે. જૂન 2024ના આંકડા અનુસાર ભારતમાં આ પ્લેટફોર્મ્સના વપરાશકારોએ સરેરાશ 10 બિલિયન કલાકો સોશિયલ મીડિયામાં ગાળ્યા હતા. રસપ્રદ બાબત એ છે કે ભારતીયો એ પૈકીનો 85% સમય મોબાઇલ ડિવાઇસ અને એપના આધારે મનોરંજન અને મીડિયા પાછળ ગાળે છે.

આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થા રોઇટરના આંકડા પ્રમાણે મનોરંજન અને માધ્યમના ક્ષેત્રનું વર્ષ 2023માં અંદાજે 2,45,000 કરોડ રૂપિયા મૂલ્ય હતું જે આગામી પાંચ વર્ષમાં 3,45,000 કરોડ રૂપિયા સુધી સરેરાશ 8.3%ના વાર્ષિક દરે વધવાની શક્યતા છે. અહીં સૌથી રસપ્રદ બાબત એ છે કે ભારતીયોએ પરંપરાગત સિનેમા અને ટેલિવિઝનની સરખામણીએ હવે ડિજિટલને પ્રાથમિકતા આપવાનું પસંદ કર્યું છે. જેનાથી વિવિધ ડિજિટલ ચેનલોની માંગ અને લોકપ્રિયતા વધી રહ્યાં છે. ઓવર ધ ટોપ પ્લેટફોર્મ્સ ( ઓટીટી) જેવાં કે નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઇમ, જીઓ હોટસ્ટાર, વેવ્ઝ, ઝી-5 વગેરે સિનેમા અને ટેલિવિઝનને "ઘેરબેઠા" ટક્કર આપી રહ્યા છે.

જોકે ડિજિટલ પત્રકારત્વ માટે આજે ફેકન્યૂઝ એ એક મોટી ચેલેન્જ છે પણ ટેક કંપનીઓ જેવી કે ગૂગલ, મેટા હવે તેના પર ગંભીરતાથી કામ કરી રહ્યાં છે. આ ઉપરાંત એમેઝોન, ફ્લિપકાર્ટ, રિલાયન્સ જિઓ માર્ટ જેવા ઇ-કોમર્સ પ્લેટફોર્મ્સ, યુપીઆઈ પે, ગૂગલ પે જેવાં ડિજિટલ બૅન્કિંગ ક્ષેત્રો અને ભારત સરકારના "ડિજિટલ ઇન્ડિયા" જેવા ઉપક્રમો હવે લોકોની આર્થિક વ્યવહારોની ટેવ અને તરાહને સમૂળગી બદલી રહ્યા છે.

**રોજગારીની તકો:** આ તો થઈ ભારતમાં અને ગુજરાતમાં ડિજિટલ માધ્યમના પ્રસાર અને આવિર્ભાવની વાત પણ તેની સાથે સીધી કે આડકતરી રીતે રોજગારી અને કારકિર્દીની અનેરી તકો પણ સંકળાયેલી છે. આ તકો માત્ર નોકરી પૂરતી મર્યાદિત ન રહેતા સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ સુધી વિસ્તરી છે. ગુજરાતમાં વિકસેલી દાખલારૂપ સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટિમે સમગ્ર દેશના યુવાનોને સ્વરોજગારીનો નવો રાહ ચીંધ્યો છે.

આજે ડિજિટલ માધ્યમ માટે જો કોઈ રોજિંદી જરૂરિયાત કે "ખોરાક" હોય તો તે છે "કન્ટેન્ટ". જેમ કોઈ વાહન ઈંધણ વગર ન ચાલી શકે તેમ આ માધ્યમને પણ સતત

તાજા કન્ટેન્ટની જરૂરિયાત રહે છે. એટલે "કન્ટેન્ટ ક્રિએશન" એક આગવો ઉદ્યોગ છે. કોર્પોરેટ, સરકારી ક્ષેત્ર કે નાના મોટા વ્યવસાયો બધાંને પોતાની બ્રાન્ડ ઈમેજ બનાવવા કે ઉત્પાદનો વેચવા આ વ્યવસ્થા ઊભી કરવી જ પડે છે. એટલે જ વિવિધ એજન્સીઓમાં ડિજિટલ પત્રકાર/લેખક, કન્ટેન્ટ રાઈટર/બ્લોગર, કોપીરાઈટર સ્ક્રિપ્ટ રાઈટર જેવાં મહત્ત્વપૂર્ણ પદો છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા મેનેજર, સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન સ્પેશિયાલિસ્ટ, ડિજિટલ માર્કેટિંગ એનલિસ્ટ, ઈન્ફલુએન્સર માર્કેટિંગ મેનેજર વગેરેની હંમેશા જરૂરિયાત રહે છે.

ડિજિટલ મીડિયાનો પણ મહત્ત્વનો હિસ્સો વિવિધ પ્રકારના વીડિયો જ છે. એટલે વીડિયો એડિટર, સિનેમેટોગ્રાફર, એનીમેટર, મોશન ગ્રાફિક ડિઝાઈનરનું અહીં ખૂબ મહત્ત્વ છે. આ ઉપરાંત ઓવર ધ ટોપ યાને ઓટીટી પ્લેટફોર્મ્સ માટે કન્ટેન્ટ એક્વિઝિશન મેનેજર, પ્રોડક્શન મેનેજર અને સાઉન્ડ ડિઝાઈનર જેવાં પદો માટે કુશળ વ્યક્તિઓની હંમેશાં જરૂરિયાત રહે છે.

આ ઉપરાંત ડિજિટલ જાહેરખબર અને બ્રાન્ડિંગ માટે બ્રાન્ડ સ્ટ્રેટેજીસ્ટ, યુઆઈ/યુએક્સ ડિઝાઈનર, પે પર ક્લિક (પીપીસી) સ્પેશિયાલિસ્ટની હંમેશાં જરૂરત રહે છે. ગેમિંગ એ ડિજિટલ મીડિયાનો અત્યંત મહત્ત્વનો હિસ્સો છે તેમાં ગેમ ડેવલપર, વર્ચ્યુઅલ રિયાલિટી ડિઝાઈનરની જરૂરત રહે છે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના જમાનામાં આપણા ઉપયોગના આધારે આપણું મનોવલણ નક્કી કરતા અલગોરીધમના પ્રાણવાયુ સમાન ડેટાની જાળવણી અને વિશ્લેષણ માટે નિષ્ણાતોની જરૂરિયાત રહે છે. જેમાં મીડિયા ડેટા એનાલિસ્ટ, અને એઆઈ કન્ટેન્ટ સ્પેશિયાલિસ્ટનો સમાવેશ થાય છે.

આ બધાં જ પદોમાં શહેરનું કદ અને ઈન્ડસ્ટ્રીની જરૂરિયાતના આધારે યુવાઓને પ્રાથમિક તબક્કે ત્રણથી છ લાખના વાર્ષિક પૅકેજથી માંડીને મીડ લેવલ અને સિનિયર લેવલે 15થી 50 લાખ સુધીના પૅકેજ સુધી પહોંચવાની તકો રહે છે. આ ક્ષેત્રમાં રોજગારી સર્જનાર બનવાની પણ વિપુલ તકો રહેલી છે. ગુજરાત સરકારના જીયુસેક અને આઈ-હબ જેવાં સંસ્થાનોની મદદથી યુવાઓ લોકોની જરૂરિયાતો માટે સંલગ્ન સેવાઓ ડિજિટલ માધ્યમથી સર્જી શકે છે. અને એક મહત્ત્વપૂર્ણ વિશાળ બજારમાં પોતાનું સ્થાન બનાવી અન્ય લોકો માટે રોજગારીનું સર્જન કરી શકે છે.

## પત્રકારત્વ અને ડિજિટલ મીડિયાના સંલગ્ન અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ

| ક્રમ | સંસ્થાનું નામ | વેબસાઇટ |
|---|---|---|
| 1 | નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ (એનઆઈએમસીજે) પ્રવેશપ્રક્રિયા જીસીએએસ અને ગુજરાત યુનિવર્સિટીના પોર્ટલ (https://gcas.gujgov.edu.in)ના માધ્યમથી થાય છે. સંપર્ક 7600068443, 9023434379 | www.nimcj.org, |
| 2 | ગુજરાત યુનિવર્સિટીમાં સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સિસ પ્રવેશપ્રક્રિયા જીસીએએસ અને ગુજરાત યુનિવર્સિટીના પોર્ટલ (https://gcas.gujgov.edu.in)ના માધ્યમથી થાય છે. | www.gucpc.in |
| 3 | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, | www.vnsgu.in |
| 4 | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | www.saurashtrauniversity.edu |
| 5 | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ | www.ngu.ac.in |
| 6 | ઈલ્સાસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર, | www.ilsass.edu.in |
| 7 | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા | www.msubaroda.ac.in |
| 8 | કર્ણાવતી યુનિવર્સિટી | www.Karnavatiuniversity.edu.in |
| 9 | નવરચના યુનિવર્સિટી | www.nuv.ac.in |

નિયામક, એનઆઇએમસીજે, અમદાવાદ
મો: 9974453407

# સોફ્ટવેર ટેસ્ટિંગ ફિલ્ડની પણ એક અલગ જ દુનિયા છે

કિશન જોશી

- **Information Technologyની દુનિયામાં ઊભરતું ક્ષેત્ર એટલે સોફ્ટવેર ટેસ્ટિંગ**

મિત્રો, આ લેખમાં આપણે સોફ્ટવેર ટેસ્ટિંગ વિષે જ જાણવાના છીએ. સોફ્ટવેર ડેવલપમૅન્ટમાં એક ટર્મ છે જેને SDLC - Software Development Life Cycle કહેવામાં આવે છે SDLC એ કોઈપણ સોફ્ટવેર ડેવલોપ કરવા માટેનાં અલગ અલગ સ્ટેજની પ્રોસેસ છે જેમાં પ્લાનિંગ, ડિઝાઇન, કોડિંગ, ટેસ્ટિંગ, ડિપ્લોયમેન્ટ, અને મેન્ટેનન્સ આવે છે તો ચાલો, SDLCનાં આ સ્ટેજિસ વિશે થોડું જાણી લઈએ અને એના પરથી સોફ્ટવેર ટેસ્ટિંગ ક્યાં કામ આવે છે એ પણ જાણીએ.

### પ્લાનિંગ

કોઈ સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશન બનાવતાં પહેલાં એનો પ્રોજેક્ટ સ્કોપ, ગોલ્સ, રિકવાયરમેન્ટ ઍનાલિસીસ, રિસોર્સ ઍનાલિસિસ કરવામાં આવે છે એને પ્લાનિંગ કહે છે.




Software Development Life Cycle

### ડિઝાઇન

આ ફેઝમાં સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશનની ડિઝાઇન કેવી હશે. ડિઝાઇન કસ્ટમરની રિકવાયરમેન્ટને મેચ કરે છે કે નહીં એ વિશે ચર્ચા કરીને એક ડિઝાઇનનું માળખું તૈયાર કરવામાં આવે છે જે HTML, CSS, JavaScript જેવી લેંગ્વેજ સાથે Photoshop, illustrator જેવા ડિઝાઇનિંગ સોફ્ટવેર દ્વારા તૈયાર કરવામાં આવે છે.

### કોડિંગ

આ સ્ટેજમાં સોફ્ટવેર ડેવલોપર્સ તૈયાર કરેલી સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશનની ડિઝાઇન પર બેક-એન્ડ સાઇડથી કોઈ પણ પ્રોગ્રામિંગ લેંગ્વેજ દ્વારા કોડિંગ કરીને સોફ્ટવેરને કસ્ટમરની રિકવાયરમેન્ટ મુજબ તૈયાર કરે છે.

### ટેસ્ટિંગ

આ સ્ટેજ પર આવે છે આપણું ફિલ્ડ એટલે કે સોફ્ટવેર ટેસ્ટિંગ. સોફ્ટવેર ડેવલોપર્સ જે સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશન તૈયાર કરી હોય તે સોફ્ટવેરને ટેસ્ટર દ્વારા સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશનને ટેસ્ટ કરવામાં આવે છે કે બનાવેલી એપ્લિકેશન કસ્ટમરની રિકવાયરમેન્ટ મુજબ તૈયાર થઈ છે કે નહીં. આ માટે ટેસ્ટર અલગ અલગ ટાઇપ કે મેથડની મદદથી ટેસ્ટિંગ કરી સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશનમાં રહેલી એરર શોધે છે. આ વિશે થોડા વધુ ઊંડાણમાં આપણે આગળ ચર્ચા કરીશું.

### ડિપ્લોઈમેન્ટ

સોફ્ટવેર ટેસ્ટિંગ થયા બાદ સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશનને સર્વર પર ડિપ્લોય કરવામાં આવે છે જેથી એન્ડ-યુઝર એટલે કે કસ્ટમર પ્રોડક્ટનો વપરાશ કરી

શકે. ટૂંકમાં કહીએ તો એક સ્ટેબલ સિસ્ટિમને પ્રોડક્શન સર્વર પર મૂકવી.

**મેન્ટેનન્સ**

સોફ્ટવેર, વેબસાઇટ કે પછી એપ્લિકેશનને સર્વર પર ડિપ્લોય થયા બાદ એપ્લિકેશનને સપોર્ટ, ઇમ્પ્રુવમેન્ટ, સોફ્ટવેર અપડેટ, એરર કે બગ ફિક્સ, વર્ઝન અપડેટ, કે કસ્ટમરની રિક્વાયરમેન્ટ મુજબ કરવામાં આવતા ચેન્જ આ બધાં માટે મેન્ટેનન્સની જરૂર પડે છે.

હવે તમને SDLC - Software Development Life Cycleનાં અલગ અલગ સ્ટેજની થોડી જાણકારી મળી ગઈ છે તો આપણે ચર્ચા કરીએ "સોફ્ટવેર ટેસ્ટિંગ"ની. Information Technologyમાં સોફ્ટવેર ડેવલોપર સિવાય બીજાં ઘણાં બધાં ક્ષેત્ર છે એમાંનું એક એટલે સોફ્ટવેર ટેસ્ટિંગ અથવા એને ક્વૉલિટી એનાલિસ્ટ પણ કહેવામાં આવે છે. હવે આપણે જાણીએ સોફ્ટવેર ટેસ્ટિંગને લગતા થોડા સવાલો.

**સોફ્ટવેર ટેસ્ટિંગ એટલે શું?**

ઉપર આપણે સમજ્યું કે સોફ્ટવેર ટેસ્ટિંગ એ SDLC - Software Development Life Cycleનો જ એક ભાગ છે. સોફ્ટવેર કે એપ્લિકેશન ડેવલપ થયા બાદ સોફ્ટવેર કે એપ્લિકેશનમાં રહેલી ખામીઓ શોધવાનું કાર્ય એટલે સોફ્ટવેર ટેસ્ટિંગ. આપણે જેમ કોઈ ઇલેક્ટ્રોનિક ગેઝેટ કે નવો મોબાઇલ ફોન લઈએ છીએ ત્યારે તેને પ્રોપર તપાસીને કે એનું યુઝર લેવલ પર ટેસ્ટિંગ કરીને લઈએ છીએ તો આ જ રીતે કોઈ સોફ્ટવેર કે એપ્લિકેશનને અલગ અલગ ટેસ્ટ કેસીસ કે અલગ અલગ સીનારીઓસ દ્વારા ટેસ્ટ કરીએ એટલે એનું સોફ્ટવેર ટેસ્ટિંગ, એપ્લિકેશન ટેસ્ટિંગ કે ક્વૉલિટી ઍનાલિસિસ કર્યું કહેવાય.

સોફ્ટવેર ટેસ્ટિંગ બે રીતે કરવામાં આવે છે. મેન્યુઅલ ટેસ્ટિંગ અને ઓટોમેશન ટેસ્ટિંગ

**1: મેન્યુઅલ ટેસ્ટિંગ**

સરળ ભાષામાં સમજાવું તો યુઝરનાં પોઇન્ટ ઓફ વ્યૂથી અને ક્લાયન્ટની રિક્વાયરમેન્ટ પરથી બનાવેલા સોફ્ટવેરને મેન્યુઅલ રીતે જે ટેસ્ટિંગ પર્ફોર્મ કરવામાં આવે છે એને મેન્યુઅલ ટેસ્ટિંગ કહે છે. મેન્યુઅલ ટેસ્ટિંગને પણ ત્રણ વિભાગમાં વહેચવામાં આવે છે વાઇટ બોક્સ, બ્લેક બોક્સ, અને ગ્રે બોક્સ.

**2: ઓટોમેશન ટેસ્ટિંગ**

ઓટોમેશન ટેસ્ટિંગ એટલે જે કાર્ય એકથી વધારે વાર અને રિપીટ મોડમાં કરવાનું હોય એટલે સેનેટી ટેસ્ટ કે રિગ્રેશન ટેસ્ટિંગ ત્યારે ઓટોમેશન સોફ્ટવેર દ્વારા કોડિંગથી સ્ક્રિપ્ટ દ્વારા જે ટેસ્ટિંગ કરવામાં આવે એને ઓટોમેશન ટેસ્ટિંગ કહે છે. ઓટોમેશન ટેસ્ટિંગમાં અલગ અલગ ટાસ્કને ઓટોમેટ કરવામાં આવે છે અને ઓટોમેશન સ્ક્રિપ્ટ દ્વારા સોફ્ટવેર કે એપ્લિકેશનમાંથી બગ કે એરર કે ખામીઓ દૂર કરવામાં આવે છે.

ઓટોમેશન ટેસ્ટિંગ માટે સેલેનિયમ, એપિયમ, કેટાલોન, પ્લેરાઇટ, અને જો તમારે કોડ-લેસ સ્ક્રિપ્ટ દ્વારા ઓટોમેશન ટેસ્ટિંગ કરવું હોય તો તમારા પ્રોજેક્ટ કે કંપની માટે cygnet.one કંપનીનું કોડ-લેસ ટૂલ TestingWhizનો ઉપયોગ પણ કરી શકો છો.

ટેસ્ટિંગના પ્રકારની વધુ જાણકારી માટે નીચેની સાઇટ પરથી વધુ માહિતી મેળવી શકાય છે.

વેબસાઇટ : www.geeksforgeeks.org

- **સોફ્ટવેર કંપનીઓમાં સોફ્ટવેર ટેસ્ટરનું કાર્ય શું?**

સોફ્ટવેર કંપનીઓ પછી એ પ્રોડક્ટ કંપની હોય કે સર્વિસ પ્રોવાઇડ કરતી કંપની આ બધી જ કંપનીમાં



સોફ્ટવેર, કોઈ આઈટી પ્રોડક્ટ, મોબાઈલ એપ્લિકેશનનું ડેવલપમૅન્ટ ચાલુ હોય જ છે અને આ બધી જ કંપનીઓમાં સોફ્ટવેર ડેવલોપર્સની સાથે સાથે બિઝનેસ એનાલિસ્ટ, ગ્રાફિક ડિઝાઈન, ડેટાબેઝ એડમીન, નેટવર્ક એન્જિનિયર અને સોફ્ટવેર ટેસ્ટર કે ક્વૉલિટી એનાલિસ્ટ જેવા લોકોની જરૂર પડવાની જ છે.

સોફ્ટવેર કંપનીઓ સોફ્ટવેર ટેસ્ટર કે ક્વૉલિટી એનાલિસ્ટનું કાર્ય એક જવાબદારી ભર્યું છે કેમ કે ટેસ્ટિંગ ટીમ એ કસ્ટમરના પ્રોજેક્ટ કે એપ્લિકેશનને સર્વર પર અપલોડ કરતાં પહેલાં એનું ટેસ્ટિંગ કરીને એનો રિપોર્ટ બનાવવાનો હોય છે કે આ પ્રોજેક્ટ, એપ્લિકેશન, કે સોફ્ટવેર બગ ફ્રી કે કોઈ એરર ફ્રી છે કે નહીં. સોફ્ટવેર ટેસ્ટરને ટેસ્ટિંગની સાથે સાથે બગ રિપોર્ટિંગ, બગ મૅનેજમૅન્ટ, ટેસ્ટિંગ ટીમ મૅનેજમૅન્ટ, ટેસ્ટ પ્લાનિંગ અને એક્સિક્યુશન જેવાં ટાસ્ક પણ કરવાનાં હોય છે.

**સોફ્ટવેર ટેસ્ટિંગ માટે શું અભ્યાસ કરવો પડે?**

સોફ્ટવેર ટેસ્ટિંગ ક્ષેત્રે આગળ વધવા માટે વિદ્યાર્થી 12 સુધી અભ્યાસ કરીને BCA, MCA, MSC IT કે એન્જિનિયરિંગમાં એડમિશન મેળવી અને ગ્રેજ્યુએટ કે માસ્ટર કરીને કોઈ પણ IT કે સોફ્ટવેર કંપની કે જે સોફ્ટવેર ટેસ્ટરને હાયર કરતી હોય ત્યાં એપ્લાય કરી શકે છે.

આ સિવાય ઘણી યુનિવર્સિટીઓ ટેસ્ટિંગને લગતા અલગથી કોર્સ પણ પ્રદાન કરે છે જેમકે udemy અને simplilearn દ્વારા સોફ્ટવેર ટેસ્ટિંગને લગતા સર્ટિફિકેટ કોર્સ પણ કરાવવામાં આવે છે. આ સિવાય ટેસ્ટિંગમાં થોડો અનુભવ લીધા બાદ ISTQB - International Software Testing Qualifications Board - https://www.istqb.org/ દ્વારા સર્ટિફિકેટ માટેની પરીક્ષા પાસ કરી સર્ટિફાઈડ ટેસ્ટર બની શકો છો.




- **સોફ્ટવેર ટેસ્ટિંગમાં અનુભવ લીધા બાદ શું કરી શકાય?**

ઉપરના પોઈન્ટમાં જણાવ્યું તેમ અભ્યાસ કરીને તમે જુનિયર લેવલથી કોઈ પણ સોફ્ટવેર કંપનીમાં ઈન્ટરવ્યૂ આપીને કે વોક-ઈન ઈન્ટરવ્યૂ દ્વારા નોકરી મેળવી શકો છો. ત્યાર બાદ અનુભવના આધાર પરથી અલગ અલગ લેવલ પર પહોંચી શકો છો જેમકે સિનિયર ટેસ્ટ એનાલિસ્ટ, ટેસ્ટ ટીમ લીડ, ટેસ્ટ પ્રોજેક્ટ મેનેજર, લીડ ટેસ્ટ આર્કિટેક, પ્રોજેક્ટ મેનેજર, અને ડિરેક્ટર સુધી પહોંચી શકો છો.

આ સિવાય ટેસ્ટિંગમાં પ્રોજેક્ટ કઈ રીતે હેન્ડલ કરવો અને ક્લાયન્ટ કોમ્યુનિકેશન કે પ્રોજેક્ટ ડિલિવરી જેવી અગત્યની સ્કિલ્સ શીખીને થોડા સમય બાદ તમે પોતાની સોફ્ટવેર ટેસ્ટિંગને લગતી કંપની ખોલી શકો છો કે સોફ્ટવેર ટેસ્ટ કન્સલ્ટન્ટ તરીકે પોતાનું કામ પણ કરી શકો છો. આ સિવાય અનુભવના આધાર પર કોઈ ફોરેન કન્ટ્રીમાં નોકરી માટે એપ્લાય કરીને વિદેશની સોફ્ટવેર કંપનીઓમાં જોબ માટે શિફ્ટ પણ થઈ શકો છો.

- **સોફ્ટવેર ટેસ્ટિંગના અભ્યાસ બાદ નોકરીમાં પે સ્કેલ શું હોય છે?**

ગ્લાસડોર અને ઈન્ડીડ જેવી વેબસાઈટ મુજબ સોફ્ટવેર ટેસ્ટર ભારતમાં એન્ટ્રી લેવલ પર 3 થી 5 લાખ, મિડ લેવલ પર 5 થી 12 લાખ, અને અનુભવના આધારે 12 લાખ વાર્ષિકથી વધુ સ્કેલ પર નોકરી મેળવી શકે છે.

એ-602, સેવન પેરેડાઇઝ એપાર્ટમેન્ટ,
ગોતા, અમદવાદ-382381
મો. : 9913333707

# દિવ્યાંગજનોના પુનર્વસન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં કારકિર્દી ઘડતરની તકો

ડૉ. અજીત કુમાર

દિવ્યાંગતા પુનર્વસન અને વિશેષ શિક્ષણ એ ભિન્ન-ભિન્ન દિવ્યાંગતા ધરાવતા લોકોને આપવામાં આવતી વ્યક્તિગત તાલીમ અને શિક્ષણનો ભાગ છે. હલનચલનની દિવ્યાંગતા, દૃષ્ટિની ક્ષતિ, શ્રવણ ક્ષતિ, ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિઓ અને રક્ત સંબંધિત વિકૃતિઓ, વિકાસલક્ષી વિકૃતિઓ, માનસિક બીમારી અથવા બહુવિધ દિવ્યાંગતા ધરાવતા પ્રભાવિત વ્યક્તિઓ હોય. દિવ્યાંગ વ્યક્તિઓને ખાસ તાલીમ પામેલા કૌશલ્યવાન શિક્ષકો દ્વારા તાલીમ અને સૂચનાની જરૂર રહેતી હોય છે. આમ આ ક્ષેત્રે પણ વિવિધ કારકિર્દીની તકો ઉપલબ્ધ છે - જેમાં શિક્ષણ અને સૂચના, જેવા વિષયોનો સમાવેશ થાય છે.

પુનર્વસન વ્યાવસાયિક તજજ્ઞ અથવા જ વિશેષ કૌશલ્યવાન શિક્ષક એ વ્યક્તિ છે જે વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં બાળકો અને યુવાનોને શીખવવા અને તેમની સાથે વાતચીત કરવા માટે ખાસ તાલીમ મેળવી પોતાના કાર્યમાં કુશળ હોય છે. પુનર્વસન વ્યાવસાયિક અથવા વિશેષ શિક્ષણ પ્રશિક્ષિત કર્મચારીઓની સેવાઓની જરૂર વિવિધ પ્રકારની દિવ્યાંગતા જેવી કે લોકોમોટર ડિસેબિલિટી, દૃષ્ટિની ક્ષતિ, શ્રવણ ક્ષતિ, ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિઓ, લોહી સંબંધિત વિકૃતિઓથી પ્રભાવિત વ્યક્તિઓ, માનસિક વિકૃતિઓ, માનસિક બીમારી અને એકથી વધુ દિવ્યાંગતી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

### કારકિર્દીની તકો

ભારતીય પુનર્વસન પરિષદ (RCI)એ ભારતભરમાં 745 RCI માન્ય તાલીમી કૉલેજો દ્વારા પ્રમાણપત્રથી પીએચ.ડી. સ્તરના કુલ 16 વિષયોમાં આશરે એક લાખ વ્યાવસાયિકોને તાલીમ આપી છે અને હાલમાં કૌશલ્યવાન વ્યાવસાયિકો અને દિવ્યાંગ વ્યક્તિઓનો ગુણોત્તર આશરે 1:268 છે. દિવ્યાંગતા પુનર્વસન અને વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં કૌશલ્યવાન વ્યાવસાયિકોની જરૂરિયાત અને સંખ્યાની વચ્ચે ખૂબ મોટો તફાવત છે. હવે UGC (University Grants Commission) અને RCIએ પુનર્વસન વ્યાવસાયિકોની વર્તમાન જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ઉચ્ચ અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રયત્નો વધાર્યા છે. માસ્ટર અને ડૉક્ટરલ બંને કક્ષાના વિદ્યાર્થીઓ દિવ્યાંગતા પુનર્વસન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં નેતૃત્વની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. માસ્ટરના વિદ્યાર્થીઓ માટે, ભાવિ કારકિર્દીમાં સમુદાય સેવા એજન્સીઓ, સ્વાયત સંસ્થાઓ, સ્વતંત્ર જીવન કેન્દ્રો, વૃદ્ધાશ્રમો, આયોજન પરિષદો અને સરકારી એજન્સીઓમાં વહીવટી અને નીતિગત જગ્યાઓનો સમાવેશ થાય છે. ડૉક્ટરલ વિદ્યાર્થીઓ વિવિધ શૈક્ષણિક, સંશોધન અને નીતિગત પદો માટે તૈયાર હોય છે.

### પુનર્વસન વ્યાવસાયિકો પોતાની સેવા ક્યાં-ક્યાં આપી શકે?

દિવ્યાંગ વ્યક્તિઓને સેવા આપવા માટે, RCI હાલમાં વિવિધ ક્ષેત્રોમાં પુનર્વસન વ્યાવસાયિકોને વર્ગીકૃત કરે છે. કેટલાંક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં દિવ્યાંગોને શિક્ષણ અને પ્રશિક્ષણ (તાલીમ) આપવા માટેના વિશિષ્ટ શિક્ષકો નીચે દર્શાવેલી જગ્યાઓ માટે પણ પોતાની સેવાઓ આપી શકે છે.

- ❖ વ્યાવસાયિક સલાહકારો,
- ❖ રોજગાર અધિકારીઓ,
- ❖ પ્લેસમેન્ટ અધિકારીઓ,
- ❖ પુનર્વસન સામાજિક કાર્યકરો,

- બહુહેતુક પુનર્વસન ચિકિત્સકો/ટેકનિશિયન,
- સમુદાય આધારિત પુનર્વસન વ્યાવસાયિકો,
- ક્લિનિકલ સાયકોલોજિસ્ટ,
- પુનર્વસન મનોવિજ્ઞાની
- પુનર્વસન ઈજનેરો અને ટેકનિશિયન,
- પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ,
- પુનર્વસન વર્કશોપ મેનેજર

તાલીમ પામેલા શિક્ષકોની સેવાઓ વર્તમાનમાં ફક્ત મોટાં શહેરો પૂરતી મર્યાદિત છે. જોકે, દેશના અંતરિયાળ વિસ્તારો જેવા કે બ્લોક, સબડિવિઝન સ્તરે અને ગ્રામીણ સ્તરે પુનર્વસન અને વિશિષ્ટ શિક્ષણ સેવાઓ સુનિશ્ચિત કરવાની તાતી જરૂર છે, પરંતુ તાલીમ પામેલા શિક્ષકોની અછતને કારણે સરકાર પુનર્વસન શિક્ષકોને તાલીમ આપી શકતી નથી. નવા દિવ્યાંગતા અધિકાર અધિનિયમ 2016માં દિવ્યાંગતાની 14 વધુ શ્રેણીઓનું ઉમેરણ થતાં વધારાની શ્રેણીઓની સેવા આપવા માટે શિક્ષકોની ઘણી અન્ય શ્રેણીઓની જરૂર સ્પષ્ટપણે વધવા પામી છે.

## દિવ્યાંગતા પુનર્વસન અને વિશિષ્ટ શિક્ષણના અભ્યાસક્રમો ક્યાં મદદરૂપ થઈ શકે?

નીચે આપેલા બધા અભ્યાસક્રમો સરકારી ક્ષેત્રમાં ખૂબ જ સારી નોકરીની તકો પૂરી પાડે છે. જેમકે રાષ્ટ્રીય દિવ્યાંગ વ્યક્તિઓની સશક્તીકરણ સંસ્થાઓ, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાં સંયુક્ત પ્રાદેશિક કેન્દ્રો (CRC), યુનિવર્સિટીઓ, CBSE શાળાઓ, હૉસ્પિટલો, પુનર્વસન કેન્દ્રો, વગેરે, NGO ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રમાં ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓ સાથે લાયક વ્યાવસાયિક તરીકે પ્રેક્ટિસ કરવા માટે. શ્રેણીઓની વર્તમાન સ્થિતિ ભારતીય પુનર્વસન પરિષદ અધિનિયમ, 1992 હેઠળ છે.

| ક્રમ | દિવ્યાંગતાનું ક્ષેત્ર | અભ્યાસક્રમનું નામ |
|---|---|---|
| 1 | બૌદ્ધિક અક્ષમતા | એમ.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (બૌદ્ધિક અક્ષમતા),<br>બી.એસસી. (વિશિષ્ટ શિક્ષણ અને પુનર્વસન),<br>બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (બૌદ્ધિક અક્ષમતા),<br>ઈન્ટિગ્રેટેડ બેચલર ઓફ એજ્યુકેશન-માસ્ટર ઓફ એજ્યુકેશન- વિશિષ્ટ શિક્ષણ (બૌદ્ધિક અક્ષમતા),<br>પી.જી. ડિપ્લોમા ઈન અર્લી ઈન્ટરવેન્શન,<br>ડી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (બૌદ્ધિક અક્ષમતા),<br>ડિપ્લોમા ઈન વોકેશનલ રિહેબિલિટેશન (બૌદ્ધિક અક્ષમતા),<br>ડિપ્લોમા ઈન અર્લી ચાઈલ્ડહુડ સ્પેશિયલ એજ્યુકેશન (બૌદ્ધિક અક્ષમતા) |
| 2 | દૃષ્ટિ અક્ષમતા | એમ.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (દૃષ્ટિ ક્ષતિ),<br>બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (દૃષ્ટિ ક્ષતિ),<br>બેચલર ઈન મોબિલિટી સાયન્સ,<br>બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (બધિર અને દૃષ્ટિ અક્ષમતા) (પ્રાયોજક ધોરણે),<br>ડી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (દૃષ્ટિ અક્ષમતા),<br>ડી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (બધિર અને દૃષ્ટિ અક્ષમતા),<br>ડિપ્લોમા ઈન કોમ્પ્યૂટર એજ્યુકેશન (બધિર અને દૃષ્ટિ અક્ષમતા) |
| 3 | સાંભળવાની ક્ષતિ | એમ.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (શ્રવણ અક્ષમતા),<br>બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (શ્રવણ અક્ષમતા),<br>ડી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (શ્રવણ અક્ષમતા),<br>ડિપ્લોમા ઈન અર્લી ચાઈલ્ડહુડ સ્પેશિયલ એજ્યુકેશન (શ્રવણ અક્ષમતા), ડિપ્લોમા ઈન ઈન્ડિયન સાઈન લેંગ્વેજ ઈન્ટરપ્રિટિંગ |

| | | |
|---|---|---|
| 4 | શીખવાની અક્ષમતા | એમ.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (લર્નિંગ ડિસેબિલિટી),<br>બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (લર્નિંગ ડિસેબિલિટી),<br>ઇન્ટિગ્રેટેડ બેચલર ઓફ એજ્યુકેશન-માસ્ટર ઓફ એજ્યુકેશન સ્પેશિયલ એજ્યુકેશન (સ્પેસિફિક લર્નિંગ ડિસેબિલિટી). |
| 5 | પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ | પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સમાં માસ્ટર,<br>પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સમાં સ્નાતક,<br>પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સમાં ડિપ્લોમા,<br>પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સમાં પ્રમાણપત્ર કોર્સ. |
| 6 | સમુદાય આધારિત પુનર્વસન | ડિપ્લોમા ઇન સમુદાય આધારિત પુનર્વસન |
| 7 | પુનર્વસન મનોવિજ્ઞાન | એમ.ફિલ (પુનર્વસન મનોવિજ્ઞાન).<br>પુનર્વસન મનોવિજ્ઞાનમાં પી.જી. ડિપ્લોમા. |
| 8 | ચિકિત્સાત્મક મનોવિજ્ઞાન | એમ.ફિલ (ક્લિનિકલ સાયકોલોજી),<br>પ્રોફેશનલ ડિપ્લોમા ઇન ક્લિનિકલ સાયકોલોજી,<br>ક્લિનિકલ સાયકોલોજીમાં પીએચ.ડી. |
| 9 | પુનર્વસન થેરાપી | ડિપ્લોમા ઇન રિહેબિલિટેશન થેરાપી,<br>સર્ટિફિકેટ કોર્સ ઇન રિહેબિલિટેશન થેરાપી. |
| 10 | વ્યાવસાયિક સલાહ અને પુનર્વસન સામાજિક કાર્ય/વહીવટ | માસ્ટર ઇન ડિસેબિલિટી રિહેબિલિટેશન એડમિનિસ્ટ્રેશન,<br>ડિસેબિલિટી સ્ટડીઝ એન્ડ એક્શનમાં એમ.એ. સોશિયલ વર્ક,<br>રિહેબિલિટેશન સાયન્સમાં માસ્ટર,<br>એમ.એસસી. (સાયકો-સોશિયલ રિહેબિલિટેશન),<br>રિહેબિલિટેશન સાયન્સમાં બેચલર,<br>ડિસેબિલિટી રિહેબિલિટેશન એન્ડ મૅનેજમૅન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા,<br>એડવાન્સ ડિપ્લોમા ઇન ચાઇલ્ડ ગાઇડન્સ એન્ડ કાઉન્સેલિંગ |
| 11 | સંભાળ રાખનારાઓ | સર્ટિફિકેટ કોર્સ ઇન કેર ગિવિંગ |
| 12 | સમાવેશી શિક્ષણ | બેચલર ઓફ આર્ટ્સ/ બેચલર ઓફ કોમર્સ/ બેચલર ઓફ સાયન્સ<br>બેચલર ઓફ એજ્યુકેશન સ્પેશિયલ એજ્યુકેશન. |

**દિવ્યાંગતા પુનર્વસન અને વિશિષ્ટ શિક્ષણ અભ્યાસક્રમોમાં પ્રવેશ :**

વિવિધ અભ્યાસક્રમોમાં સંલગ્ન યુનિવર્સિટી/કૉલેજ/સંસ્થાઓ અને પુનર્વસનમાં રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડનાં નિર્ધારિત ધોરણો અનુસાર સંબંધિત સંસ્થાઓ દ્વારા સીધો પ્રવેશ આપવામાં આવે છે. શૈક્ષણિક સત્ર દર વર્ષે મે/જૂનમાં શરૂ થાય છે અને પ્રવેશ પ્રક્રિયા દર વર્ષે એપ્રિલમાં શરૂ થાય છે. તેથી, કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે સંબંધિત સંસ્થાનો સીધો સંપર્ક કરી શકાય છે. હાલમાં રાષ્ટ્રીય સંસ્થાઓ/સંયુક્ત પ્રાદેશિક કેન્દ્ર (CRC)/યુનિવર્સિટી વિભાગો/સંસ્થાઓ/NGO/કૉલેજોના સહયોગથી પ્રમાણપત્ર સ્તરથી અનુસ્નાતક સ્તર સુધીના 60 કાર્યક્રમો સક્રિય છે.



| ક્રમ | મૂળભૂત લાયકાત | કાર્યક્રમનું સ્તર | અભ્યાસક્રમોની વિગતો | પ્રવેશપ્રક્રિયા | તાલીમ કાર્યક્રમોનો સમયગાળો |
|---|---|---|---|---|---|
| 1 | 10+2 | ડિપ્લોમા સ્તર પર | ડી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (શ્રવણશક્તિ/ બૌદ્ધિક અક્ષમતા/ દૃષ્ટિની ક્ષતિ/ ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર/ સેરેબ્રલ પાલ્સી/ બહેરાશ) | મેરિટ આધારિત | 2 વર્ષનું |
| 2. | સ્નાતક | સ્નાતક અને પી.જી. ડિપ્લોમા સ્તર, બી.એડ્. સ્પે. શિક્ષણ. | ડિગ્રી પ્રોગ્રામ જેમકે બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (શ્રવણ શક્તિમાં ખામી/ શીખવાની ખામી/ બૌદ્ધિક અક્ષમતા/ બહુવિધ ખામી/ દૃષ્ટિ ક્ષતિ / ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર/ સેરેબ્રલ પાલ્સી) | GCAS પોર્ટલ દ્વારા ગુજરાત યુનિવર્સિટી પ્રક્રિયા (એપ્રિલ મહિનો) | 2 વર્ષીય |
| 3. | સંબંધિત વિદ્યાશાખામાં અનુસ્નાતક | પોસ્ટ ગ્રેજ્યુએશન, એમ.એડ્.સ્પે. એજ્યુ. | એમ.એડ્. સ્પેશિયલ એજ્યુકેશન (શ્રવણશક્તિ/ શીખવાની ક્ષતિ/ બૌદ્ધિક અક્ષમતા/ બહુવિધ ક્ષતિ/ દૃષ્ટિની ક્ષતિ/ ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર) જેવા અનુસ્નાતક ડિગ્રી પ્રોગ્રામ. | | 2 વર્ષીય |

### રાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સંસ્થાઓ

- પંડિત દીનદયાળ ઉપાધ્યાય રાષ્ટ્રીય શારીરિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓની સશક્તીકરણ સંસ્થા, 4, વિષ્ણુ દિગંબર માર્ગ, નવી દિલ્હી-110002 વેબસાઈટ - https://pdunippd.nic.in
- દેહરાદૂન ખાતે દૃષ્ટિ અક્ષમ વ્યક્તિઓના સશક્તીકરણ માટે રાષ્ટ્રીય સંસ્થા, ધ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર એમ્પાવરમેન્ટ ઓફ પરસન્સ વીથ વિઝ્યુઅલ ડિસએબિલિટીઝ, (NIEPVD) 116, રાજપુર રોડ, દેહરાદૂન. niepvd.nic.in
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર લોકોમોટર ડિસેબિલિટીઝ, કોલકાતા
- બૌદ્ધિક અક્ષમ વ્યક્તિઓના સશક્તીકરણ માટે રાષ્ટ્રીય સંસ્થા, સિકંદરાબાદ, તેલંગાણા ધ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ધી એમ્પાવરમેન્ટ ઓફ પરસન્સ વીથ ઈન્ટલએક્યુઅલ ડિસએબિલિટીઝ, (NIEPID) મનોવિકાસ નગર, બોવેન પાલી, સિકંદરાબાદ, તેલંગાણા, પીન-500009 વેબસાઈટ - https://niepid.nic.in
- અલીયાવર જંગ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ ડિસેબિલિટીઝ, મુંબઈ કે.પી. માર્ગ, બાંદ્રા (પશ્ચિમ) મુંબઈ, મહારાષ્ટ્ર-400500 વેબસાઈટ - https://ayjnishd.nic.in
- સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુનર્વસન પ્રશિક્ષણ અને અનુસંધાન સંસ્થા, કટક અલાટપુર, ઓડીસ્સા-754010 વેબસાઈટ - https://www.svnirtar.nic.in
- રાષ્ટ્રીય બહુ દિવ્યાંગતા જન સશક્તીકરણ સંસ્થા, ચેન્નાઈ, ઈસ્ટ-પોસ્ટ રોડ, મુટ્ટુકડુ, કોવાલમ, ચેન્નઈ, તમિલનાડુ-603112 વેબસાઈટ - https://nidpmd.nic.in
- ભારતીય સાંકેતિક ભાષા અનુસંધાન અને પ્રશિક્ષણ કેન્દ્ર, નવી દિલ્હી, ભારતીય ભાષા સમિતિ, 3જો માળ, એ-વીંગ, વિશ્વકર્મા ભવન, શહિદ જીતસિંગ માર્ગ, નવી દિલ્હી-110016
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સિસ, (NINHAMS) બેંગ્લોર, 29, હોસૂર રોડ, લક્કાસન્દ્રા, ઐયપ્પા ગાર્ડન, બેંગ્લોર, કર્ણાટક-560030 વેબસાઈટ - https://www.nimhans.ac.in
- ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિકલ મેડિસિન એન્ડ રિહેબિલિટેશન (AIIPMR), હાજીઅલી દરગાહ, કેશવરાવ ખાડ્યે માર્ગ, હાજીઅલી સરકારી કોલોની, મહાલક્ષ્મી, મુંબઈ, મહારાષ્ટ્ર-400034

વેબસાઈટ - https://www.aiipmr.gov.in

- ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ, નેમિનાશ કેમ્પસ, રોડ નં. 3, ટી.કે. લેઆઉટ, માનસંગ ગોવારી, મૈસુર, કર્ણાટક-570006.
- સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાઈકિયાટ્રી, રાંચી) અને કાન્કે, રાંચી, ઝારખંડ-834006 વેબસાઈટ - https://cipranchi.nic.in
- સમેકિત ક્ષેત્રિય કૌશલ વિકાસ (સી.આર.સી.) જેમકે શ્રીનગર, ભોપાલ, લખનૌ, ગુવાહાટી, સુંદરનગર, પટના, અમદાવાદ, કોઝિકોડ, દેવેંગેરે, નેલ્લોર, રાજનાંદગાંવ, નાગપુર, રાંચી અને ત્રિપુરા ખાતેના સંયુક્ત પ્રાદેશિક દિવ્યાંગતા કેન્દ્ર (CRCs) દિવ્યાંગતાના અભ્યાસ સંબંધિત વિષયોમાં ઉચ્ચ અભ્યાસ અને સંશોધન માટે જાણીતી સંસ્થાઓમાંની એક છે.

### ગુજરાતમાં નિયમિત અભ્યાસક્રમો અને દૂરસ્થ શિક્ષણ માટેનાં અભ્યાસસ્થળોઃ

ગુજરાતમાં વિશિષ્ટ શિક્ષણ અને દિવ્યાંગતા પુનર્વસનના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ બહુ ઓછી છે. આ સંસ્થાઓમાં સરકારી સંસ્થાઓ થોડી છે અને અન્ય ખાનગી ક્ષેત્રમાં છે.

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલયના દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તીકરણ વિભાગના સંયુક્ત પ્રાદેશિક કેન્દ્ર, પ્રતિષ્ઠિત સરકારી સંસ્થા, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી, અમદાવાદ છે.

ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, મમતા મંદિર ટ્રસ્ટ, પાલનપુર, બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, સી.સી. શાલ ઈન્સ્ટિટ્યૂટ, ભાવનગર જેવી ખાનગી સંસ્થાઓ પણ વિશિષ્ટ શિક્ષણમાં કાર્યક્રમોનું સંચાલન કરે છે.

### વિશિષ્ટ શિક્ષણમાં કારકિર્દીની તકો :

આપણા દેશમાં સરકારી અને બિન-સરકારી ક્ષેત્રમાં અનેક તકો ઉપલબ્ધ છે. સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણય મુજબ દરેક રાજ્ય સરકારને દરેક શાળામાં શિક્ષકની ભરતી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તાજેતરમાં ગુજરાત સરકારે વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતા વિશેષ શિક્ષક માટે 3000 જગ્યાની જાહેરાત કરી હતી (જાહેરાત નં. 01/2024 અને 02/2024) તારીખ: 15 ફેબ્રુઆરી 2024). NGO ક્ષેત્રમાં વિશિષ્ટ શિક્ષણ શિક્ષક, સંસાધન વ્યક્તિઓ, ક્ષેત્ર કાર્યકર, મેનેજર વગેરે તરીકે વિવિધ તકો ઉપલબ્ધ છે.

### વિશેષ શિક્ષણના વ્યાવસાયિક તરીકે કામ કરી શકે છે

- સમાવેશી વર્ગખંડમાં સહાયક શિક્ષક
- ખાસ શાળાઓમાં PRT/JBT અને TGT ખાસ શિક્ષણ શિક્ષક તરીકે
- નિયમિત સમાવેશી શાળાઓમાં PRT/JBT અને TGT ખાસ શિક્ષણ શિક્ષક તરીકે
- શિક્ષણ હસ્તક્ષેપકાર તરીકે પ્રારંભિક હસ્તક્ષેપ કેન્દ્રમાં
- પ્રિ-પ્રાઈમરીમાં સ્થાપનામાં
- ક્લિનિકલ આસિસ્ટન્ટમાં
- સંશાધન વ્યક્તિ તરીકે
- દિવ્યાંગતા પર કામ કરવા માટે પોતાનું ક્લિનિક શરૂ કરી શકો છો.

### સંશોધન તકો

દિવ્યાંગતા એ એક સંશોધનલક્ષી વિષય છે, જે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન માટે પુષ્કળ તક આપે છે. ભારત અને વિદેશમાં CRC, વિશિષ્ટ રાષ્ટ્રીય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં સંશોધનની તકો ઉપલબ્ધ છે. પીએચ.ડી. કરવા માટે, વ્યક્તિએ UGCની આવશ્યકતાઓ પૂર્ણ કરવી જરૂરી છે. સંશોધન પુનર્વસન વ્યાવસાયિકો ઉપલબ્ધ અભ્યાસો પર નિર્માણ કરવા, ડેટા એકત્રિત કરવા, પરિણામોની તપાસ કરવા અને પછી તેમના સંશોધન થીસિસ/પેપરમાં તારણો રજૂ કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

ભિક્ષુકગૃહ રોડ, જી.આઈ.ડી.સી.,
ઔદ્યોગિક વિસ્તાર,
ઓઢવ, અમદાવાદ.
ફોન - 079-22870544

# ક્લાસિકને કહો અલવિદા : હવેનો જમાનો ક્વોન્ટમ કમ્પ્યુટિંગનો...

ખ્યાતિ જોશી

વિદ્યાર્થી મિત્રો, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ ક્ષેત્રે આગળનો અભ્યાસ અને એ પછી આ ક્ષેત્રે કારકિર્દી ઘડતર વિષય પર વિચારવાનો આ ઉત્તમ સમય છે.

દુનિયાભરના વિકસિત અને વિકાસશીલો ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં વિકાસની નવી વ્યાખ્યા કંડારવાની વાતો કરી રહ્યા છે ત્યારે ભારત સક્રિયપણે ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સંશોધન અને વિકાસને આગળ ધપાવી રહ્યું છે. વિશેષ કરીને સરકાર અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (આઈઆઈએસસી) જેવી સંસ્થાઓ દ્વારા આ ક્ષેત્રે પહેલ પણ કરવામાં આવી છે. નિષ્ણાંતો અને સંશોધકોનું કહેવું કે, પરંપરાગત ક્લાસિકલ કમ્પ્યુટિંગનો વિદાયનો આ દાયકો છે અને આગામી દાયકાથી દરેક વ્યવસાયમાં અને ક્ષેત્રે ક્વોન્ટમ ટેકનોલોજીનો ફેલાવો વિસ્તરશે જેના કારણે આ દિશામાં રોજગારીની તકો વધશે.

ક્લાસિકલ કમ્પ્યુટિંગથી ક્વોન્ટમ કઈ રીતે અલગ પડે છે તે વિશે ટેકનીકલી ઊંડા અહીં ઉતરવું નથી પરંતુ ટૂંકમાં જો કહેવું હોય તો - ક્વોન્ટમ કમ્પ્યુટિંગ એ કોમ્પ્યુટર વિજ્ઞાનનું એક એવું ક્ષેત્ર છે જે ક્વોન્ટમ મિકેનિક્સનો ઉપયોગ કરીને ક્લાસિક કોમ્પ્યુટર કરતાં વધુ ઝડપથી સમસ્યાઓ ઉકેલે છે. તે પરંપરાગત બિટ્સને બદલે ક્વોન્ટમ બિટ્સ અથવા ક્વિટ્સનો ઉપયોગ કરે છે. ક્વોન્ટમ કમ્પ્યુટર્સ ગણતરીઓ કરવા માટે સુપરપોઝિશન અને એન્ટેંગલમેન્ટ જેવા ક્વોન્ટમ મિકેનિકલ પ્રભાવોનો ઉપયોગ કરે છે. ક્લાસિકની સરખામણીએ ક્વોન્ટમમાં ક્યુબિટ્સ એક જ સમયે શૂન્ય અને એક બંને હોઈ શકે છે. ક્લાસિકલ કમ્પ્યુટિંગની તુલનામાં ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં ગણતરી રોકેટ ગતિએ થશે. જટિલ સમસ્યાઓનો સામનો કરતી વખતે, સુપરપોઝિશન અને એન્ટેન્ગલમેન્ટનો ઉપયોગ કરવાની તેની ક્ષમતાને કારણે, ક્વોન્ટમ કમ્પ્યુટર્સને એકસાથે અનેક શક્યતાઓ પર ગણતરીઓ કરવાની મંજૂરી મળે છે. ક્લાસિકલ કમ્પ્યુટર્સ એક સમયે એક પગલા પર કાર્ય કરી માહિતી આપે છે.

## નોકરીની તકો

હવે જાણી લઈએ કે, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ ક્ષેત્રે કેવા પ્રકારની નોકરીની જરૂરિયાત ઊભી થવાની છે અને સંભવતઃ ક્યા પ્રકારનું પેકેજ મળી શકે તેમ છે. આગામી સમયમાં ક્વોન્ટમ અલ્ગોરિધમ ડેવલપરની મોટી જરૂરિયાત ઊભી થાય તેમ છે. આ કવોન્ટમ અલ્ગોરિધમ ડેવલપરની ભૂમિકા શું રહેશે તે જાણીએ તો ક્વોન્ટમ એલ્ગોરિધમ ડેવલપર્સ ક્વોન્ટમ કમ્પ્યુટર્સ પર ચલાવવા માટે અલ્ગોરિધમ્સ ડિઝાઈન અને ઑપ્ટિમાઈઝ કરે છે. આ માટે આવશ્યક કૌશલ્યમાં ક્વોન્ટમ થિયરી, રેખીય બીજગણિત, તેમજ પાયથોન અને કિસ્કિટ નામની પ્રોગ્રામિંગ ભાષાઓના જાણકાર અને નિષ્ણાંત બનવું આવશ્યક છે.





### જરૂરી અભ્યાસક્રમ

આ જ રીતે ક્વોન્ટમ સોફ્ટવેર એન્જિનિયરની જરૂર ફાયનાન્સ ક્ષેત્રે પડવાની છે. આ માટે જરૂરી કૌશલ્યોમાં કિસ્કીટ અથવા સીર્કનો ઉપયોગ કરીને પ્રોગ્રામિંગ લેંગ્વેજ સાથે પ્રોગ્રામિંગ અને એમ્બેડિંગનું જ્ઞાન હોવું જરૂરી છે.

વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્રે ચોક્કસ અભ્યાસ કરી આગળ વધવું ફાયદાકારક છે. આપણે ત્યાં ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં વ્યાવસાયિક શિક્ષણ મેળવવા માટે, શ્રેષ્ઠ વિકલ્પ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ બેંગ્લોર છે. બધા માટે ત્યાં પહોંચવુ શક્ય નથી તો ઘણા શૈક્ષણિક સંકુલો છે જે ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં વિશિષ્ટ અભ્યાસક્રમો અને સંશોધન તકો પ્રદાન કરે છે. આઇઆઇટી દિલ્હી, મદ્રાસ, જોધપુર જેવી ઘણી આઇઆઇટી સક્રિયપણે ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સંશોધન કાર્યક્રમો વિકસાવી રહી છે. આ સિવાય ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં અદ્યતન સંશોધન માટે ક્વોન્ટમ મેઝરમેન્ટ એન્ડ કંટ્રોલ લેબોરેટરી ધરાવે છે. બીજુ કે મોટાભાગની સંસ્થાઓ ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં વિશેષતા સાથે ભૌતિકશાસ્ત્રમાં માસ્ટર ડિગ્રી ઓફર કરે છે. તો કેટલાક શૈક્ષણિક સંકુલો ખાસ કરીને ક્વોન્ટમ ટેકનોલોજી પર કેન્દ્રિત સમર્પિત એમ.ટેક પ્રોગ્રામ્સ ઓફર કરે છે. આપણે ત્યાં ગુજરાતમાં ટોચના મોટાભાગના વિશ્વવિદ્યાલયો આઇટીના અભ્યાસક્રમ ઓફર છે. આઇટીમાં ગ્રેજ્યુએશન બાદ ચોક્કસ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવી માસ્ટર્સની ડીગ્રી પણ મેળવી શકાય છે. આ માટે સૌ પહેલા તો ધોરણ દસ બાદ વિજ્ઞાન શાખા પસંદ કરી આ દિશામાં આગળ વધવું આવશ્યક છે.

### અંદાજિત આવક

વિદેશોમાં વિશેષ કરીને વિકસિત દેશોમાં ક્વોન્ટમ સોફ્ટવેર એન્જિનિયરોનો સરેરાશ વાર્ષિક પગાર લગભગ એક લાખ ડોલરથી શરૂ થાય છે જે હાલ પોણા બે લાખ ડોલર સુધી પહોંચ્યો છે.

સોફ્ટવેરની સાથે જ હાર્ડવેર કંપનીઓને એન્જિનિયરની જરૂર પડવાની છે. ક્વોન્ટમ હાર્ડવેર એન્જિનિયરો એવા પ્રોફેશનલ્સ છે જેઓ ક્વોન્ટમ કમ્પ્યુટર હાર્ડવેરના વિકાસ પર કામ કરે છે જે ડિઝાઇનિંગ, ડેવલપિંગ અને પછી તેનું સંચાલન કરે છે. આ માટે વ્યક્તિ પાસે ઇલેક્ટ્રોનિક્સના ઑપ્ટિમાઇઝેશનના પાયાના જ્ઞાન સાથે કોમ્પ્યુટર સિસ્ટમ અને ડીજીટલ કંટ્રોલ સીસ્ટમના કામ અંગેની જાણકારી હોવી આવશ્યક છે. પગાર ધોરણ વિશે જાણીએ તો ક્વોન્ટમ હાર્ડવેર એન્જિનિયરોને વિદેશમાં સવા લાખ ડોલરથી બે લાખ ડોલરનો વાર્ષિક પગાર ઓફર કરવામાં આવે છે.

### ભારતમાં ભવિષ્ય

હવે સવાલ એ ઊભો થયો છે કે આપણે ત્યાં દેશમાં શું થઈ રહ્યું છે. દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા વિશેષ પ્રોજેક્ટ પર કામ કરાઈ રહ્યું છે. આઇઆઇએસસી બેંગ્લોર ક્વોન્ટમ સંશોધન માટેનું એક અગ્રણી કેન્દ્ર છે, જે ક્વોન્ટમ અલ્ગોરિધમ્સ, માહિતી સિદ્ધાંત અને ભૂલ સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. હા ભલે આપણે ત્યાં મર્યાદિત સ્ટાર્ટઅપ છે પણ આગામી દિવસોમાં ભારતમાં ક્વોન્ટમ ટેકનોલોજીના વ્યાપારી ઉપયોગોની શોધખોળ કરતા સ્ટાર્ટઅપ્સ અને વ્યવસાયોની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થવાનો અંદાજ છે. એક અભ્યાસ મુજબ આ ક્ષેત્રે વર્ષ 2030 સુધીમાં આ વૃદ્ધિ ડબલ ડિજિટમાં રહેશે.

વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરની શુભેચ્છા....

ડી-901, અંકુર હાઇટ્સ, જહાંગીરપુરા,
અડાજણ, સૂરત.
મો. : 9879640660

# એક્સપોર્ટ-ઇમ્પોર્ટ ફિલ્ડમાં બનાવો ઉજ્જ્વળ ભવિષ્ય

કિશન જોશી

"એક્સપોર્ટ-ઈમ્પોર્ટ" એટલે કે આયાત-નિકાસ માટે લોકોના મનમાં એક નેગેટિવ વ્યૂ બની ગયો કે "એક્સપોર્ટ-ઈમ્પોર્ટ" એટલે સ્મગલિંગ, ગેરકાયદેસર કામ કે ફ્રોડ થવાની સંભાવના! પણ એવું કશું જ નથી. આપણી ભારત સરકાર નાના-મોટા ઉદ્યમીઓને કહે છે કે ભારતનું એક્સપોર્ટ વધારવામાં મદદ કરો અને એ માટે સરકાર એક્સપોર્ટ કરનારાઓને ઈન્સેન્ટિવ અથવા જીએસટી ટેક્સમાં છૂટ પણ આપે છે. "એક્સપોર્ટ-ઈમ્પોર્ટ" ક્ષેત્રમાં તમે ત્રણ રીતે કૅરિયરમાં આગળ વધી શકો છો.

1. પોતાનો "એક્સપોર્ટ-ઈમ્પોર્ટ" ઉદ્યોગ શરૂ કરીને
2. કોઈ મોટી એક્સપોર્ટ કરતી કંપનીમાં કે પોર્ટ પર નોકરી મેળવીને
3. "એક્સપોર્ટ-ઈમ્પોર્ટ"ને લગતી સર્વિસ આપીને જેમકે CHA, International Commission Agent, કે પછી Freight Forwarder તરીકે અલગ અલગ સર્વિસ આપીને...

તો ચાલો મિત્રો, ઉપરના દરેક મુદ્દાને આપણે વિસ્તારમાં સમજીએ.

### 1. પોતાનો "એક્સપોર્ટ-ઇમ્પોર્ટ" ઉદ્યોગ શરૂ કરીને :

અહીંયાં તમને એક સવાલ થતો હશે કે "એક્સપોર્ટ - ઈમ્પોર્ટ"ના ક્ષેત્રમાં અભ્યાસ કર્યા બાદ બિઝનેસ કરી શકીએ છીએ?" તો આ સવાલનો જવાબ છે હા. એક્સપોર્ટ - ઈમ્પોર્ટનો અભ્યાસ કરીને કે આ ક્ષેત્રનું નોલેજ લઈને તમે તમારા પોતાના બિઝનેસની શરૂઆત કરી શકો છો અને આપણા દેશની પ્રગતિમાં તમે તમારું યોગદાન આપી શકો છો.

હવે આપણે જાણીએ કે એક્સપોર્ટ - ઈમ્પોર્ટનો ઉદ્યોગ કે ફર્મ શરૂ કરવા માટેની પ્રોસેસ શું છે અને કયા કયા ડોક્યુમેન્ટસની જરૂર પડે છે. એક્સપોર્ટ - ઈમ્પોર્ટનો ઉદ્યોગ કે ફર્મની શરૂઆત કરવા માટેની પ્રોસેસ અને ડોક્યુમેન્ટસ નીચે મુજબ છે.

❖ તમે CA કે કોઈ વકીલ દ્વારા પ્રોપરાઈટર, પાર્ટનરશિપ, કે પ્રાઈવેટ લિમિટેડ ફર્મ માટે રજિસ્ટ્રશન કરાવી શકો છો. ફર્મ માટે રજિસ્ટ્રશનમાં તમે ફર્મનું નામ, એડ્રૈસ તમારી ભાગીદારી કેટલી છે તમારો બિઝનેસ ટાઈપ આ બધી જ બાબતને દર્શાવી શકો છો.

❖ ત્યાર બાદ કંપનીનું પાન કાર્ડ મેળવીને તમે કોઈ પણ બૅંકમાં કરંટ એકાઉન્ટ ઓપન કરાવી શકો છો. કરંટ એકાઉન્ટ માટે જે તે બૅન્કના નિયમ પ્રમાણે બૅન્કમાં ડોક્યુમેન્ટ અને મિનિમમ બેલેન્સ જમા કરાવી પોતાની ફર્મનું ખાતું ખોલાવી શકો છો.

❖ ત્યાર બાદ તમે એક્સપોર્ટ - ઈમ્પોર્ટ લાઈસન્સ માટે એપ્લાઈ કરી શકો છો જે રીતે કોઈ વાહન ચલાવવા માટે તમારે લાઈસન્સની જરૂર પડે છે એમ "એક્સપોર્ટ - ઈમ્પોર્ટ" કરવા માટે પણ લાઈસન્સની જરૂર પડે છે અને આ એક ખૂબ અગત્યનું ડોક્યુમેન્ટ છે, જે તમે Directorate General of Foreign Tradeની વેબસાઈટ પરથી મેળવી શકો છો, જે માટેની લિન્ક https://www.dgft.gov.in/CP/

❖ હવે એક્સપોર્ટ - ઈમ્પોર્ટ માટે તમે તમારી કંપનીની પ્રોપર વેબસાઈટ બનાવી શકો છો જેથી ભારતના કે ભારત બહારના બાયર કે સેલર તમારી વેબસાઈટ દ્વારા તમારો કોન્ટે ક કરી શકે છે. વેબસાઈટ બનાવવા માટે તમે તમારી ફર્મના નામનું ડોમેઈન નેમ અને

સર્વર સ્પેસ તમે https://www.godaddy.com/ અથવા https://www.hostinger.in/ જેવી વેબસાઈટ પરથી લઈ શકો છો.

➔ ઉપરની બધી જ પ્રોસેસ થઈ ગયા બાદ તમે તમારી પ્રોડક્ટ માટે RCMC એટલે કે Registration-Cum-Membership Certificate મેળવી શકો છો, RCMC એ અલગ અલગ પ્રોડક્ટ માટે અલગ અલગ સર્ટિફિકેટ હોય છે જેમકે જો શાકભાજી, ફ્રૂટ, કે કોઈ ફૂડ પ્રોડક્ટ એક્સપોર્ટ કે ઈમ્પોર્ટ માટે https://apeda.gov.in/RCMCમાં Registration કરી શકો છો.

ઉપરના બધા જ જરૂરી ડૉક્યુમેન્ટસ બનાવ્યા બાદ અને ફર્મ રજિસ્ટર તમે તમારી પ્રોડક્ટ માટે સપ્લાયર અને બાયર શોધી શકો છો અને સપ્લાયર પાસેથી તમારી પ્રોડક્ટને સોર્સ કરી પોતાનો પ્રોફિટ ઉમેરીને અને બાયરને એક્સપોર્ટ કરી શકો છો અથવા કોઈ બીજા દેશમાંથી તમારી પ્રોડક્ટને ઈમ્પોર્ટ કરી ભારતમાં વહેંચી પણ શકો છો.

**2. કોઈ મોટી એક્સપોર્ટ કરતી કંપનીમાં કે પોર્ટ પર નોકરી પણ મેળવી શકો છો.**

જો તમારે “એક્સપોર્ટ - ઈમ્પોર્ટ”ના ક્ષેત્રમાં ઉદ્યમી તરીકે કામ નથી કરવું અને તમારે એક સારી કંપનીમાં નોકરી કરીને કેરિયર બનાવવાનો વિચાર છે તો તમે સારી કંપનીમાં નોકરી પણ કરી શકો છો. અહીંયાં તમને અભ્યાસ માટે અને પગારધોરણને લગતા થોડા સવાલો થતા હશે કે “એક્સપોર્ટ - ઈમ્પોર્ટ કરવા માટે શું અભ્યાસ કરવો પડે અને કઈ સ્કિલની જરૂર પડે છે?” અને “અભ્યાસ બાદ કેટલા પે-સ્કેલની નોકરી મળી શકે છે” તો મિત્રો, આ રહ્યા તમારા થોડા સવાલોના જવાબ.



❖ **એક્સપોર્ટ - ઈમ્પોર્ટ કરવા માટે કયો અભ્યાસ કરવો જરૂરી છે અને કઈ સ્કિલની જરૂર પડે?**

એક્સપોર્ટ-ઈમ્પોર્ટ ક્ષેત્રમાં નોકરી કરવા માટે B.com કે BBA બાદ MBA in Port Management, MBA in Logistics and supply chain, કે MBA કરીને International Marketingમાં અભ્યાસ કરીને મોટી એક્સપોર્ટ કંપની કે મોટા એક્સપોર્ટ હાઉસ જેમકે અદાણી એક્સપોર્ટસ કે પછી પોર્ટ પર પોર્ટ મૅનેજમૅન્ટમાં અથવા કોઈ પણ ફાર્મા કંપની કે પ્રોડક્ટ બનાવતી કંપનીના એક્સપોર્ટ ડિપાર્ટમેન્ટમાં નોકરી મેળવી શકો છો. અને એક્સપોર્ટ-ઈમ્પોર્ટને લગતા સર્ટિફિકેટ કોર્સ પણ કરી શકો છો. અભ્યાસ કે સર્ટિફિકેટ કોર્સ કરવા માટે નીચે મુજબ અમુક સંસ્થાઓની માહિતી સભર વેબસાઈટ જોઈ શકો છો:

1. https://niftindia.in/ - National Institute of Foreign Trade
2. https://www.commerce.gov.in/about-us/autonomous-bodies/indian-institute-of-foreign-trade-llft/ - Indian Institute of Foreign Trade

❖ **અભ્યાસ બાદ કેટલા પે-સ્કેલની નોકરી મળી શકે છે?**

બીજાં ક્ષેત્રોની જેમ એક્સપોર્ટ-ઈમ્પોર્ટની નોકરીમાં પણ તમારા અનુભવ પર પગાર ધોરણ પણ વધતું જાય છે. https://www.glassdoor.co.in/ અને https://www.ambitionbox.com/ જેવી જોબ પોર્ટલના ડેટા મુજબ એક્સપોર્ટ-ઈમ્પોર્ટ મેનેજરનું પગાર ધોરણ વર્ષે 4 લાખથી 12 લાખ મિનિમમ હોઈ શકે છે. પગારધોરણમાં ફેરફાર તમારા કામ કરવાનાં શહેર કે કંપની ઉપર પણ હોય છે.

**3. “એક્સપોર્ટ-ઇમ્પોર્ટ” ને લગતી સર્વિસ આપીને**

જેમકે CHA, International Commission Agent, કે પછી Freight Forwarder તરીકે અલગ

અલગ સર્વિસ આપીને

એક્સપોર્ટ - ઈમ્પોર્ટનો અભ્યાસ કે સર્ટિફિકેટ કોર્સ કે પછી ક્યાંય નોકરી કરીને અનુભવ મેળવી લીધા બાદ તમે તમારી કન્સલ્ટિંગ ફર્મ પણ સ્થાપી શકો છો. કન્સલ્ટિંગ ફર્મમાં તમે બીજા એક્સપોર્ટર કે ઈમ્પોર્ટર ને કન્સલ્ટિંગ સર્વિસિસ જેવી કે Customs House Agent (CHA), International Commission Agent, કે પછી Freight Forwarder જેવી સેવાઓ આપીને પણ સારી એવી કમાણી કરી શકો છો.

Customs House Agent (CHA), International Commission Agent, કે પછી Freight Forwarder માટે પણ તમારે એમ.બી.એ., સી.એ. કે કસ્ટમ-લોમાં અભ્યાસ કરવો પડે છે અને ત્યારબાદ કસ્ટમ ખાતાની ફોર્મ જી ની પરીક્ષા આપવી પડે છે. અને ત્યારબાદ કસ્ટમના ઓછામાં ઓછા 3 વર્ષના અનુભવ બાદ તમે Customs House Agent (CHA) તરીકે ઝંપલાવી શકો છો.

- **ચાલો હવે આપણે જાણીએ એક્સપોર્ટ ઇમ્પોર્ટ ક્ષેત્રમાં કેરિયર બનાવવાનાં ફાયદાઓ:**

1. જો તમે ધંધાર્થી છો તો તમે તમારી કંપની દ્વારા ભારત દેશની ઈકોનોમીને મદદરૂપ થઈ શકો છો અને આ માટે સરકાર તમને ઈન્સેન્ટિવની સાથે ટેક્સમાં પણ છૂટ આપે છે.
2. ઈન્ટરનેશનલ એક્સપોઝર મળે છે.
3. ઈન્ટરનેશનલ કે ફોરેનના બાયર સાથે કોમ્યુનિકેશન કરી તમારી કોમ્યુનિકેશન અને સેલ્સની આવડતને વધારી શકો છો.
4. અલગ અલગ પ્રોડક્ટ વિશેનું નોલેજ મેળવી શકો છો.
5. અલગ અલગ દેશોમાં થતાં એક્સપોની મુલાકાત લઈને તમે ટ્રાવેલ પણ કરી શકો છો.
6. જો તમે એક્સપોર્ટ ઈમ્પોર્ટ કરતી કંપનીમાં કે કોઈ મોટા એક્સપોર્ટ હાઉસમાં નોકરી કરતા હશો તો કંપની તમને ઈન્ટરનેશનલ ટ્રીપ કે ઈન્ટરનેશનલ સેલ્સ માટે કોઈ બીજા દેશમાં કામ કરવા પણ મોકલી શકે છે.
7. કોઈ પણ ક્ષેત્રમાં કે કંપનીના એક્સપોર્ટ વિભાગમાં કામ કરી શકો છો.

તો મિત્રો, આપણે એક્સપોર્ટ-ઈમ્પોર્ટ વિશે અહીંયાં થોડી માહિતી મેળવી. એક્સપોર્ટ-ઈમ્પોર્ટ એ એક દરિયો છે. જેટલી માહિતી મેળવો એટલી ઓછી. **www.transhubinternational.com** એક્સપોર્ટ ઈમ્પોર્ટ કન્સલ્ટિંગ કંપનીના સ્થાપક રશ્મિનભાઈ સોલંકી સરળ ભાષામાં સમજાવે છે કે "એક્સપોર્ટ-ઈમ્પોર્ટ દુનિયાનો સૌથી જૂનો વ્યવસાય છે. વર્ષો પહેલાં ફ્રેંચ, પોર્ટુગીઝ અને અંગ્રેજો ભારત ટ્રેડ કરવા જ આવેલા. આપણા ભારત દેશના મરી-મસાલા જહાજોમાં ભરી પોતાને દેશ લઈ જતા અને બદલામાં ત્યાંની કરન્સી કે બીજો સામાન ભારતમાં લઈ આવતા. અને જ્યારે કોઈ કરન્સી(નાણું) ન હતું ત્યારે લોકો બાર્ટર ટ્રેડ કરતા જ હતા. હજી તો આપણું ભારત 2024 મુજબ 814 બિલિયન ડોલરનું એટલે કે દુનિયાનું 5.40% જેવું જ ટ્રેડ કરે છે. જ્યારે ચાઈનાએ 3.58 ટ્રિલિયન ડોલર જેટલો ટ્રેડ કરેલો છે."

તો મિત્રો, રાહ શેની જુઓ છો? જો તમને આ ક્ષેત્રમાં રસ પડ્યો હોય તો આજથી જ એક્સપોર્ટ-ઈમ્પોર્ટ ફિલ્ડ વિશે માહિતી મેળવવાનું ચાલુ કરો અને ધોરણ 10 કે 12 પછી આગળ અભ્યાસની તૈયારી ચાલુ કરો.

એ-602, હેવન પેરેડાઇઝ એપાર્ટમેન્ટ,
ગોતા, અમદાવાદ.
મો. : 9913333707

# સાયબર સિક્યોરિટી એક્સપર્ટની રક્ષણમય કારકિર્દી

વિકાસ વર્તુળ ટ્રસ્ટ

### શું છે સાયબર ક્રાઈમ ?

આપણને અવારનવાર સાંભળવા મળે છે કે કોઈ વ્યક્તિનું ઈ-મેઈલ એકાઉન્ટ, ટ્વીટર એકાઉન્ટ હેક થઈ ગયું, તો ક્યાંક બેન્ક કે સંસ્થાની આખે આખી વેબસાઈટ હેક કરી તેના મહત્ત્વના રહસ્યો કે ડૉક્યુમેન્ટની ચોરી થઈ જાય છે. ક્યાંક આ રીતે એકાઉન્ટ હેક કરી ખંડણી પણ માગવામાં આવે છે. આના કારણમાં ઊંડા ઉતરતા જોઈએ તો છેલ્લા થોડા વર્ષોમાં ભારતમાં મધ્યમ અને નાના કદના ઉદ્યોગો, મોટા કદના ઉદ્યોગોની જેમ જ ટેકનોલૉજીથી સુસજ્જ થયા છે. ભારતમાં ઓનલાઈન ખરીદી કરનારાઓની સંખ્યામાં પણ ઘણો વધારો નોંધાયો છે. વધુમાં ક્લાઉડ અને નેટવર્ક ટૅકનોલૉજીનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે અને સાથે તેની માંગમાં પણ જે રીતે વધારો નોંધાયો છે તેની સાથે ઈન્ટરનેટ અને ક્લાઉડ બેઝ સાયબર જોખમોનું પ્રમાણ પણ વધી રહ્યું છે. આવું માત્ર ભારતમાં જ નહિ, દુનિયાભરમાં આવા બનાવો રોજબરોજના થઈ ગયા છે.

ડિજિટલાઈઝેશનની વધતી માંગને કારણે, દરેક વ્યક્તિ અને સંગઠન સાયબર ધમકીઓનો સામનો કરે છે. સાયબર




સિક્યૉરિટી મુખ્યત્વે તમારી સિસ્ટિમને ઈન્ટરનેટ પર થતી ચોરી અને અન્ય ગેરરીતિઓથી સુરક્ષિત કરે છે. તેની જરૂરિયાત સરકારી અને ખાનગી તમામ પ્રકારની સંસ્થાઓને હોય છે, જેથી ડેટા ચોરી ન થાય કે તેનો દુરુપયોગ ન થાય. પરિણામે સાયબર પ્રોફેશનલની તાતી જરૂરિયાતો ઊભી થવા પામી છે. કારણ કે સાયબર સિક્યૉરિટી પ્રોફેશનલનું મુખ્ય કાર્ય જ કોઈ પણ નેટવર્કમાં રહેલી ખામીને શોધી કાઢીને સુરક્ષા પૂરી પાડવાનું છે.

### કઈ રીતે કરી શકો છો શરૂઆત?

આ ક્ષેત્રમાં પ્રવેશવા માટે નીચેની કુશળતા અને લાયકાતોની જરૂર છે.

- ❖ જો તમારી પાસે કમ્પ્યૂટર સાયન્સ અથવા સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી હોય તો તમે આ ફિલ્ડમાં કરિયર બનાવી શકો છો.
- ❖ ફાયરવોલ્સ અને એન્ડપોઈન્ટ સિક્યૉરિટી વિશે માહિતી રાખવી જરૂરી છે.
- ❖ કમ્પ્યૂટર લેંગ્વેજ અને ટૂલ્સ જેવા કે C++, જાવા, નોડ, પાયથન, રૂબી, ગો, પાવર શેલ વગેરેનું જ્ઞાન હોવું આવશ્યક છે.
- ❖ હેકર્સની પદ્ધતિઓની સાથે સાથે સાયબર સિક્યૉરિટી ટ્રેન્ડને પણ જાણવો જરૂરી છે.
- ❖ પ્રોબ્લેમ સોલ્વિંગ એટિટ્યૂડ હોવો જોઈએ અને કોઈ પણ નાની બાબત છૂટી ન જવી જોઈએ, એટલે કે દરેક ડિટેલ પર નજર રાખવાનો અભિગમ હોવો જોઈએ.

જો તમે સાયબર સિક્યૉરિટી ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગો છો તો તમારી પાસે એક સુવર્ણ તક છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)એ સાયબર સુરક્ષા અને ડેટા સુરક્ષામાં

અંડર ગ્રેજ્યુએટ અને અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કર્યા છે. સાયબર સિક્યૉરિટી પરના કોર્સનો ઉદ્દેશ્ય ટેકનિકલ અને નોન-ટેકનિકલ બંને સ્ટ્રીમના વિદ્યાર્થીઓમાં સાયબર સિક્યૉરિટીના મુદ્દાઓની સમજ વિકસાવવામાં મદદ કરવાનો છે. આ અભ્યાસક્રમો તમામ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક અથવા વૈકલ્પિક શ્રેણી હેઠળ યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં શરૂ કરવામાં આવશે. યુજીસીના જણાવ્યાનુસાર આ અભ્યાસક્રમનો ઉદ્દેશ્ય વધુ જાગૃત, પ્રતિભાવશીલ અને જવાબદાર ડિજિટલ નાગરિકો બનાવવાનો છે, જેથી તેઓ એકંદર સ્વસ્થ સાયબર સુરક્ષા મુદ્રા અને ઈકોસિસ્ટિમમાં અસરકારક રીતે યોગદાન આપી શકાય શકશો.

UG અને PG સ્તરે આ અભ્યાસક્રમોના વર્ગો માટે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સાયબર સિક્યૉરિટી/ કમ્પ્યૂટર/ IT લાયકાત ધરાવતા ફેકલ્ટી અથવા ઉદ્યોગ/ વિષય નિષ્ણાતોને વ્યાખ્યાન, પ્રૅક્ટિકલ અથવા ટ્યુટોરિયલ્સ કરવા માટે બોલાવવામાં આવી શકે છે.

### વિદ્યાર્થીઓ યુજીમાં શું અભ્યાસ કરશે ?

યુજીસી દ્વારા બહાર પાડવામાં આવેલા અભ્યાસક્રમ મુજબ, અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ મૂળભૂત અને મધ્ય-સ્તરના ખ્યાલોનો અભ્યાસ કરશે. તે જ સમયે, અનુસ્નાતક વિદ્યાર્થીઓ મધ્ય અને અદ્યતન સ્તરના ખ્યાલોને આવરી લેશે. અંડર ગ્રેજ્યુએટ્સ અભ્યાસક્રમમાં અન્ય બાબતોની સાથે સાયબર સિક્યૉરિટી, સાયબર ક્રાઈમ અને કાયદો, સોશિયલ મીડિયા ઓવરવ્યૂ, ઇ-કોમર્સ, ડિજિટલ પેમેન્ટ્સ અને ડિજિટલ ડિવાઇસ સિક્યૉરિટીનો અભ્યાસ કરશે.

આ મોડ્યુલ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ કોમ્પ્યૂટર અને મોબાઇલ સાથે સંબંધિત મૂળભૂત સુરક્ષા પાસાઓને સમજી શકશે. તેઓ તેમના ઉપકરણને સુરક્ષિત રાખવા માટે મૂળભૂત સાધનો અને ટેકનોલૉજીનો ઉપયોગ કરી શકશે.

### વિદ્યાર્થીઓ પીજીમાં શું ભણશે?

અનુસ્નાતક સ્તરે આવરી લેવામાં આવશે તેવા વિષયોમાં સાયબર સુરક્ષા, સાયબર કાયદો, ડેટા ગોપનીયતા અને સુરક્ષા, સાયબર સુરક્ષા વ્યવસ્થાપન અને અનુપાલન અને શાસનનો સમાવેશ થાય છે. આ મોડ્યુલ પૂર્ણ કર્યા પછી, વિદ્યાર્થીઓને વ્યક્તિગત ડેટા ગોપનીયતા અને સુરક્ષા સાથે સંબંધિત પાસાઓ સહિત સાયબર ક્રાઈમ માટે ભારતમાં કાયદાકીય માળખાની સમજ હશે. તેઓ ડેટા પ્રોટેક્શન બિલ, 2019 અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સંબંધિત ડેટા ગોપનીયતા અને સુરક્ષા મુદ્દાઓ વિશે પણ માહિતી મેળવશે.

### ક્યાં ભણશો?

ગુજરાતમાં સાયબર સિક્યૉરિટી વિષયક અભ્યાસક્રમ નીચેની સંસ્થાઓમાં ભણી શકાય છે.

- **નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**

(1) એમ.એસસી (સાયબર સિક્યૉરિટી)
(2) એમ.એસસી (ડિજિટલ ફોરેન્સિક્સ એન્ડ ઇન્ફર્મેશન સિક્યૉરિટી)
(3) એમ.ટેક ઇન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એન્ડ ડેટા સાયન્સ (સ્પેશિયલાઇઝેશન ઇન સાયબર સિક્યૉરિટી)
(4) બી.ટેક-એમ.ટેક ઇન કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ (સાયબર સિક્યૉરિટી)
(5) પીજી ડિપ્લોમા ઇન સાયબર સિક્યૉરિટી

સાયબર સિક્યૉરિટી વિષયના અભ્યાસક્રમો અન્ય અનુસ્નાતક કક્ષાની માફક સમયગાળો બે વર્ષનો રહે છે. અંદાજિત બે વર્ષ દરમિયાન પ્રતિ સેમેસ્ટરના રૂ.90,000/- ફી હોઈ શકે છે. પ્રવેશ લાયકાત B.E./B.Tech-કમ્પ્યૂટર એન્જિનિયરિંગ, MCA, M.Sc. CSE/ITની ડિગ્રી માન્ય યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછા 55% સાથે પાસ કરેલી હોવી જોઈએ.

સત્તાવાર વેબસાઈટ : https://www.nfsu.ac.in/Programs/programinfo/21? deptid=44

- **ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**

(1) એમ.એસસી ઈન્ટિગ્રેટેડ ઇન સાયબર સિક્યૉરિટી એન્ડ ફોરેન્સિક્સ (ધો.12 કોમર્સ/ સાયન્સ માટે)

સત્તાવાર વેબસાઈટ : https://www.gujaratuniversity.ac.in/

**● રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર**

(1) બી.ટેક ઈન કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ (સાયબર સિક્યૉરિટી)

(2) એમ.ટેક ઈન સાયબર સિક્યુરીટી

(3) એમ.એસસી ઈન સાયબર સિક્યૉરિટી એન્ડ ડિજિટલ ફૉરેન્સિક્સ

(4) પીજી ડિપ્લોમા ઈન સાયબર સિક્યૉરિટી એન્ડ ડિજિટલ ફોરેન્સિક્સ

સત્તાવાર વેબસાઈટ : https://rru.ac.in/

**● પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર**

(1) એમ.ટેક ઈન સાયબર સિક્યૉરિટી

સત્તાવાર વેબસાઈટ : https://pdeu.ac.in/

**● ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(1) એમ.એસસી ઈન સાયબર સિક્યૉરિટી

સત્તાવાર વેબસાઈટ : https://baou.edu.in//

**● ગુજરાત ટેક્નોલૉજિકલ યુનિવર્સિટી**

(1) એમઈ ઈન કમ્પ્યૂટર એન્જિનિયરિંગ (સાયબર સિક્યૉરિટી)

સત્તાવાર વેબસાઈટ : https://www.gtu.ac.in/

આ ઉપરાંત ગુજરાતમાં જ ઘણી બધી ખાનગી સંસ્થાઓમાં તથા ગુજરાત બહાર નીચેની સંસ્થાઓમાં સાયબર સિક્યૉરિટી અંગેના કોર્સ કરી શકાય છે.

- ❖ એનઆઈઈએલઆઈટી, દિલ્હી
- ❖ એચઆઈટીએસ, ચેન્નાઈ
- ❖ બ્રેઈનવેર યુનિવર્સિટી, એનએસએચએમ નોલેજ કેમ્પસ, કોલકાતા
- ❖ એમિટી યુનિવર્સિટી, જયપુર
- ❖ હૈદરાબાદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી એન્ડ મૅનેજમૅન્ટ, હૈદરાબાદ.

આ સંસ્થાઓમાં પીજી ડિપ્લોમાથી લઈને પીજી ડિગ્રી કોર્સ કરી શકો છો. પીજીડિગ્રી કોર્સમાં તેને સ્પેશિયલાઈઝેશન તરીકે પસંદ કરી શકાય છે. જોકે, કેટલાંક સ્થળોએ પીજી કાર્યક્રમ ફક્ત ખાસ સાયબર સિક્યૉરિટી પર જ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત ડિપ્લોમા કોર્સ પણ કરી શકાશે.

**લાયકાત**

જે ઉમેદવારોએ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી સાયન્સ સાથે ધો.12 પાસ કર્યું છે, તેઓ બેચલર્સ કોર્સ માટે અરજી કરી શકે છે. માસ્ટર્સ કોર્સ માટે સાયબર સિક્યૉરિટી બેચલર્સમાં ઓછામાં ઓછા 50 ટકા ગુણ હોય તો અરજી કરી શકાય છે. દરેક સંસ્થાના નિયમો અલગ અલગ છે, જે અંગેની વિગતો તેમની સત્તાવાર વેબસાઈટ પર જઈને ચકાસી શકો છો.

GATE, CBSE 12th, ISC, CAT, JEE Main, GUJCET, KUAT, UP 12th, GSEB HSC જેવી પ્રવેશ પરીક્ષાઓ પાસ કર્યા બાદ મનગમતી શૈક્ષણિક સંસ્થામાં સાયબર સિક્યૉરિટીના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રાપ્ત થતો હોય છે.

**ફી સ્ટ્રક્ચરઃ**

વિવિધ સંસ્થાઓની તેમની સગવડો, ફેકલ્ટી, પ્લેસમેન્ટ જેવી સુવિધોઓના આધારે ભિન્ન-ભિન્ન ફી સ્ટ્રક્ચર ધરાવે છે. મોટા ભાગે સેમેસ્ટર પદ્ધતિ અંતર્ગત કાર્ય કરતી સંસ્થાઓમાં પ્રતિ સેમેસ્ટર ઓછામાં ઓછી 6000 થી લઈને 6 લાખ સુધી ફી રહેતી હોય છે.

**આ ક્ષેત્રના એક્સપર્ટનાં કાર્યો અને પગાર**

કોર્સ પૂર્ણ થયા બાદ સાયબર સિક્યૉરિટી જર્નાલિસ્ટ, નેટવર્ક સિક્યૉરિટી એન્જિનિયર, ક્લાઉડ સિક્યૉરિટી એન્જિનિયર, સિક્યૉરિટી આર્કિટેક્ટ જેવા વિવિધ પદો પર કામ કરી શકો છો. બૅંકિંગથી લઈને યુટિલિટીઝ સુધીનાં ઘણાં ક્ષેત્રોમાં નોકરીઓ સરળતાથી ઉપલબ્ધ છે. જો તમને નોકરી મળે છે, તો તમે વર્ષના રૂ. 5 થી 6 લાખની કમાણી કરી શકો છો.

**(1) નેટવર્ક સુરક્ષા એન્જિનિયર :**

માલવેર દૂષિત બગ્સ અને હેકિંગના પ્રયાસોને ઓળખે છે, સાથે જ નેટવર્ક સિક્યૉરિટી એન્જિનિયરે શંકાસ્પદ પ્રકારની પ્રવૃત્તિઓ પર નજર રાખીને અને ભવિષ્યના આઈ.ટી. જોખમોને ટાળવા માટેની અને નેટવર્ક સિસ્ટિમની મજબૂત ગોઠવણીઓ બનાવીને સંસ્થાની આંતરિક અને બાહ્ય નેટવર્ક સુરક્ષાને સુનિશ્ચિત કરવાની જવાબદારી નિભાવવાની છે.

**નેટવર્ક સુરક્ષા એન્જિનિયરની ભૂમિકાઓ અને જવાબદારીઓ -**

(1) સુરક્ષા અને ડેટા ગોપનીયતાને સુનિશ્ચિત કરવા માટે ફાયરવોલ અને ઇન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટિમ બનાવવાની અને તેની ગોઠવણી કરવાની.

(2) સુરક્ષા સંબંધિત હાર્ડવેર અને સોફ્ટવેરની જાળવણી કરવાની.

(3) સમગ્ર નેટવર્ક સિસ્ટિમની યોજના અને કાર્યરીતિની દેખરેખ રાખવાની.

(4) વેબ પ્રોટોકોલ અને ઇ-મેઇલ સુરક્ષા જાળવવા માટે સુરક્ષા ઇન્ફ્રાસ્ટ્રકચર ઉપકરણોને ઇન્સ્ટોલ કરવાની.

દૂષિત ઘટનાઓ શોધવા માટે નેટવર્કની સુરક્ષાનું ફોરેન્સિક વિશ્લેષણ કરવાનું, નેટવર્ક સુરક્ષા એન્જિનિયરને વાર્ષિક રૂ. 5થી 6 લાખનું પેકેજ પ્રાપ્ત થાય છે.

**(2) સાયબર સિક્યોરિટી એનાલિસ્ટ :**

સાયબર સિક્યોરિટી એનાલિસ્ટ કોઈ પણ પ્રકારની નેટવર્ક ખામીને ઓળખીને દૂર કરી શકે છે, સાથે જ તેઓ સંસ્થાકીય નેટવર્કમાં રહેલા લૂપહોલ્સને શોધવા માટે પેનિટ્રેશન ટેસ્ટિંગ પણ કરે છે.

**સાયબર સિક્યોરિટી એનાલિસ્ટની ભૂમિકાઓ અને જવાબદારીઓ -**

(1) ડેટા બ્રીચનું પરીક્ષણ, મૂલ્યાંકન તેમજ સ્થાપિત ફાયરવોલ અને એન્ક્રિપ્શન લેવલમાં રહેલી ખામીને શોધે છે.

(2) નવા પ્રકારની સાયબર સુરક્ષા ધમકીઓને ઓળખીને હાલના નેટવર્કને સલામત કરે છે.

(3) તમામ અસામાન્ય અનધિકૃત અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર સતત નજર રાખે છે.

(4) સાયબર સલામતી માટેના ફ્રેમવર્કને ડેવલપ કરે છે.

સાયબર સિક્યૉરિટી એનાલિસ્ટને વાર્ષિક રૂ. 9 થી 10 લાખ સુધીનું પેકેજ પ્રાપ્ત થાય છે.

**(3) સિક્યોરિટી આર્કિટેક્ટ :**

નામ સૂચવે છે તેમ સુરક્ષા આર્કિટેક્ટસે સંસ્થાકીય હાર્ડવેર અને સોફ્ટવેરની સુરક્ષાનું ધ્યાન રાખવાનું હોય છે. સુરક્ષા આર્કિટેક્ટ્સ સિસ્ટિમને એવી રીતે ડિઝાઇન કરે છે કે દૂષિત પ્રકારના હુમલાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવી શકાય. આમ કરવા માટે સુરક્ષા આર્કિટેક્ટ્સને તે તમામ યુક્તિઓથી પરિચિત રહેવું પડે છે, જેનો ઉપયોગ કરીને સાયબર હુમલાખોરો નેટવર્કનો અનધિકૃત એક્સેસ મેળવે છે.

(1) સુરક્ષા નીતિઓ, ધોરણો અને પ્રક્રિયાઓને ડિઝાઇન કરવાનું.

(2) નવા સોફ્ટવેર ઇન્સ્ટોલેશન, અપગ્રેડેશન અને અનઇન્સ્ટોલેશન દરમિયાન અખંડિતતાની ખાતરી કરવાનું.

(3) સાયબર સલામતી માટે જે તે સંસ્થાનું નિશ્ચિત બજેટ અને ખર્ચની સમીક્ષા કરવાનું.

(4) કર્મચારીઓને સાયબર સુરક્ષા મુદ્દાઓ અને સાયબર એટેકને ટાળવા માટેની શ્રેષ્ઠ પદ્ધતિઓ વિશે અપડેટ કરવાનું.

સિક્યૉરિટી આર્કિટેક્ટને વાર્ષિક રૂ. 12થી 15 લાખનું પેકેજ ચૂકવવામાં આવે છે.

ફ્રી લાન્સર તરીકે કામ કરતા કોઈ પણ સાયબર પ્રોફેશનલને વાર્ષિક રૂ. 8થી 10 લાખ રૂપિયાનું વાર્ષિક પેકેજ આપવામાં આવે છે, અને એક વાર સાયબર પ્રોફેશનલ અનુભવી થઈ જાય ત્યાર બાદ સહજતાથી તે વાર્ષિક 20થી 25 લાખ કમાઈ શકે છે. જે દર્શાવે છે કે ભારતમાં સાયબર સિક્યૉરિટી ક્ષેત્ર ચોક્કસપણે આવનારા ભવિષ્યમાં ખૂબ ઊજળી તકો રહેલી છે. આમ, આ ક્ષેત્રમાં કારકિર્દી વિકસાવવા ઇચ્છુકો યોગ્ય કારકિર્દીની અપેક્ષા અત્યારે અને આગામી સમયમાં રાખી શકે છે.

વિકાસ વર્તુળ ટ્રસ્ટ,
વડવા વૉશિંગઘાટ સામે, ગંગાજળિયા તળાવ,
ભાવનગર-364001. ફોન નં. 0278-2430103

# હોટલ મેનેજમેન્ટ: ''અતિથિ દેવો ભવ''ની સંસ્કૃતિને રોજિંદું જીવવાની સુવર્ણ તક

પ્રશાંત ત્રિવેદી

ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, ગાંધીનગર એ ભારત સરકારના પ્રવાસન મંત્રાલય હેઠળની સ્વાયત્ત સંસ્થા છે. IHM અમદાવાદ એ ગુજરાત રાજયમાં એકમાત્ર કેન્દ્રીય IHM છે. આ અગ્રણી શૈક્ષણિક સંસ્થાની સ્થાપના 1972માં કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે ફેલાયેલા લીલાછમ કેમ્પસમાં અત્યાધુનિક સુવિધા, વિવિધ અભ્યાસક્રમો, 100% પ્લેસમેન્ટ તકો સાથે વૈવિધ્યસભર, સમાવેશી અને અનુકૂળ શિક્ષણનું વાતાવરણ પ્રદાન કરે છે. વિદ્યાર્થી મિત્રો, આપ સૌએ અખૂટ ઉત્સાહ અને અતૂટ ઉર્જા સાથે પરીક્ષા પર્વની ઉજવણી પૂર્ણ કરી છે. ચાલો, કારકિર્દી પથના પસંદગી માટે વિકાસ પથ સમાન હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રમાં પ્રાપ્ય અભ્યાસક્રમોનો પ્રવાસ કરીએ.

### સ્નાતક કક્ષાના પ્રાપ્ય અભ્યાસક્રમો

❖ બી.એસસી ઈન હોસ્પિટાલિટી એન્ડ હોટલ એડમિનિસ્ટ્રેશન (Bachelor of Science in Hospitality & Hotel Administration)

### ડિપ્લોમા કક્ષાના પ્રાપ્ય અભ્યાસક્રમો

❖ ડિપ્લોમા ઈન ફૂડ પ્રોડક્શન (Diploma in Food Production)



❖ ડિપ્લોમા ઈન ફૂડ એન્ડ બેવરેજ સર્વિસ (Diploma in Food and Beverage Service)

### સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમ

❖ ક્રાફટસમેનશીપ કોર્સ ઈન ફૂડ પ્રોડ્ક્શન એન્ડ પેટિસેરી (Craftsmanship Course in Food Production And Patisserie)

### બી.એસસી ઈન હોસ્પિટાલિટી એન્ડ હોટલ એડમિનિસ્ટ્રેશન

❖ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રવેશ ઈચ્છુકોએ નેશનલ કાઉન્સિલ ફોર હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજીની જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ (NCHM-JEE) આપવાની રહેશે.

❖ પ્રવેશ પરીક્ષા અખિલ ભારતીય ધોરણે લેવામાં આવે છે જેમાં મેળવેલ રેન્કના આધાર પર સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ પ્રવેશ ક્ષમતા અને ઉમેદવારોની પસંદગી મુજબ પ્રવેશ મળી શકે છે.

❖ પ્રવેશ પરીક્ષા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા યોજવામાં આવે છે.

❖ પ્રવેશ પરીક્ષા દેશના મુખ્ય શહેરોમાં કોમ્પ્યુટર બેઈઝ્ડ ટેસ્ટ (CBT)ના મોડ્યુલ આધારિત લેવામાં આવે છે.

❖ પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી ભાષા અને હિન્દી ભાષા છે.

❖ પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રમાં સમાવિષ્ટ વિષય વસ્તુની વિસ્તૃત વિગતો અને મહાવરા માટે વેબસાઈટ પરથી માહિતી મળી શકે છે.

❖ પ્રવેશ પરીક્ષાની જાહેરાત, અરજીપત્રક, ફીની વિગતો માટે વેબસાઈટ https://nchmjee.nta. nic.in પરથી માહિતી પ્રાપ્ત થશે

### પ્રવેશ પરીક્ષાનું માળખુ

બી.એસસી ઈન હોસ્પિટાલિટી એન્ડ હોટલ એડમિનિસ્ટ્રેશન

| Subject/ Topics | Marks |
|---|---|
| Numerical Ability and Analytical Aptitude | 30 |
| Reasoning and logical Deduction | 30 |
| General Knowledge and Current Affairs | 30 |
| English Language | 60 |
| Aptitude for Service Sector | 50 |
| Total | 200 |

- ❖ NCHM JEE પરીક્ષામાં નોંધણી માટેની પ્રક્રિયા દર વર્ષે સંભવિત ડિસેમ્બર માસમાં ઓનલાઈન પદ્ધતિથી હાથ ધરવામાં આવે છે.
- ❖ ઓનલાઈન નોંધણી કરાવેલા પ્રવેશ ઈચ્છુકોની NCHM JEE પ્રવેશપ્રક્રિયા દર વર્ષે સંભવિત એપ્રિલ માસમાં યોજવામાં આવતી હોય છે.

### ડિપ્લોમા ઇન ફૂડ પ્રોડક્શન અને ડિપ્લોમા ઇન ફૂડ એન્ડ બેવરેજી સર્વિસ / કાફ્ટસમેનશિપ કોર્સ ઇન ફૂડ પ્રોડક્શન એન્ડ પેટિસેરી

- ❖ પ્રસ્તુત અભ્યાસક્રમ 3 (ત્રણ) સેમેસ્ટરનો રેગ્યુલર ફુલટાઈમ અભ્યાસક્રમ છે.
- ❖ સંસ્થા દ્વારા નિયત લાયકાત ધરાંવતા પ્રવેશ ઈચ્છુકોને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે.
- ❖ પ્રસ્તુત અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોઈપણ પ્રકારની પ્રવેશ પરીક્ષા લેવામાં આવતી નથી.
- ❖ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે મહત્તમ વયમર્યાદા ન હોઈ, તમામ વયકક્ષાના ઉમેદવારો અરજીપાત્ર છે.
- ❖ પ્રવેશ માટે દર વર્ષે સંભવિત એપ્રિલ/મે માસમાં પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.
- ❖ પ્રવેશ સંબંધિત જાહેરાત, અરજીપત્રક, ફી વગેરે માટે સંસ્થાની રૂબરૂ કે ટેલિફોનિક મુલાકાત કરી માહિતી પ્રાપ્ત થશે.

### વાર્ષિક અભ્યાસ ફી:

- ❖ વાર્ષિક અભ્યાસ ફીનું માળખું જેતે પ્રવેશ સમયે પ્રવર્તમાન દરો મુજબ નિર્ધારિત કરવામાં આવે છે.
- ❖ ત્રણ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમનાં અંદાજિત ફી સ્ટ્રકચર મુજબ, ત્રણ વર્ષ માટે કુલ ફી અંદાજે રૂપિયા ચાર લાખ છે.
- ❖ હોસ્ટેલની વાર્ષિક ફી અંદાજિત પચાસ હજાર રૂપિયા અલગથી છે.

સંસ્થા ખાતે હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ હોઇ પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને ઉપલબ્ધ હોસ્ટેલ ક્ષમતા અનુસાર સુવિધા મળવાપાત્ર થશે.

- ❖ પ્રસ્તુત ફી ના દરો ફેરફારને આધીન છે.
- ❖ ડિપ્લોમા અને સર્ટિફિકેટ અભ્યાસ કરવા માટે સંસ્થા દ્વારા નિયત થયેલ ફી વખતોવખત નક્કી કરવામાં આવે છે, જે સંસ્થાનો સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકશો.

### વિશેષ:

- ❖ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા મળવાપાત્ર વિવિધ સ્કોલરશિપ યોજના ઉપલબ્ધ છે. સ્કોલરશિપની યોજનાકીય માહિતી સંસ્થાનો સંપર્ક કરી મેળવી શકો છો.
- ❖ અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ પોતાનો સ્વતંત્ર વ્યવસાય આરંભ કરવા ઈચ્છુકોને સંસ્થા દ્વારા ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.
- ❖ સંસ્થા ખાતે અભ્યાસની સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધે તે માટે સ્પોર્ટ્સ કલબ, ઈકો કલબ અને હિન્દી કલબ જેવા મનોરંજનના વિકલ્પો ઉપલબ્ધ છે.
- ❖ ફાઈવ/સેવન સ્ટાર હોટલ, એર લાઈન્સ, ક્રૂઝ, ખાદ્ય અને અન્ય વ્યવસાયમાં કારકિર્દી ઘડવા ઈચ્છુકો માટે સદર અભ્યાસક્રમો સફળતાનું પ્રવેશદ્વાર છે.

❖ સંસ્થા ખાતે સફળતાપૂર્વક અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટની ઉજ્જવળ તકો પ્રાપ્ત થાય છે. જેવી કે, સ્ટાર કેટેગરી હોટેલ્સ, ક્વિક સર્વિસ રેસ્ટોરન્ટ્સ, ફાઈન ડાઈનિંગ રેસ્ટોરન્ટ્સ, પ્રોડક્ટ રિટેલિંગ ઈન્ડસ્ટ્રી, ફેસિલિટી પ્લાનર, હૉસ્પિટાલિટી કન્સલ્ટન્ટ, હૉસ્પિટાલિટી એકેડેમિશિયન, બેંકિંગ સેક્ટર, ટાઉનશીપ મેનેજમેન્ટ, એરલાઈન્સ, ક્રૂઝ લાઈન, રેલવે કેટરિંગ, ઈન્ડસ્ટ્રિયલ કેટરિંગ, હોસ્પિટલ કેટરિંગ, કોર્પોરેટ હાઉસ એડમિન, એરપોર્ટ મેનેજમેન્ટ, કોર્પોરેટ હાઉસ, સ્વરોજગાર અને ઈન્સ્ટિટ્યૂશનલ કેટરિંગમાં કામ કરી શકે છે તેમજ વિશિષ્ટ કુલીનરી કોર્સ, વાઈન સોમેલિયર કોર્સ ભારતમાં અને Canada, USA, Germany, France, New Zealand, Australia જેવા વિદેશી દેશોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા માટે અભ્યાસ કરી શકે છે અથવા પોતાનો બિઝનેસ એન્ટરપ્રેન્યોર તરીકે કામ શરૂ કરી શકે છે.

**વધુ માહિતી અને માર્ગદર્શન માટે નીચે દર્શાવેલ સરનામા પર સંપર્ક કરી શકો છો**

ઈન્સ્ટિટયૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ
કોબા-ઈન્ફોસિટી સર્કલ વચ્ચે, ભાઈજીપુરા-પાટીયા
મુ. કોબા, ગાંધીનગર,
ગુજરાત, ભારત
ફોન નં: 9974034078/ 9428016272
Email : info@ihmahmedabad.com
વેબસાઈટ: www.ihmahmedabad.com

**ધોરણ 12 પછી કરવા માટેના ટોચના હોટેલ મેનેજમેન્ટ કોર્સ**

1. હોટેલ મૅનેજમૅન્ટ બેચલર
2. હોટેલ મૅનેજમૅન્ટમાં ડિપ્લોમા
3. એસસી. હોટેલ મૅનેજમૅન્ટ અને કેટરિંગમાં
4. હોટેલ અને મૅનેજમૅન્ટમાં બી.એ

**હોટલ મેનેજમેન્ટ સ્નાતક**

આ પ્રોગ્રામ BHM (બેચલર ઑફ હોટેલ મૅનેજમૅન્ટ) કોર્સ તરીકે પણ ઓળખાય છે. તે નિયમિત રીતે સંપૂર્ણ રેગ્યુલર 4 વર્ષ લાંબો અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ છે.

4 વર્ષનો કોર્સ 8 સેમેસ્ટરમાં વહેંચાયેલો છે. આ 8 સેમેસ્ટર દરમિયાન, વિદ્યાર્થીઓએ સૈદ્ધાંતિક વિષયોના વિવિધ સેટ તેમજ વ્યાવહારિક વર્ગો સાથે કામ કરવાનું હોય છે. આ કોર્સ કૌશલ્યો વિકસાવવામાં મદદ કરશે જે સ્નાતકોને હોટેલ તેમજ ટૂરિઝમ મૅનેજમૅન્ટ સેક્ટરમાં વિકાસ કરવામાં મદદ થાય .

તે તેમને ઉપરોક્ત ક્ષેત્રોમાં સંચાલકીય હોદ્દા પર લેવામાં મદદ થાય. ઉદ્યોગ સાહસિક કુશળતા આ કોર્સ કારણે સન્માનિત થાય છે.

**આ પ્રોગ્રામમાં શીખવવામાં આવતા કેટલાક મહત્ત્વપૂર્ણ વિષયો નીચે મુજબ છે**

1. કોમ્યુનિકેશન સ્કોલ્સ (અંગ્રેજી)
2. ખાદ્ય ઉત્પાદન (થિયરી અને પ્રેક્ટિકલ) યોગ્યતાના માપદંડ
3. હાઉસ કીપિંગ
4. ફ્રન્ટ એન્ડ ઓપરેશન્સ
5. મૅનેજમૅન્ટ સ્કિલ્સ
6. નામું
7. વ્યવસાય કાયદો
8. પોષણ અને ખોરાક
9. વ્યાપાર નીતિશાસ્ત્ર
10. હ્યુમન રિસોર્સ મૅનેજમૅન્ટ
11. ઈવેન્ટ મૅનેજમૅન્ટ
12. જાહેર સંબંધો
13. ટ્રાવેલ મૅનેજમૅન્ટ
14. ઉદ્યોગસાહસિક કૌશલ્યો

**હોટેલ મેનેજમેન્ટ યોગ્યતાના માપદંડ**

જે વિદ્યાર્થીઓએ 12મા ધોરણનું શિક્ષણ પૂર્ણ કર્યું છે (કોઈ પણ પ્રવાહ) તે આ કોર્સ માટે અરજી કરવા પાત્ર છે. કેટલીક સંસ્થાઓના કિસ્સામાં, દસમા ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ આ અભ્યાસક્રમ મેળવવા માટે પાત્ર છે.

**બી.એસસી. હોટેલ મેનેજમેન્ટ અને કેટરિંગમાં**

આ 3 વર્ષ લાંબો બી.એસ.સી. કોર્સ. તે બીએચએમ પ્રોગ્રામ કરતાં 1 વર્ષ ટૂંકો છે પરંતુ DHM પ્રોગ્રામ કરતાં પૂર્ણ થવા માટે વધુ સમય લે છે.

ઉપર જણાવેલ પ્રોગ્રામ્સની જેમ, આ પણ સૈદ્ધાંતિક અને વ્યવહાર કુશળતા પર મહત્ત્વ આપે

આ પ્રોગ્રામમાં સમાવિષ્ટ કેટલાક મહત્ત્વપૂર્ણ વિષયો છે-

1. કોમ્યુનિકેશન સ્કિલ્સ
2. હોટેલ મૅનેજમૅન્ટ અને એડ્‌મિનિસ્ટ્રેશન
3. ફ્રન્ટ ઓફિસ મૅનેજમૅન્ટ
4. ઈવેન્ટ મૅનેજમૅન્ટ
5. ખાદ્ય ઉત્પાદન
6. ટ્રાવેલ મૅનેજમૅન્ટ
7. હાઉસકીપિંગ
8. હિસાબ
9. પ્રવાસન અને પ્રવાસ વ્યવસ્થાપન
10. માર્કેટિંગ મૅનેજમૅન્ટ

જે વિદ્યાર્થીઓએ ધોરણ 12 (કોઈ પણ પ્રવાહ સાથે ) પાસ કર્યું હોય તેઓ આ કોર્સ માટે અરજી માટે યોગ્ય છે

**હોટલ મેનેજમેન્ટમાં બી.બી.એ.**

BBA એટલે બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન. તે એક છે અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ જે 3 વર્ષનો છે. જો તમે હોટેલ મૅનેજમૅન્ટના ક્ષેત્રમાં રસ ધરાવતા હોય તો તમે BBAમાં જઈ શકો છો અને આ ક્ષેત્રમાં નિષ્ણાત બની શકો છો.

BBA પ્રોગ્રામ્સ દ્વારા જે વિદ્યાર્થીઓને પ્રોગ્રામના છેલ્લા વર્ષમાં કોઈ ચોક્કસ વિદ્યાશાખામાં નિષ્ણાત બનવાની મંજૂરી આપે છે.

આમ, આવા પ્રોગ્રામમાંથી પસાર થવું એ સુનિશ્ચિત કરે છે કે વ્યક્તિને મૅનેજમૅન્ટ કૌશલ્ય મળે છે જે હોટેલ અને પર્યટન ઉદ્યોગ માટે યોગ્ય છે.

પરંપરાગત મૅનેજમૅન્ટ વિષયોની સાથે આ અભ્યાસક્રમમાં આવરી લેવામાં આવેલા કેટલાક મહત્ત્વપૂર્ણ વિષયો નીચે મુજબ છે.

1. પ્રવાસન વ્યવસ્થાપન
2. હોટેલ અને હૉસ્પિટાલિટી મૅનેજમૅન્ટ
3. હ્યુમન રિસોર્સ મૅનેજમૅન્ટ
4. ટ્રાવેલ મૅનેજમૅન્ટ

5, પીઆર

ઇન્ચાર્જ મદદનીશ નિયામક (રોજગાર)
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર
મો. : ૯૯૭૯૩૧૦૮૫૮



# શિક્ષક તરીકેની કારકિર્દીનું ઘડતર

એસ.આર. વિજયવર્ગીય

### ધોરણ 12 પછી બે વર્ષનો કોર્સ

કોઈ પણ પ્રવાહમાં ધો.12 પાસ કર્યા પછી D.Ed.માં એડમિશન મળી શકે. બે વર્ષની મુદતના કોર્સમાં આપણા વિદ્યાર્થીઓ રસ ધરાવે છે. ગ્રામ્ય વિસ્તારના ભાઈઓને પણ પી.ટી.સી.ના કોર્સમાં એડમિશન મળે તો લેવામાં રસ છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવાં શહેરોમાં ધો.12 પાસ કરી પી.ટી.સી.ના કોર્સમાં જોડાવા માટે ઘણાં ભાઈઓ-બહેનો અરજી કરે છે. (દર વર્ષે આવતી જાહેરાત અવશ્ય જોવી).

### એડમિશન સંપર્ક

(આ યાદીમાં ફેરફાર પ્રતિવર્ષ થવાની સંભાવના છે) (હવે એડમિશન ફોર્મ online ભરી શકાય છે.) જુઓ. www.ptcgujarat.org સત્તાવાર જાહેરાત ખાસ જોવી.

(1) અમદાવાદમાં એચ.કે. પ્રાઈમરી ટ્રેનિંગ કૉલેજ, કૉમર્સ છ રસ્તા, એ.જી. હાઈસ્કૂલની બાજુમાં, નવરંગપુરા.

(2) વડોદરામાં કારેલીબાગ ખાતે આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં

(3) સુરતમાં ચોક બજાર, ચોક વિસ્તારમાં આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં

(4) ગાંધીનગરમાં સેક્ટર 19ની ઈન્કવાયરી ઑફિસ પાસે આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં

(5) ભુજ-કચ્છમાં આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમભવનમાં

(6) રાજકોટમાં ત્રિકોણ બગીચા પાસે આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં

(7) જૂનાગઢમાં બિલખા રોડ પર આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં અને

(8) પાલનપુરમાં ગોબરી રોડ પર આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ફોર્મ મળે છે.

### કોને એડમિશન મળે ?

કેન્દ્રીય ધોરણે D.Ed.માં ધોરણ 12માં પ્રાપ્ત માર્ક્સના મેરિટ મુજબ એડમિશન મળે છે.

(i) 30 % સીટ 12 સાયન્સના સ્ટુડન્ટ માટે છે.

(ii) 70 % સીટ બાકીના પ્રવાહના સ્ટુડન્ટ માટે છે.

(iii) ગુજરાતી માધ્યમ ઉપરાંત હિંદી, મરાઠી, સિંધી, ઉર્દૂ વગેરે માધ્યમની સ્કૂલ માટે પણ તે માધ્યમની અલગ બેઠક છે..

### નોકરીની તકો

D.Ed. કરનારને સરકારી પ્રાથમિક શાળામાં નોકરી મળે છે. હમણાં ઉચ્ચ પ્રાથમિક માટે B.Edની ભરતી બાદ ઓછી તકો મળે છે. હવે TAT કસોટી બાદ ભરતી થાય છે.

રાજ્યમાં અંદાજે 34,000 પ્રાથમિક શાળા છે; જેમાં 75 લાખ બાળકોને પોણા બે લાખ શિક્ષકો અભ્યાસ કરાવે છે. જેના સંચાલનરૂપે શિક્ષકોની જરૂરિયાત રહેવાની છે. દર વર્ષે શાળાઓ તથા બાળકોની સંખ્યા વધતી રહે છે. આથી શિક્ષકોની જરૂરિયાત વધવાની છે. આથી સરળતાથી નોકરી મેળવવા પી.ટી.સી. એક સારો વિકલ્પ છે. આજના ખાનગીકરણના સમયમાં, ભારતીય સેના પોલીસદળ ઉપરાંત શિક્ષણ એવું ક્ષેત્ર છે જેમાં નિયમિત ભરતી થાય છે.

હવે, ગુજરાતની PTC કૉલેજોમાં ધો. 12 પાસને સરળતાથી એડમિશન મળે છે.

### પી.ટી.સી.

- ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બનવા, ધોરણ 6 થી 8માં,
- બી.એસ.સી. બી.એડ્. એટલે ગણિત વિજ્ઞાન શિક્ષક
- બી.કોમ.બી.એડ્. એટલે સામાજિક વિજ્ઞાન શિક્ષક
- એમ.એ. બી.એડ્. એટલે ભાષા શિક્ષક.
- માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટે, ધોરણ 9 અને 10માં,

- ❖ એમ.એસ.સી. બી.એડ્. એટલે ગણિત વિજ્ઞાન શિક્ષક
- ❖ એમ.કોમ.બી.એડ્. એટલે સામાજિક વિજ્ઞાન શિક્ષક
- ❖ એમ.એ. બી.એડ્. એટલે ભાષા શિક્ષક.
- ❖ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટે, ધોરણ 11 અને 12મા,
- ❖ અહી ત્રણ વિભાગ પડે છે.

**સાયન્સ વિભાગ માટે,**

- ❖ રસાયણશાસ્ત્ર વિષયના શિક્ષક બનવા, એમ.એસ. સી. (રસાયણ વિજ્ઞાન) બી.એડ્.
- ❖ ભૌતિકશાસ્ત્ર વિષયના શિક્ષક બનવા, એમ.એસ. સી. (ભૌતિક શાસ્ત્ર) બી.એડ્.
- ❖ જીવશાસ્ત્ર વિષયના શિક્ષક બનવા, એમ.એસ.સી. (પ્રાણી શાસ્ત્ર, વનસ્પતિ વિજ્ઞાન, સૂક્ષ્મજીવ વિજ્ઞાન, બાયો ટૅકનોલૉજી વિજ્ઞાન) બી.એડ્.

**કોમર્સ વિભાગ માટે,**

એમ.કોમ. બી.એડ્.

**આર્ટ્સ વિભાગ માટે,**

- ❖ એમ.એ. (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત) બી.એડ્.
- ❖ એમ. એ. (સમાજશાસ્ત્ર), બી.એડ્.
- ❖ એમ.એ. (ભૂગોળ) બી. એડ્.
- ❖ એમ.એ. (મનોવિજ્ઞાન) બી.એડ્.
- ❖ ટીચિંગમાં કૅરિયર બનાવવા માંગો છો તો ધોરણ-12 પછી એડમિશન લો, તમે જોબ અને કોચિંગમાંથી મોટી કમાણી કરી શકો છો. આજકાલ શિક્ષક તરીકેની નોકરીઓ ટ્રેન્ડમાં છે. જે વિદ્યાર્થીઓ ધોરણ-12મા પછી ટીચિંગમાં કૅરિયર બનાવવા માગે છે તેમણે અત્યારે જ વિચારવું જોઈએ. 12મું પૂરું કર્યા પછી, તમે શિક્ષણ સંબંધિત આ કોર્સ કરી શકો છો.
- ❖ જેમાં તમે નામ નોંધાવી શકો છો અને આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકો છો. અહીં આ કોર્સ વિશે જાણો, આ માટે તમારે ગ્રેજ્યુએશન સુધીનો સમય બગાડવો જરૂરી નથી, કારણ કે આ કોર્સમાં તમારી ટીચિંગ લાયકાતની સાથે તમને તમારી ગ્રેજ્યુએશન ડિગ્રીની પણ માન્યતા મળે છે. આ રીતે તમે કોર્સ પૂરો કરી શકો છો અને ઓછા સમયમાં ગ્રેજ્યુએટ થઈ શકો છો. આ પછી તમે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો.

**તમે પણ કરી શકો છો આ કોર્સ**

- ❖ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-12 પાસ કર્યા પછી, શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા યુવાનો આ કોર્સ કરી શકે છે.
- ❖ B.E Ed / BA B.Ed / B.Sc B.Ed - ચાર વર્ષનો અભ્યાસક્રમ
- ❖ D.E.Ed - બે વર્ષનો કોર્સ

**આ રીતે મેળવો એડમિશન**

- ❖ B.E.Ed / BA B.Ed / B.Sc B.Ed શિક્ષણ અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા માટે, ઉમેદવારોએ રાજ્ય સરકાર દ્વારા આયોજિત પ્રવેશ પરીક્ષામાં લાયક ઠરવું રહે. હવે આ સંકલિત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સમગ્ર દેશમાં માત્ર એક જ પ્રવેશ પરીક્ષા લેવાની જોગવાઈ છે. તે જ સમયે, D.E.Edમાં પ્રવેશ માટે ઘણાં રાજ્યોમાં પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે,

**પ્રિ.પી.ટી.સી**

સરકાર માન્ય બાલ અધ્યાપન મંદિરોનાં પ્રિ.પી.ટી. સીના એક વર્ષના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે જેમાં પ્રવેશ મેળવવા માટેની જાહેરાત દૈનિક વર્તમાન પત્રોમાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. જાહેરાતમાં માન્ય સંસ્થાઓની યાદી પ્રકાશિત કરવામાં આવે છે. જે સંસ્થામાં પ્રવેશ મેળવવાનો હોય ત્યાં ભરેલા ફોર્મને સંસ્થામાં જમા કરાવવાનું હોય છે.

**પ્રવેશ લાયકાત :** ધો.10 પાસ ● **ઉંમર :** 22 વર્ષથી વધુ નહિ. ● **પ્રિ.પી.ટી.સી** કર્યું હોય તો બાલ અધ્યાપન મંદિરમાં શિક્ષિકા/ શિક્ષક તરીકે રોજગાર મળી શકે છે.

**પી.ટી.સી**

ધો.12 (કોઈ પણ પ્રવાહ) પાસ કર્યા પછી પી.ટી. સી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાય છે. વિજ્ઞાન

પ્રવાહમાં પાસ થનાર વિદ્યાર્થીઓ માટે કુલ બેઠકની 30% બેઠકો ફાળવવામાં આવી છે. 70% બેઠકો અન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવી છે. અભ્યાસક્રમની મુદત બે વર્ષની છે. આ અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની સમગ્ર કામગીરી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

### સી.પી.એડ.

સર્ટિફિકેટ ઈન ફિઝિકલ એજ્યુકેશન શારીરિક શિક્ષણ ક્ષેત્રે ધો.12 પછી સી.પી.એડના અભ્યાસક્રમ થઈ શકે છે.

**પ્રવેશ લાયકાત :** ધો.12 પાસ ( કોઈ પણ પ્રવાહ)

**સમયગાળો :** બે વર્ષ

**ઉંમર :** 17થી 26 વર્ષ

કમિશનરશ્રી મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી, બ્લોક નં. 9, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રવેશ કામગીરી હાથ ધરવામાં આવે છે. દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. મેરિટ પ્રમાણેની યાદી બનાવી પ્રેક્ટિકલ, શારીરિક કસોટી માટે રૂબરૂ બોલાવવામાં આવે છે.

### આર્ટ ટીચર ડિપ્લોમા (એ.ટી.ડી)

ધો.12 કોઈ પણ પ્રવાહથી બે વર્ષનો આર્ટ ટીચર ડિપ્લોમા (એ.ટી.ડી)નો અભ્યાસક્રમ થઈ શકે છે.

જેમાં પ્રવેશ મેળવવા માટે યુવાનોએ માધ્યમિક કક્ષાએ (ઈન્ટરમીડીયેટ) ડ્રોઈંગ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ અથવા ધો.10 કે ધો.12 ચિત્ર વિષય સાથે પાસ કરેલું હોવું જોઈએ.

### બેચલર ઓફ ફિઝિક્લ એજ્યુકેશન (બી.પી.ઈ)

ધો.12 (કોઈપણ પ્રવાહ) પછી ત્રણ વર્ષની મુદતનો બી.પી.ઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાય છે.

પ્રવેશ અંગેની જાહેરાત આવ્યા બાદ ફોર્મ ભરવાનું હોય છે. પ્રવેશ કસોટી લેવાય છે. નીચેની સંસ્થાઓમાં પ્રવેશ અને માહિતી મેળવી શકાય છે.

| | | |
|---|---|---|
| 1 | ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ અમદાવાદ www.gujaratvidyapith.org | ભાઈઓ/બહેનો |
| 2 | શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય મહેમદાવાદ, જિ.ખેડા | ભાઈઓ/બહેનો |
| 3 | મહાદેવભાઈ વ્યાયામ મહાવિધાલય, સાદરા, જિ. ગાંધીનગર | ફક્ત ભાઈઓ |
| 4 | શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય, રાજપીપળા જિ. નર્મદા | ભાઈઓ/બહેનો |

### બી.પી.એડનો અભ્યાસક્રમ

ગ્રેજ્યુએટ બેઝિક ટીચર્સ કૉલેજ (G.B.T.C) સંસ્થાઓમાં બી.પી.એડ્નો એક વર્ષનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જે બી.એડ સમકક્ષ છે.

(1) ડિગ્રી કૉલેજ ઓફ ફિઝિકલ એજયુકેશન, મહેમદાવાદ, જિ. ખેડા

(2) શ્રી એસ. આર. પટેલ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, પલાસર, જિ. પાટણ

(3) મહાદેવભાઈ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા, જિ. ગાંધીનગર

(4) શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, રણછોડપુરા, તા. વિજાપુર, જિ. મહેસાણા

(5) ડૉ. સુભાષ વ્યાયામ મહાવિદ્યાલય, સાંબલપુર, જિ. જૂનાગઢ.

(6) સ્વામિનારાયણ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, કાંસા, જિ. મહેસાણા.

(7) સરદાર પટેલ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ.

(8) સ્વામી વિવેકાનંદ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સરગાસણ, જિ. ગાંધીનગર.

(9) સુવિધા શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, હેડુવા, જિ. મહેસાણા.
(10) આર્ય કન્યા વ્યાયામ મહાવિદ્યાલય, ઈટોલા, જિ. વડોદરા.
(11) ધારૈયા BPEd કૉલેજ, રાજકોટ.
(12) ઉમિયા B.P.Ed કૉલેજ, ટંકારા.
(13) ઉમા B.P.Ed કૉલેજ, રાજકોટ.
(14) રાષ્ટ્રીય B.P.Ed કૉલેજ, હળવદ.
(15) અર્જુન B.P.Ed કૉલેજ, સુપાસી (વેરાવળ).
(16) વિવેકાનંદ B.P.Ed કૉલેજ, ત્રંબા, રાજકોટ.
(17) ચાંડેરા B.P.Ed કૉલેજ, લોએજ.
(18) સોમનાથ B.P.Ed કૉલેજ, કોડિનાર.

### બી.એડ. [ બેચલર ઓફ એજ્યુકેશન ]

યુનિવર્સિટી માન્ય બી.એડ કૉલેજોમાંથી બેચલર ઓફ એજ્યુકેશનનો (B.Ed) બે વર્ષનો અભ્યાસક્રમ થઈ શકે છે.

❖ **પ્રવેશ લાયકાત :-** કોઈ પણ સ્નાતક લઘુતમ 45%, જ્યારે અનામત માટે 40%.

❖ **પ્રવેશ કાર્યવાહી :-** જે તે યુનિવર્સિટી સંલગ્ન બી.એડ કૉલેજોનો પ્રવેશ મેળવવા અંગેની જાહેરાત જે તે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે. કેન્દ્રીય પદ્ધતિથી મેરિટ પ્રમાણે પ્રવેશ અપાય છે

### IGNOUનો બી.એડ. અભ્યાસ

સ્નાતક થયા પછી બી.એડ્.નો અભ્યાસક્રમ થઈ શકે છે. કેન્દ્રીયકૃત પદ્ધતિથી સ્નાતક કક્ષાના ગુણનાં આધારે બી.એડ્માં પ્રવેશ મળે છે. તે પદ્ધતિ અનુસાર પ્રવેશ ન મેળવનાર યુવાનોએ નિરાશ થવાની જરૂર નથી કારણ કે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઓપન યુનિવર્સિટી દ્વારા ઘર બેઠાં બી.એડ્નો અભ્યાસ થઈ શકે છે. (IGNOU) દ્વારા.



❖ **પ્રવેશ પ્રક્રિયા :-** બી.એડ્માં પ્રવેશ મેળવવા માટે વેબસાઈટ www.ignou.ac.in ઉપરથી મેળવી શકાય છે.

### બી.એડ. પ્રોગ્રામ કેન્દ્રો

1. IGNOU બી.એડ કેન્દ્ર કૉલેજ ઓફ એજ્યુકેશન ખારોડ, અંકલેશ્વર
2. એન.એમ શુક્લ કૉલેજ ઓફ એજ્યુકેશન ભાઈકાકાનગર, થલતેજ, અમદાવાદ
3. તોલાની કોમર્સ કૉલેજ આદિપુર
4. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન M.S University વડોદરા
5. બી.ડી. શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા
6. કૉલેજ ઓફ એજ્યુકેશન પાટણ, નોર્થ ગુજરાત યુનિવર્સિટી

### માસ્ટર ઓફ એજ્યુકેશન (એમ.એડ.)

બી.એડ થયા પછી એમ.એડનો એક વર્ષનો અભ્યાસ થઈ શકે છે. રાજ્યની યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે. યુનિવર્સિટી દ્વારા જાહેરાત મુજબ અરજી કરી શકાય છે.

### માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન (એમ.પી.એડ)

બી.પી.એડ્ થયા પછી એમ.પી.એડનો એક વર્ષનો ફૂલ ટાઈમ આભ્યાસક્રમ થઈ શકે છે. ગુજરાતમાં માત્ર ગુજરાત યુનિવર્સિટીમાં આ અભ્યાસક્રમ કાર્યરત છે.

42, રાધે ટેનામેન્ટ, રાધે ગેલેક્સી રેસીડેન્સીની સામે,
નીલ ટેનામેન્ટની પાસે, નરોડા, કઠવાડા,
અમદાવાદ - 382330
મો. 9898410646

# AIના યુગમાં પણ પર્ફોર્મિંગ આર્ટ્સનું સ્થાન અવિચળ

મેઘના ખારોડ

## પર્ફોર્મિંગ આર્ટ્સમાં કારકિર્દી

ભારતમાં પર્ફોર્મિંગ આર્ટ્સનું ક્ષેત્ર સમૃદ્ધ અને વૈવિધ્યસભર છે, જેમાં સમાવિષ્ટ વિવિધ પ્રકારની કળાઓ પૈકી કેટલીક મુખ્ય કળાઓ અને તેમાં ઉપલબ્ધ કારકિર્દી વિકલ્પો નીચે પ્રમાણે છે :

### 1. અભિનેતા / અભિનેત્રી

- ❖ રંગભૂમિ (થિયેટર) કલાકાર : લાઈવ થિયેટર પરફોર્મન્સમાં ભાગ લેવો, હિન્દી, અંગ્રેજી અથવા વિદેશની ભાષાઓમાં કામ કરવું.
- ❖ ફિલ્મ અભિનેતા : બોલીવુડ, પ્રાદેશિક ફિલ્મો અને શોર્ટ ફિલ્મ્સમાં અભિનય કરવો.
- ❖ ટેલિવિઝન અભિનેતા: સોપ ઓપેરા, રિયાલિટી શો અને અન્ય ટેલિવિઝન પ્રોડક્શન માટે કામ કરવું.

### 2. નૃત્યકાર (Dancer)

- ❖ શાસ્ત્રીય નૃત્યકાર : ભરતનાટ્યમ, કથક, ઓડિસી, કથકલિ, મણિપુરી જેવી પરંપરાગત ભારતીય નૃત્ય શૈલીઓમાં નિષ્ણાત બનવું.
- ❖ આધુનિક (કન્ટેમ્પરરી) ડાન્સર : આધુનિક નૃત્ય શૈલીઓ અને અભિવ્યક્તિઓમાં કામ કરવું.
- ❖ કોરિયોગ્રાફર : મંચ પ્રદર્શન, ફિલ્મો અને ટેલિવિઝન માટે નૃત્યનું નિર્માણ અને દિગ્દર્શન કરવું.

### 3. સંગીતકાર (Musician)

- ❖ શાસ્ત્રીય સંગીતકાર : ભારતીય શાસ્ત્રીય સંગીત (હિંદુસ્તાની અથવા કર્ણાટકી)માં નિષ્ણાત બનવું, શાસ્ત્રીય ગાયન કે વાદનમાં નિપુણતા મેળવવી.
- ❖ પ્લેબેક સિંગર : બોલીવુડ અને પ્રાદેશિક ફિલ્મો માટે ગીતોનું રેકૉર્ડિંગ કરવું.
- ❖ બેન્ડ સભ્ય / પર્ફોર્મર : લોકગીત, જૅઝ, રૉક અને ફ્યુઝન જેવી વિવિધ શૈલીઓમાં સંગીત નિર્માણ અને પ્રદર્શન કરવું.
- ❖ સંગીત સંરચક (Music Composer): ફિલ્મો, ટેલિવિઝન અને થિયેટર માટે સંગીત રચવું.

### 4. રંગભૂમિ દિગ્દર્શક (Theatre Director)

- ❖ થિયેટર દિગ્દર્શક : રંગભૂમિ પ્રોડક્શનનું દિગ્દર્શન કરવું, સ્ક્રિપ્ટ પસંદ કરવી, સંશોધન કરાવું અને અભિનેતાઓને માર્ગદર્શન આપવું.
- ❖ સ્ટેજ મેનેજર : પ્રોડક્શન પ્રક્રિયાને સંભાળવી, લૉજિસ્ટિક્સ સંભાળવા અને મંચ પર બધું સરળતાથી ચાલે તે સુનિશ્ચિત કરવું.
- ❖ નાટ્યકાર / સ્ક્રિપ્ટરાઈટર : નાટકો માટે સ્ક્રિપ્ટ લખવી.

### 5. પપેટિયર (Puppeteer)

- ❖ **પપેટ પ્રદર્શક :** કઠપૂતળી, થોલુ બોમ્મલાતા અને અન્ય લોક પપેટ પ્રદર્શન શૈલીઓમાં નિષ્ણાત બનવું.

### 6. વોઇસ આર્ટિસ્ટ (Voice Artist)

- ❖ **વોઈસ-ઓવર આર્ટિસ્ટ :** એનિમેટેડ પાત્રો, જાહેરાતો અથવા વિદેશી ફિલ્મો માટે અવાજ આપવો.
- ❖ **નેરેટર / સ્ટોરી ટેલર :** દસ્તાવેજી અને રેડિયો કાર્યક્રમો માટે અવાજ પ્રદાન કરવો.

### 7. ડાન્સ થેરાપિસ્ટ (Dance Therapist)

- ❖ ડાન્સ થેરાપી : નૃત્ય અને હલનચલન દ્વારા વ્યક્તિઓને ભાવનાત્મક, માનસિક અથવા શારીરિક પડકારો દૂર કરવામાં મદદ કરવી.

### 8. રંગભૂમિ પ્રોડક્શન ડિઝાઇનર (Theatre Production Designer)

- ❖ સેટ ડિઝાઈનર : મંચ, ફિલ્મ અથવા ટેલિવિઝન માટે દૃશ્યાત્મક ભાગો ડિઝાઈન કરવા.

❖ કૉસ્ચ્યૂમ ડિઝાઈનર : પર્ફોર્મન્સ માટે કપડાં અને વસ્ત્રો ડિઝાઈન કરવાં.

### 9. પર્ફોર્મિંગ આર્ટ્સ માટે આર્ટ ક્યૂરેટર (Art Curator for Performing Arts)

❖ ક્યૂરેટર: આર્ટ ગેલેરીઓ, મ્યુઝિયમ અને સંસ્થાઓમાં પ્રદર્શન અને કાર્યક્રમોનું આયોજન કરવું.

### 10. સાંસ્કૃતિક પ્રશાસક / મેનેજર (Cultural Administrator/Manager)

❖ ઈવેન્ટ પ્લાનર / મેનેજર : કલા મહોત્સવ, રંગભૂમિ પ્રદર્શન, સંગીત કોન્સર્ટ્સ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું.

❖ આર્ટ ડિરેક્ટર : કલા અને સંસ્કૃતિ સંબંધિત સર્જનાત્મક પ્રોજેક્ટ્સનું નેતૃત્વ કરવું.

### 11. શૈક્ષણિક કારકિર્દી (Teaching and Academics)

❖ નૃત્ય અથવા સંગીત શિક્ષક : પરંપરાગત અને આધુનિક નૃત્ય, સંગીત અને રંગભૂમિનો ભાવિ પેઢીમાં પ્રસાર કરવો.

❖ શિક્ષક / સંશોધક : યુનિવર્સિટીઓ, કૉલેજો અને કલા અકાદમીઓમાં સંશોધન અને શિક્ષણ આપવું.

આમ, ફિલ્મ, ટેલિવિઝન, રંગભૂમિ, સંગીત, નૃત્ય, અને ઈવેન્ટ મૅનેજમૅન્ટ ઉપરાંત ડીજિટલ યુગમાં કારકિર્દીના બીજા પણ કેટલાક નવા ફ્રીલાન્સ અને ઑનલાઈન આયામો ખૂલ્યા છે જેમાં

❖ YouTube/ Facebook/Instagram : જેવાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કલાકારો પર્ફોર્મન્સ અપલોડ કરીને દર્શકો સુધી પહોંચી શકે.

❖ ઓનલાઈન શિક્ષણ: નૃત્ય, સંગીત અને રંગભૂમિ માટે વર્ચ્યુઅલ વર્ગો ખૂબ સરળ થયા છે.

### 12 પર્ફોર્મિંગ આર્ટ્સમાં કારકિર્દી માટે અનિવાર્ય ગુણો

પર્ફોર્મિંગ આર્ટ્સની કારકિર્દી એક વિશિષ્ટ પ્રકારની કારકિર્દી છે, તેમાં સફળ થવા માટે કલાકાર જ્યારે રણ મેદાનમાં ઊતરે ત્યારે જન્મજાત કલાપ્રેમ ઉપરાંત તેના ભાથામાં કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા, સખત મહેનત અને દૃઢ નિશ્ચય, આત્મવિશ્વાસ, શારીરિક અને માનસિક સહનશક્તિ, સમય વ્યવસ્થાપન અને શિસ્ત, ટીમ વર્કથી કામ કરવાની ક્ષમતા, કોમ્યુનિકેશન સ્કિલ, સતત નવું શીખવાની ઉત્સુકતા, ધીરજ અને ઉત્સાહનાં બ્રહ્માસ્ત્ર જેવાં તીર હોવાં જરૂરી છે.

### પર્ફોર્મિંગ આર્ટ્સમાં શૈક્ષણિક અભ્યાસક્રમો

ગુજરાતમાં અને સમગ્ર ભારતમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ પર્ફોર્મિંગ આર્ટ્સમાં વિવિધ કોર્સિસ પ્રદાન કરે છે.

- **ગુજરાતમાં ઉપલબ્ધ કોર્સિસ**
- **એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડા (વડોદરા)**

https://msubaroda.ac.in

આ યુનિ.નો પર્ફોર્મિંગ આર્ટસ વિભાગ નીચે મુજબના સ્નાતક, સ્નાતકોત્તર અને ડૉક્ટોરલ અભ્યાસક્રમો ઓફર કરે છે:

નૃત્ય : ભરતનાટ્યમ અને કથક

સંગીત : વોકલ અને વાદ્ય સંગીત

નાટ્યકલા : અભિનય અને દિગ્દર્શન

અભ્યાસક્રમો સિદ્ધાંતીય અને પ્રાયોગિક બંને પાસાઓ માટે વ્યાપક તાલીમ પૂરી પાડે છે.

❖ સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભ વિદ્યાનગર) https://www.spuvvn.edu/)

❖ ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) www.ignou.ac.in

### ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સિસ

https://darpanacademy.blogspot.com

❖ દર્પણ ઍકેડમી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, અમદાવાદ

1949માં મૃણાલિની સારાભાઈ અને વિક્રમ સારાભાઈ દ્વારા સ્થાપિત, દર્પણ અકાદમી નીચે મુજબનાં ક્ષેત્રોમાં તાલીમ આપે છે :

- **ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલીઓ થિયેટર, કઠપૂતળી કલા**

❖ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

www.gujaratuniversity.ac.in

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

- ❖ www.saurashtrauniversity.edu
- ❖ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પર્ફોર્મિંગ આર્ટ્સ વિભાગ દ્વારા નીચે મુજબના અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે:
- ❖ બેચલર અને માસ્ટર ડિગ્રી : વોકલ અને વાદ્ય સંગીત, તેમજ નૃત્યમાં
- ❖ **Ph.D. પ્રોગ્રામ :** પર્ફોર્મિંગ આર્ટ્સમાં ઉન્નત સંશોધન માટે આ અભ્યાસક્રમો પરંપરાગત અને આધુનિક બંને પ્રથાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ❖ અર્જુનલાલ હિરાણી કૉલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, રાજકોટ

**બેચલર અને માસ્ટર ડિગ્રીઃ વોકલ અને વાદ્ય સંગીત, તેમજ નૃત્યમાં**

- ❖ **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**

www.hngu.net

**બેચલર અને માસ્ટર ડિગ્રી :** નૃત્ય અને સંગીત

**ડિપ્લોમા અભ્યાસક્રમો :** વિવિધ પર્ફોર્મિંગ આર્ટ્સ શાખાઓમાં

**અખિલ ભારતીય ગાંધર્વ મહા વિદ્યાલય- મીરજ**

www.abgmvm.org આ સંસ્થા દ્વારા નૃત્ય અને કંઠ્ય તથા વાદ્ય સંગીતમાં સ્નાતક અને અનુસ્નાતક સમકક્ષ અભ્યાસક્રમો ચલાવાય છે, જે તેમનાં માન્ય કેન્દ્રો મારફતે ઘરે બેઠાં કરી શકાય છે.

- **બૃહદ ગુજરાત સંગીત સમિતિ, અમદાવાદ**

www.gandharvabruhad.org આ સંસ્થા દ્વારા નૃત્ય અને કંઠ્ય તથા વાદ્ય સંગીતમાં સ્નાતક અને અનુસ્નાતક સમકક્ષ અભ્યાસક્રમો ચલાવાય છે, જે તેમનાં માન્ય કેન્દ્રો મારફતે ઘરે બેઠાં કરી શકાય છે.

**ગુજરાત બહાર ઉપલબ્ધ કોર્સિસ**

| ક્રમ | સંસ્થાનું નામ | કોર્સની વિગત | સત્તાવાર વેબસાઈટ |
|---|---|---|---|
| 1 | નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા (NSD), નવી દિલ્હી | ત્રિ-વર્ષીય ડિપ્લોમા કોર્સ | https://nsd.gov.in |
| 2 | ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (FTII), પૂણે | સર્ટિફિકેટ અને ડિપ્લોમા | www.ftii.ac.in |
| 3 | કલાક્ષેત્ર ફાઉન્ડેશન, ચેન્નઈ | ભરતનાટ્યમ અને કર્નાટક સંગીત | www.kalakshetra.in |
| 4 | રવીન્દ્ર ભારતીય યુનિવર્સિટી, કોલકાતા | BPA, MPA, અને PhD | www.rbu.ac.in |
| 5 | શ્રીરામ ભારતીય કલા કેન્દ્ર, નવી દિલ્હી | સંગીત, નૃત્ય, નાટક | https://sbkk.in |
| 6 | સંગીત નાટક અકાદમી, નવી દિલ્હી | ટ્રેનિંગ પ્રોગ્રામ્સ | www.sangeetnatak.gov.in |
| 7 | સિમ્બાયોસિસ સ્કૂલ ફોર લિબરલ આર્ટ્સ, પૂણે | ગ્રેજ્યુએટ કોર્સિસ | www.ssla.edu.in |
| 8 | ભારતીય વિદ્યાભવન, મુંબઈ | ભારતીય શાસ્ત્રીય સંગીત, નૃત્ય અને રંગભૂમિ માટે કોર્સ | www.bhavans.info |
| 9 | શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી વુમન્સ યુનિવર્સિટી, મુંબઈ | સંગીત, નૃત્ય અને રંગભૂમિ માટે ડિગ્રી પ્રદાન કરે છે. | https://sndt.ac.in |
| 10 | અન્નામલાઈ યુનિવર્સિટી, તમિલનાડુ | શાસ્ત્રીય સંગીત, નૃત્ય અને રંગભૂમિ માટે અભ્યાસક્રમો. | https://annamalaiuniversity.ac.in |

એ-101, હેવન એન્ક્લેવ, ન્યુ અલકાપુરી, ગ્રીનવુડ બંગ્લોઝ,
ગોત્રી-સેવાસી રોડ, વડોદરા-390021.
મો. 9879331312

# ડિજિટલ યુગમાં લાઇબ્રેરી સાયન્સ: નવી તકો, નવી ક્ષિતિજો

દેવાંગ મહેતા

### લાઇબ્રેરી સાયન્સ શું છે?

લાઈબ્રેરી સાયન્સ એ માહિતીનું સંચાલન, સંગ્રહ, વર્ગીકરણ અને પ્રસારણ કરવાની કળા અને વિજ્ઞાન છે. તેમાં પુસ્તકો, જર્નલ્સ, ડિજિટલ સંસાધનો, ઑડિયો-વિઝ્યુઅલ મટીરિયલ્સ અને અન્ય માહિતી સંલગ્ન સામગ્રીનો સમાવેશ થાય છે. લાઈબ્રેરી સાયન્સના અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને માહિતી સંસાધનોનું સંચાલન કરવા, ઉપયોગકર્તાઓને માહિતી શોધવામાં મદદ કરવા અને ડિજિટલ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને લાઈબ્રેરી સેવાઓને સુધારવા માટે જરૂરી કૌશલ્ય અને જ્ઞાન પ્રદાન કરે છે.

### ગુજરાતમાં લાઇબ્રેરી સાયન્સના અભ્યાસક્રમો :

ગુજરાતમાં ઘણી કૉલેજ અને યુનિવર્સિટી લાઈબ્રેરી સાયન્સના અભ્યાસક્રમો ઓફર કરે છે. આમાંના કેટલાક અભ્યાસક્રમો નીચે મુજબ છે:

- ❖ **બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ** (B. Lib. & Inf. Sc.) : આ એક વર્ષનો અંડર ગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ છે, જે લાઈબ્રેરી સાયન્સના મૂળભૂત સિદ્ધાંતો અને પ્રૅક્ટિસ શીખવે છે.



- ❖ **માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ** (M. Lib. & Inf. Sc.) : આ બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ છે, જેમાં લાઈબ્રેરી સાયન્સનાં વિવિધ પાસાઓમાં જેવાં કે ડિજિટલ લાઈબ્રેરી, માહિતી સંચાલન અને સંશોધનની પદ્ધતિઓમાં વિશિષ્ટતા પ્રદાન કરે છે.
- ❖ **માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ** (M. L.I. Sc.) : આ પણ બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ છે, જે લાઈબ્રેરી અને માહિતી વિજ્ઞાનના સૈદ્ધાંતિક અને વ્યાવહારિક પાસાઓને આવરી લે છે.

### ભારત અને વિશ્વમાં લાઇબ્રેરી સાયન્સ :

ભારતમાં લાઈબ્રેરી સાયન્સ એક વિકસતું ક્ષેત્ર છે. દિલ્હી યુનિવર્સિટી, બનારસ હિન્દુ યુનિવર્સિટી, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને પૂણે યુનિવર્સિટી જેવી ઘણી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ લાઈબ્રેરી સાયન્સના અભ્યાસક્રમો ઓફર કરે છે. વિશ્વ કક્ષાએ, યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ, કેનેડા અને ઑસ્ટ્રેલિયા જેવા દેશો લાઈબ્રેરી સાયન્સના શિક્ષણ અને સંશોધનમાં અગ્રેસર છે. યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ એટ અર્બાના-કેમ્પેઈન, યુનિવર્સિટી ઓફ મિશિગન અને યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો જેવી યુનિવર્સિટીઓ લાઈબ્રેરી સાયન્સના ક્ષેત્રમાં વિશ્વભરમાં પ્રખ્યાત છે.

### કેટલીક જાણીતી કોલેજો :

ફક્ત ગુજરાતમાં જ 15 થી વધુ કૉલેજમાં લાઈબ્રેરી સાયન્સનો અભ્યાસ ઉપલબ્ધ છે, જેમાંથી જાહેર ક્ષેત્રની મુખ્ય કૉલેજો નીચે મુજબ છે. જેમાં ઉચ્ચ ગુણવત્તા સાથે નજીવા દરે અભ્યાસ પૂર્ણ કરી શકાય છે.

- ❖ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (https://www.gujaratuniversity.ac.in)
- ❖ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા (https://www.msubaroda.ac.in/)
- ❖ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (https://www.spuvvn.edu/)
- ❖ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (https://www.saurashtrauniversity.edu/)
- ❖ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ (https://baou.edu.in/)
- ❖ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઓપન યુનિવર્સિટી, (ઇગ્નુ) અમદાવાદ (https://ignouadmission.samarth.edu.in/)

| | |
|---|---|
| કોર્સનું નામ | BLIS : BACHELOR OF LIBRARY AND INFORMATION SCIENCES (લાઈબ્રેરી અને માહિતી વિજ્ઞાનમાં સ્નાતક) |
| પ્રોગ્રામનો પ્રકાર | ડિગ્રી |
| માધ્યમ | ઓપન ડિસ્ટન્સ લર્નિંગ |
| વિદ્યાશાખા | સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સ (સામાજિક વિજ્ઞાન) |
| સમયગાળો | 1 વર્ષ |
| વિશિષ્ટતા | લાઈબ્રેરી અને માહિતી વિજ્ઞાન |
| જરૂરી વિગતો | સમગ્ર અભ્યાસક્રમમાં 9 વિષયો શીખવવામાં આવે છે જેમાંથી પાંચ વિષયો પ્રેક્ટિકલ હોય છે જ્યારે 4 વિષયો થિયરી આધારિત ભણવાના હોય છે. |
| અભ્યસક્રમનું માધ્યમ | અંગ્રેજી (જોકે વિદ્યાર્થીઓ પરીક્ષા અને અન્ય કામગીરી માટે હિન્દી ભાષાનો પણ ઉપયોગ કરી શકે છે.) |
| લાયકાત | સ્નાતકની ડિગ્રી 50% સાથે પાસ કરી લાઈબ્રેરી સાયન્સમાં સ્નાતકની ડિગ્રી-ડિપ્લોમા (1 વર્ષ) સ્નાતકની ડિગ્રી બે વર્ષના પુસ્તકાલય અને માહિતી કેન્દ્ર જેવા કામકાજના અનુભવ સાથે |
| ફી સ્ટ્રક્ચર | રૂ.8700/- એક વર્ષ (ઉપરાંત નોંધણીની અને અન્ય ફી અલગથી લાગુ પડી શકે છે. |
| સંલગ્ન સંપર્ક નંબર | ફોન નં. - 011-29572740 |
| યુનિવર્સિટી | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઓપન યુનિવર્સિટી, (ઈગ્નુ) અમદાવાદ (https://ignouadmission.samarth.edu.in/) |

### Master of Library and Information Science [M.Lib.I.Sc] Comparison

| | ગુજરાત યુનિવર્સિટી | મુંબઈ યુનિવર્સિટી | કલકત્તા યુનિ. | દિલ્હી યુનિ. |
|---|---|---|---|---|
| સમયગાળો | 1 વર્ષ | 2 વર્ષ | 2 વર્ષ | 1 વર્ષ |
| બેઠકો | 30 | 30 | 35 | - |
| લાયકાત | સ્નાતક | સ્નાતક | સ્નાતક | B. Lib |
| ફી સ્ટ્રક્ચર | 30,000 | - | - | - |
| સત્તાવાર વેબસાઈટ | https://www.gujaratuniversity.ac.in) | https://mu.ac.in | https://www.caluniv.ac.in | https://www.du.ac.in/ |

### કારકિર્દીની તકો:

લાઈબ્રેરી સાયન્સના સ્નાતકો માટે વિવિધ કારકિર્દીની તકો ઉપલબ્ધ છે. તેઓ નીચેનાં ક્ષેત્રોમાં કામ કરી શકે છે:

- **લાઈબ્રેરિયન :** શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓ, સાર્વજનિક લાઈબ્રેરીઓ, ખાનગી પુસ્તકાલયો અને વિશિષ્ટ લાઈબ્રેરીઓમાં.
- **આર્કાઈવિસ્ટ :** સરકારી એજન્સીઓ, સંગ્રહાલયો, ઐતિહાસિક સોસાયટીઓ અને કોર્પોરેશનોમાં.
- **ઈન્ફર્મેશન સ્પેશિયાલિસ્ટ :** સંશોધન સંસ્થાઓ, કન્સલ્ટિંગ ફર્મ્સ અને માહિતી ટૅક્નોલૉજી કંપનીઓમાં.
- **ડિજિટલ એસેટ મેનેજર :** ડિજિટલ લાઈબ્રેરીઓ, સંગ્રહાલયો અને આર્કાઈવ્સમાં.
- **કેટલોગર :** લાઈબ્રેરીઓ અને માહિતી કેન્દ્રોમાં.
- **ડેટાબેઝ મેનેજર :** લાઈબ્રેરીઓ, સંશોધન સંસ્થાઓ અને કોર્પોરેશનોમાં.
- **રેકોર્ડ મેનેજર :** સરકારી એજન્સીઓ, કોર્પોરેશનો અને આરોગ્યની સારસંભાળ કરતી સંસ્થાઓમાં.

### કારકિર્દીનું નિર્માણ કેવી રીતે કરશો?

લાઈબ્રેરી સાયન્સ વડે સાર્થક અને સફળ કારકિર્દી બનાવવા માટે, અભ્યાસીઓએ નીચેની બાબતો પર ધ્યાન આપવું જોઈએ:

- **શિક્ષણ :** લાઈબ્રેરી સાયન્સમાં માન્યતા પ્રાપ્ત શિક્ષણ સંસ્થામાંથી પ્રાપ્ત ડિગ્રી મેળવવી.
- **કૌશલ્ય :** માહિતીનું આદાન-પ્રદાન કરવાનું કૌશલ્ય, અદ્યતન ટૅક્નોલૉજીનું જ્ઞાન, માહિતી સંસાધનોનું કુશળ સંચાલન કરવાની ક્ષમતા, રિસર્ચ અને રેફરન્સ (સંશોધન અને સંદર્ભોલક્ષી) કૌશલ્ય વિકસાવવું અને સેવાભાવી સ્વભાવનો વિકાસ કરવો.
- **અનુભવ :** ઈન્ટર્નશિપ, વ્યાવહારિક તાલીમ અને સ્વયંસેવક તરીકેના કાર્યમાં જોડાઈ આ ક્ષેત્રમાં અનુભવ મેળવી શકાય છે.
- **નેટવર્કિંગ :** લાઈબ્રેરી અને માહિતી વિજ્ઞાનના વ્યાવસાયિકો, સંશોધન અને સંદર્ભોલક્ષી સંસ્થાઓ સાથે જોડાઈને વ્યવસાયલક્ષી સંબંધો વિકસાવી શકાય.
- **જ્ઞાન :** લાઈબ્રેરી અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં થતા નવા વિકાસ અને ટ્રેન્ડ્સની માહિતીથી સ્વયંને સુસજ્જ રાખતા રહો.

એ-801, પુષ્પ મહાદેવ, શ્રીનંદ સિટીની સામે,
સીટીએમ ચાર રસ્તા, રામોલ, અમદાવાદ.
મો. : 8000096255



# ભારતીય સશસ્ત્ર દળો : સન્માન અને ઉદ્દેશ્યથી ભરપૂર જીવનનું પ્રવેશદ્વાર

લે. કર્નલ (ડૉ.) કમલપ્રીત સાગી (નિવૃત્ત)

ભારતીય સશસ્ત્ર દળો ફક્ત એક સંગઠન નથી; તે જીવન જીવવાનો એક માર્ગ છે - બહાદુરી, સન્માન અને દેશભક્તિથી ભરેલું જીવન. રાષ્ટ્રના સાર્વભૌમત્વના રક્ષકો તરીકે અડગ ઊભા રહીને, તેઓ દેશના ગૌરવપૂર્ણ વારસામાં યોગદાન આપવાની એક અનોખી તકનું પ્રતિનિધિત્વ કરે છે. સશસ્ત્ર દળોમાં જોડાવું એ ફક્ત કારકિર્દી પસંદ કરવા વિશે નથી - તે હેતુ, નેતૃત્વ અને નિઃસ્વાર્થ સેવાની ભાવનાને સ્વીકારવા વિશે છે.

જો તમે ગર્વથી રાષ્ટ્રની સેવા કરવા માટે ઉત્સાહી છો, તો સશસ્ત્ર દળો તમને આવકારે છે. તેમની રેન્કમાં જોડાવા માટે બહુવિધ માર્ગો પ્રદાન કરે છે - પછી ભલે તે મોરચા પર સૈનિક તરીકે હોય કે સુકાન પરથી નેતૃત્વ કરતા અધિકારી તરીકે.

### સશસ્ત્ર દળોમાં જોડાવાના રસ્તાઓ

સશસ્ત્ર દળો વિવિધ કૌશલ્ય સમૂહો, શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને આકાંક્ષાઓને પૂર્ણ કરે છે. ભલે તમે યુદ્ધનો રોમાંચ, તક્‌નીકી કુશળતાની ચોકસાઈ, અથવા નેતૃત્વનું સન્માન શોધતા હો, તમારી આકાંક્ષાઓને અનુરૂપ ભૂમિકા હોય છે. ચાલો બે મુખ્ય માર્ગોનું અન્વેષણ કરીએ: આ લેખમાં, અમે ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનામાં જોડાવાના માર્ગો, તેમની પ્રવેશ તકો, પાત્રતાના માપદંડો અને તમારી આકાંક્ષાઓને પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન આપવા માટે વિશ્વસનીય સ્રોતો વિશે જાણીશું.

### અગ્નિવીર યોજના

અગ્નિવીર યોજના એ ભારત સરકાર દ્વારા વર્ષ 2022માં અગ્નિપથ યોજના હેઠળ ભારતીય સશસ્ત્ર દળો (સેના, નૌકાદળ અને વાયુસેના) માં કર્મચારીઓની ભરતી કરવા માટે શરૂ કરાયેલી એક પરિવર્તનકારી ભરતી પહેલ છે. તેનો ઉદ્દેશ્ય લાંબા ગાળાના કર્મચારીઓના ખર્ચને શ્રેષ્ઠ બનાવતા વધુ યુવા અને ટેક-સેવી લશ્કરી કાર્યબળ બનાવવાનો છે. તેનો ઉદ્દેશ્ય અદ્યતન તક્‌નીકી અને ડિજિટલ કૌશલ્ય ધરાવતા યુવાનોની ભરતી કરીને લશ્કરની કાર્યક્ષમતા વધારવાનો અને પેન્શન અને લાંબા ગાળાના લાભોના નાણાકીય બોજને ઘટાડવાનો હતો. અગ્નિવીરની મુખ્ય સુવિધાઓ નીચે મુજબ છે :

**1. નાણાકીય લાભો :**

a) માસિક પગાર રૂ.30,000 થી શરૂ થાય છે, જે ચોથા વર્ષે વધીને રૂ.40,000 થાય છે.

b) સેવા નિધિ અને ભવિષ્ય નિધિ યોગદાન (પ્રોવિડન્ટ ફંડ) માટે કપાત પછી હાથમાં પગાર.

**2. વીમો :**

a) સેવા દરમિયાન રૂ.48 લાખ જીવન વીમા કવર.

b) સેવા દરમિયાન મૃત્યુ માટે રૂ.44 લાખની એક્સ ગ્રેશિયા રકમ



**3. સેવા પછીની તકો :**

a) લશ્કર પછી રોજગાર માટે સેવા દરમિયાન કૌશલ્ય વિકાસ.

b) વિવિધ ક્ષેત્રોમાં સિવિલિયન નોકરીઓ શોધવામાં સહાય.

**ભારતીય સેનામાં અગ્નિવીર**

(https://164.100.158.23/eligibility-criteria-for-agniveer-recruitment-process.htm)

અગ્નિવીર માટેની લાયકાત માટેનો પ્રથમ માપદંડ ઉમેદવારની ઉંમર મર્યાદા છે જે 17.5 થી 21 વર્ષ સુધીની હોવી જોઈએ અને શૈક્ષણિક લાયકાત જે પ્રવેશ પ્રકાર પર આધારિત હોય છે. વિવિધ પ્રવેશ પ્રકારોની વિગતો નીચે મુજબ છે:

**પ્રવેશ યોજનાઓ : ધોરણ-8 પછી**

1. ટ્રેડ્સમેન (બધા દળો માટે) (ધોરણ-8 પાસ) (શેફ, હાઉસકિપર અને મેસકિપર માટે)- ધોરણ -10 પાસ અને કુલ ટકાવારીમાં કોઈ શરત નથી પરંતુ દરેક વિષયમાં ઓછામાં ઓછા 33% ગુણ મેળવ્યા હોવા જોઈએ.

- **પ્રવેશ યોજનાઓ : ધોરણ-10 પછી**

2. જનરલ ડ્યૂટી સોલ્જર્સ: -45% ગુણ સાથે ઓછામાં ઓછા ધોરણ-10 પાસ.
3. લશ્કરી પોલીસ કોર્પ્સમાં મહિલાઓ - ધોરણ 10/મેટ્રિક 45% કુલ ગુણ સાથે પાસ અને દરેક વિષયમાં 33% ગુણ

- **પ્રવેશ યોજનાઓ : ધોરણ-12 પછી**

4. ટેકનિકલ પ્રવાહો : ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને અંગ્રેજી) માં 50% કુલ ગુણ સાથે અને દરેક વિષયમાં 40% ગુણ સાથે પાસ.
5. અગ્નિવીર ઑફિસ આસિસ્ટન્ટ / સ્ટોરકિપર ટેકનિકલ (બધાં દળો માટે) - ધોરણ-10+2 / કોઈ પણ પ્રવાહ (આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ)માં ઈન્ટરમિડિએટ પરીક્ષામાં 60% કુલ ગુણ સાથે અને દરેક વિષયમાં ઓછામાં ઓછા 50% ગુણ સાથે પાસ. ધોરણ-12માં અંગ્રેજી અને ગણિત/એકાઉન્ટ્સ/બુક કીપિંગમાં 50% ગુણ મેળવવા ફરજિયાત છે.

- **ભારતીય નૌકાદળમાં અગ્નિવીર પ્રવેશ યોજનાઓ : ધોરણ-10 પછી**

1. અગ્નિવીર (MR) -આ મેટ્રિક રિક્રુટ અગ્નિવીર તરીકે પણ ઓળખાય છે, તેમાં વિવિધ ભૂમિકાઓ સામેલ છે. તે ભારતીય નૌકાદળ દ્વારા શેફ, સ્ટેવર્ડ, હાઈજિનિસ્ટ અને સેનિટરી વર્કરના ઉમેદવારોની ભરતી કરવા માટે લેવામાં આવતી પરીક્ષા છે.

**પ્રવેશ યોજનાઓ : ધોરણ-12 પછી**

2. નાવિક (SSR) : ભૌતિકશાસ્ત્ર, ગણિત તથા રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અથવા કમ્પ્યૂટર સાયન્સમાંથી ઓછામાં ઓછા એક વિષય સાથે ધોરણ-12 પાસ.

3. આર્ટિફિસર એપ્રેન્ટિસ (AA) : ભૌતિકશાસ્ત્ર અને ગણિતમાં કુલ 60% સાથે ધોરણ-12 પાસ.

- **ભારતીય વાયુસેનામાં અગ્નિવીર પ્રવેશ યોજનાઓ : ધોરણ-10 પછી**

1. અગ્નિવીરવાયુ નોન-કોમ્બેટન્ટ - પસંદ કરાયેલા ઉમેદવારોએ, સંગઠનાત્મક હિતમાં તેમને સોંપવામાં આવેલી ચોક્કસ ફરજો ઉપરાંત, હૉસ્પિટાલિટી અથવા હાઉસકીપિંગ સ્ટ્રીમ્સ હેઠળ સમય સમય પર સોંપવામાં આવતી વિવિધ ફરજો અને કાર્યો કરવા જરૂરી છે. તેઓએ સંબંધિત ટ્રેડમાં કુલ 50% સાથે ધોરણ 10 અને ITI પાસ કરેલું હોવું જરૂરી છે.

**2. અગ્નિવીર - એરમેન**

a) **વિજ્ઞાન પ્રવાહ :** ભૌતિકશાસ્ત્ર, ગણિત અને અંગ્રેજી સાથે ધોરણ-12 પાસ, અથવા એન્જિનિયરિંગમાં 3 વર્ષનો ડિપ્લોમા કોર્સ

b) **અન્ય પ્રવાહો:** અંગ્રેજી સાથે કોઈ પણ વિદ્યાશાખામાં ધોરણ -12 પાસ.

c) ઉત્કૃષ્ટ ખેલાડીઓ માટે અગ્નિવીરવાયુ (રમતગમત) અને અગ્નિવીરવાયુ સંગીતકાર તરીકે પણ તક છે.

ઉપરોક્ત બધી તકો માટે ત્રણેય સેવાઓમાં બધા

અગ્નિવીરોએ 17.5 વર્ષથી 21 વર્ષની વયના માપદંડને પૂર્ણ કરવા જરૂરી છે.

- **સશસ્ત્ર દળોમાં વર્ગ-1 રાજપત્રિત અધિકારી તરીકે સેવા આપવાની તક**

ભારતીય સશસ્ત્ર દળો આપણા રાષ્ટ્ર માટે શક્તિ, શિસ્ત અને સન્માનના સ્તંભ તરીકે ઊભાં છે, અને તેઓ હંમેશાં યુવાન, ગતિશીલ વ્યક્તિઓને વર્ગ-1 રાજપત્રિત અધિકારીઓ તરીકે તેમની રેન્કમાં જોડાવા માટે શોધે છે. આ ફક્ત કારકિર્દી નથી; તે પ્રામાણિકતા, હિંમત અને ગર્વની ભાવના સાથે માતૃભૂમિની સેવા કરવાનું આહ્વાન છે. આ દેશનાં યુવાનો માટે, સશસ્ત્ર દળો દેશભક્તિ અને ફરજના આદર્શોને જાળવી રાખીને તેમના નેતૃત્વ, બૌદ્ધિક અને શારીરિક કૌશલ્યનું પ્રદર્શન કરવા માટે એક પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ પૂરું પાડે છે. ચાલો આપણે ઊંડાણપૂર્વક જોઈએ કે આ તક તમારા જીવન અને રાષ્ટ્રના ભવિષ્યને કેવી રીતે બદલી શકે છે.

### વર્ગ-1 રાજપત્રિત અધિકારી બનવાનો અર્થ શો છે?

ભારતીય સેના, નૌકાદળ અથવા વાયુસેનામાં વર્ગ-1 રાજપત્રિત અધિકારી હોવાનો અર્થ એ છે કે એક પ્રતિષ્ઠિત હોદ્દો ધરાવવો, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- **સત્તા :** કમિશન્ડ ઑફિસર તરીકે, તેમને વિવિધ ટીમોનું નેતૃત્વ કરવાની, મહત્ત્વપૂર્ણ કામગીરીનું સંચાલન કરવાની અને રાષ્ટ્રને અસર કરતા મુખ્ય નિર્ણયો લેવાની જવાબદારી સોંપવામાં આવે છે.
- **આદર :** આ પદ સમાજ તરફથી અપાર આદર અને માન્યતા મેળવે છે, કારણ કે તે દેશ માટે સન્માન અને સેવાનું પ્રતીક છે.

**વિકાસની તકો :** ઉચ્ચ સ્તરની તાલીમ, ઉચ્ચ શિક્ષણની તકો અને આંતરરાષ્ટ્રીય પહોંચ(exposure)

- **રાષ્ટ્રનિર્માણમાં યોગદાન :** ભારતીય સેના, નૌકાદળ અથવા વાયુસેનામાં જોડાઈને કરવામાં આવતાં કાર્યો રાષ્ટ્રની સલામતી, સુરક્ષા અને પ્રગતિમાં સીધા ફાળો આપે છે. સશસ્ત્ર દળો વિવિધ લાયકાત ધરાવતા યુવાનો માટે બહુવિધ પ્રવેશ બિંદુઓ પ્રદાન કરે છે.

તમે તેમાં કેવી રીતે જોડાઈ શકો છો તેની માહિતી અહીં આપવામાં આવી છે:

### ભારતીય સેના

પ્રવેશ યોજનાઓ : ધોરણ-12પછી

#### 1. નેશનલ ડિફેન્સ અકેડમી (NDA)

a) **પાત્રતા :** • ઉંમર : 16.5 થી 19.5 વર્ષ. • લિંગ : પુરુષ અને સ્ત્રી (2021થી). • શિક્ષણ : ધોરણ-12 પાસ (ભારતીય સેના માટે કોઈપણ પ્રવાહ).

b) **પસંદગી પ્રક્રિયા :** • લેખિત પરીક્ષા (ગણિત અને જનરલ એબિલિટી ટેસ્ટ) • SSB ઇન્ટરવ્યૂ (5-દિવસની પ્રક્રિયા). • તબીબી પરીક્ષણ

c) **તાલીમ:** NDA, પૂના ખાતે 3 વર્ષ, ત્યારબાદ ભારતીય લશ્કરી એકેડેમી (IMA), દેહરાદૂનમાં 1 વર્ષની તાલીમ

#### 2. ટેકનિકલ એન્ટ્રી સ્કીમ (TES)

a) **પાત્રતા :** • ઉંમર : 16.5 થી 19.5 વર્ષ. • લિંગ : પુરુષ. • શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત સાથે ધોરણ-12પાસ (ઓછામાં ઓછા 60% કુલ ગુણ).

b) **પસંદગી પ્રક્રિયા :** • ધોરણ-12ના ગુણના આધારે, શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોને SSB ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. • કોઈ લેખિત પરીક્ષા નહીં • તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** 5 વર્ષ (OTA, ગયા ખાતે 1 વર્ષની બેઝિક લશ્કરી તાલીમ, અને CME પૂના/MCEME સિકંદરાબાદ/MCTE મહુ ખાતે 4 વર્ષની ટેકનિકલ તાલીમ).

**પ્રવેશ યોજનાઓ :** સ્નાતક અને અનુસ્નાતક પછી

#### 1. કમ્બાઇન્ડ ડિફેન્સ સર્વિસીસ એક્ઝામ (CDS)

a) **પાત્રતા :** • ઉંમર : 19થી 24 વર્ષ (IMA) અને 19 થી 25 વર્ષ (OTA). • લિંગ : પુરુષ (IMA) અને પુરુષ/સ્ત્રી બંને (OTA). • શિક્ષણ : IMA/OTA (Indian Military Academy) (Officers' Training Academy)માંથી કોઈ પણ સ્નાતક ડિગ્રી

b) **પસંદગી પ્રક્રિયા :** ● UPSC દ્વારા લેવામાં આવતી લેખિત પરીક્ષા. ● SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** ● ઈન્ડિયન મિલિટરી એકેડેમી (IMA), દેહરાદૂન (કાયમી કમિશન). ● ઑફિસર્સ ટ્રેનિંગ એકેડેમી (OTA), ચેન્નાઈ (શોર્ટ સર્વિસ કમિશન).

**2. ટેકનિકલ ગ્રેજ્યુએટ કોર્સ (TGC)**

a) **પાત્રતા :** ● ઉંમર : 20 થી 27 વર્ષ. ● લિંગ : પુરુષ. ● શિક્ષણ : ચોક્કસ વિષયોમાં એન્જિનિયરિંગ ડિગ્રી.

b) **પસંદગી પ્રક્રિયા :** ● શૈક્ષણિક લાયકાતના આધારે સીધો SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ ● તાલીમ : IMA, દેહરાદૂન.

**3. શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ)**

a) **પાત્રતા :** ● ઉંમર : 20થી 27 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ચોક્કસ શાખાઓમાં એન્જિનિયરિંગ ડિગ્રી.

b) **પસંદગી પ્રક્રિયા :** ● શૈક્ષણિક લાયકાતના આધારે SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ ● તાલીમ : OTA, ચેન્નાઈ.

**4. NCC સ્પેશિયલ એન્ટ્રી**

a) પાત્રતા : ● ઉંમર : 19 થી 25 વર્ષ. ● જાતિ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ઓછામાં ઓછા 50% ગુણ અને NCC 'C' પ્રમાણપત્ર સાથે સ્નાતક.



b) **પસંદગી પ્રક્રિયા:** ●SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** IMA (પુરુષો) અથવા OTA (પુરુષો/મહિલા).

**5. જજ એડવોકેટ જનરલ (JAG) પ્રવેશ**

a) **પાત્રતા :** ●ઉંમર : 21થી 27 વર્ષ. ● જાતિ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : LLB ડિગ્રી (ઓછામાં ઓછા 55% ગુણ) અને બાર કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન.

b) **પસંદગી પ્રક્રિયા :** ● SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** OTA, ચેન્નાઈ.

● **પ્રવેશ યોજનાઓ: સૈનિક બન્યા પછી અને સેવા દરમિયાન**

**1. ACC (આર્મી કેડેટ કોલેજ) પ્રવેશ : આર્મી કેડેટ કોલેજ (ACC) લાયક સૈનિકોને અધિકારી બનવા માટે તાલીમ આપે છે. ACC ભારતીય લશ્કરી એકેડેમી (IMA), દેહરાદૂનનો ભાગ છે.**

a) **પાત્રતા :** ● ઉંમર : 20 થી 27 વર્ષ. ● શૈક્ષણિક લાયકાત : 10+2 અથવા સમકક્ષ. ● સેવા આવશ્યકતાઓ : સેનામાં ઓછામાં ઓછા 2 વર્ષ સેવા. ● વૈવાહિક સ્થિતિ : અપરિણીત. ● શારીરિક અને તબીબી ધોરણો : અધિકારી-સ્તરના માપદંડોને પૂર્ણ કરવા આવશ્યક છે.

b) **પસંદગી પ્રક્રિયા :** ● લેખિત પરીક્ષા 1. લશ્કરી તાલીમ નિયામક દ્વારા આયોજિત. 2. વિષયો : જનરલ અવેરનેસ, કરન્ટ અફેર્સ, ગણિત અને અંગ્રેજી. ● SSB, ત્યારબાદ મેડિકલ

**2. PC (SL) પ્રવેશ - કાયમી કમિશન (વિશેષ યાદી) આ પ્રવેશ એવા સૈનિકો માટે છે જેઓ અસાધારણ સેવા અને નેતૃત્વ ગુણો દર્શાવે છે.**

a) **પાત્રતા:** ● ઉંમર: 32થી 40 વર્ષ. ● શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછું ધોરણ 10 પાસ. ● સેવા આવશ્યકતાઓ : સેનામાં ઓછામાં ઓછી 10 વર્ષ

સેવા. ● રેન્ક : હવાલદાર અથવા તેથી વધુનો હોદ્દો ધરાવતો હોવો જોઈએ. ● ભલામણ : કમાન્ડિંગ ઑફિસરની ભલામણ મહત્ત્વપૂર્ણ છે.

b) **પસંદગી પ્રક્રિયા :** ● સ્ક્રીનીંગ : સર્વિસ રેકૉર્ડ અને કમાન્ડિંગ ઑફિસરની ભલામણના આધારે.

c) **SSB અને મેડિકલ**

### 3. SCO (સ્પેશિયલ કમિશન્ડ ઑફિસર્સ) પ્રવેશ: PBORsને શૉર્ટ સર્વિસ કમિશન સાથે કમિશન્ડ ઑફિસર બનવાની તક પૂરી પાડે છે.

a) **પાત્રતા :** ● ઉંમર : 28થી 35 વર્ષ. ● શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછું ધોરણ 10 પાસ. ● સેવા આવશ્યકતાઓ : સેનામાં ઓછામાં ઓછા 5 વર્ષ સેવા. ● રેન્ક : નાઈક અથવા તેથી વધુનો હોદ્દો ધરાવતો હોવો જોઈએ. ● ભલામણ : સેવા રેકૉર્ડ અને ઉચ્ચ અધિકારીઓની ભલામણના આધારે

b) પસંદગી પ્રક્રિયા ● લેખિત પરીક્ષા ● મૂળભૂત જ્ઞાન કસોટી. ● SSB અને મેડિકલ

## ભારતીય નૌકાદળ

પ્રવેશ યોજનાઓ: ધોરણ-12 પછી

### 1. રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમી (NDA)

a) **પાત્રતા** ● ઉંમર : 16.5 થી 19.5 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર અને ગણિત સાથે ધોરણ-12 પાસ.

b) **પસંદગી પ્રક્રિયા :** સેના માટે NDA પ્રવેશ જેવી જ.

c) **તાલીમ :** NDAમાં 3 વર્ષ, ત્યારબાદ INA, એઝિમાલા, કેરાલા ખાતે તાલીમ.

### 2. 10+2 (B.Tech) કેડેટ પ્રવેશ યોજના

a) પાત્રતા ● ઉંમર : 16.5 થી 19.5 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત સાથે ધોરણ-12 પાસ (ધોરણ 10 અને 12માં PCMમાં ઓછામાં ઓછા 70% કુલ ગુણ અને અંગ્રેજીમાં 50%). ● JEE (મેઈન)માં રહેલો હોવો જોઈએ અને ઓલ ઇન્ડિયા રેન્કના આધારે શોર્ટલિસ્ટિંગ માટે લાયક હોવો જોઈએ.

b) પસંદગી પ્રક્રિયા ● JEE (મુખ્ય) રેન્કના આધારે ● SSB ઇન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ

c) તાલીમ: INA, Ezhimala (ઈન્ટિગ્રેટેડ B.Tech પ્રોગ્રામ) ખાતે 4 વર્ષ.

## પ્રવેશ યોજનાઓ : સ્નાતક અને અનુસ્નાતક પછી

### 1. કમ્બાઇન્ડ ડિફેન્સ સર્વિસીસ એક્ઝામ (CDS)

a) **પાત્રતા** ● ઉંમર : 19થી 22 વર્ષ. ● લિંગ : પુરુષ ●શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર અને ગણિત સાથે સ્નાતક અથવા એન્જિનિયરિંગ ડિગ્રી.

b) **પસંદગી પ્રક્રિયા** ● UPSC દ્વારા લેવામાં આવતી લેખિત પરીક્ષા. ● SSB ઇન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** ભારતીય નૌકાદળ એકેડેમી (INA), એઝિમાલા.

### 2. સીધી પ્રવેશ સ્નાતક યોજના

a) **પાત્રતા :** ● ઉંમર : 20 થી 25 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : લોજિસ્ટિક્સ, કાયદો, શિક્ષણ, વગેરે જેવા વિષયોમાં સ્નાતક.

b) **પસંદગી પ્રક્રિયા :** ● શૈક્ષણિક લાયકાતના આધારે શોર્ટલિસ્ટિંગ. ● SSB ઇન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** INA, એઝિમાલા.

### 3. શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ/એક્ઝિક્યુટિવ)

a) **પાત્રતા** ● ઉંમર : 20થી 27 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : સંબંધિત વિદ્યાશાખાઓમાં એન્જિનિયરિંગ ડિગ્રી.

b) **પસંદગી પ્રક્રિયા** ● શૈક્ષણિક લાયકાત અથવા JEE (મેઇન)/GATE સ્કોર્સના આધારે શોર્ટલિસ્ટિંગ. ● SSB ઇન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** INA, એઝિમાલા.

### 4. NCC સ્પેશિયલ એન્ટ્રી

a) **પાત્રતા** ● ઉંમર : 19થી 24 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ઓછામાં ઓછા 50% ગુણ અને NCC 'C' પ્રમાણપત્ર સાથે સ્નાતક.

b) **પસંદગી પ્રક્રિયા :** ● ડાઈરેક્ટ SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** INA, એઝિમાલા.

**5. કાયદા સંવર્ગ**

a) **પાત્રતા** ● ઉંમર : 22થી 27 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ઓછામાં ઓછા 55% ગુણ સાથે LLB ડિગ્રી.

b) **પસંદગી પ્રક્રિયા** ● શૈક્ષણિક લાયકાતના આધારે શોર્ટલિસ્ટિંગ. ● SSB ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** INA, એઝિમાલા.

## ભારતીય વાયુસેના

પ્રવેશ યોજનાઓ : ધોરણ-12 પછી

**1. રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમી (NDA)**

a) **પાત્રતા** ● ઉંમર : 16.5થી 19.5 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર અને ગણિત સાથે ધોરણ-12 પાસ.

b) **પસંદગી પ્રક્રિયા :** આર્મી અને નેવી માટે NDA પ્રવેશ પ્રક્રિયા જેવી જ.

c) **તાલીમ :** NDA ખાતે 3 વર્ષ, ત્યારબાદ એર ફોર્સ એકેડેમી (AFA), ડુંડીગલ, તેલંગાણા ખાતે 1 વર્ષ.

**2. એર ફોર્સ X ગ્રુપ (ટેકનિકલ એન્ટ્રી) + એરમેન કમિશન**

a) પાત્રતા ● ઉંમર : 17થી 21 વર્ષ. ● શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર, ગણિત અને અંગ્રેજી સાથે ધોરણ-12 પાસ (ઓછામાં ઓછા 50% કુલ ગુણ અને અંગ્રેજીમાં 50% ગુણ).

b) **કમિશનનો માર્ગ :** ● ગ્રુપ X (ટેકનિકલ)માં એરમેન તરીકે જોડાઓ. ● લાયકાત ધરાવતા એરમેન એ કમિશન્ડ ઑફિસર બનવા માટે એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ (AFCAT) અથવા ઈન્ટરનલ પરીક્ષાઓ માટે અરજી કરી શકે છે.

c) **શાખાઓ :** NDA દ્વારા પ્રવેશ ફ્લાઈંગ બ્રાન્ચ, ગ્રાઉન્ડ ડ્યૂટી (ટેક) અને ગ્રાઉન્ડ ડ્યૂટી (નોન-ટેક) માટે ખુલ્લો છે. ફ્લાઈંગ બ્રાન્ચ અને ગ્રાઉન્ડ ડ્યૂટી (ટેક) ના બધા કેડેટ્સને NDAમાં B.Tech અને ગ્રાઉન્ડ ડ્યૂટી (નોન-ટેક)ના કેડેટ્સને B.Sc. ડિગ્રી ઓફર કરવામાં આવે છે.

● **પ્રવેશ યોજનાઓ : સ્નાતક અને અનુસ્નાતક પછી**

**1. કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ એક્ઝામિનેશન (CDS)**

a) પાત્રતા ● ઉંમર : 20થી 24 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર અને ગણિત સાથે સ્નાતક અથવા એન્જિનિયરિંગ ડિગ્રી.

b) પસંદગી પ્રક્રિયા ● UPSC દ્વારા લેવામાં આવતી લેખિત પરીક્ષા. ● SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) તાલીમ એરફોર્સ એકેડેમી (AFA), ડુંડીગલ, તેલંગાણા.

**2. એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ (AFCAT)**

a) **પાત્રતા** ● ઉંમર 1. ફ્લાઈંગ બ્રાન્ચ : 20થી 24 વર્ષ. 2. ગ્રાઉન્ડ ડ્યૂટી (ટેકનિકલ/નોન-ટેકનિકલ) : 20 થી 26 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : 1. ફ્લાઈંગ બ્રાન્ચ : ભૌતિકશાસ્ત્ર અને ગણિત સાથે સ્નાતક (ઓછામાં ઓછા 60% ગુણ). 2. ગ્રાઉન્ડ ડ્યૂટી : ચોક્કસ ક્ષેત્રોમાં સ્નાતક/અનુસ્નાતક.

b) પસંદગી પ્રક્રિયા : ● લેખિત પરીક્ષા (AFCAT). ● SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) તાલીમ : AFA, ડુંડીગલ.

**3. NCC સ્પેશિયલ એન્ટ્રી**

a) **પાત્રતા** ● ઉંમર : 20થી 24 વર્ષ. ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : ભૌતિકશાસ્ત્ર અને ગણિત સાથે સ્નાતક અને NCC ‘C’ પ્રમાણપત્ર.

b) **પસંદગી પ્રક્રિયા :** ● ડાઈરેક્ટ SSB ઈન્ટરવ્યૂ. ● તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** AFA, ડુંડીગલ.

**4. હવામાનશાસ્ત્ર શાખા**

a) **પાત્રતા :** ● ઉંમર : 20 થી 26 વર્ષ ● લિંગ : પુરુષ અને સ્ત્રી. ● શિક્ષણ : હવામાનશાસ્ત્ર અથવા સંબંધિત ક્ષેત્રોમાં અનુસ્નાતક ડિગ્રી.

b) **પસંદગી પ્રક્રિયા :** ● શૈક્ષણિક લાયકાતના આધારે શોર્ટલિસ્ટિંગ. ● SSB ઇન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ

c) **તાલીમ :** AFA, ડુંડીગલ.

● **ભારતીય સેનામાં તબીબી ક્ષેત્રમાં અધિકારી તરીકે જોડાવું**

**1. આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસ (AFMS) :**

a) ભૂમિકા : આર્મી મેડિકલ કોર્પ્સ (AMC)માં ડૉક્ટર.

b) પાત્રતા ● MCI/NMC રજિસ્ટ્રેશન સાથે **MBBS**. ● PG ડિગ્રી ધારકો (MD/MS)ને પ્રાધાન્ય આપવામાં આવે છે.

c) પસંદગી : AFMS બોર્ડ દ્વારા ડાઈરેક્ટ ઇન્ટરવ્યૂ (UPSC દ્વારા નહીં).

d) મેડિકલ ફિટનેસ ટેસ્ટ.

e) કમિશન : કેપ્ટન (MBBS) તરીકે કમિશન્ડ. નિષ્ણાતો માટે ઉચ્ચ રેન્ક.

**2. AFMC, પૂના, મહારાષ્ટ્ર (MBBS) :**

a) **ભૂમિકા :** MBBS પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી અધિકારી

b) **પાત્રતા :** ● ધોરણ12-સાયન્સ PCB સાથે (60% કુલ ગુણ) ● NEET જરૂરી

c) **કમિટમેન્ટ :** પૂર્ણ થયા પછી તબીબી અધિકારી તરીકે ફરજિયાત સેવા.

**3. મિલિટરી નર્સિંગ સર્વિસીસ (MNS) :**

a) **ભૂમિકા :** મહિલા નર્સિંગ અધિકારીઓ

b) **પાત્રતા :** INC-માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી B.Sc. નર્સિંગ.

c) **પસંદગી :** MNS પરીક્ષા, ઇન્ટરવ્યૂ અને મેડિકલ પરીક્ષા.

d) **કમિશન :** તાલીમ પછી લેફ્ટનન્ટ.

**4. ડેન્ટલ કોર્પ્સ :**

a) **પાત્રતા :** માન્ય રજિસ્ટ્રેશન સાથે BDS/MDS.

b) **પસંદગી :** લેખિત પરીક્ષા અથવા ડાઈરેક્ટ ઈન્ટરવ્યુ

● **સૈનિક તરીકે જોડાવા**

**1. સોલ્જર નર્સિંગ આસિસ્ટન્ટ :**

a) **ભૂમિકા :** ક્ષેત્ર એકમોમાં તબીબી સંભાળમાં સહાય.

b) **પાત્રતા :** ● 50% કુલ ગુણ સાથે 10+2 (PCB). ● ઉંમર : 17.5-23 વર્ષ.

c) **પસંદગી :** શારીરિક પરીક્ષણ, મેડિકલ પરીક્ષા અને લેખિત પરીક્ષા(કોમન એન્ટ્રન્સ ટેસ્ટ).

**2. સોલ્જર ટ્રેડ્સમેન (મેડિકલ સપોર્ટ) :**

a) **ભૂમિકાઓ :** લેબ આસિસ્ટન્ટ, વોર્ડ આસિસ્ટન્ટ અને હૉસ્પિટલ સ્ટાફ.

b) **પાત્રતા** ● સામાન્ય ફરજો માટે ધોરણ-10 પાસ; સેનિટરી કાર્ય માટે ધોરણ-8 પાસ. ● ઉંમર : 17.5-23 વર્ષ.

c) **પસંદગી :** ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ, મેડિકલ પરીક્ષા અને લેખિત પરીક્ષા.



## ● ભારતીય નૌકાદળમાં મેડિકલ ક્ષેત્રમાં ઑફિસર તરીકે જોડાવું

**1. મેડિકલ ઑફિસર (ઇન્ડિયન નેવી મેડિકલ સર્વિસીસ) :**

a) **પાત્રતા :** MBBS/MD/MS અથવા MCI/ NMC રજિસ્ટ્રેશન સાથે સમકક્ષ ડિગ્રી.

b) **પસંદગી :** ડાઈરેક્ટ ઇન્ટરવ્યૂ (UPSC દ્વારા નહીં).

c) શોર્ટ સર્વિસ કમિશન (SSC) અને પરમેનન્ટ કમિશન (PC) વિકલ્પો.

d) **તાલીમ :** પસંદગી પછી શોર્ટ ઓરિએન્ટેશન ટ્રેનિંગ

e) **ભૂમિકાઓ :** નૌકાદળની હૉસ્પિટલોમાં શિપબોર્ડ ડૉક્ટરો અથવા મેડિકલ ઑફિસર્સ

**2. નેવલ નર્સિંગ ઑફિસર્સ :**

a) **પાત્રતા :** INC-માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી B.Sc. અથવા M.Sc. નર્સિંગ.

3. **પસંદગી :** રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા દ્વારા અને ત્યારબાદ મેડિકલ અને શારીરિક ટેસ્ટ દ્વારા.



## ● નાવિક (સૈનિક સમકક્ષ) તરીકે

**1. મેડિકલ આસિસ્ટન્ટ્સ (નાવિક) :**

a) **પાત્રતા** ● ઓછામાં ઓછા 50% કુલ ગુણ સાથે 10+2 (PCB). ● ઉંમર : 17-21 વર્ષ.

b) **પસંદગી :** લેખિત પરીક્ષા, શારીરિક ફિટનેસ ટેસ્ટ અને મેડિકલ પરીક્ષા.

c) **ભૂમિકા :** પ્રાથમિક સારવાર પૂરી પાડવી, તબીબી રેકોર્ડનું સંચાલન કરવું અને નૌકાદળના ડૉક્ટરોને સહાય કરવી.

**2. તબીબી સહાયમાં ટ્રેડ્સમેન :**

a) ભૂમિકા-વોર્ડ બોય્ઝ, હૉસ્પિટલ આસિસ્ટન્ટ્સ અથવા લેબ ટેકનિશિયનનો સમાવેશ થાય છે.

b) પસંદગી -મેડિકલ આસિસ્ટન્ટ્સની પસંદગીમાં કરવામાં આવતા સમાન માપદંડોને અનુસરે છે.

## ● મેડિકલ ક્ષેત્રમાં ભારતીય વાયુસેનામાં એક અધિકારી તરીકે જોડાવું

**1. મેડિકલ ઑફિસર (IAF) :**

a) પાત્રતા : NMC રજિસ્ટ્રેશન સાથે MBBS; અનુસ્નાતક માટે પસંદગી.

b) પસંદગી : AFMS વેબસાઈટ દ્વારા AFMS હેઠળ ડાઈરેક્ટ એન્ટ્રી

c) ભૂમિકાઓ : એરફોર્સ હૉસ્પિટલો અથવા એવિએશન મેડિકલ સેન્ટરમાં સેવા આપવી.

**2. ડેન્ટલ ઑફિસર્સ : આર્મી ડેન્ટલ કોર્પ્સ જેવી જ પસંદગી પ્રક્રિયા.**

**3. નર્સિંગ ઑફિસર્સ : IAF હૉસ્પિટલોની તબીબી શાખાઓ માટે MNS માર્ગદર્શિકા હેઠળ પસંદગી.**

## ● એરમેન (સૈનિક સમકક્ષ) તરીકે

**1. IAF ગ્રુપ 'X' મેડિકલ આસિસ્ટન્ટ :**

a) **પાત્રતા :** ● 10+2 (PCB) ઓછામાં ઓછા 50% કુલ ગુણ અને 40% અંગ્રેજીમાં. ● ઉંમર : 17-21 વર્ષ.

b) **પસંદગી :** લેખિત પરીક્ષા, ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ અને મેડિકલ પરીક્ષણ

c) **ભૂમિકા :** તબીબી સહાય પૂરી પાડવી, મેડિકલ સ્ટોર્સનું સંચાલન કરવું અને ડૉક્ટરોને સહાય કરવી.

**2. પેરામેડિકલ સ્ટાફ :**

લેબ ટેકનિશિયન, ઓપરેશન થિયેટર આસિસ્ટન્ટ્સ અને એક્સ-રે ટેકનિશિયનનો સમાવેશ થાય છે. સંબંધિત ડિપ્લોમા અને પ્રમાણપત્રોની જરૂર છે.

**ભારતીય સેનામાં ધાર્મિક શિક્ષક**

**1. ભૂમિકા :**

સેનામાં ધાર્મિક શિક્ષકોને આર્મી રિલિજિયસ કોર્પ્સમાં જુનિયર કમિશન્ડ ઑફિસર્સ (JCO) તરીકે નિયુક્ત કરવામાં આવે છે. તેઓ આધ્યાત્મિક ફરજો બજાવે છે અને સૈનિકોના મનોબળ અને સુખાકારી માટે સલાહકાર તરીકે સેવા આપે છે.

**2. પાત્રતા માપદંડ :**

a) શૈક્ષણિક લાયકાત : માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક.

b) તમારા સંપ્રદાય મુજબ ધાર્મિક લાયકાત : ● હિન્દુ પંડિતો : હિન્દુ શાસ્ત્રો અને ધાર્મિક વિધિઓમાં નિયુક્ત અને સારી રીતે વાકેફ હોવા જોઈએ. ● મુસ્લિમ મૌલવીઓ : અરબી/ઉર્દૂમાં મૌલવી આલિમ અથવા સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ. ● શીખ ગ્રંથીઓ : પંજાબીમાં 'જ્ઞાની' પાસ કરેલી હોવી જોઈએ. ● ખ્રિસ્તી પાદરીઓ : યોગ્ય ધાર્મિક સત્તા દ્વારા માન્યતા પ્રાપ્ત નિયુક્ત પાદરીઓ. ●બૌદ્ધ સાધુઓ : બૌદ્ધ પરિષદ દ્વારા માન્યતા પ્રાપ્ત મઠમાં નિયુક્ત અને નોંધણી કરાવેલા હોવા જોઈએ.

c) ઉંમર માપદંડ : ● સિવિલિયન ઉમેદવારો : 25-36 વર્ષ. ● સેવા આપતા સૈનિકો : 25-34 વર્ષ.

**3. પસંદગી પ્રક્રિયા :**

a) **લેખિત પરીક્ષા :** ● પેપર ● જનરલ અવેરનેસ (યોગ્ય લાયકાત મુજબ). ● પેપર ● ઉમેદવારના ધર્મ માટે વિશિષ્ટ જ્ઞાન.

b) ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ (PFT) :

c) 8 મિનિટમાં 1.6 કિમી દોડ.

d) અન્ય પ્રમાણભૂત આર્મી શારીરિક કસોટીઓ.

e) ઇન્ટરવ્યૂ : ભૂમિકા માટે યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે બોર્ડ દ્વારા આયોજિત તાલીમ.

4. પસંદ કરાયેલા ઉમેદવારો આર્મી ધાર્મિક તાલીમ શાળામાં તાલીમ આપવામાં આવે છે.

**5. કેવી રીતે અરજી કરવી :**

સંલગ્ન સૂચનાઓ ભારતીય સેના ભરતી વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવે છે : www.joinindianarmy.nic.in અરજી ઓનલાઇન છે, ત્યારબાદ ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને પસંદગી પ્રક્રિયા છે.

● **ભારતીય સશસ્ત્ર દળોમાં જોડાવા માટે અધિકૃત માહિતીનું મહત્ત્વ**

જ્યારે ભારતીય સશસ્ત્ર દળોમાં જોડાવા જેવી પ્રતિષ્ઠિત અને મહત્ત્વપૂર્ણ ઘડતરની વાત આવે છે, ત્યારે વિગતોની અધિકૃતતા અને વિશ્વસનીય સ્રોતો પર આધાર રાખવો મહત્ત્વપૂર્ણ બની રહે છે. જ્યારે ઘણા લોકો તેમની સમજણ અથવા વ્યક્તિગત અનુભવોના આધારે માર્ગદર્શન આપી શકે છે, ત્યારે આવી માહિતી ઘણીવાર અપૂર્ણ, જૂની અથવા તો ખોટી પણ હોઈ શકે છે. રાષ્ટ્રની સેવા કરવાનું તમારું સ્વપ્ન તમને માર્ગદર્શન આપવા માટે સૌથી વિશ્વસનીય અને સત્તાવાર એવા સંસાધનો પરજ વિશ્વાસ કરવો જરૂરી છે.

ભારતીય સેના, ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેના સહિત સશસ્ત્ર દળોએ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત પાત્રતા માપદંડો, પસંદગી પ્રક્રિયાઓ, પરીક્ષાઓ માટેનો અભ્યાસક્રમ અને શારીરિક ધોરણો આપ્યાં છે, જે અરજદારોએ પૂર્ણ કરવા જોઈએ. તેવી જ રીતે, સશસ્ત્ર દળોની તબીબી શાખા, જે સૈનિકો, ખલાસીઓ અને વાયુસેનાના સ્વાસ્થ્ય અને કલ્યાણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેને પણ પ્રવેશ માટે ચોક્કસ લાયકાત અને પ્રક્રિયાઓની જરૂર છે. સત્તાવાર અને અધિકૃત સ્રોતોમાંથી આ માહિતી મેળવવાથી ખાતરી થાય છે કે તમે સારી રીતે તૈયાર છો અને બધી જરૂરી આવશ્યકતાઓને પૂર્ણ કરો છો.

ભારતીય સશસ્ત્ર દળોમાં જોડાવા વિશે તમને સૌથી

સચોટ, વિગતવાર અને અદ્યતન માહિતી અહીં વિશ્વસનીય પ્લેટફોર્મ્સ પર આપવામાં આવી છે :

**ભારતીય સેનાની સત્તાવાર વેબસાઇટ**

1. વેબસાઈટ : www.joinindianarmy.nic.in આ પ્લેટફોર્મ ભારતીય સેનામાં સૈનિક અથવા અધિકારી તરીકે પ્રવેશ વિશેની બધી જરૂરી વિગતો પ્રદાન કરવા માટે સમર્પિત છે.
2. ઉપલબ્ધ મુખ્ય માહિતી : NDA, CDS અને ટેકનિકલ એન્ટ્રી સ્કીમ (TES) જેવી પ્રવેશ યોજનાઓ.
3. સૈનિકો માટે ભરતી વિગતો, જેમાં જનરલ ડ્યૂટી, ટેકનિકલ અને ટ્રેડ્સમેન ભૂમિકાઓ સામેલ છે
4. મેડિકલ કોર્પ્સની તકો અને તેમની જરૂરિયાતો. પરીક્ષા અભ્યાસક્રમ અને પસંદગી પ્રક્રિયાઓ
5. વિવિધ ભૂમિકાઓ માટે શારીરિક ફિટનેસ અને તબીબી ધોરણો.
6. આગામી ભરતી રેલીઓ અને પરીક્ષાઓ વિશે સૂચનાઓ આપે છે.

- **ભારતીય નૌકાદળની સત્તાવાર વેબસાઇટ**

**1. વેબસાઇટ :**

www.joinindiannavy.gov.inભારતીય નૌકાદળની સત્તાવાર સાઇટ દરિયાઈ ક્ષેત્રે કારકિર્દી વિશે વ્યાપક વિગતો પ્રદાન કરે છે, પછી ભલે તે નાવિક હોય કે અધિકારી.

**2. ઉપલબ્ધ મુખ્ય માહિતી :**

a) NDA, B.Tech એન્ટ્રી સ્કીમ અને ડાઈરેક્ટ ગ્રેજ્યુએટ એન્ટ્રી જેવી ઑફિસર-લેવલ એન્ટ્રીઓ વિશે વિગતો.

b) SSR, AA અને MR કેટેગરી હેઠળ નાવિકો માટે ભરતી.

c) અધિકારીઓ અને નાવિકો માટે તબીબી શાખામાં તકો.

d) નૌકાદળ માટે વિશિષ્ટ શારીરિક ધોરણો અને ફિટનેસ માપદંડ.

e) પરીક્ષા અભ્યાસક્રમ અને તૈયારી માટે માર્ગદર્શન.

f) નૌકાદળની જીવનશૈલી, તાલીમ અને કારકિર્દી પ્રગતિમાં આંતરદૃષ્ટિ.

- **ભારતીય વાયુસેનાની સત્તાવાર વેબસાઇટ**

**1. વેબસાઇટ :**

www.indianairforce.nic.in વાયુસેનાનું સત્તાવાર પોર્ટલ ટેકનિકલ, ફ્લાઈંગ અથવા ગ્રાઉન્ડ ભૂમિકાઓમાં સેવા આપવાનું લક્ષ્ય રાખતા ઉમેદવારો માટે વન-સ્ટોપ ડેસ્ટિનેશન છે.

**2. ઉપલબ્ધમુખ્ય માહિતી :**

a) NDA, AFCAT અને NCC વિશેષ એન્ટ્રી ફોર ઑફિસર્સ વિશે વિગતો.

b) ગ્રુપ X (ટેકનિકલ) અને ગ્રુપ Y (નોન-ટેકનિકલ) કેટેગરી હેઠળ એરમેનની ભરતી.

c) મેડિકલ બ્રાન્ચ ભૂમિકાઓ વિશે માહિતી, જેમાં એરોમેડિકલ નિષ્ણાતો અને સહાયક ભૂમિકાઓ સામેલ છે.

d) ફ્લાઈન્ગ ફરજો અને અન્ય ભૂમિકાઓ માટે ફિટનેસ આવશ્યકતાઓ.

e) AFCAT અને એરમેન ભરતી જેવી પરીક્ષાઓ માટે અભ્યાસક્રમ.

f) કારકિર્દી પ્રગતિ અને કૌશલ્ય નિર્માણની તકો પર અપડેટ્સ.

- **આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસ (AFMS)ની સત્તાવાર વેબસાઇટ**

**1. વેબસાઈટ :**

www.amcsscentry.gov.in સશસ્ત્ર દળોની તબીબી શાખામાં જોડાવા ઈચ્છુક લોકો માટે, આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસ (AFMS)ની વેબસાઈટ માહિતીનો સત્તાવાર સ્ત્રોત છે.

**2. ઉપલબ્ધ મુખ્ય માહિતી :**

a) AFMS દ્વારા મેડિકલ ઑફિસર્સ માટે પ્રવેશ યોજનાઓ.

b) ડૉક્ટરો, નર્સો અને પેરામેડિક્સ માટે પાત્રતા માપદંડ.

c) હેલ્થકેર પ્રોફેશનલ્સ માટે શારીરિક ફિટનેસ અને મેડિકલઆવશ્યકતાઓ.

d) AFMSમાં જોડાવા માટે અરજી પ્રક્રિયા અને પસંદગીની વિગતો.

e) આર્મી મેડિકલ કોર્પ્સ, નેવી મેડિકલ બ્રાન્ચ અને એરફોર્સ મેડિકલ સર્વિસીસમાં કારકિર્દીની તકો.

- **UPSCની સત્તાવાર વેબસાઇટ**

**1. વેબસાઈટ :**

www.upsc.gov.in NDA અને CDS જેવી ઘણી ઑફિસર-લેવલ એન્ટ્રીઓ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા લેવામાં આવતી હોવાથી, આ સાઈટની મહત્ત્વાકાંક્ષી ઉમેદવારોએ મુલાકાત લેવી જોઈએ.

**2. ઉપલબ્ધ મુખ્ય માહિતી :**

a) NDA, CDS અને CAPF (આસિસ્ટન્ટ કમાન્ડન્ટ) માટે સૂચનાઓ અને પરીક્ષાનું સમયપત્રક.

b) અભ્યાસક્રમ, પરીક્ષા પેટર્ન અને પાછલા વર્ષના પ્રશ્નપત્રો.

c) ઓનલાઈન અરજીપ્રક્રિયા અને પરીક્ષાના પરિણામો.

**AFCATની સત્તાવાર વેબસાઇટ**

**1. વેબસાઈટ :**

www.afcat.cdac.in ભારતીય વાયુસેનામાં મહત્ત્વાકાંક્ષી અધિકારીઓ માટે એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ (AFCAT) એક મુખ્ય પ્રવેશ બિંદુ છે.

**2. ઉપલબ્ધ મુખ્ય માહિતી :**

a) AFCAT પરીક્ષાની વિગતો, જેમાં અભ્યાસક્રમ અને પાત્રતા માપદંડોનો સમાવેશ થાય છે.

b) અરજી ફોર્મ અને મહત્ત્વપૂર્ણ સમયમર્યાદા.

c) ઇન્ટરવ્યૂની તૈયારી માટે પસંદગી પ્રક્રિયા અને માર્ગદર્શન.

**પ્રમાણિક સ્રોતો શા માટે મહત્ત્વપૂર્ણ છે?**

❖ એક્યુરસી (ચોકસાઈ) : આ વેબસાઈટ્સ નિયમિતપણે નવીનતમ ભરતી સૂચનાઓ અને પ્રક્રિયાઓ સાથે અપડેટ કરવામાં આવે છે.

❖ ક્લેરિટી (સ્પષ્ટતા) : સત્તાવાર પ્લેટફોર્મ સ્પષ્ટ અને સંક્ષિપ્ત સૂચનાઓ પ્રદાન કરે છે, ખોટા અર્થઘટન આપતા નથી.

❖ ટ્રાન્સપરન્સી (પારદર્શિતા) : પાત્રતા માપદંડો, શારીરિક ધોરણો અને પરીક્ષા પેટર્ન સહિતની બધી વિગતો સ્પષ્ટ રીતે જણાવવામાં આવી છે.

❖ પ્રિપેરેશન સપોર્ટ : અભ્યાસક્રમ, પાછલા વર્ષના પેપર્સ અને તૈયારી માટેની ટિપ્સનો ઍક્સેસ ખાતરી કરે છે કે તમે સંપૂર્ણપણે તમામ માહિતીથી સજ્જ છો.

❖ અવોઈડિંગ મિસગાઇડન્સ (ગેરમાર્ગ ટાળવા) : બિનસત્તાવાર સ્રોતો પર આધાર રાખવાથી ખોટી માહિતી મળી શકે છે, જેના પરિણામે સમય અને પ્રયત્નનો બગાડ થઈ શકે છે.

- **તમારી સફરની શરૂઆત યોગ્ય અને સંપૂર્ણ માહિતી સાથે**

જ્યારે ભારતીય સશસ્ત્ર દળોમાં કારકિર્દીની તૈયારી કરવાની વાત આવે છે, ત્યારે જ્ઞાન એ શક્તિ છે. આ સત્તાવાર વેબસાઈટ્સની મુલાકાત લઈને, તમે ખાતરી કરો છો કે તમારી તૈયારી સશસ્ત્ર દળોની ચોક્કસ જરૂરિયાતો અને અપેક્ષાઓ સાથે સુસંગત છે. તેથી, આત્મવિશ્વાસ સાથે પહેલું પગલું ભરો, એ જાણીને કે તમને સૌથી અધિકૃત અને વિશ્વસનીય સંસાધનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

સશસ્ત્ર દળો ફક્ત અરજદારો શોધી રહ્યા નથી; તેઓ પ્રતિનિધિઓ, યોદ્ધાઓ અને દેશભક્તોની શોધ કરી રહ્યા છે. તમારી જાતને યોગ્ય માહિતીથી સુસજ્જ કરો, અને રાષ્ટ્રની સેવા કરવાના તમારા સ્વપ્ન તરફ આત્મવિશ્વાસપૂર્વક આગળ વધો!

લેફ્ટનન્ટ કર્નલ (ડૉ.) કમલપ્રીત સાગી (નિવૃત્ત)
જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન અધિકારી
મિલિટરી બોય્ઝ હોસ્ટેલ
નવી છાણી, નિઝામપુરા રોડ, વડોદરા
મો. 9974004976

# સંગ્રહાલયમાં ક્યુરેટર તરીકેની કારકિર્દી

ડૉ. શેફાલિકા અવસ્થી

- **સંગ્રહાલયોના પ્રકારઃ**

સંગ્રહાલય મુખ્યત: બે પ્રકારનાં હોય છે. કલા સંગ્રહાલય અને વિજ્ઞાન સંગ્રહાલય. પરંતુ આ બન્ને પ્રકારનાં સંગ્રહાલયોમાં પણ જુદા-જુદા વિભાગો હોય છે. જેમાં ઈતિહાસ, પુરાતત્ત્વ, મેરીટાઈમ, અંગત (વ્યક્તિગત) સંગ્રહાલય, પ્રાકૃતિક ઈતિહાસ સંગ્રહાલય, ઓપન એર સંગ્રહાલય વગેરે જેવા અનેક વિભાગોમાં સંગ્રહાલયને વિભાજિત કરવામાં આવે છે.

- **ક્યુરેટર એટલે શું? :**

ક્યુરેટર એ માત્ર સંગ્રહાલય પૂરતો જ સીમિત નથી; ક્યુરેટરની ભૂમિકામાં 'બાયોક્યુરેટર', 'ડિજિટલ ક્યુરેટર' વગેરે પણ હોય છે, પરંતુ અહીં વાત આપણે સંગ્રહાલયના ક્યુરેટરની કરી રહ્યા છીએ. આથી અહીં ક્યુરેટર એટલે સંગ્રહાલયના ક્યુરેટર જ સમજવા. ક્યુરેટરને ગુજરાતીમાં 'સંગ્રહાધ્યક્ષ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **સંગ્રહાલયમાં ક્યુરેટર કેટલા પ્રકારના હોય છે? :**

સંગ્રહાલયમાં ક્યુરેટર બે પ્રકારના હોય છે. એકત્ર કરનાર અર્થાત્ સંગ્રહ કરનાર ક્યુરેટર તથા બીજા પ્રદર્શિત કરનાર ક્યુરેટર.

સંગ્રહ કે એકત્ર કરનાર ક્યુરેટરનું મુખ્ય કામ ઐતિહાસિક વસ્તુઓની વ્યાખ્યા તથા તેની સત્યતા નક્કી કરવી, સંગ્રહને એકત્ર કરવા, તેની નોંધણી કરવી અને સંગ્રહના માધ્યમથી આમજનતાને તેનો ઈતિહાસ, સંસ્કૃતિ અને આપણી પ્રાચીન ધરોહર, વિરાસતનો પરિચય કરાવવાનું હોય છે. કેવા પ્રકારની વસ્તુઓનો સંગ્રહ કરવો, સંગ્રહાલયના પ્રકાર મુજબ વસ્તુ એકત્ર કરવી અને સંગ્રહાલય માટે મેળવેલી કે એકત્ર કરેલી વસ્તુનું મહત્ત્વ કેવા પ્રકારનું છે આ તમામ પ્રકારનું કામ સંગ્રહ કરનાર ક્યુરેટરનું રહે છે અને પ્રદર્શન કરનાર ક્યુરેટરનું કામ સંગ્રહાલય માટે એકત્ર કરવામાં આવેલી કે મેળવવામાં આવેલી વસ્તુઓને પ્રદર્શિત કરવાનું છે. પ્રદર્શિત કરવામાં આવેલા સંગ્રહના માધ્યમથી મુલાકાતીઓ, સંશોધકો અને સંગ્રહાલય નિહાળવા આવેલી આમજનતાને એ સંગ્રહનો પરિચય કરાવવાનું તથા એ વિષયનું જ્ઞાન આપવાનું કાર્ય પ્રદર્શન ક્યુરેટરનું છે.

- **ક્યુરેટર કેવી રીતે બની શકાય? :**

ક્યુરેટર બનનારે મ્યુઝિયોલોજીનો અભ્યાસ કરવો આવશ્યક અને અનિવાર્ય છે. અર્થાત્ વિદ્યાર્થી મ્યુઝિયોલોજીનો અભ્યાસ કરી બીજી વાર અનુસ્નાતક બને એ જરૂરી છે. એ રીતે જોઈએ તો પહેલો અનુસ્નાતકનો અભ્યાસ ઈતિહાસ, કલા, સંસ્કૃતિ, પુરાતત્ત્વ જેવા વિષયોમાં કરીએ પછી મ્યુઝિયોલોજી કરી વિદ્યાર્થી ક્યુરેટર બનવાપાત્ર બને છે.

- **મ્યુઝિયોલોજી કઈ કોલેજ અને યુનિવર્સિટીમાં થાય છે? :**

પ્રથમ અનુસ્નાતકનો અભ્યાસ કલા, સંસ્કૃતિ, પુરાતત્ત્વ વગેરે પ્રકારના વિષયોનો અભ્યાસ કરાવવામાં આવતો હોય છે તેવી દેશની કોઈ પણ યુનિવર્સિટીમાં કરી શકાય છે. પરંતુ મ્યુઝિયોલોજીનો અનુસ્નાતક ડિગ્રી અથવા ડિપ્લોમાનો અભ્યાસ કેટલાંક પસંદ કરેલાં વિશ્વવિદ્યાલયમાં જ કરાવવામાં આવે છે, જેમાં બે વર્ષનો ડિગ્રી અભ્યાસ કરાવતાં મુખ્ય વિશ્વવિદ્યાલયો જોઈએ તો..

1. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, લલિતકલા વિભાગ, વડોદરા, ગુજરાત
2. કોલકાતા વિશ્વવિદ્યાલય, પશ્ચિમ બંગાળ, કોલકત્તા.

3. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય, ઉત્તર પ્રદેશ, વારાણસી.
4. અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલય, ઉત્તર પ્રદેશ.
5. નેશનલ મ્યુઝિયમ ઇન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હી.
6. મદ્રાસ વિશ્વવિદ્યાલય, તમિલનાડુ.
7. રાજસ્થાન વિશ્વવિદ્યાલય, રાજસ્થાન.
8. જીવાજી વિશ્વવિદ્યાલય, ગ્વાલિયર, મધ્યપ્રદેશ

આ વિશ્વવિદ્યાલયો ઉપરાંત બીજી પણ શૈક્ષણિક સંસ્થાઓ છે કે જ્યાં એક વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ કરી શકાય છે.

આવી સંસ્થાઓમાં ડેક્કન કૉલેજ, પૂના તથા પી.જી ડિપ્લોમા ઇન મ્યુઝિયોલોજી એન્ડ કન્ઝર્વેશન, છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય, મુંબઈ મહારાષ્ટ્ર તથા ડિપ્લોમા ઇન આર્કાઇવિંગ એન્ડ મ્યુઝિયોલોજી, કે. આઇ સોમૈયા ઇન્સ્ટિટ્યૂટ, ધર્મા સ્ટડીઝ, મુંબઈ વગેરેનો સમાવેશ થાય છે.

જે વિદ્યાર્થી સંગ્રહાલય વિજ્ઞાનના તથા મ્યુઝિયોલોજી વિષયમાં અભ્યાસ કરીને આ ક્ષેત્રમાં આવવા ઇચ્છે છે એમના માટે વિશ્વવિદ્યાલયોમાં વ્યાખ્યાતા કે પ્રાધ્યાપક બનવાની પણ અનેક તકો રહેલી છે. આ વિદ્યાર્થીઓ આ વિષયમાં આગળ વધીને પીએચ.ડી. કરીને જે વિશ્વવિદ્યાલયોમાં મ્યુઝિયોલોજીનો અભ્યાસ કરાવવામાં આવે છે તેમાં શિક્ષણ કાર્યમાં પણ જોડાઈ શકે છે. પરંતુ એના માટે એમણે યુ.જી.સી નેટની પરીક્ષા પાસ કરીને સંબંધિત વિષયમાં પીએચ.ડી કરવું અનિવાર્ય બની રહે છે.

| ક્રમ | વિશ્વવિદ્યાલયનું નામ | વિશ્વવિદ્યાલયની લિંક |
|---|---|---|
| | **ડિગ્રી કોર્સ** | |
| 1 | એમ. એસ. યુનિવર્સિટી, બરોડા | https://msubaroda.ac.in/academics/FFA/department/MUSY |
| 2 | બનારસ હિન્દુ યુનિવર્સિટી | https://www.bhu.ac.in/Site/UnitHomeTemplate/1_3368_6512_Department-of-Museology-Home |
| 3 | અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઉત્તરપ્રદેશ | https://amu.ac.in/department/museology |
| 4 | નેશનલ મ્યુઝિયમ ઇન્સ્ટિટ્યૂટ, નવી દિલ્લી. | https://nmi.gov.in |
| 5 | મદ્રાસ યુનિવર્સિટી, તમિલનાડુ | https://www.tamiluniversity.ac.in/english/museum-2/ |
| 6 | રાજસ્થાન યુનિવર્સિટી, રાજસ્થાન | https://uniraj.ac.in/departments/museology/muselogy.pdf |
| | **ડિપ્લોમા કોર્સ** | |
| 1 | કે. જી. સોમૈયા ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ | https://kjsids.somaiya.edu/en/programme/diploma-in-archiving-and-museology/ |
| 2 | ડેક્કન કોલેજ, પૂણે. | https://www.dcpune.ac.in/pgdim.html |
| 3 | છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય, મુંબઈ | https://csmvs.in/p-g-diploma/ |
| 4 | જીવાજી યુનિવર્સિટી, મધ્યપ્રદેશ | https://jiwaji.edu/wp-content/up-loads/ 2024/09/PG-Diploma-in-Museology-CBCS -2024-2025.pdf |

ક્યુરેટર, જૂનાગઢ સંગ્રહાલય, જૂનાગઢ
મો. 8239250397

# ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે શિક્ષણ અને તાલીમ

નિખિલેશ દેસાઈ

## ● 'ઉદ્યોગસાહસિકતા' - શિક્ષણ અને તાલીમની જરૂરિયાત

આજે ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમના સફળ પરિણામો બાદ એટલું સ્પષ્ટ થઈ ગયું છે કે ઉદ્યોગસાહસિકો જન્મતા નથી, પરંતુ તેઓને તાલીમ આપીને વિકસાવી શકાય છે. વ્યક્તિમાં કેટલાક ગુણો જન્મજાત હોય છે, જેવા કે, જોખમ ઉઠાવવાની વૃત્તિ, મહેનત કરવાની તૈયારી, સતત નવું કશુંક કરવાની ઈચ્છા, મક્કમતા, વગેરે. પરંતુ ઉદ્યોગસાહસિકતાલક્ષી શિક્ષણ આ ગુણોને વ્યવહારમાં મૂકી, પોતાનો આગવો ઉદ્યોગ સ્થાપી, તેનો યોગ્ય વિકાસ કરી, જીવનમાં સફળ ઉદ્યોગસાહસિક કેવી રીતે બની શકાય, તે શીખવે છે.

## ● 'ઉદ્યોગસાહસિક' કોને કહેવાય?

એક સામાન્ય સમજ અનુસાર કોઈ પણ વ્યક્તિ આર્થિક ઉપાર્જન માટે નાનો/ મોટો વ્યવસાય શરૂ કરે અને ફક્ત પોતાના માટે જ નહિ, પરંતુ બીજાઓ માટે પણ રોજગારીની તકો ઊભી કરે, તેને 'ઉદ્યોગસાહસિક' કહેવાય.

## ● ઉદ્યોગસાહસિકની લાક્ષણિકતાઓ :

ઉદ્યોગસાહસિકતા 'શૂન્યમાંથી સર્જન' કરવાની કલા છે. આ પ્રક્રિયામાં એક ગણતરીપૂર્વકનું જોખમ ઉઠાવવાની ઈચ્છા જરૂરી છે. ઉદ્યોગસાહસિકતા એક પ્રક્રિયા છે.

એક સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે જરૂરી લાક્ષણિકતાઓ કે ગુણો હોવા જરૂરી છે.

**1. પ્રેરણા**
**2. વાતાવરણને પારખવાની સૂઝ**
**3. પહેલવૃત્તિ**
**4. આત્મવિશ્વાસ**
**5. જોખમ ઉઠાવવાની વૃત્તિ**
**6. પ્રશ્નોનું નિરાકરણ**
**7. સખત મહેનત**
**8. નવું કશુંક કરવાની ઈચ્છા અને દૃષ્ટ**
**9. જવાબદારી અને મક્કમતા**
**10. પ્રતિસાદમાંથી શીખ**
**11. નિષ્ફળતામાં ધૈર્ય (ધીરજ)**
**12. માનવસંબંધો વિકસાવવાની શક્તિ**






**13.અન્ય ગુણો :**

(1) ઉત્સાહ (Energy)
(2) વ્યવહારુ વલણ (Pragmatism)
(3) હિંમત (Courage)
(4) પ્રામાણિકતા (Honesty)
(5) જવાબદારી (Responsibility)
(6) આશાવાદીપણું (Optimism)
(7) સહકારની ભાવના (Ability to Co-operate)
(8) સંચાલકીય ક્ષમતા (Managerial Capabilities)
(9) નેતાગીરી (Leadership)

ઉદ્યોગ સ્થાપીને તેનું સફળ સંચાલન કરવાનું શિક્ષણ અને માહિતી ક્યાંથી મળી શકે?

અમદાવાદ ખાતે ભાટ ગામ નજીક આવેલું ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન, જે EDIIના નામે ઓળખાય છે, તે 1983થી ઉદ્યોગસાહસિકતાના ખ્યાલનો શિક્ષણ, તાલીમ અને સંશોધન દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચાર અને પ્રસાર કરે છે. EDII શિક્ષણક્ષેત્રે ઉદ્યોગસાહસિકતા વિષયમાં અનુસ્નાતક કક્ષાના AICTE માન્યતા પ્રાપ્ત તથા ડૉક્ટરલ કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે, જેની વિગતો નીચે મુજબ છે.

**1) ડોક્ટરલ પ્રોગ્રામ - ફેલો પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ - 2025**

ઉદ્યોગસાહસિકતા એ જ્ઞાન, કુશળતા, રચનાત્મકતા અને સ્થિતિસ્થાપકતા (resilience)નો સમન્વય છે. ઉદ્યોગસાહસિકો દેશના સર્વાંગીણ વિકાસમાં અગત્યનો ફાળો આપે છે. ઉદ્યોગસાહસિકતાના ખ્યાલ વિશે સર્વત્ર જાગૃતતા આવી રહી છે, છતાં તેનાં પરિણામો, વિશ્લેષણ, વિશ્વમાં પ્રવર્તતા વલણો તથા વિકાસ સાથે પગ મિલાવવા, સતત સંશોધનની જરૂર છે. આ માટે યોગ્ય શિક્ષણ તથા તાલીમ મેળવેલા સંશોધન ક્ષેત્રના નિષ્ણાતોની આવશ્યકતા રહે છે.

ઇડીઆઇઆઇના આ ‘ફેલો પ્રોગ્રામ ઇન મૅનેજમૅન્ટ’નો ઢાંચો ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને ફક્ત સૈદ્ધાંતિક રીતે જ નહિ, પરંતુ ખાસ વિષય અનુરૂપ જ્ઞાન મેળવી સંશોધનના ક્ષેત્રે પોતાની આગવી વિચારસરણીથી ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે પ્રવર્તતા અને અમલમાં મુકાતા સિદ્ધાંતો, નીતિ તથા શાસન (Governance) સંબંધિત યોગદાન આપે, તે માટે તૈયાર કરવામાં આવે છે.

3 વર્ષના આ અભ્યાસક્રમ માટે પ્રથમ વર્ગની અનુસ્નાતકની ડિગ્રી હોવી જરૂરી છે. ડિગ્રીના આખરી

વર્ષમાં ભણતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ આ માટે અરજી કરી શકે છે. આ અભ્યાસક્રમમાં અરજી કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ, 2025 છે. ઉમેદવારની પંસદગી સંસ્થાના 'Entrepreneurship Research Aptitude Test(ERAT)'ના આધારે કરવામાં આવશે. સંસ્થાની વેબસાઇટ https://fpm.ediindia.ac.in/ ઉપરથી અરજીપત્રક ડાઉનલોડ કરી, રૂ. 1000/-ની અરજી ફી સાથે રજૂ કરવાનું રહેશે. પસંદગીનાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટે સંસ્થાના નિયમો મુજબ ફેલોશિપની સુવિધા છે.

**2. AICTE માન્યતા પ્રાપ્ત, NBA દ્વારા પ્રમાણિત તથા AIU દ્વારા નિર્ધારિત MBA સમકક્ષ 2 વર્ષનો વ્યવસ્થાપન ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતા અભ્યાસક્રમ (PGDM-E).**

આ અભ્યાસક્રમનો હેતુ ઉદ્યોગસાહસિકતા તથા વ્યવસ્થાપન ક્ષેત્રે સાનુકૂળ સાર્વત્રિક વાતાવરણ ઊભું કરવાનો તથા કૌશલ્ય નિર્માણ તથા શિક્ષણ અને તાલીમ દ્વારા નવા ઉદ્યોગસાહસિકો તૈયાર કરવાનો છે. આ અભ્યાસક્રમમાં પેઢીગત ઉદ્યોગધંધામાં રોકાયેલ કૌટુંબિક વારસદારોને પણ ઉદ્યોગલક્ષી જ્ઞાન આપવામાં આવે છે. આ અભ્યાસક્રમમાંથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓમાંથી 75% વિદ્યાર્થીઓએ પોતાનું ઔદ્યોગિક એકમ સ્થાપ્યું છે. આ અભ્યાસક્રમની ત્રણ મુખ્ય શાખાઓ છે. નવું ઔદ્યોગિક એકમ સ્થાપવું, કૌટુંબિક વ્યવસાયનું સંચાલન તથા સામાજિક ઉદ્યોગસાહસિકતા છે. યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ ઉપલબ્ધ છે. 50% ગુણ સાથે કોઈ પણ ક્ષેત્રના, માન્યતા પ્રાપ્ત મહાવિદ્યાલયમાંથી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી અરજી કરી શકશે. (45% આરક્ષિત વર્ગ માટે છે.) વિદ્યાર્થીએ CAT/MAT/XAT/ATMA/CMAT/GMAT અથવા સેન્ટ્રલ ગવર્નમેન્ટની (CUET)ની પ્રવેશ પરીક્ષા પાસ કરી હોવી જોઈએ. વધુ વિગતો માટે www.ediindia.ac.in જોવા વિનંતી.

**3. 2 વર્ષનો સંશોધન, ઉદ્યોગસાહસિકતા તથા સાહસ વિકાસ ક્ષેત્રે અનુસ્નાતક ડિપ્લોમા (Post Graduate Diploma in Management - Innovation, Entrepreneurship & Vendor Development)**

આ અભ્યાસક્રમનો હેતુ નવા વિચાર કે સંશોધનના વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાનો અને આની સમાજ ઉપર હકારાત્મક અસર ઊભી થાય તે માટે વર્ગમાં વિદ્યાર્થીઓને સિદ્ધાંતો, તથા વ્યૂહરચના ઘડવા માટે, તૈયાર કરવાનો છે. સાથે સાથે નવી તકનીક, જ્ઞાન તથા સંશોધન આધારિત નવા ઔદ્યોગિક એકમો ઊભા કરવાનો છે. આ અભ્યાસક્રમમાં દાખલ થવા માટે સ્નાતક કક્ષાની માન્ય યુનિવર્સિટીની 50% સાથે ઉત્તીર્ણ થયાની ડિગ્રી (આરક્ષિત વર્ગ માટે 45%) તથા CAT / MAT / XAT / ATMA / CMAT / GMAT અથવા કેન્દ્ર સરકારની (CUET) પ્રવેશ પરીક્ષા પસાર કરેલી હોવી જોઇએ. આ અભ્યાસક્રમના વિદ્યાર્થીને સતત માર્ગદર્શન આપવામાં આવશે કે જેથી તેઓ ઔદ્યોગિક એકમની સ્થાપના તથા વિકાસમાં આવતી અડચણોનો સફળતાપૂર્વક સામનો કરી શકે.

વધુ વિગતો www.ediindia.ac.in ખાતેથી મેળવી શકાશે.

અભ્યાસક્રમની વિગતો રૂબરૂ મેળવવા નીચેના સરનામે સંપર્ક સાધવો.

પીજીપી સેક્શન, ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન
નારાયણી હાઇટ્સ તથા એપોલો હૉસ્પિટલની બાજુમાં,
પો.ઓ. ભાટ, જિ. ગાંધીનગર
ફોન. નં. 079-69104900/4999/5000
ઈમેલ: info@ediindia.org
pgp@ediindia.org

એડવાઈઝર, બિઝનેસ ડેવલપમેન્ટ સેલ,
ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન
નારાયણી હાઇટ્સ તથા એપોલો હોસ્પિટલની બાજુમાં,
પો.ઓ. ભાટ, જિ. ગાંધીનગર
મો. 9898294400

# CA-CS દેશ અને ગુજરાતમાં લોકપ્રિય કારકિર્દીનું ક્ષેત્ર

સારંગ એમ. દવે

વહાલા વિદ્યાર્થી મિત્રો તથા વાલીઓ આજે હું આપને દેશના સૌથી લોકપ્રિય એવાં બે પ્રોફેશનલ કોર્સ એટલે કે CA તથા CS વિશે વિસ્તૃત માહિતી આપીશ. સૌ પ્રથમ આપણે CA વિષે વાત કરીશું. જો આપ એકાઉન્ટ, ફાઈનાન્સ, ટેક્સેશન જેવા આંકડાકીય વિષયોમાં વધુ રુચિ ધરાવતાં હો તો CA એ શ્રેષ્ઠ અભ્યાસક્રમ છે.

## 1. CA CHARTERED ACCOUNTANCY COURSE

### The Institute of Chartered Accountants of India (ICAI)

CA એ નેશનલ લેવલનો પ્રોફેશનલ કોર્સ છે જેનું સંચાલન અને નિયમન નેશનલ લેવલ પર The Institute of Chartered Accountants of India (The ICAI) દ્વારા થાય છે. The ICAI એ વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રોફેશનલ બોડી છે. ICAIનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલ છે તથા તેની પાંચ રિજનલ કાઉન્સિલ ઑફિસ મુંબઈ, ચેન્નાઈ, કોલકતા, કાનપુર અને નવી દિલ્હીમાં સ્થિત છે. જયારે દેશમાં અલગ અલગ શહેરોમાં ICAIની કુલ 177 શાખાઓ છે. વધુમાં ઈન્સ્ટિટ્યૂટનાં 50 ફોરેન ચેપ્ટર પણ છે. જો આપણે ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં ICAIની શાખાઓ નીચેનાં શહેરોમાં છે:

| | |
|---|---|
| અમદાવાદ | આણંદ |
| ભરૂચ | ભાવનગર |
| ભૂજ, કચ્છ | ગાંધીધામ |
| જામનગર | રાજકોટ |
| સુરત | વડોદરા |
| વાપી | |

CA કોર્સને લગતી તમામ માહિતી, રજિસ્ટ્રેશન પ્રોસેસ, કોચિંગને લગતી માહિતી વગેરે ICAIની વેબસાઈટ https://www.icai.org/ તથા ઉપર જણાવેલ શાખાઓ પરથી પણ મળી શકશે.

### CA Courseમાં જોડાવા માટે જરૂરી પાત્રતા માપદંડ

આ કોર્સમાં જોડાવા માટે વિદ્યાર્થીઓ પાસે 2 વિકલ્પો છે જેની માહિતી નીચે મુજબ છે:

**Route 1 : Foundation Course (પાયાનો અભ્યાસ) :**

Foundation Course એટલે CA અભ્યાસક્રમ નું પ્રથમ પગથિયું. વિદ્યાર્થી મિત્રો આપની ધોરણ 12ની પરીક્ષા પછી આપ સીધા જ Foundation Course માટે રજિસ્ટ્રેશન કરાવી શકો છો. આ વિકલ્પ એવા વિદ્યાર્થી મિત્રો માટે છે કે જેઓ ધોરણ 12 પછી સીધા જ CAના અભ્યાસક્રમમાં જોડાવવા માગતાં હોય. Foundation Course માં કુલ 4 વિષયનાં પેપર હોય છે અને Foundation પરીક્ષા ICAI દ્વારા વર્ષ માં ત્રણ વખત લેવામાં આવે છે. જાન્યુઆરી, મે/જૂન અને સપ્ટેમ્બર. આ પરીક્ષામાં બેસવાની પાત્રતા કેળવવા માટે ઓછામાં ઓછા 4 મહિના પહેલાં course માટેનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે જે સમય દરમિયાન તમારે તમારો સંપૂર્ણ અભ્યાસક્રમ પૂરો કરવાનો હોય છે. વિદ્યાર્થી મિત્રોને એ ખાસ જણાવવાનું કે જે મિત્રો ધોરણ 10 પાસ છે તેમજ ધોરણ 12ની પરીક્ષા આપી ચૂક્યા છે અને એમનું 12મા ધોરણનું પરિણામ હજી બાકી છે તેમ છતાં ધોરણ 10ના પરિણામના આધારે પણ Foundation Course માટે રજિસ્ટ્રેશન કરાવી શકાય છે અને Foundationની પરીક્ષામાં બેસી શકાય છે. ઉદાહરણ તરીકે જો તમારું ધોરણ 12નું બોર્ડનું પરિણામ મે 2025માં

જાહેર થવાનું હોય, પણ તમારે જો સપ્ટેમ્બર 2025ની Foundation પરીક્ષામાં બેસવું હોય તો તમારે 30 એપ્રિલ 2025 સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. એટલે એવાં સંજોગોમાં ઉપર જણાવ્યા પ્રમાણે ધોરણ 10નાં પરિણામનાં આધારે Foundation Course માટે રજિસ્ટ્રેશન કરાવીને તમે સપ્ટેમ્બર 2025ની પરીક્ષામાં બેસી શકો છો. આ એક વિકલ્પ છે વિદ્યાર્થીઓ પાસે. જો તેઓ ઈચ્છે તો ધોરણ 12નાં પરિણામ પછી પણ રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ વિદ્યાર્થીઓ જાન્યુઆરી 2026ની પરીક્ષામાં બેસી શકશે. અભ્યાસક્રમ માટેનું ઓનલાઈન રજિસ્ટ્રેશન https://eservices.icai.org/ પરથી થઈ શકશે .

સૌથી મહત્ત્વની વાત એ છે કે આ અભ્યાસક્રમમાં જોડાવા માટે ધોરણ 10 કે ધોરણ 12માં કોઈ મેરિટ કે કોઈ કટઓફ નથી હોતું. એક અને માત્ર એક જ લાયકાત જરૂરી છે કે આપ ધોરણ 10 અને 12માં પાસ હોવા જોઈએ. ઉપરાંત કોઈ પણ પ્રવાહના વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે.

Foundation પરીક્ષામાં પાસ થયા પછી CA Courseનો બીજો તબક્કો એટલે Intermediate Course છે અને ત્યાર બાદ છેલ્લો તબક્કો CA Final Course છે. Intermediate અને Final બંને પરીક્ષામાં કુલ 6-6 પેપર હોય છે અને CA Finalમાં 6 પેપર ઉપરાંત વિદ્યાર્થીઓ એ ચાર વિષયનાં SPOM (SELF PACED ONLINE MODULES) પણ પાસ કરવાનાં રહેશે. આ બંને Courseની વચ્ચે વિદ્યાર્થીઓ એ Integrated Course on Information Technology and Soft Skills (ICITSS) તથા 2 વર્ષની Practical Training પણ પૂરી કરવાની હોય છે. આ practical training વિદ્યાર્થીઓએ Practicing Chartered Accountantની ઓફીસમાં કરવાની હોય છે જે દરમિયાન તેઓએ CAને લગતું તમામ પ્રેક્ટિકલ કામ શીખવાનું હોય છે અને આ દરમિયાન વિદ્યાર્થીઓને ICAI દ્વારા નક્કી થયેલ દરથી સ્ટાઈપેન્ડ પણ ચૂકવવામાં આવશે.

આ અભ્યાસક્રમનો કુલ સમયગાળો 4-4.5 વર્ષનો હોય છે, જેમાં વિદ્યાર્થીઓએ ઉપર જણાવ્યા મુજબની તમામ પરીક્ષામાં પાસ થવાનું રહેશે.

### Route : 2 : Direct Entry (સીધો પ્રવેશ)

CA અભ્યાસક્રમમાં દાખલ થવાનો આ બીજો વિકલ્પ છે, જેમાં સ્નાતક / અનુસ્તાનક વિદ્યાર્થીઓ સીધા જ Intermediate Courseમાં પ્રવેશ મેળવી શકે છે.

ICAI નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ ને સીધા જ Intermediate Course માં પ્રવેશ આપે છે :

55% કે તેનાથી વધુ માર્ક્સ ધરાવતા કોમર્સ સ્નાતક/ અનુસ્નાતક વિદ્યાર્થીઓ, 60% કે તેનાથી વધુ માર્ક્સ ધરાવતા અન્ય સ્નાતક/ અનુસ્નાતક વિદ્યાર્થીઓ (વિજ્ઞાન પ્રવાહ અને આર્ટ્સ)

આ વિકલ્પ પસંદ કરનાર વિદ્યાર્થી મિત્રોએ Intermediate Course અને ત્યાર બાદ Final Course બંને પરીક્ષા પાસ કરવાની રહેશે. Intermediate અને Final બંને પરીક્ષામાં કુલ 6-6 પેપર હોય છે અને આ બંને Courseની વચ્ચે વિદ્યાર્થીઓ એ Integrated Course on Information Technology and Soft Skills (ICITSS) તથા 2 વર્ષની Practical Training પણ પૂરી કરવાની હોય છે.

Direct Entry થી Intermediate Course માટેનું ઓનલાઈન રજિસ્ટ્રેશન https://eservices.icai.org/ પરથી કરી શકશે.

**CA અભ્યાસક્રમનું ફી સ્ટ્રકચર :**

| અ. નં. | વિગતો | રકમ |
|---|---|---|
| 1. | Foundation Course રજિસ્ટ્રેશન તથા અન્ય ફી | Rs. 9800/- |
| 2. | Intermediate Course રજિસ્ટ્રેશન તથા અન્ય ફી | Rs. 18000/- |
| 3. | Final Course રજિસ્ટ્રેશન તથા અન્ય ફી | Rs. 22000/- |
| 4. | ICITSS અને AICITSS Training ફી (અંદાજિત) | Rs. 28000/- |
| 5. | દરેક તબક્કાવાર પરીક્ષાની ફી | ICAI દ્વારા નિયત થયેલ દર થી |

- આ અભ્યાસક્રમનાં તમામ પુસ્તકો તથા સાહિત્ય તબક્કાવાર ICAI દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ ઉપરાંત દરેક તબક્કે પ્રાઈવેટ તથા ICAI દ્વારા સંચાલિત કોચિંગ કલાસિસ પણ ઉપલબ્ધ છે, જેમાં તમામ વિષયની સંપૂર્ણ માહિતી અલગ અલગ શિક્ષકો દ્વારા આપવામાં આવે છે.
- કોચિંગ ક્લાસ તથા ICAIની રજિસ્ટ્રેશન ફી સહિતનો CA અભ્યાસક્રમનો કુલ અંદાજિત ખર્ચ આશરે રૂ. 350000-400000 જેટલો થાય છે.
- બીજા બધા અભ્યાસક્રમોની સરખામણીમાં CA અભ્યાસક્રમ ઓછો ખર્ચાળ છે જયારે CA પ્રોફેશનલની જરૂરિયાત અને વૅલ્યુ બીજાની સરખામણીમાં ઘણી જ વધારે છે. તેથી મિત્રો એક વાત યાદ રાખવી કે “નિશાન ચૂક માફ , નહિ માફ નીચું નિશાન”. તમે જો પહેલેથી જ તમારું લક્ષ્યાંક ચોક્કસ રાખશો અને એ દિશામાં તનતોડ મહેનતમાં લાગી જશો તો તમને સફળતા ચોક્કસ મળશે.

હવે હું આપને બીજા એક મહત્ત્વના પ્રોફેશનલ અભ્યાસક્રમ CS-Company Secretary Course વિશે થોડી માહિતી આપીશ. જે વિદ્યાર્થી મિત્રો કંપનીને લગતી કાયદાકીય કામગીરીમાં અને કમ્પ્લાયન્સ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવાં ઈચ્છતા હોય એમના માટે આ અભ્યાસક્રમ એ એક શ્રેષ્ઠ અભ્યાસક્રમ છે.

## 2. CS- COMPANY SECRETARIES COURSE (કંપની સેક્રેટરીઝ કોર્સ)

The Institute of Company Secretaries of India (ICSI)

CS એ પણ એક નેશનલ લેવલનો પ્રોફેશનલ કોર્સ છે, જેનું સંચાલન અને નિયમન નેશનલ લેવલ પર The Institute of Company Secretaries of India (The ICSI) દ્વારા થાય છે. The ICSI એ દેશનું એક મહત્ત્વનું પ્રોફેશનલ બોડી છે. ICSIનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલ છે તથા તેની 4 રિજનલ કાઉન્સિલ ઑફિસ મુંબઈ, ચેન્નાઈ, કોલકતા અને નવી દિલ્હીમાં સ્થિત છે. જયારે દેશમાં અલગ અલગ શહેરોમાં ICSIની કુલ 73 શાખાઓ છે. વધુમાં ઇન્સ્ટિટ્યૂટનાં 6 ફોરેન ચેપ્ટર પણ છે. જો આપણે ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં ICSIની શાખાઓ નીચેનાં શહેરોમાં સ્થિત છે :

**અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ**

CS કોર્સને લગતી તમામ માહિતી, રજિસ્ટ્રેશન પ્રોસેસ, કોચિંગને લગતી માહિતી વગેરે ICSIની વેબસાઈટ https://icsi.edu/ તથા ઉપર જણાવેલ શાખાઓ પરથી પણ મળી શકશે.

### CS Courseમાં જોડાવા માટે જરૂરી પાત્રતા માપદંડ:

આ કોર્સમાં જોડાવા માટે વિદ્યાર્થીઓ પાસે બે વિકલ્પો છે જેની માહિતી નીચે મુજબ છે :

- **Route 1 : CS Executive Entrance Test (CSEET):**

CSEET એટલે CS અભ્યાસક્રમનો પ્રથમ તબક્કો. વિદ્યાર્થી મિત્રો આપની ધોરણ 12ની પરીક્ષા પછી આપ સીધા જ CSEET માટે રજિસ્ટ્રેશન કરાવી શકો છો. આ વિકલ્પ એવાં વિદ્યાર્થી મિત્રો માટે છે કે જેઓ ધોરણ

12 પછી સીધા જ CSના અભ્યાસક્રમમાં જોડાવા માગતાં હોય. CSEETમાં કુલ 4 વિષયનાં પેપર હોય છે અને આ બધાં પેપરની કમ્બાઇન્ડ કુલ 120 માર્ક્સની MCQ આધારિત પરીક્ષા ICSI દ્વારા વર્ષમાં 4 વખત લેવામાં આવે છે. જાન્યુઆરી, મે, જુલાઈ અને નવેમ્બર. આ ઉપરાંત 30 માર્ક્સની VIVA VOCE પણ CSEETની પરીક્ષાની સાથે જ વિદ્યાર્થીઓએ આપવાની હોય છે. જે વિદ્યાર્થીમિત્રો ધોરણ 10 પાસ છે તેમજ ધોરણ 12ની પરીક્ષા આપી ચૂક્યા છે અને એમનું 12મા ધોરણનું પરિણામ હજી બાકી છે તેમ છતાં ધોરણ 10ના પરિણામના આધારે પણ CSEET માટે રજિસ્ટ્રેશન કરાવી શકાય છે અને પરીક્ષામાં બેસી શકાય છે. અભ્યાસક્રમ માટેનું ઓનલાઈન રજિસ્ટ્રેશન https://icsi.edu/ પરથી થઈ શકશે .

સૌથી મહત્ત્વની વાત એ છે કે આ અભ્યાસક્રમમાં જોડાવા માટે પણ ધોરણ 10 કે ધોરણ 12 માં કોઈ મેરિટ કે કોઈ કટઓફ નથી હોતું. એક અને માત્ર એક જ લાયકાત જરૂરી છે કે આપ ધોરણ 10 અને 12માં પાસ હોવા જોઈએ. ઉપરાંત કોઈ પણ પ્રવાહના વિદ્યાર્થીઓ (ફાઈન આર્ટ્સ સિવાયના) આ અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે.

CSEET પરીક્ષામાં પાસ થયા પછી CS Course નો બીજો તબક્કો એટલે CS Executive Program છે અને ત્યાર બાદ છેલ્લો તબક્કો CS Professional Program. CS Executive Program અને CS Professional Program બંને પરીક્ષામાં કુલ 7-7 પેપર હોય છે અને આ બંને Courseની વચ્ચે વિદ્યાર્થીઓએ Executive Development Program (EDP) તથા 21 મહિનાની Practical Training પણ પૂરી કરવાની હોય છે. આ practical Training વિદ્યાર્થીઓએ Practicing Company Secretaryની ઑફિસમાં કરવાની હોય છે જે દરમિયાન તેઓએ CSને લગતું તમામ પ્રેક્ટિકલ કામ શીખવાનું હોય છે અને આ દરમિયાન વિદ્યાર્થીઓને ICSI દ્વારા નક્કી થયેલ દરથી સ્ટાઈપેન્ડ પણ ચૂકવવામાં આવશે.

આ ઉપરાંત CS Professional Programની પરીક્ષા પાસ કર્યા પછી વિદ્યાર્થીઓએ Corporate Leadership Development Program (CLDP)ની તાલીમ પણ લેવાની હોય છે.

આ અભ્યાસક્રમનો કુલ સમયગાળો અંદાજે 4 - 4.5 વર્ષનો હોય છે જેમાં વિદ્યાર્થીઓએ ઉપર જણાવ્યા મુજબની તમામ પરીક્ષામાં પાસ થવાનું રહેશે.

**Route : 2 - Direct Entry (સીધો પ્રવેશ)**

CS અભ્યાસક્રમમાં દાખલ થવાનો આ બીજો વિકલ્પ છે, જેમાં સ્નાતક / અનુસ્તાનક વિદ્યાર્થીઓ સીધા જ CS Executive Programમાં પ્રવેશ મેળવી શકે છે.

ICSI નીચે મુજબ ની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સીધા જ CS Executive Programમાં પ્રવેશ આપે છે :

- ❖ CS Foundation (પહેલાની સ્કીમ મુજબ) પરીક્ષા પાસ કરેલ હોય
- ❖ ICAI Final Course પરીક્ષા પાસ કરેલ હોય
- ❖ ICMAI Final Course Exam પરીક્ષા પાસ કરેલ હોય
- ❖ સ્નાતક (50% કે તેનાથી વધારે માર્ક્સ)
- ❖ અનુસ્નાતક

આ વિકલ્પ પસંદ કરનાર વિદ્યાર્થીમિત્રોએ CS Executive Program અને ત્યાર બાદ CS Professional Program, બંને પરીક્ષા પાસ કરવાની રહેશે. CS Executive Program અને CS Professional Program બંને પરીક્ષામાં કુલ 7-7 પેપર હોય છે અને આ બંને Courseની વચ્ચે વિદ્યાર્થીઓએ Executive Development Program (EDP) તથા 21 મહિનાની Practical Training પણ પૂરી કરવાની હોય છે. આ ઉપરાંત CS Professional Programની પરીક્ષા પાસ કર્યા પછી વિદ્યાર્થીઓએ Corporate Leadership Development Program (CLDP)ની તાલીમ પણ લેવાની હોય છે. Direct Entryથી CS

Executive Programમાટેનું ઓનલાઇન રજિસ્ટ્રેશન વિદ્યાર્થીમિત્રો https://icsi.edu/ પરથી કરી શકશે.

**CS અભ્યાસક્રમનું ફી સ્ટ્રકચર :**

| અ.નં. | વિગતો | રકમ |
|---|---|---|
| 1. | CS Executive Entrance Test રજિસ્ટ્રેશન તથા અન્ય ફી | Rs. 2000/- |
| 2. | CS Executive Program રજિસ્ટ્રેશન તથા અન્ય ફી (CS Executive Program Direct Entryની ફી Rs. 22000) | Rs. 17000/- |
| 3. | CS Professional Program રજિસ્ટ્રેશન તથા અન્ય ફી | Rs. 20000/- |
| 4. | EDP અને CLDP Training ફી (અંદાજિત) | Rs. 15000/- |
| 5. | દરેક તબક્કાવાર પરીક્ષાની ફી | ICSI દ્વારા નિયત થયેલ દરથી |

આ અભ્યાસક્રમનાં તમામ પુસ્તકો તથા સાહિત્ય તબક્કાવાર ICSI દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ ઉપરાંત દરેક તબક્કે પ્રાઈવેટ તથા ICSI દ્વારા સંચાલિત કોચિંગ કલાસિસ પણ ઉપલબ્ધ છે, જેમાં તમામ વિષયની સંપૂર્ણ માહિતી અલગ અલગ શિક્ષકો દ્વારા આપવામાં આવે છે.

કોચિંગ ક્લાસ તથા ICSIની રજિસ્ટ્રેશન ફી સહિતનો CS અભ્યાસક્રમ નો કુલ અંદાજિત ખર્ચ આશરે રૂ. 250000-300000 જેટલો થાય છે.

બીજા બધાં અભ્યાસક્રમોની સરખામણીમાં CS અભ્યાસક્રમ પણ ઓછો ખર્ચાળ છે જયારે CS પ્રોફેશનલની ભારતના વિકસતા અર્થતંત્રમાં દિન પ્રતિદિન વધારે અને વધારે જરૂરિયાત ઊભી થઈ રહી છે એટલે વિદ્યાર્થીઓને સારી કારકિર્દી બનાવવાની ઉત્તમ તક CSનો અભ્યાસક્રમ પૂરી પાડે છે. તેથી મિત્રો આ બંને પ્રોફેશનલ અભ્યાસક્રમની પોત પોતાની વિશેષતાઓ છે અને બંનેમાંથી તમારી રુચિ અને આવડત પ્રમાણે કોઈ પણ અભ્યાસક્રમ પસંદ કરીને તમે ઉત્તમ કારકિર્દી બનાવીને તમારું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકો છો. બસ, એક વાતનું ધ્યાન રાખવાનું કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. એટલે પહેલેથી જ તમારુ લક્ષ્ય સેટ કરી દો અને એ દિશામાં સખત મહેનત આજથી શરૂ કરી દો. આપ સૌને ઉત્તમ કારકિર્દી માટે અને ઉજ્જવળ ભવિષ્ય માટે મારી ખૂબ ખૂબ શુભકામનાઓ. ALL THE BEST !!!

આ બંને અભ્યાસક્રમને લગતી વધુ માહિતી તમે ઉપર જણાવેલ વેબસાઈટ પરથી મેળવી શકો છો અથવા તમારી નજીકની શાખામાં જઈને રૂબરૂ સંપર્ક કરીને પણ મેળવી શકો છે. ઉપરાંત બીજી કોઈ વિશેષ માહિતી માટે જરૂર જણાય તો વિદ્યાર્થીમિત્રો તથા વાલીઓ મારો સંપર્ક નીચે જણાવેલ માહિતી પરથી કરી શકશો:

204, મોર્ય કોમ્પલેક્સ, સી. યુ. શાહ કોલેજ પાસે,
ઓફ આશ્રમ રોડ, ઇન્કમટેક્સ, અમદાવાદ- 380014
મો. 9974806510

# દરિયાના ઊંડાણ પામવાની સાહસિક જીવનની અનોખી સફર : સ્કુબા ડાઇવિંગ

લોઇસ ક્રિશ્ચિયન

## સ્કુબા ડાઇવિંગ એટલે શું?

આ દરિયાના પેટાળમાં રહેલી રંગબેરંગી અને જીવંત દુનિયાને અનુભવતી સાહસિક પ્રવૃત્તિ એટલે “સ્કુબા ડાઈવિંગ” અથવા તો “અંડર વોટર ડાઈવિંગ”. સ્કુબા ડાઈવિંગ એ શ્વસનતંત્રના અને તરણ ક્રિયામાં મદદરૂપ એવા ફીન્સ, બ્રિધિંગ માસ્ક, ડાઇવિંગ નાઇફ, ડાઈવિંગ માસ્ક, ડાઇવ કોમ્પ્યૂટર, સ્નોર્કેલ, રેગ્યુલેટર, વેટસુટ, ડાઈવિંગ લાઇટ, સિલિન્ડર, બ્યુયન્સી કોમ્પેનસેટર અને સબમર્સિબલ પ્રેસર ગૌગ (SPG) જેવાં અન્ય સાધનો સહ ડૂબકી મારનાર દરિયામાં ઊતરતા હોય છે. સ્કુબા ડાઈવિંગ સામાન્ય રીતે એક ઍડવેન્ચર સ્પોર્ટ તરીકે દરિયાપ્રેમી અને સાહસિક લોકોમાં જાણીતી પ્રવૃત્તિ છે.

ઇ-લર્નિંગમાં દૃશ્ય-શ્રાવ્ય વીડિયો દ્વારા સરળ રીતે સ્કુબા ડાઈવિંગ વિશે અગત્યની જાણકારી આપવામાં આવે છે. કોર્સના અંત ભાગમાં પરીક્ષા લેવામાં આવે છે જે આપવી અત્યંત જરૂરી છે. ડાઇવ સેન્ટરમાં કોર્સમાં રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ઇ-લર્નિંગ સામગ્રીને જોઈ જાણી અને શીખી શકવા માટેનો ઍક્સેસ જે તે સંબંધિત ડાઇવ સેન્ટર આપે છે અને આ ઇ-લર્નિંગ કોર્સ ઘરે રહીને પણ કરી શકાય છે. સામાન્ય રીતે ઓપન વોટર કોર્સમાં પાંચ ‘કન્ફાઇન્ડ વોટર ડાઇવ્સ’ હોય છે જેમાં પ્રવીણતા મેળવ્યા બાદ અભ્યાસ પૂર્ણ કરી, ચાર ‘ઓપન વોટર ડાઇવ્સ’ કરવાની હોય છે. આમ માત્ર તાત્ત્વિક/થિયોરિટિકલ જ્ઞાનથી જ નહિ પણ વ્યાવહારિક જ્ઞાનના અંતે વિદ્યાર્થી 18 મીટર દરિયામાં ઊંડે સુધી ડાઈવિંગ માટે વિદ્યાર્થીને ડાઇવર તરીકે પ્રમાણિત કરવામાં આવે છે.

ઓપન વોટર કોર્સ પછી એડવાન્સ ઓપન વોટર કોર્સ કરી શકાય છે. એડવાન્સ ઓપન વોટર કોર્સમાં પાંચ એડવેન્ચર ડાઇવ્સ હોય છે, જેમાંથી ડીપ ડાઇવ અને નેવિગેશન ફરજિયાત હોય છે. ત્રણ વધુ એડવેન્ચર ડાઇવ્સ, ઇલેક્ટિવ ડાઇવ્સ હોય છે, જેમાં તમે શીખનાર સ્વયંની અનુકૂળતા અને કૌશલ્ય પ્રમાણે પસંદગી કરી શકે છે.

## સ્કુબા ડાઈવર બનવા માટેની લાયકાત :

- સ્કુબા ડાઇવર કોર્સ અજમાવવા માટે વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી ઉંમર 10થી 12 વર્ષની હોય છે. જે-તે સંસ્થા સ્વયં નક્કી કરતી હોય છે.
- શારીરિક અને માનસિક સ્વસ્થતા વિના આ સાહસિકતા અને ધૈર્ય માંગી લેતું કૌશલ્ય શીખવું શક્ય નથી.
- વિદ્યાર્થીઓ કોઈ પણ આધાર વિના ઓછામાં ઓછી 10 મિનિટ સુધી તરી શકતા હોવા જોઈએ.
- વિદ્યાર્થીઓએ પોતાના સ્વિમસ્યુટ, ટુવાલ, કેપ તેમજ તમામ જરૂરી વસ્તુઓ સ્વંય જ ઊંચકવાની અને સાથે રાખવાની હોય છે.
- જેમજેમ બેઝિક કોર્સથી આગળના કોર્સ તરફ આગળ વધીએ તેમ શ્વાસોશ્વાસની ક્ષમતા, પાણીમાં અંદર રહેવાની ક્ષમતા તેમજ 12 મીટર કે 18 મીટરથી શરૂ કરી 30 મીટરથી લઈને 200 મીટર થી 400 મીટર સુધીના ડીપ ડાઇવિંગનો અનુભવ માગવામાં આવતો હોય છે.

## કોર્સનો સમયગાળો અને ખર્ચની વિગતો :

ઓપન વોટર કોર્સ માટે 3થી 4 દિવસ અને એડવાન્સ કોર્સ માટે 2 દિવસ આમ અંદાજિત છ દિવસનો સમયગાળો પ્રેક્ટિકલ જ્ઞાન માટેનો રહેતો હોય છે. ડાઇવિંગના સમયગાળામાં દરમિયાન 18થી 24 કલાકનો વિરામ જરૂરી છે.

- ભારતમાં ઓપન વોટર કોર્સની ફી અંદાજિત રૂ.25000થી રૂ.32000 છે. કોર્સની ફી જે તે સ્થળ

અને ડાઈવ સેન્ટર ઉપર નિર્ધારિત રહેતી હોય છે.

- એડવાન્સ કોર્સની ફી રૂ.24000થી રૂ.32000 છે. જો બન્ને ઓપન વોટર અને એડવાન્સ્ડ કોર્સ એક પછી એક કરો, તો પૅકેજ ડિલ અંતર્ગત ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવતું હોય છે.

**ડાઇવિંગના સ્થળો:**

આપણા દેશમાં અંદામાન ટાપુઓ ઉત્સાહી ડાઇવર્સ માટે ખૂબ જાણીતી અને સૌથી લોકપ્રિય જગ્યા છે. તેનું કારણ એ છે કે અહીંયા વિવિધ ડાઇવ સાઇટ છે. તે બધાં એકબીજાથી અલગ છે. રીફ લાઇફ, માછલીઓથી મોટા ગન્સ, મેન્ટાસ, રે શાર્ક સુધી વિવિધ સમુદ્રી જૈવ-વિવિધતા આંદામાનના પાણીમાં માણી શકાય છે. દરિયાની અંદરની આ સુંદર સૃષ્ટિને માણવા માટે અંદામાન શ્રેષ્ઠ છે. લક્ષદ્વીપ પણ ડાઇવિંગ માટે એક સુંદર સ્થળ છે. તે એક સુંદર ટાપુ છે. લક્ષદ્વીપના ટાપુઓ છે ચોક્કસપણે ભારતના શ્રેષ્ઠ ડાઇવિંગ માટેના સ્થળોમાં સમાવિષ્ટ છે.

લક્ષદ્વીપ પ્રવાસન અને ડાઈવિંગના પ્રમાણમાં ઓછો અનુભવ ધરાવે છે આથી લક્ષદ્વીપમાં ડાઇવ સેન્ટર્સની સંખ્યા અંદમાનની તુલનામાં ઘણી ઓછી છે. ભારતના દક્ષિણમાં આવેલા નાના એવા દરિયાઈ સીમા ધરાવતા ગોવા રાજ્યમાં, પોંડિચેરી, નેત્રાણી, ચેન્નઈ, અને લક્ષદ્વીપમાં સ્કુબા ડાઈવિંગ શીખવતી સંસ્થાઓ આવેલી છે.

| ક્રમ | કોર્સના નામ | સંસ્થા | રાજ્ય | ફી |
|---|---|---|---|---|
| 1 | PADI Reactivate Scuba Refresher | Scuba Ecolutation India | Goa | 8,800 |
| 2 | Scuba Diver | Scuba Ecolutation India | Goa | 27,786 |
| 3 | PADI Open Water Referral Part 2/2 (Open Water dives) from | Scuba Ecolutation India | Goa | 19,470 |
| 4 | PADI Advanced Open Water Diver | Scuba Ecolutation India | Goa | 23,600 |
| 5 | Open Water Diver from | Scuba Ecolutation India | Goa | 28,320 |
| 6 | PADI Rescue Diver (Advances Divers Only) | Scuba Ecolutation India | Goa | 29,500 |
| 7 | PADI Rescue Diver (Advances Divers Only) | Scuba Cochin | Kochi | 29,500 |
| 8 | PADI Open Water Diver | Scuba Cochin | Kochi | 31,860 |
| 9 | Advanced Open Water Diver | Temple Adventures Divers India | Puducherry | 28,000 |
| 10 | Open Water Diver | Temple Adventures Divers India | Puducherry | 35,000 |

**ડાઇવિંગ શીખવતી સંસ્થાઓની યાદી સંસ્થા**

| ક્રમ | સંસ્થાનું નામ | સ્થળ |
|---|---|---|
| 1 | અર્બન નોમાડ અનબાઉન્ડ એડવેન્ચર | પુડુચેરી |
| 2 | બોન્ડ વોટરસ્પોર્ટ્સ પ્રાઇ. લિમિ. | કોવાલમ, કેરેલા |
| 3 | લાકા-ડાઈવ્સ (Lacadives) | પોર્ટ બ્લેર, આંદામાન-નિકોબાર આઈલેન્ડ |
| 4 | ડાઈવ આંદામાન (ઇન્ડિયા) પ્રા. લિમિ. | હેવલોક આઈલેન્ડ/સ્વરાજ દ્વીપ |
| 5 | સ્કુબા લોવ ઈન | હેવલોક આઈલેન્ડ/સ્વરાજ દ્વીપ |
| 6 | જીપ્સી ડાઈવર્સ સ્કુબા એન્ડ ડાઈવ રિસોર્ટ | હેવલોક આઈલેન્ડ/સ્વરાજ દ્વીપ |
| 7 | જસ્ટ ડાઇવ | મુરુદેશ્વર, કર્ણાટક |
| 8 | ઈન્ટરડાઈવ | કોચી, કેરેલા |
| 9 | ટુર્કોયોઇસ ડ્રિમ | નેઈલ આઈલેન્ડ/શહીદ દ્વીપ |

**ડાઇવિંગ શીખવા માટેનો શ્રેષ્ઠ સમય :**

જાન્યુઆરી મહિનાથી મે મહિનાનો સમય દરમિયાન કે જ્યારે દરિયો સૌથી શાંત હોય છે. ખાસ કરીને માર્ચથી મે મહિનાના સમયગાળામાં સમુદ્ર શાંત હોય છે અને અરીસા જેવો હોય છે તેની સ્થિતિ ડાઈવિંગ માટે શ્રેષ્ઠ સમય છે. જોકે નવેમ્બર મહિનાથી મે/જૂન વચ્ચે કોઈ પણ સમયે સ્કુબા ડાઈવિંગ શીખી શકાય છે.

**સ્કુબા ડાઈવર તરીકેની અંદાજિત સેલેરી :**

જુદાં-જુદાં ડાઈવીંગ સેન્ટર પર ઉપલબ્ધ સાધનો, સેન્ટર પર આવનારા પ્રવાસીઓ વગેરે જેવા જુદાં-જુદાં પરિબળો પર સ્કુબા ડાઈવરની અંદાજિત માસિક સેલેરી આધારિત રહે છે. દર મહિને 70,0000ની આસપાસ શરૂઆતની કમાણી મેળવતા હોય છે.

**રોજગારની સંભાવનાઓ અને કારકિર્દીના વિકલ્પો**

- ❖ વિશ્વવ્યાપી સ્કુબા ડાઈવિંગ ઉદ્યોગ ઝડપથી વિકાસ સાધી રહ્યો છે અને સારા પ્રશિક્ષકોની માંગ આથી જ વધી રહી છે. સ્કુબા ડાઈવિંગ માત્ર મનોરંજન કે સાહસ, વ્યવસાય કોઈ પણ કારણસર કરવામાં આવે પરંતુ તે સમુદ્રની નીચે રહેલી સુંદરતાનો અદ્ભુત પ્રેરણાદાયક અનુભવ ચોક્કસપણે છે.

દરિયાઈ સંશોધન ક્ષેત્રે કામ કરતી વૈશ્વિક સંસ્થાઓ તેમજ ડિસ્કવરી, નેશનલ જિયોગ્રાફિક અને એનિમલ પ્લેનેટ જેવી મીડિયા ચેનલો સાથે નોકરીઓ મેળવી શકાય છે.

આ ઉપરાંત ડાઈવર્સને પ્રોફેશનલ સ્કુબા ડાઈવર્સ તરીકે શિપિંગ કંપનીઓની સાથે પણ સારી તકો મળે છે.

- ❖ સર્ટિફાઈડ ડાઈવર કોઈ ચોક્કસ ક્ષેત્રમાં નિષ્ણાત હોઈ શકે છે, જેમકે ડીપ સી ડાઈવિંગ અથવા અંડરવોટર ફોટોગ્રાફી વગેરે.
- ❖ સૌથી વધુ લોકપ્રિય સ્કુબા ડાઈવિંગ નોકરીઓમાંની એક ડાઈવિંગ પ્રશિક્ષક છે. એક પ્રશિક્ષક તરીકે, તમે સાધનસામગ્રીના ઉપયોગ માટે અન્ય લોકોને તાલીમ આપો છો અને મદદ કરો છો અને તેમને પાણીની અંદર સલામતી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડો છો.
- ❖ પ્રમાણિત વ્યાવસાયિક મરજીવા તરીકે મનોરંજનના ભાગરૂપે ડાઈવિંગ પ્રવાસનની પ્રવૃત્તિઓનું નેતૃત્વ કરી શકો છો, સ્કુબા સાધનોની દુકાન ધરાવી શકો છો અને બચાવ પ્રયાસોમાં મદદ કરી શકો છો.
- ❖ ડાઈવર્સ અંડરવોટર ડેટા એકત્રિત કરવામાં સમુદ્રશાસ્ત્ર અને દરિયાઈ જીવવિજ્ઞાનનાં ક્ષેત્રોમાં સંશોધકોને મદદ કરી શકો છે.
- ❖ સ્કુબા ડાઈવર્સનો ઉપયોગ પાણીની અંદરના બાંધકામ જેમકે પુલ, પ્લેટફોર્મ, ડેમ, રિગ વગેરે માટે વ્યાપકપણે થાય છે.

❖ ડાઈવર્સ કાયદા અમલીકરણ એજન્સીઓ અથવા વીમા તપાસ પેઢીઓ માટે પણ કામ કરતા હોય છે, અકસ્માત પીડિતો, ભંગાર અથવા ખોવાયેલી કિંમતી ચીજવસ્તુઓ શોધી શકે છે.

**ડાઇવિંગમાં કારકિર્દીના સંદર્ભમાં વિવિધ સર્ટિફાઇન્ગ એજન્સીઓ**

PADI, SSI, અને SDI, આ સર્ટિફાઈન્ગ એજન્સી છે. PADI અને SSI મુખ્ય છે. PADI એ પ્રથમ ગવર્નિંગ બોડી છે જે આ મનોરંજન કોર્સ સાથે શરૂ થઈ. આજે વિશ્વભરમાં PADI ડાઈવ સેન્ટર્સ સક્રિય છે. ઘણાં ડાઈવ સેન્ટર્સ PADI અને SSI એમ બંને કોર્સ શિખવાડતાં હોય છે અને ઘણા ઈન્સ્ટ્રક્ટર્સ પણ PADI અને SSI બન્નેમાં સર્ટિફાઈડ હોય છે. PADI અને SSI બંને વૈશ્વિક રીતે જાણીતી સંસ્થાઓ છે. જો તમે કોર્સ સ્ટ્રક્ચર વિશે વાત કરો તો PADI અને SSI બંને પાસે ઓપન વોટર કોર્સ છે જે 18 મીટર સુધી ડાઈવ કરવા માટે સર્ટિફાઈ કરે છે. PADIમાં જ્યાં તમારી પાસે એડવાન્સ્ડ ઓપન વોટર કોર્સ છે, SSIમાં તમારી પાસે એડવાન્સ્ડ એડવેન્ચર કોર્સ છે. આ બંને કોર્સ મોટાભાગે એક સમાન છે અને 30 મીટર સુધી ડાઈવ કરવા માટે સર્ટિફાઈ કરે છે.

PADI અને SSI બંને કોર્સમાં અભ્યાસક્રમ, ડાઈવ્સની સંખ્યા, પાણીની અંદર સમય અને ડાઈવિંગના દિવસો સમાન હોય છે. નોંધનીય છે કે, કોર્સની કિંમત ડાઈવ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી વિવિધ સુવિધાઓ પર આધારિત હોય છે.

**PADI કે SSI ?**

PADI (https://www.padi.com) અને SSI (https://www.divessi.com/en/home) આ બે સંસ્થા સમાન છે. તમારે બસ તમારા ડાઈવ સેન્ટર અને તમારા ઈન્સ્ટ્રક્ટરની પસંદગી સતર્કતાપૂર્વક કરવી જોઈએ. સાચા ઈન્સ્ટ્રક્ટર સાથે શીખવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અનેક પ્રશ્ન જેમકે શિક્ષણની ભાષા, ઈન્સ્ટ્રક્ટર-વિદ્યાર્થી ગુણોત્તર, સાથે અભ્યાસક્રમમાં જોડાયેલા લોકોની સંખ્યા વગેરે પ્રશ્નો પૂછવા અત્યંત જરૂરી છે. સારા ઈન્સ્ટ્રક્ટર થકી જ તમારું પ્રશિક્ષણ આનંદ અને સુખદાયી રહશે.

**ઓપન વોટર કોર્સ માટેની પૂર્વ જરૂરિયાત :**

❖ ઓપન વોટર કોર્સ કરનાર વ્યક્તિએ 200 મીટર તરવું અને 10 મિનિટ સુધી પાણીમાં તરવું અથવા ફ્લોટ કરવું પડે છે.

❖ માનસિક અને શારીરક સ્વાસ્થ્ય યોગ્ય હોવું જરૂરી છે.

❖ મેડિકલ ફોર્મ દરેક ડાઈવરે ભરવું ફરજિયાત હોય છે.

● **ડાઇવિંગમાં આગળ વધવા માટે એડવાન્સ્ડ ઓપન વોટર પછી શું ?**

❖ જો કોઈને પણ રિક્રિએશનલ ડાઈવર બનવું હોય અને પ્રોફેશનલ બનવું ન હોય, તો એડવાન્સ્ડ પછી રેસ્ક્યુ કોર્સ કરી કરી શકાય છે. જ્યાં બીજા ડાઈવરને કેવી રીતે બચાવવો તેનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. વધુમાં આ કોર્સ આપત્તિની પરિસ્થિતિઓ માટે એક ડાઈવરને તૈયાર કરે છે. રેસ્ક્યુ કોર્સ માટે ઓછામાં ઓછા 20 લોગ્ડ ડાઈવ્સ અને EFR (ઈમર્જન્સી ફર્સ્ટ રિસ્પોન્સ) જરૂરી છે.

❖ ત્યારબાદ ડાઈવ પ્રો છે, જે એક ડાઈવ માસ્ટર કોર્સ છે. ડાઈવ માસ્ટર કોર્સ શરૂ કરવા, ઓછામાં ઓછા 40 લોગ્ડ ડાઈવ્સની જરૂર છે. ડાઈવ માસ્ટર કોર્સના અંતે 60 લોગ્ડ ડાઈવ્સ હોવી જોઈએ. ડાઈવ માસ્ટર કોર્સમાં લગભગ એક મહિનાથી દોઢ મહિનો લાગે છે. ડાઈવ માસ્ટર કોર્સની ફી 85,000 થી 1,00,000 સુધીની હોય છે.

❖ ત્યારબાદ ઈન્સ્ટ્રક્ટર ડેવલપમેન્ટ કોર્સ છે. જે IE પરીક્ષા પહેલાં થાય છે. અંત ભાગ સુધીમાં 100 લોગ્ડ ડાઈવ્સ હોવી જરૂરી છે. આ કોર્સની તૈયારીમાં લગભગ 3 અઠવાડિયાથી એક મહિનાનો સમય લાગે છે.

---

માહિતી નિયામકની કચેરી, બ્લોક નં. 19,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# કલામય કારકિર્દી ઘડતર... ચિત્રકલા સંગ

મનહર કાપડિયા

ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ કલા ગ્રાન્ટેડ સંસ્થાની રચના કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં વર્તમાનમાં 7 (સાત) ફાઈન આર્ટ્સ કૉલેજ હાલ કાર્યરત છે, જેની પરીક્ષા પણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ લેવામાં આવે છે.

**કોર્સનો સમયગાળો :**

ધોરણ-10 પછી એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ ઍન્ડ પેઈન્ટિંગ અને શિલ્પ-કલાનો પાંચ વર્ષનો ડિપ્લોમાનો અભ્યાસક્રમ પણ કરવામાં આવતો હોય છે. જ્યારે એ.ટી.ડી. ધોરણ-12 પછી બે વર્ષના ડિપ્લોમાના અભ્યાસક્રમ સાથે જોડાઈ શકે છે. આ અભ્યાસક્રમમાં બેઝિક કોમ્પ્યૂટર અને કલાના ઈતિહાસનો વિષયો તરીકે સમાવેશ કરવામાં આવે છે. અભ્યાસક્રમની સાથોસાથ અનેક કલા પ્રવૃત્તિઓ પણ વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે. કલા પ્રદર્શન, કલા પ્રવાસ, કલા વાર્તાલાપ, જાણીતા



કલાકારોના ડેમોન્સ્ટ્રેશન અને કલા જગતના ખાસ પ્રસંગો ઊજવવામાં આવે છે, જેનાથી વિદ્યાર્થીઓમાં પડી રહેલી સુષુપ્ત સર્જનશક્તિઓને ઉજાગર કરવાની પૂરતી તક આપવામાં આવે છે.

**કોર્સની વિગત :**

હવેના યુગમાં કલા વિદ્યાર્થી અભ્યાસની સાથે સાથે પોતાની રીતે જુદી જુદી કલાના કામ કરીને આર્થિક સધ્ધરતા તરફ આગળ વધી રહ્યા છે અને આજીવિકાના સાધન રૂપે વિદ્યાર્થીઓ સરળતાથી આત્મનિર્ભર બની રહ્યા છે. છેલ્લા સાત દાયકાથી મહાકલા વિદ્યાલયો દ્વારા ગુજરાતને અસંખ્ય કલાકારો પ્રાપ્ત થયા છે. આમ, આપણા સમાજને કલાસંસ્થાઓ દ્વારા ઉચ્ચ કલા તેની સમજ, ઉપયોગ અને વિકાસશીલતાનો અતુલનીય લહાવો પ્રાપ્ત થયો છે. કલા વિદ્યાલયોમાં ચાલતા અભ્યાસક્રમોમાં બેઝિક ડ્રોઈંગ, કમ્પોઝિશન, પોર્ટ્રેટ, સ્ટીલ લાઈફ, હેડ સ્ટડી, ડ્રોઈંગ ફ્રોમ લાઈફ, ક્રિએટિવ પેઈન્ટિંગ, એબસ્ટ્રેક, મોડર્ન, લીનોકટ, વૂડકટ, ઈચિંગ, કૉલાજ વર્ક, મ્યુરલ, ટાઈપોગ્રાફી, બુક ડિઝાઈન, પોસ્ટર, લોગો સિમ્બોલ, ક્લિપ કાર્ડ, પ્રિન્ટિંગ, બાઈન્ડિંગ, બુક જેકેટ, ઈલેસ્ટ્રેશન, ફોટોગ્રાફી, વીડિયો ગ્રાફી, કલે વર્ક, રિલીફ, સ્કલપચર, થ્રીડી મૉડલ, સિફોરેક્સ, સ્ટેન ગ્લાસ, ટેક્સટાઈલ ડિઝાઈન, ક્રાફ્ટ વર્ક, પેપરકટિંગ, પેપર-કૉલાજ, ધાર્મિક, સામાજિક, પ્રાસંગિક વિષયોના ચિત્રો, ઈન્સ્ટોલેશન વગેરે જેવા અનેક પ્રકારના સર્જનાત્મક વિષયો વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે.

ધોરણ - 10 અને ધોરણ - 12 પરીક્ષાના પરિણામ બાદ આ સંસ્થાઓમાં પ્રવેશ માટેની ઑફ લાઈન પ્રક્રિયા જે તે સંસ્થા દ્વારા કરવામાં આવતી હોય છે. પ્રવેશ મેળવવા ગુજરાત સરકાર દ્વારા લેવાતી ઈન્ટરમિડીયેટ

ડ્રોઈંગની પરીક્ષા પાસ કરેલી હોય તો પ્રવેશ મેળવવામાં અગ્રતા આપવામાં આવે છે. ધો -10/12નાં પરિણામને આધારે મેરિટ યાદી પ્રમાણે પ્રવેશ મેળવી શકાય છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ચાલતી આ મહાકલા શાળાના અભ્યાસક્રમની ફી પણ નહિવત્ જ હોય છે. આવનાર દિવસોમાં આ કલા વિદ્યાલયોમાં ચાલતા અભ્યાસક્રમોમાં જોડાઈ આપણા આગવા અને ઉત્તમ કલાના વારસાને જીવંત અને અવિરત પ્રવાહ સાથે જાળવીને રસ લેતા થાઓ, તેને ઉજાગરો કરે તેવી સ્વર્ણિમ



અને કલામય ભવિષ્યની શુભકામના.

### કાર્યરત ફાઈન આર્ટ્સ કોલેજ સંસ્થાઓની યાદીઃ

| ક્રમ | સંસ્થાનું નામ-સરનામું | કોર્સની વિગત | વેબસાઇટ |
|---|---|---|---|
| 1 | શેઠ સી.એન. કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સ, ડાયરેક્ટરની કચેરી, સી.એન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ ફોન-07926463696 | એ.ટી.ડી., એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ ઍન્ડ પેઈન્ટિંગ, શિલ્પકલા | https://cnvidyavihar.edu.in |
| 2 | ઈપ્કોવાળા સંતરામપુર ફાઈન આર્ટ્સ કૉલેજ, પી.ઓ. વલ્લભવિદ્યાનગર, ગુજરાત. ફોન : 9979269968, 7383001391 | એ.ટી.ડી., એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ ઍન્ડ પેઈન્ટિંગ, શિલ્પકલા | www.isfinearts.edu.in |
| 3 | શ્રીમતી આર.ડી. શાહ અને શ્રીમતી પી.ડી. શાહ કોમર્સ કોલેજ, ફાઈન આર્ટ્સ કૉલેજ, મીઠી કુઈ, ખેડા-બગોદરા રોડ, ધોળકા. ફોન-91-2714221874 | એપ્લાઈડ અને એ.ટી.ડી. | https://rdvdcollege.com |
| 4 | બી.એ. મહેતા કલા મહાવિદ્યાલય, અમલસાડ તા. ગણદેવી, જિ. નવસારી, ગુજરાત. મો-9724269998 | એ.ટી.ડી., એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ ઍન્ડ પેઈન્ટિંગ | https://sites.google.com/view/ bakalaamlasad/home |
| 5 | ફાઈન આર્ટ્સ કૉલેજ, હિંમતનગર | એ.ટી.ડી. | |
| 6 | ફાઈન આર્ટ્સ કૉલેજ, મહેસાણા | એ.ટી.ડી અને એપ્લાઈડ આર્ટ | |
| 7 | ફાઈન આર્ટ્સ કૉલેજ, સાલાવાડા (લુણાવાડા) | એ.ટી.ડી. | |

એ-304, શ્રી શરણ એપાર્ટમેન્ટ,આનંદનિકેતન સ્કૂલ સામે,
ખ્યાતિ સર્કલ પાસે, થલતેજ શીલજ રોડ, અમદાવાદ-380059.
મો. : 9426529029

# ફિલ્મ-ડૉક્યુમેન્ટરી મેકીંગના વિષયમાં કારકિર્દી ઘડતરની ઉજ્જ્વળ તકો

મૌલિન પરમાર

ભારતીય સંસ્કૃતિમાં વાર્તા કહેવાની શૈલીનું આગવું સ્થાન રહ્યું છે. આપણાં મહાકાવ્યો અને પ્રચલિત ગ્રંથો મહાભારત અને રામાયણ એ એક સુંદર મજાની સ્ટોરી-ટેલિંગની જ સાહિત્યમય ઘટના છે. સમય જેમ જેમ બદલાતો ગયો, એમ ધીમે-ધીમે વાર્તા કહેવાની રીતમાં પરિવર્તનો આવવાં લાગ્યાં. મૌખિક કહેવાતી વાર્તાઓ લખાતી ગઈ, વંચાતી ગઈ, ત્યારબાદ ભજવાતી ગઈ, અને છેવટે દર્શાવાતી ગઈ અને આમ ફિલ્મ મેકિંગ વિષયનો જન્મ થયો. જેને આધારે ફિલ્મ-મેકર્સ અસ્તિત્વમાં આવ્યા. જેમણે પોતાના સર્જન વડે લોકોને સિનેમાહૉલમાં મનોરંજન માટે આવતાં કર્યા. ત્યારબાદ એમાં પણ પરિવર્તન આવ્યું, કે જે ટેલિવિઝન, વીડિયો લાઇબ્રેરી, મોબાઇલ, OTT વગેરે જગ્યાઓમાં વિભાજિત થયું. અને હાલની તારીખમાં પણ મનોરંજન માટે સૌથી અગત્યનું માધ્યમ અને સંસાધન એ જ ડિજિટલ વાર્તા સ્વરૂપે રહ્યું છે.

આવા ખૂબ ઊંડાણમાં ઊતરી શકાય તેવા વિષયમાં કારકિર્દી બનાવવાની અનેક શાખાઓ-ઉપશાખાઓ અને પ્રશાખાઓ ઉપલબ્ધ છે. ફિલ્મ મેકિંગ ઉપરાંત ડૉક્યુમૅન્ટરી તૈયાર કરવાના ક્ષેત્રે પણ હરણફાળ પ્રગતિ થઈ રહી છે. આ એક કલા ઉપરાંત અભિવ્યક્તિનું શ્રેષ્ઠ માધ્યમ પણ છે. ડિજિટલ વાર્તાના રૂપે દશ્યો અને સંવાદો દ્વારા ભાવનાઓ વ્યક્ત થાય છે. આજના સમયમાં ફિલ્મ- ડૉક્યુમૅન્ટરી મેકિંગના મહત્ત્વની સાથે તેની માંગ પણ વધી રહી છે.

જો તમે ફિલ્મ મેકિંગમાં કારકિર્દી બનાવવા માંગતા હો, તો ભારત બહાર વિદેશોમાં અનેક સંસ્થાઓ સક્રિય છે. ભારતભરમાં અનેક પ્રખ્યાત સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ વિવિધ ફિલ્મ મેકિંગ ક્ષેત્રે અભ્યાસક્રમો પ્રદાન કરે છે. આ અભ્યાસક્રમો ડિરેક્ટિંગ, સિનેમેટોગ્રાફી, એડિટિંગ, સ્ક્રીન રાઇટિંગ અને પ્રોડક્શન મૅનેજમૅન્ટ જેવાં વિવિધ ક્ષેત્રો માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ લેખમાં, આપણે ભારતની ટોચની ફિલ્મ મેકિંગ ઇન્સ્ટિટ્યૂટ્સ અને તેમના ખાસ અભ્યાસક્રમો વિશે માહિતી મેળવીશું, જે તમને યોગ્ય કોર્સ અને સંસ્થા પસંદ કરવામાં સહાયરૂપ નીવડશે.

### ફિલ્મ મેકર બનવા માટે શું કરવું?

ફિલ્મ મેકિંગ કે ડૉક્યુમૅન્ટરી નિર્માણ એક લાંબી અને કલાત્મક પ્રક્રિયા છે. તમે જ્ઞાન, પ્રેક્ટિસ, નેટવર્કિંગ, અનુભવ અને નવીન વિચારો દ્વારા એક સફળ ફિલ્મમેકર બની શકો છો.

આ વિષયમાં સૌથી અગત્યનું પરિબળ છે- પ્રવાસ. દુનિયા જેટલી જોઈ હશે, હર્યા-ફર્યા હશો, નવા લોકો, બોલી, ભાષા, રીત-રિવાજ, રંગ-રૂપ-પહેરવેશથી પરિચિત થયા હશો, એ બધું ક્યાંક ને ક્યાંક તમને ઉપયોગી થતું રહેશે અને તમારા કામમાં છલકાશે. લોકભોગ્ય કૃતિ બનાવવામાં મહદંશે મદદરૂપ થશે.

એ સિવાય વાંચન ખૂબ જરૂરી છે. જૂનાં-નવાં પુસ્તકો વસાવો, લાઇબ્રેરીમાં સભ્યપદ મેળવો, મિત્રોનાં પુસ્તકો વાંચો આમ ગહન, દેશદેશાવરનું, સાહિત્યના તમામ પ્રકારનું પુષ્કળ વાંચો. ત્યારબાદ, નીતનવી ફિલ્મો જુઓ. હાલની સાથે જૂની અને કલ્ટ બની ગયેલી ફિલ્મો જોવાની ટેવ પાડો, જે તમારા ફિલ્મ મેકિંગના કૌશલ્યને નિખારવામાં લાભદાયી નીવડશે.

### ફિલ્મ મેકિંગમાં કારકિર્દી માટે શું કરવું?

- ફિલ્મ મેકિંગનું મૂળભૂત જ્ઞાન મેળવવું. એની પ્રક્રિયા, જેમકે ડિરેક્ટિંગ, સ્ક્રીન રાઇટિંગ, એડિટિંગ, અને સિનેમેટોગ્રાફી વિશે શીખવું જરૂરી છે. વિવિધ ફિલ્મ અને ડૉક્યુમૅન્ટરીઝનું વિશ્લેષણ કરો, કેવી રીતે

વાર્તાઓ કહેવામાં આવે છે તે સમજવું.

❖ યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરવો. ભારતમાં ઘણી પ્રખ્યાત ફિલ્મ સ્કૂલો અને ઇન્સ્ટિટ્યૂટ્સ છે, જ્યાંથી તમે B.Sc./ Diploma / Master'sની ડિગ્રી મેળવી શકો છો.

❖ પ્રેક્ટિકલ અનુભવ મેળવવો. તમારા મોબાઇલ કે કેમેરા સાથે શોર્ટ ફિલ્મ અથવા ડૉક્યુમૅન્ટરી બનાવીને પ્રૅક્ટિસ કરો. સ્ટુડન્ટ ફિલ્મ ફેસ્ટિવલ્સમાં ભાગ લો, જ્યાંથી તમારું કામ લોકો જોઈ શકે.

❖ નેટવર્કિંગ અને કનેક્શન બનાવવું. ફિલ્મ ફેસ્ટિવલ્સ, વર્કશોપ અને ફિલ્મ ઈવેન્ટ્સમાં ભાગ લો. ફિલ્મમેકર્સ, ડિરેક્ટર્સ અને ડૉક્યુમૅન્ટરી નિર્માતાઓ સાથે જોડાઓ અને આ ક્ષેત્રના વ્યવહારુ જ્ઞાન માટેના નવા અવસરો શોધો.

❖ ઓન-સેટ અનુભવ લેવો. ફિલ્મ પ્રોડક્શન હાઉસમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર (AD) કે ઇન્ટર્ન તરીકે કામ કરી શકાય.

❖ તમારા પ્રોજેક્ટ્સને ઓનલાઇન પ્રસારિત કરો. તમારું કામ YouTube, Vimeo, Film Freeway અને ઓટિટિ પ્લેટફોર્મ પર અપલોડ કરી શકાય.

### ફિલ્મ અને ડોક્યુમેન્ટરી મેકિંગ

ભારતમાં ફિલ્મ મેકિંગ માટે શા માટે અભ્યાસ કરવો?

❖ પ્રોફેશનલ ટ્રેનિંગ લેવાથી રિયલ-વર્લ્ડ ફિલ્મ મેકિંગનું જ્ઞાન મળે છે.

❖ ઉચ્ચ ગુણવત્તાવાળી ઇન્સ્ટિટ્યૂટ્સ હેઠળ ટોપ-ક્લાસ પ્રોફેસર્સ અને ફેસિલિટીઝ ઉપલબ્ધ છે.

❖ ઓછા ખર્ચે ઉત્તમ શિક્ષણ શક્ય છે. હૉલિવૂડની તુલનાએ અહીં ખર્ચ ઓછો છે.

❖ ભારતીય સિનેમાના વિશાળ ઉદ્યોગ જગતમાં એકથી વધુ કારકિર્દી ઘડવાની તકો

❖ બોલીવૂડ અને અન્ય પ્રાદેશિક અને સ્થાનિક ભાષાઓના ફિલ્મ ઉદ્યોગમાં કામગીરી.

### કોર્સ:

આંતરરાષ્ટ્રીય સ્તરે ફિલ્મ મેકિંગ ખૂબ લોકપ્રિય કોર્સ છે. નીચે જણાવેલ સંસ્થાઓ વિશ્વભરના વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બની ચૂકી છે.

1. અમેરિકન ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ (American Film Institute)
2. ન્યૂ યોર્ક યુનિવર્સિટી (New York University - Tisch School of the Arts)
3. લોસ એન્જલેસ ફિલ્મ સ્કૂલ (Los Angeles Film School)
4. વાનકુવર ફિલ્મ સ્કૂલ (Vancouver Film School)
5. કોનકોર્ડિયા યુનિવર્સિટી (Concordia University)
6. લંડન ફિલ્મ સ્કૂલ (London Film School)
7. નેશનલ ફિલ્મ એન્ડ ટેલિવિઝન સ્કૂલ, લંડન (National Film and Television School -NFTS), London
8. સિડની ફિલ્મ સ્કૂલ (Sydney Film School)
9. સ્કૂલ ઓફ ક્રિએટિવ મીડિયા (School of Creative Media), સિટી યુનિવર્સિટી ઓફ હોંગકોંગ (City University of Hong Kong)
10. લોડ્સ ફિલ્મ સ્કૂલ (Lodz Film School)
11. ઈલ એવીવ યુનિવર્સિટી, ઇઝરાયલ (el Aviv University, Israel)
12. ઓસ્ટ્રેલિયન ફિલ્મ, ટેલિવિઝન એન્ડ રેડિયો સ્કૂલ, ઓસ્ટ્રેલિયા (Australian Film, Television and Radio School, Australia)
13. ફિલ્મ એન્ડ ટીવી સ્કૂલ ઓફ એકેડૅમી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, પ્રાગ (Film and TV School of the Academy of Performing Arts (FAMU), Prague
14. સ્ક્રીન એકેડેમી, સ્કોટલેન્ડ, યુ.કે (Screen Academy Scotland, UK)
15. યોર્ક યુનિવર્સિટી, કેનેડા (York University, Canada)

16. યુ.એસ.સી. સ્કૂલ ઓફ સિનેમેટિક આર્ટ્સ, યુ.એસ.એ. (USC School of Cinematic Arts, USA)
17. બોસ્ટન યુનિવર્સિટી, યુ.એસ.એ. (Boston University, USA)
18. કોરિયન એકેડેમી ઓફ ફિલ્મ આર્ટ્સ, સાઉથ કોરિયા (Korean Academy of Film Arts (KAFA), South Korea
19. બેઈજિંગ ફિલ્મ એકેડેમી, ચાઈના (Beijing Film Academy, China)

ભારતમાં ઘણાં પ્રખ્યાત ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ્સ અને યુનિવર્સિટીઓ ફિલ્મમેકિંગ માટે વિશિષ્ટ અભ્યાસક્રમો પ્રદાન કરે છે. જે લોકો ડિરેક્ટિંગ, સ્ક્રીનરાઇટિંગ, સિનેમેટોગ્રાફી, એડિટિંગ, અથવા પ્રોડક્શન મૅનેજમૅન્ટ જેવા અભ્યાસક્રમો દ્વારા આ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગે છે, તેઓ માટે આ કોર્સ ખૂબ જ ઉપયોગી છે.

1. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (FTII), પૂણે, મહારાષ્ટ્ર www.ftii.ac.in
2. સત્યજિત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ (SRFTI), કોલકતા www.srfti.ac.in
3. વ્હિસ્ટલિંગ વૂડ્સ ઇન્ટરનેશનલ, મુંબઈ, મહારાષ્ટ્ર
4. રામોજી એકેડેમી ઓફ મૂવીઝ (RAM), હૈદરાબાદ. www.ramojiacademy.com
5. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન (NID), અમદાવાદ, ગુજરાત www.nid.edu
6. એશિયન એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન (AAFT), નોઇડા, દિલ્હી www.aaft.com

ગુજરાતમાં પણ ફિલ્મમેકિંગ માટે વિવિધ કોર્સ ઉપલબ્ધ છે, જે આવનારા ફિલ્મમેકર્સને જરૂરી કૌશલ્યો અને જ્ઞાન મેળવવામાં મદદ કરે છે. આ કોર્સ યુજી (UG), પીજી (PG), અને શોર્ટ-ટર્મ સર્ટિફિકેટ જેવા પ્રોગ્રામ્સ રૂપે ઉપલબ્ધ છે.

1. પારુલ યુનિવર્સિટી, વડોદરા
2. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
3. અમદાવાદ મૅનેજમૅન્ટ એસોસિયેશન (AMA)
4. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

આ સિવાય પણ ઘણી સ્વ-સંચાલિત સંસ્થાઓ સર્ટિફિકેટ કોર્સ પૂરો પાડે છે. જેની માહિતી વિવિધ વેબસાઇટ દ્વારા મેળવી શકાય છે.

**પ્રવેશ પરીક્ષા :**

- FTII અને SRFTI સંયુક્ત રીતે જોઈન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ (JET) યોજે છે. JETમાં પ્રાપ્ત ગુણો અને ત્યારબાદની ઓરિએન્ટેશન/ઇન્ટરવ્યૂના આધારે પસંદગી થાય છે.
- જ્યારે NID દ્વારા ડિઝાઇન એપ્ટિટ્યુડ ટેસ્ટ (DAT) લેવામાં આવે છે, જે પ્રિલિમ્સ અને મેઇન્સમાં વહેંચાયેલ છે.
- આ સિવાયની સંસ્થાઓમાં અરજી, ઇન્ટરવ્યૂ અથવા અપ્ટિટ્યુડ ટેસ્ટ મારફતે એડમિશન પ્રક્રિયા યોજાતી હોય છે. જેની માહિતી જે-તે સંસ્થાની વેબસાઇટ પર મેળવી શકાય છે.

**ફીનું ધોરણઃ**

સરકારી સંસ્થાઓ (FTII, SRFTI) ઓછી ફી સાથે શ્રેષ્ઠ શિક્ષણ આપે છે. સમગ્ર કોર્સની ફી અંદાજિત રૂ. 1.5 લાખ આસપાસ રહેતી હોય છે. એની પ્રવેશ પ્રક્રિયા પણ એટલી જ અઘરી હોય છે. જ્યારે ખાનગી સ્કૂલો (Whistling Woods, AAFT) મોંઘી હોય છે, પણ આધુનિક સુવિધાઓ પૂરી પાડે છે. અહીં કોર્સ દીઠ અંદાજિત 18 થી 25 લાખ સુધીની ફી હોય છે. NID ડિઝાઇન અને કોમ્યુનિકેશન માટે શ્રેષ્ઠ છે. કોર્સ દીઠ અંદાજિત 12 લાખ સુધીની ફી હોય છે. RAM અને અન્ય એકેડેમીઓ વધુ પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપે છે. અહીં ફી કોર્સ મુજબ અંદાજિત 2.5 થી 4 લાખ સુધીની હોય છે. એ સિવાયના કોર્સ જે-તે કૉલેજે નક્કી કરેલા ફીનાં ધારા-ધોરણો મુજબ વિવિધ સંસ્થાઓમાં જૂદા-જૂદા લાંબા અને ટૂંકા ગાળાના કોર્સ ઉપલબ્ધ છે. એ વિશેની સચોટ માહિતી જે-તે કૉલેજમાંથી ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ અને ક્ષેત્રમાં સક્રિય સભ્યો પાસેથી મેળવી શકાય છે.

---

રાણીપ, અમદાવાદ. મો. : 7600050607

# અભિનય કલાની વિધિસર તાલીમ, આપે અનેક ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી...

ભવ્ય ગાંધી

## ● વિશ્વની અગત્યની એક્ટિંગ સ્કૂલ્સ :

વિશ્વભરની અભિનય શાળાઓ તમને યોગ્ય અભિનય માટેની ખાસ તક્નીકો વિકસાવવામાં મદદ કરવામાં સહાયરૂપ થઈ શકે છે. એક સારી અભિનય શાળા વિદ્યાર્થીનું આ ક્ષેત્ર સાથે સીધો જ સંપર્ક સાધવામાં સફળ પુરવાર થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી સંસ્થાઓ શ્રેષ્ઠ અભિનય શાળાઓ તરીકેની ઓળખ ધરાવે છે.

1. Tisch School of the Arts (TSOA) એ ન્યૂ યોર્ક યુનિવર્સિટીનો એક ભાગ છે. TSOAની સ્થાપના 1965માં કરવામાં આવી હતી અને વર્તમાનમાં તે પર્ફોર્મિંગ આર્ટ્સના અભ્યાસ માટેની અમેરિકા સ્થિત અગ્રણી સ્કૂલ છે.
   વેબસાઈટ : tisch.nyu.edu
   સંપર્ક : +1 212-998-1900
2. રોયલ એકેડેમી ઓફ ડ્રામેટિક આર્ટ (RADA) સેન્ટ્રલ લંડનમાં આવેલી શૈક્ષણિક સંસ્થા છે. અહીં કલાજગતને લગતા અભ્યાસક્રમો એક સદી કરતાં પણ લાંબા સમયથી શિખવાડવામાં આવે છે. તે ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ અને ઉપયોગી તાલીમ મેળવવાની સૌથી જૂની અને સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા છે.
   વેબસાઈટ : radu.ae.uk
   સંપર્ક : +44 (0) 2076367076
3. જુલિયર્ડ સ્કૂલ, ન્યૂ યોર્ક, અમેરિકાની સૌથી જાણીતી શાળા જુલિયર્ડ અભિનય તાલીમનો ચાર વર્ષનો BFA પ્રોગ્રામ ઓફર કરે છે.
   વેબસાઈટ : julilliard.edu
   સંપર્ક : +1 212 799 5000



આ ઉપરાંત શિકાગોમાં આવેલી નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ કમ્યુનિકેશન, ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ ડ્રામા, યેલ સ્કૂલ ઓફ ડ્રામા અને લંડન એકેડેમી ઓફ મ્યુઝિક એન્ડ ડ્રામાટિક આર્ટ્સ (LAMDA) પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જાણીતી છે.

## ● ભારતની અગત્યની એક્ટિંગ સ્કૂલ્સઃ

1. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (FTII,) પુણે-મહારાષ્ટ્રમાં સ્થિત આ સંસ્થા અભિનય માટેની શ્રેષ્ઠ ઈન્સ્ટિટ્યૂટ ગણાય છે, ગુણવત્તાયુક્ત ભારતીય સિનેમા/અભિનયના અભ્યાસક્રમો માટે જાણીતી છે. FTII એ CILECT (ઈન્ટરનેશનલ લાયઝન સેન્ટર ઓફ સ્કૂલ્સ ઓફ સિનેમા એન્ડ ટેલિવિઝન) સંસ્થાની સભ્ય છે, જે વિશ્વની ફિલ્મ અને ટેલિવિઝનની અગ્રણી સંસ્થાઓમાંની સંસ્થા છે.
   વેબસાઈટ : ftii.ac.in
   સરનામું : લૉ કોલેજ રોડ, એરન્ડવાન પુના, મહારાષ્ટ્ર-411004
   સંપર્ક : 020-25580000

| કોર્સનું નામ | સેમેસ્ટર 1 અને 2 ની કુલ ફી | બેઠકોની સંખ્યા | સમયગાળો |
|---|---|---|---|
| આર્ટ ડિરેક્શન એન્ડ પ્રોડક્શન ડિઝાઈન | INR 1,23,928 | 10-12 | 3 વર્ષ ( 6 સેમેસ્ટર) |
| સ્ક્રીન અભિનય | INR 1,23,928 | 10-12 | 2 વર્ષ ( 4 સેમેસ્ટર) |

- ઉમેદવાર પાસે મોટાભાગના અભ્યાસક્રમો માટે સ્નાતકની ડિગ્રી હોવી જરૂરી હોય છે.
- અરજદારે પસંદગી પામવા માટે સંસ્થાની પ્રવેશ પરીક્ષા પાસ કરવાની રહે છે.

2. બેરી જોન એક્ટિંગ સ્ટુડિયો (BJAS), મુંબઈ : ફિલ્મ સિટી, નોઇડા (ઉત્તર પ્રદેશ)માં 1999માં બેરી જ્હોન એક્ટિંગ સ્ટુડિયો (BJAS) થિયેટર ઇન એજ્યુકેશન ટ્રસ્ટ કાર્યરત છે. 2002માં, કોર્સ નવી દિલ્હીના સ્ટુડિયોમાં ખસેડવામાં આવ્યો. અહીં ટૂંકા ગાળા અને લાંબા ગાળાના કોર્સિસ થાય છે.

- સપ્તાંતમાં લેવાતા પ્રમાણપત્ર કોર્સ
- કસ્ટમાઇઝ્ડ ફિલ્મ વર્કશોપ્સ,
- ડિપ્લોમા ઇન ફિલ્મ એક્ટિંગ
- ડિપ્લોમા કોર્સ ઇન ફિલ્મ આર્ટ

**પ્રવેશ માટેની લાયકાત**

- 18+ વર્ષની વયના લોકો માટે, કોઈ અનુભવ અથવા શૈક્ષણિક લાયકાત નિર્ધારિત નથી.
- દિલ્હી અથવા મુંબઈમાં કોઈ પણ BJAS પ્રોગ્રામ માટે નોંધણી કરવા માટે, ફોર્મ ભરીને સોંપી શકાય છે.
- ઓનલાઇન એડમિશન ફોર્મ સબમિટ કર્યા પછી, એડમિનિસ્ટ્રેશન તરફથી ઉમેદવારની ખરાઈ માટે કૉલ અથવા ઇમેઇલથી સંપર્ક સાધવામાં આવે છે.

3. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD), દિલ્હી : સંગીત નાટક અકાદમી દ્વારા 1959માં એક અલગ વિભાગ તરીકે સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ 1860માં એક સ્વાયત્ત સંસ્થા તરીકે રજિસ્ટર્ડ કરવામાં આવી હતી. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા ખાતે વિદ્યાર્થીઓ શૈક્ષણિક તાલીમના ભાગ રૂપે નાટકો તૈયાર કરે છે. NSD નીચે જણાવેલ કાર્યક્રમો સાથે ડ્રામેટિક આર્ટ્સમાં ડિપ્લોમા ઓફર કરે છે:

- મોડર્ન ઇન્ડિયન ડ્રામા
- વોઈસ અને સ્પીચ
- માઇમ અને મૂવમેન્ટ
- ક્લાસિકલ ઇન્ડિયન ડ્રામા
- વર્લ્ડ ડ્રામા
- થિયેટર મ્યુઝિક

**પ્રવેશ માટેની લાયકાત :**

- અરજદારની ઉંમર 20-30ની વય હોવી જોઈએ તેમજ સ્નાતકની ડિગ્રી હોવી જોઈએ.
- 26 બેઠકો હોય છે અને પસંદગી પદ્ધતિમાં એક સમિતિનો સમાવેશ થાય છે જે ઉમેદવારોની પ્રતિભાની રૂબરૂમાં તપાસ કરે છે.
- પસંદ કરેલ ઉમેદવારોને અભ્યાસક્રમના સમયગાળા દરમિયાન સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.

4. સત્યજીત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન સંસ્થા (SRFTI), કોલકતા:

સત્યજિત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ (SRFTI) એ સિનેમાનું રાષ્ટ્રીય સ્તરનું અગત્યનું કેન્દ્ર સ્થાન છે. જેની સ્થાપના ભારત સરકાર દ્વારા 1995માં માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ એક

સ્વાયત્ત શૈક્ષણિક સંસ્થા તરીકે કરવામાં આવી હતી. અહીં અભિનય કરતાં વધુ ડિરેક્શન, એનિમેશન, સિનેમેટોગ્રાફી, પ્રોડ્યુસિંગ, સાઉન્ડ રેકૉર્ડિંગ અને ડિઝાઇન જેવા કોર્સિસ કાર્યરત છે. જે 6 સેમેસ્ટર અર્થાત્ 3 વર્ષના સમયગાળામાં પ્રતિ કોર્સ દીઠ 12 બેઠકોમાં ઓફર કરવામાં આવે છે.

5. વ્હિસલિંગ વુડ્સ ઇન્ટરનેશનલ (WWI), મુંબઈ : ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈ દ્વારા 2006માં સ્થપાયેલ, વ્હિસલિંગ વુડ્સ ઇન્ટરનેશનલ (WWI) એ ફિલ્મ, ફેશન અને કોમ્યુનિકેશન માટેની સંસ્થા છે. WWI એ એનિમેશન, મીડિયા અને મનોરંજન, સંચાર અને ફેશન જેવાં સંલગ્ન ક્ષેત્રોમાં પણ સફળતાપૂર્વક વૈવિધ્યીકરણ કર્યું છે. આ ફિલ્મ સ્કૂલના કોર્સિસ નીચે મુજબ છે:

| કોર્સનું નામ | સમયગાળો |
|---|---|
| B.Sc ઇન ફિલ્મ મેકિંગ | 3 વર્ષ |
| MA ઇન ફિલ્મ મેકિંગ વીથ સ્પેશિયલાઇઝેશન | 2 વર્ષ |
| B.A. ઇન એક્ટિંગ | 3 વર્ષ |
| એડવાન્સ ડિપ્લોમા ઇન એક્ટિંગ | 2 વર્ષ |

આ ઉપરાંત અન્ય સંસ્થાઓ જેવી કે રમેશ શિપ્પી એકેડેમી ઓફ સિનેમા એન્ડ એન્ટરટેઇન્મેન્ટ (RSACE), અનુપમ ખેર એક્ટર પ્રિપેર્સ-મુંબઈ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ એક્સીલન્સ-મુંબઈ અને આર. કે. ફિલ્મ એન્ડ મીડિયા એકેડેમી-ન્યૂ દિલ્હી જેવી સંસ્થાઓ આ ક્ષેત્રમાં કારકિર્દી ઘડતરમાં મદદ કરી શકે છે.

**ગુજરાતની અગત્યની એક્ટિંગ સ્કૂલ :**

| સંસ્થાનું નામ | કોર્સિસ | સમયગાળો |
|---|---|---|
| ઉપાસના પર્ફોર્મિંગ આર્ટ્સ સ્કૂલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | માસ્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ ડ્રામા | 2 વર્ષ (બે સેમેસ્ટર) |

- **અભિનયના અભ્યાસક્રમો શું શીખવતા હોય છે?**
- **મૂળભૂત અભિનયની પદ્ધતિઓ :** મુખ્ય પદ્ધતિઓ જેવી કે સ્ટેનિસ્લાવસ્કી સિસ્ટિમ, મેઇસ્નર ટેક્નિક અને મેથડ એક્ટિંગની ઓળખ આપવામાં આવે છે. આ પાયાના સાધનો અભિનેતાઓને સ્ક્રિપ્ટનું વિશ્લેષણ કરવામાં, વાસ્તવિક (Realistic) પાત્રો બનાવવામાં અને ઊંડી અને ઝીણી દૃષ્ટિથી જોતા શીખવે છે.
- **અવાજ અને ભાષા :** અભિનેતાઓ માટે અવાજની તાલીમ ખૂબ મહત્ત્વપૂર્ણ હોય છે. અવાજના પ્રોજેક્શન, શ્વાસ નિયંત્રણ, આરોહ-અવરોહ, ઉચ્ચારણ અને બોલીઓના વિવિધ લહેકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાવડાવે છે. વિદ્યાર્થીઓ ઘણીવાર વિવિધ લાગણીઓ વ્યક્ત કરવા અને જીવંત પ્રદર્શન દરમિયાન સ્પષ્ટતા જાળવવા માટે તેમના અવાજને બદલીને અભિનય કરવાનું શીખતા હોય છે.
- **હલનચલન અને શારીરિક ભાષા :** અભિનયમાં માત્ર શબ્દોનો જ સમાવેશ થતો નથી, તેમાં ક્યારેક ન બોલાયેલા શબ્દોથી પણ વાર્તાલાપ કરવાનો રહે છે. અભ્યાસ દરમિયાન અભિનેતાઓને તેમના શરીરનો ઉપયોગ જુદી-જુદી રીતે લાગણીઓને વ્યક્ત કરવા અને શરીરની વિવિધ ક્ષમતા સુધારવાની રીતો શીખવવામાં આવે છે. તાલીમમાં ડાન્સ, સ્ટેજ કોમ્બેટ અને માઇમ જેવી પદ્ધતિઓનો સમાવેશ થતો હોય છે.
- **ઇમ્પ્રુવાઇઝેશન :** ઝડપી વિચાર અને સહજતા માટે ઇમ્પ્રુવિઝેશનલ થિયેટર મહત્ત્વપૂર્ણ છે. ઘણા અભ્યાસક્રમોમાં એવી તાલીમોનો સમાવેશ થાય છે જ્યાં વિદ્યાર્થીઓ સર્જનાત્મકતા અને તત્કાલ

અડેપ્ટીબ્લિટી વધારવાની ક્ષમતાનું નિર્માણ કરતી કસરતો વિશેષ કરીને ઉમેરવામાં આવે છે.

- **ઓન કેમેરા તાલીમ :** વર્તમાન સમયમાં જ્યાં ફિલ્મ અને ટેલિવિઝન મનોરંજન જગત પર મહત્તમ પ્રભુત્વ ધરાવે છે, કેમેરા માટે કેવી રીતે અભિનય કરવો તે શીખવું એ ઘણા અભ્યાસક્રમોનો અગત્યનો ભાગ હોય છે. આ તાલીમમાં કેમેરા નજીક હોય તો શું ધ્યાન રાખવું?, દૂર હોય તો કઈ બાબત અગત્યની બને રહે છે? લાગણીઓને સ્પર્શતી દર્શાવવા ક્લોઝ-અપ્સનો યોગ્ય ઉપયોગ કરવો ઉપરાંત લાઈટિંગ અને દિશાઓનું ભાન વગેરે જેવા અગત્યના તકનીકી પાસાઓનું જ્ઞાન આપવામાં આવે છે.
- **સ્ક્રિપ્ટનું અર્થઘટન અને ભજવાતા સીનનો અભ્યાસ :** અભ્યાસક્રમનો આ ભાગ અભિનેતાઓને તેમનાં પાત્રોના હેતુઓ, સંબંધો અને પ્રગતિને વધુ સારી રીતે સમજવા તેમજ સ્ક્રિપ્ટના ભાગ કરી સરળતાથી સમજણમાં ઉતારતા શીખવે છે.
- **થિએટર સંલગ્ન ઇતિહાસ અને સાહિત્ય:** ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર જેવી સાહિત્યિક કૃતિ તેમજ શેક્સપિયર, ચેખોવ અને ઈબ્સન જેવા મહાન નાટ્યકારોની કૃતિઓનો અભ્યાસ કરાવવામાં આવે છે. નાટકોના ઐતિહાસિક સંદર્ભને સમજવું એ અભિનેતાના અર્થઘટન અને તેમની કલાને સમૃદ્ધ બનાવવામાં મદદ કરે છે.
- **અભિનયક્ષેત્રે અભ્યાસ કર્યા બાદ કારકિર્દીની તકોઃ**

અભિનયના આ કલાજગતમાં ડિગ્રી અથવા પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા બાદ કારકિર્દીની ઘણી તકો ઉપલબ્ધ રહે છે. થિએટર એન્ડ ફિલ્મ એક્ટર, વોઈસ એક્ટર, ડ્રામા શિક્ષક તેમજ સ્ટેજ મેનેજર / થિયેટર ટેકનિશિયન જેવી જોબ પ્રોફાઈલ મળતી હોય છે.

1. **થિયેટર એન્ડ ફિલ્મ એક્ટર :** ઘણા અભિનય સ્નાતકો સ્ટેજ અથવા સ્ક્રીન પર આવવું એ જ લક્ષ્ય સાથે આગળ વધે છે. સ્ટેજ અભિનય ખૂબ જીવંત હોય છે અહીં પ્રેક્ષકોનો પ્રતિસાદ ખૂબ ઝડપી મળી રહેતો હોય છે. તે અભિનેતાને તેના પ્રેક્ષકો સાથે સીધા જ જોડી આપે છે. ફિલ્મ અને ટીવીમાં અભિનેતા તરીકેનું કામ આર્થિક સુરક્ષા અને સામાન્ય જનસમુદાયમાં ઓળખ ઊભી કરે છે પરંતુ તે ખૂબ સ્પર્ધાત્મક હોય છે.
2. **વોઈસ એક્ટર :** ઓડિયો બુક્સ, વીડિયો ગેમ્સ અને એનિમેટેડ પ્રોડક્શન્સના ઉદયને કારણે પ્રતિભાશાળી અવાજવાળા કલાકારોની માંગમાં વધારો થયો છે. દેશ-વિદેશની અન્ય ભાષાઓની વાર્તાઓ માટે પણ ડબિંગ આર્ટિસ્ટની જરૂર રહેતી જ હોય છે. આ કારકિર્દી માટે સુદૃઢ-સશક્ત સ્વર કૌશલ્ય પર લાગણી વ્યક્ત કરવાની રહે છે.
3. **ડ્રામા શિક્ષક :** ઘણા અભિનય સ્નાતકો એક્ટિંગ કરવામાં નહીં પરંતુ તેને શીખવવામાં પરિપૂર્ણતા મેળવતા હોય છે. શાળાઓ, યુનિવર્સિટીઓ અને ખાનગી સ્ટુડિયો ઘણીવાર વિદ્યાર્થીઓના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે અભિનેતાઓને માઈમ, એકાંકી અને નાટકો વગેરે જેવાં પર્ફોર્મન્સ માટે વિદ્યાર્થીઓને શીખવાડવા માટે
4. **સ્ટેજ મેનેજર / થિયેટર ટેકનિશિયન :** થિયેટરની ઓપરેશનલ બાજુમાં રસ ધરાવતા લોકો સ્ટેજ મેનેજર તરીકેની ભૂમિકાઓ પસંદ કરી શકે છે, જેઓ પ્રદર્શનનાં તમામ પાસાઓનું સંકલન કરે છે અથવા ટેકનિશિયન તરીકે, જે સેટ ડિઝાઈન, લાઈટિંગ અને સાઉન્ડનું સંચાલન જેવા અગત્યના પડદા પાછળનાં કાર્યો કરવાનું પસંદ કરતા હોય છે.

---

બી-18, સુદર્શન ટાવર,
ઊર્જા શક્તિ સર્કલ, થલતેજ, અમદાવાદ-380054
મો. : 9987132828

# સર્જનાત્મકતાથી ભરપૂર કારકિર્દી : કેલિગ્રાફી

સોહમ રાઠોડ

દાયકાઓ પહેલાં કેલિગ્રાફી માત્ર શોખીનો માટે જ હતી, પરંતુ હવે આ ફિલ્ડ લોકપ્રિય કારકિર્દી વિકલ્પ બની ગયું છે. કેમ? કારણ કે...

- જગત ડિજિટલ બની રહ્યું છે, પણ હેન્ડ-ક્રાફ્ટેડ કળા હંમેશાં મૂલ્યવાન રહેશે.
- લગ્ન કાર્ડ્સ, પર્સનલાઈઝ્ડ ગિફ્ટ્સ, બ્રાન્ડ લોગોઝ અને આર્ટવર્ક માટે કેલિગ્રાફીની ખૂબ માગ વધી રહી છે.
- વિદ્યાર્થીઓ અને યુવા પેઢી માટે આ હસ્તકલા પૈસા કમાવવાની અને સ્વયંની ઓળખ બનાવવાની સુવર્ણ તક છે.

જો તમે કળા, ડિઝાઈન, સર્જનાત્મક લખાણ કે ગિફ્ટ-આર્ટિકલ્સ બનાવવામાં રસ ધરાવો છો, તો કેલિગ્રાફીનું સુંદર, કલાત્મક અને સર્જનાત્મક વિશ્વ તમારું સપનું સાકાર કરી શકવાની પૂર્ણતઃ ક્ષમતા ધરાવે છે!

### સુલેખનની શૈલીઓ અને ભાષાઓ (Styles and Languages of Calligraphy)

સુલેખન વિવિધ પ્રકારે અલગ-અલગ શૈલીઓમાં કરવામાં આવે છે, જે દરેકનું અનન્ય મહત્ત્વ હોય છે:

**1. બ્રશ સુલેખન (Brush Calligraphy):** તૂટે નહીં છતાં મરજી મુજબ વળી શકે તેવા લવચીક નરમ બ્રશ-પેન વડે આ શૈલીમાં પ્રવાહી અને નરમ અક્ષરો લખાય છે. તે ખૂબ જ આકર્ષક જણાતા હોય છે.

**2. ઈન્કપેન સુલેખન (Ink Pen Calligraphy):** વિસરાતી જતી કલાઓમાંની એક કલા છે ઈન્ક પેન વડે હાથ લખાણ. આજના સમયમાં પેન-પેન્સિલનો ઉપયોગ પણ સતત ઘટી રહ્યો છે ત્યારે ઈન્કપેનથી લખાણ એ વપરાશ કે પ્રચારમાંથી નીકળી ગયેલું, અપ્રચલિત અને કાલગ્રસ્ત જણાતી ઈન્ક પેનનો ઉપયોગ કરવાનું શીખવે છે. આમ આ શૈલી વડે અણીદાર અને ગાઢ અક્ષરોનો આકાર ઊપસે છે. જે શબ્દોને અનોખી સુંદરતા બક્ષે છે.

**3. પહોળી ધારવાળી શૈલી (Broad Edge Calligraphy):** ખાસ પ્રકારે ગોઠવેલી પેન વડે લખાતા અક્ષરો ખૂબ મોટા, મજબૂત અને રમણીય આકારમાં જોવા મળે છે.

**પ્રાચીન ભારતીય ભાષાઓમાં સુલેખન :** વર્તમાન સમયમાં ગુજરાત જેવાં રાજ્યોમાં સ્થાનિક ગુજરાતી, હિન્દી, અને સંસ્કૃત જેવી ભાષાઓમાં સુલેખન ખૂબ જ લોકપ્રિય છે.

**ડિજિટલ સુલેખન (Digital Calligraphy):** ડિજિટલ યુગમાં, કલાનાં વિવિધ રૂપો ટેક્નોલૉજી સાથે જોડાઈ રહ્યાં છે. સુલેખન (Calligraphy) પણ હવે ડિજિટલ માધ્યમો દ્વારા એક નવી દિશા પામી રહ્યું છે. ડિજિટલ સુલેખન એટલે કે iPad, ટેબ્લેટ, કે ગ્રાફિક ટેબ્લેટ દ્વારા સુલેખન કરવાનો પ્રયોગ, જે આવનારા સમય માટે અત્યંત ઉપયોગી બની રહ્યો છે. ટ્રેડિશનલ પેન અને બ્રશના બદલે આજે Procreate, Adobe Illustrator, Photoshop, વગેરે સોફ્ટવેર દ્વારા કલાત્મક લખાણ તૈયાર થઈ શકે છે.

### તમે ક્યાં શીખી શકો છો ?

- બીગ આર્ટ ઈન્સ્ટિટ્યૂટ
- નટરાજ એકેડેમી ઓફ ફાઈન આર્ટ્સ એન્ડ એનિમેશન
- વાઈ. એમ. સી. એ., ન્યૂ દીલ્હી
- ધ કેલિગ્રાફી ફાઉન્ડેશન
- ઉદેમી (Udemy)
- સ્કિલ શેર (Skill share)
- ડોમેસ્ટિકા (Domestika)
- શિવોહમ આર્ટ સ્કૂલ (Shivoham Art School)

### કેલિગ્રાફી વિશે જાણવાલાયક સામાન્ય બાબતો:

| ક્રમ | જાણવાલાયક સામાન્ય બાબતો | વિગત |
|---|---|---|
| 1 | કેલિગ્રાફી કોર્સનું સ્તર | સર્ટિફિકેટ કોર્સ (3 થી 6 મહિના) |
| 2 | કોર્સના નામ | સર્ટિફિકેટ કોર્સ એન્ડ ગ્રાફિક ડિઝાઇન ડિપ્લોમા ઇન ફાઇન આર્ટ્સ વિથ ડિજિટલ પેઈન્ટીંગ બેઝિક સર્ટિફિકેટ કોર્સ ઈન કેલિગ્રાફી એડવાન્સ સર્ટિફિકેટ કોર્સ ઈન કેલિગ્રાફી |
| 3 | પ્રવેશ લાયકાત | કોઈ-કોઈ સંસ્થાઓમાં ધોરણ 10-12 પાસ અપેક્ષિત છે. |
| 4 | અભ્યાસક્રમની પદ્ધતિ | સેમેસ્ટર |
| 5 | ફી સ્ટ્રક્ચર | રૂ.10,000 થી 30,000 |
| 6 | અંદાજિત શરૂઆતની સેલેરી | વાર્ષિક રૂ.1.5 લાખથી 4.2 |
| 7 | સમયમર્યાદા | ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના અભ્યાસક્રમો અઠવાડિયાથી થોડા મહિનાઓ સુધીના હોઇ શકે છે. |
| 8 | ઉંમરની મર્યાદા | કોઈ-કોઈ સંસ્થાઓમાં કેટલાક અભ્યાસક્રમોમાં વયમર્યાદા પ્રવેશ સમયે 15-35 વર્ષની નક્કી કરવામાં આવી હોઈ શકે છે. |

### સુલેખન માટે લાયકાત (Qualifications for Calligraphy) :

સુલેખન (Calligraphy) શીખવા માટે કોઈ ખાસ શૈક્ષણિક લાયકાત જરૂરી નથી. તે એક કૌશલ્ય (skill-based art) છે, જે દરેક ઉંમરના અને કોઈ પણ શૈક્ષણિક પાશ્વભૂમિવાળા લોકો શીખી શકે છે.

ગુજરાતમાં કેટલાક અનુભવી શિક્ષકો અને સંસ્થાઓ દ્વારા ખાસ કોર્સ અને વર્કશોપ ઉપલબ્ધ છે. અહીં ફિઝિકલ અને ઑનલાઇન, બન્ને માધ્યમથી તાલીમ આપવામાં આવે છે. કેલિગ્રાફી શીખનાર જ્યાં હોય ત્યાંથી પોતાની ઈચ્છા, સમય અને શક્તિ પ્રમાણે શીખી શકે છે.

### કેલિગ્રાફી શીખ્યા બાદ કારકિર્દીની તકો

- ❖ કેલિગ્રાફી આર્ટિસ્ટ,
- ❖ કેલિગ્રાફી વર્કશોપ લીડર,
- ❖ કેલિગ્રાફી ઈન્સ્ટ્રક્ટર,
- ❖ ફ્રિલાન્સ કેલિગ્રાફર,
- ❖ ટેટુ આર્ટિસ્ટ,
- ❖ ગ્રીટિંગ કાર્ડ ડિઝાઈનર,
- ❖ નિમંત્રણ-આમંત્રણ કન્સલટન્ટ,
- ❖ આર્ટ પ્રિન્ટ સલાહકાર,

સામયિક, પુસ્તકો, પ્રમાણપત્ર, લોગો, મોનોગ્રામ વગેરેનાં શીર્ષકના ડિઝાઈનર વગેરે

આજના યુગમાં કળાની કોઈ હદ નથી. કેલિગ્રાફી એક એવી કળા છે જે તમે શીખીને તમારા કૌશલ્યને નક્કર રૂપ આપી શકો છો. જો તમે પણ સુંદર, સુવાચ્ય અક્ષરોની દુનિયામાં પ્રવેશ કરવા માગતા હો, તો આજે જ આ નવી દુનિયાની શોધ કરો!

વિશેષ માહિતી માટે, ગુજરાતમાં સુપ્રસિદ્ધ કેલિગ્રાફી શિક્ષકો અને સંસ્થાઓ સાથે જોડાઓ અને કૌશલ્ય વિકસાવો.

પ્લોટ નંબર-296/2, સેક્ટર 5-એ,
ગાંધીનગર-382006
મો. 9429577759

# ઑડિયોલૉજી અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજીમાં કારકિર્દી

પ્રીતિ શાહ

સંલગ્ન આરોગ્ય વિજ્ઞાનના ક્ષેત્રમાં અનેક વિષયો અને અભ્યાસની શાખાઓ તેમનાં વિશિષ્ટ લક્ષણો સાથે અસ્તિત્વમાં છે. ઑડિયોલૉજી અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજી એ સંલગ્ન આરોગ્ય વિજ્ઞાન છે જે તમામ ઉંમરના વ્યક્તિઓમાં વાતચીત, શ્રવણ, ગળવું અને સંબંધિત વિકલાંગતાના વિકારોનું મૂલ્યાંકન, નિદાન અને સારવાર કરવાનાં જ્ઞાન અને કૌશલ્યો સાથે સંબંધિત છે. તેમાં વાતચીતની સમસ્યાઓ ધરાવતાં વ્યક્તિઓ અને તેમના પરિવારોને કાઉન્સેલિંગ તેમજ વાણી, ભાષા, ગળવું અને શ્રવણની સમસ્યાઓ માટે પુનર્વસન અને નિવારક સેવાઓ પ્રદાન કરવાનો પણ સમાવેશ થાય છે.

ઑડિયોલૉજી અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજી (SLP) માં લાયકાત ધરાવતા વ્યાવસાયિકોને ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ કહેવામાં આવે છે– ઑડિયોલૉજી એ વિજ્ઞાનની એક શાખા છે જે શ્રવણ, સંતુલન અને સંબંધિત વિકૃતિઓનો અભ્યાસ કરે છે. જે વ્યાવસાયિકો શ્રવણશક્તિ ગુમાવનારાઓની સારવાર કરે છે અને સંબંધિત નુકસાનને સક્રિયપણે અટકાવે છે તેઓ ઑડિયોલૉજિસ્ટ છે. વિવિધ પરીક્ષણ તબક્કાઓનો ઉપયોગ કરીને, ઑડિયોલોજીનો હેતુ એ નક્કી કરવાનો છે કે કોઈ વ્યક્તિ સામાન્ય રીતે સાંભળી શકે છે કે કેમ, અને જો નહીં, તો શ્રવણના કયા ભાગો પ્રભાવિત છે, કયા સ્તરે અને શ્રવણશક્તિ ગુમાવવા માટેનું કારણ ક્યા છે. જો કોઈ ઑડિયોલૉજિસ્ટ નક્કી કરે છે કે સાંભળવાની ખોટ અથવા વેસ્ટિબ્યુલર (સંતુલન) અસામાન્યતાઓ હાજર છે, તો તે દર્દીને સૂચનો આપશે કે કયા વિકલ્પો મદદરૂપ થઈ શકે છે.

તે જ રીતે, સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજી (SLP) એ કુશળતાનું ક્ષેત્ર છે જે સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ તરીકે ઓળખાતા ચિકિત્સક દ્વારા કરવામાં આવે છે, જેને કેટલીકવાર સ્પીચ એન્ડ લેંગ્વેજ થૅરાપિસ્ટ અથવા સ્પીચ થૅરાપિસ્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે. SLPને ઑડિયોલૉજી, ફિઝિયોથૅરાપી, ઓક્યુપેશનલ થેરાપી, ક્લિનિકલ સાયકોલોજી, ફિઝિકલ થૅરાપી અને અન્ય સાથે “સંલગ્ન આરોગ્ય વ્યવસાય” તરીકે ગણવામાં આવે છે. SLPનું ક્ષેત્ર અન્ય “સંબંધિત આરોગ્ય વ્યવસાયો”થી અલગ છે કારણ કે SLPને તેમની પ્રેક્ટિસના કાર્યક્ષેત્રમાં આવતી કેટલીક સમસ્યાઓનું નિદાન કરવાની કાયદેસર મંજૂરી છે. SLP વાતચીતની સમસ્યાઓ, જ્ઞાનાત્મક વાતચીતની સમસ્યાઓ, વાણીની સમસ્યાઓ, ગળવાની સમસ્યાઓ વગેરેનાં મૂલ્યાંકન, નિદાન અને સારવારમાં નિષ્ણાત છે. SLP ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડરના નિદાન અને સારવારમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે એક વિકાસલક્ષી વિકાર બની રહ્યો છે.

વસ્તી ગણતરી 2011 મુજબ, ભારતમાં 2.68 મિલિયન દિવ્યાંગ વ્યક્તિઓ છે, જેમાંથી 50.71 લાખ શ્રવણ સંબંધિત સમસ્યાઓ ધરાવે છે અને 19.98 લાખ વ્યક્તિઓ વાણી-ભાષાની સમસ્યાઓથી પીડાય છે. ટૂંકમાં, ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ વાણી, ભાષા, ગળવું, જ્ઞાનાત્મક વાતચીત અને શ્રવણની વિશાળ શ્રેણીની ક્ષતિઓના મૂલ્યાંકન અને સારવાર માટે વ્યાવસાયિક રીતે જવાબદાર છે. આવી ક્ષતિઓ માળખાકીય અથવા કાર્યાત્મક કારણોને લીધે થઈ શકે છે અને સમય જતાં વિકસિત થઈ શકે છે, અથવા સ્ટ્રોક, માથાની ઈજાઓ અથવા માથા અને ગરદનના કેન્સર જેવાં કારણોને લીધે થઈ શકે છે.

તાજેતરમાં હાથ ધરાયેલા સમુદાય આધારિત અભ્યાસો

(તમામ ઉંમરના)ના વ્યાપક અભ્યાસોમાં, 1980થી 2020 દરમિયાન ભારતમાં શ્રવણની ક્ષતિની વ્યાપકતા અને પ્રમાણની જાણ કરતા અભ્યાસોનો સમાવેશ કરવામાં આવ્યો હતો (Verma et al., 2021). આ અભ્યાસોમાં 6% થી 26.9% વચ્ચે શ્રવણની ક્ષતિની વ્યાપકતા અને 4.5% થી 18.3% વચ્ચે અક્ષમ કરતી શ્રવણની ક્ષતિની વ્યાપકતા નોંધાઈ હતી. ગ્રામીણ વિસ્તારો અને વૃદ્ધોમાં શ્રવણની ક્ષતિનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

ગ્રામીણ વિસ્તારોમાં વાતચીતની સમસ્યાઓ (વાણી અને શ્રવણ)ના વ્યાપકતાને સમજવા માટે કેટલાંક રાજ્યવ્યાપી ગ્રામીણ સર્વેક્ષણો પણ કરવામાં આવ્યાં હતાં, પરંતુ અભ્યાસોની સંખ્યા ખૂબ ઓછી છે. 2013માં (Kondanath et al) દક્ષિણ ગ્રામીણ, કર્ણાટક રાજ્ય, ભારતમાં હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે વાતચીતની સમસ્યાઓનું જોખમ ધરાવતી વ્યક્તિઓનું પ્રમાણ 6.07% હતું જ્યાં તમામ વયજૂથો અને જાતિના 15 ગામોની 15,441 વ્યક્તિઓ પર સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જોખમ ધરાવતા લોકોમાં, શ્રવણને સંબંધિત અને/અથવા કાનને લગતા રોગોનું પ્રમાણ 90.58% અને વાણી અને ભાષાની સમસ્યાઓનું પ્રમાણ 9.42% જોવા મળ્યું હતું.

ગુજરાત રાજ્યમાં અપંગતા ધરાવતી કુલ વ્યક્તિઓની સંખ્યા 129483 હોવાનું નોંધાયું હતું, જેમાંથી 23188 (0.2%)ને સાંભળવાની તકલીફ હોવાનું જાણવા મળ્યું હતું અને 5400 (0.041%)ને વાણી સંબંધિત તકલીફો હતી. **(સંદર્ભ : https://www.statista.com/statistics/ 1079660/india, Gujrat 2018).**

2018માં પશ્ચિમી રાજ્ય ગુજરાતમાં બહુવિધ વિકલાંગતા માટે પુરુષોનું પ્રમાણ સૌથી વધુ 1.7 ટકા હતું, ત્યારબાદ લોકોમોટર ડિસેબિલિટી 1 ટકા હતી. જુલાઈ અને ડિસેમ્બર 2018 વચ્ચે હાથ ધરવામાં આવેલા NSO સર્વેક્ષણના 76મા રાઉન્ડ મુજબ, ભારતમાં અપંગ મહિલાઓ કરતાં અપંગ પુરુષોની ટકાવારી વધુ હતી. **(સંદર્ભ:https://www.statista.com/statistics/1079660/india-disabled-persons-by-type-and-gender-gujarat/ )**

2017માં ગુજરાત રાજ્યના વડોદરા જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં બીજો એક અભ્યાસ અહેવાલ હાથ ધરવામાં આવ્યો હતો (Sinha et al, 2017). અભ્યાસમાં જણાવાયું છે કે સર્વે કરાયેલી 28,954 વ્યક્તિઓમાંથી 1187 (4.09%) વ્યક્તિઓને વાતચીતનો વિકાર (શ્રવણ તેમજ વાણી-ભાષાના રોગવિજ્ઞાન બંને સહિત) હોવાનું જાણવા મળ્યું છે. કાન સંબંધિત વિકારોનો એકંદર વ્યાપ 3.30% (પુરુષો - 1.66%, સ્ત્રીઓ - 1.63%) અને વાણી અને ભાષા સંબંધિત વિકારોનો વ્યાપ 0.79% (પુરુષો - 0.60%, સ્ત્રીઓ - 0.24%) હતો.

**ગુજરાત રાજ્યમાં, રજિસ્ટર્ડ ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટની યાદી નીચેના કોષ્ટકમાં આપેલ છે.**

**(સંદર્ભ : https://rciregistration.nic.in/rehab council/Newsearchlist.jsp )**

| SL. ના | Under Graduation (UG)/ Post Graduation (PG) | ડિગ્રી | રજિસ્ટર્ડ વ્યાવસાયિકોની સંખ્યા |
|---|---|---|---|
| 1. | UG | B.Sc. સ્પીચ અને હિયરિંગ | 05 |
| 2. | UG | B.Sc. ઓડિયોલોજી અને હિયરિંગ રિહેબિલિટેશન | 26 |
| 3. | UG | હિયરિંગ લેંગ્વેજ અને હિયરિંગ | 01 |
| 4. | PG | M.Sc. સ્પીચ અને હિયરિંગ | 01 |

| | | | |
|---|---|---|---|
| 5. | UG | BASLP (બેચલર ઇન ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી) | 184 |
| 6. | PG | MASLP (માસ્ટર્સ ઇન ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી) | 19 |
| 7. | PG | M.Sc. ઓડિયોલોજી | 08 |
| 8. | PG | પીજી એમ.એસસી. સ્પીચ લેંગ્વેજ પેથોલોજી | 03 |

(નોંધ: આ નંબર કોષ્ટકના શીર્ષકમાં આપેલા સંદર્ભ મુજબ છે અને તે બદલાઈ શકે છે)

### રોજગાર અને સ્વ-રોજગાર

**કાર્યક્ષેત્ર**

- ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ સમગ્ર જીવનકાળ દરમિયાન વિવિધ વસ્તી સાથે કામ કરે છે, જેમાં શિશુઓ, બાળકો, પુખ્તો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે, અને શ્રવણ અને વાતચીતની વિશાળ શ્રેણીની સમસ્યાઓનું નિરાકરણ કરે છે.
- ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ દ્વારા સેવા આપવામાં આવતી વસ્તીમાં વિકાસલક્ષી વિલંબ ધરાવતી વ્યક્તિઓ, ન્યુરોલોજિકલ પરિસ્થિતિઓ (સ્ટ્રોક, ડિમેન્શિયા) ધરાવતા લોકો, વૃદ્ધત્વ અથવા આઘાતને કારણે શ્રવણશક્તિ ગુમાવનારી વ્યક્તિઓ, વાણીના ધ્વનિની ભૂલોવાળાં બાળકો, ગળવાની સમસ્યાઓવાળા લોકો, વાણીના ધ્વનિની સમસ્યાઓ, પ્રવાહિતાની સમસ્યાઓ, વાતચીતની સમસ્યાઓ સાથે જ્ઞાનાત્મક ક્ષતિઓ ધરાવતા દર્દીઓનો સમાવેશ થાય છે.
- બંને વ્યાવસાયિકો માટે સામાન્ય કાર્યસ્થળોમાં હૉસ્પિટલો સરકારી/બિનસરકારી, ENT, ન્યુરોલૉજિસ્ટ, બાળરોગ ચિકિત્સક વગેરે જેવા વિવિધ તબીબી વ્યાવસાયિકો સાથે, ખાનગી પ્રૅક્ટિસ, શાળાઓ (નિયમિત અને વિશેષ શિક્ષણ), પુનર્વસન કેન્દ્રો, પ્રારંભિક હસ્તક્ષેપ કાર્યક્રમો, શ્રવણ સહાય ઉત્પાદકો વગેરેનો સમાવેશ થાય છે.
- ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ યુનિવર્સિટીઓ અને/અથવા કૉલેજોના શિક્ષણ અને તાલીમ કાર્યક્રમોમાં શ્રવણ વિજ્ઞાન અને વિકૃતિઓ, વાતચીત વિજ્ઞાન અને વિકૃતિઓ અને ગળવા સંબંધિત શિક્ષકો તરીકે સેવા આપે છે.
- વધુમાં, વાણી અને ભાષાની સમસ્યાઓવાળા બાળકો તેમજ શ્રવણશક્તિ ગુમાવનારા અને માનસિક મંદતા, ઓટિઝમ અને અન્ય ઘણા લોકોની સેવા કરવા માટે વ્યાવસાયિક રીતે તાલીમ પામેલા ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટની ભારે માંગ છે.
- તેમને હૉસ્પિટલો, વિશેષ શાળાઓ, વાણી અને શ્રવણ સંસ્થાઓ, શ્રવણ સંસ્થાઓ, ઉત્પાદન ઉદ્યોગો અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે કામ કરતી સરકારી અથવા બિનસરકારી એજન્સીઓમાં કામ કરવાની તકો છે, જેમકે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ, કોમ્પોઝિટ રિજનલ સેન્ટર્સ ફોર પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (CRCs), યુનિવર્સિટીઓ, CBSE શાળાઓ, હૉસ્પિટલો, પુનર્વસન કેન્દ્રો, NRHM, ડિસ્ટ્રિક્ટ ડિસેબિલિટી રિહેબિલિટેશન સેન્ટર્સ (DDRC), રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ (RBSK), બુનિયાદ કેન્દ્રો, ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર્સ (DEIC), SSA તેમજ સ્વતંત્ર પ્રૅક્ટિસ કરવાની તકો છે.
- ઉચ્ચ અભ્યાસ અને પ્રૅક્ટિસ માટે વિદેશમાં ઉત્તમ તકો રાહ જોઈ રહી છે.

હાલમાં, તાલીમ પામેલા વ્યાવસાયિકોની સેવાઓ જિલ્લા મુખ્યાલય સ્તર સુધી મર્યાદિત છે. જોકે, દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ 2016ના આદેશનું

પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે બ્લોક અને પેટા વિભાગ સ્તરે સ્પીચ એન્ડ લેંગ્વેજ પૅથોલૉજિસ્ટની તાત્કાલિક જરૂરિયાત છે. પરંતુ તાલીમ પામેલા વ્યાવસાયિકોની અછતને કારણે સરકાર જરૂરિયાતમંદોને પૂરતી સેવાઓ પૂરી પાડવામાં અસમર્થ છે. આથી, ઘણા વધુ વ્યાવસાયિકોની જરૂરિયાત રહેશે.

- **ઓડિયોલોજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટના પ્રેક્ટિસનો અવકાશ**

ભારતીય પુનર્વસન પરિષદ (RCI) એ ભારતીય પુનર્વસન પરિષદ અધિનિયમ, 1992 હેઠળ બનાવેલ એક વૈધાનિક સંસ્થા છે, અને તેને દિવ્યાંગતા ક્ષેત્રમાં કર્મચારીઓની તાલીમને નિયંત્રિત કરવા અને દેખરેખ રાખવા અને સેન્ટ્રલ રિહેબિલિટેશન રજિસ્ટર જાળવવાની બેવડી જવાબદારી સોંપવામાં આવી છે. દિવ્યાંગતા ક્ષેત્રના કોઈ પણ વ્યાવસાયિક જે કોઈ પણ દિવ્યાંગતાના ક્ષેત્રમાં પ્રૅક્ટિસ કરવા ઈચ્છે છે, તેણે માત્ર RCI દ્વારા માન્ય સ્નાતક/અનુસ્નાતક ડિગ્રી ધરાવવી જોઈએ નહીં, પરંતુ RCI સાથે નોંધાયેલ હોવું જોઈએ અને સેન્ટ્રલ રિહેબિલિટેશન રજિસ્ટરમાં સમાવેશ થવો જોઈએ. સ્પીચ-લેંગ્વેજ એન્ડ હિયરિંગ અથવા કોમ્યુનિકેશન ડિસઓર્ડરમાં ડિપ્લોમા ધરાવનાર કોઈ પણ વ્યક્તિ જરૂરિયાતમંદોને સેવાઓ આપી શકે છે, તે/તેણીએ તે ઓછામાં ઓછી સ્નાતકની ડિગ્રી ધરાવતા ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ વ્યાવસાયિકોના દેખરેખ હેઠળ જ કરવું જોઈએ.

- **ઓડિયોલોજી અને સ્પીચ એન્ડ લેંગ્વેજ પૅથોલૉજીમાં અભ્યાસક્રમો**

- **Diploma in Hearing, Language and Speech (DHLS)**

આ કાર્યક્રમ એવા માનવબળને ઉત્પન્ન કરવા માટે રચાયેલ છે જે પાયાના સ્તરે વાતચીતની સમસ્યાઓ ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતોને પૂર્ણ કરશે. આ કાર્યક્રમમાં, વિદ્યાર્થીઓને વાતચીતની સમસ્યાઓ ધરાવતી વ્યક્તિઓને ઓળખવા અને વધુ નિદાન માટે યોગ્ય સંદર્ભો બનાવવા માટે તાલીમ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને પુનર્વસન માટે વ્યાવસાયિકો દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરવામાં સંભાળ રાખનારાઓની દેખરેખ રાખવા માટે પણ તાલીમ આપવામાં આવે છે. સૈદ્ધાંતિક જ્ઞાનને પૂરક બનાવવા માટે વિસ્તૃત પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે.

- **Bachelor of Audiology and Speech-Language Pathology (B.ASLP)**

B.ASLP/BASLPના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ વાણી, ભાષા અને શ્રવણનાં સામાન્ય પાસાઓ અને સમસ્યાઓ વિશે શીખે છે. વિદ્યાર્થીઓને વાતચીતની સમસ્યાઓનાં મૂલ્યાંકન, નિદાન, સારવાર અને સંચાલનમાં તાલીમ આપવામાં આવે છે. તાલીમમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પાસાઓનો સમાવેશ થાય છે, જેમાં ક્લિનિકલ શિક્ષણ-ભણતર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ લાયકાત ધરાવતા સ્ટાફની દેખરેખ હેઠળ દર્દી સાથે કામ કરવાનો હાથોહાથ અનુભવ મેળવે છે.

- **P.G. Diploma in Augmentative and Alternative Communication (PGDAAC)**

આ કાર્યક્રમનો હેતુ સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ અને વિશેષ શિક્ષકોને જટિલ વાતચીતની જરૂરિયાતો ધરાવતી વ્યક્તિઓ માટે ટ્રાન્સ-ડિસિપ્લિનરી અને ફિલ્ડ-આધારિત AAC સેવાઓ પ્રદાન કરવા માટે તૈયાર કરવા માટે રચાયેલ શૈક્ષણિક અને પ્રાયોગિક અનુભવ પ્રદાન કરવાનો છે જેથી તેઓ તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચી શકે.

- **P.G. Diploma in Clinical Linguistics for Speech-Language Pathology**

ક્લિનિકલ ભાષાશાસ્ત્ર એ ભાષાશાસ્ત્રની એક શાખા છે જે ભાષાકીય સિદ્ધાંતોની વાતચીતની સમસ્યાઓ, ખાસ કરીને ક્લિનિકલ સેટિંગ્સમાં ઉપયોગ સાથે સંબંધિત છે. તેમાં સ્પીચ એન્ડ લેંગ્વેજ પૅથોલૉજી, ભાષાશાસ્ત્ર, ક્લિનિકલ સાયકોલૉજી અને શિક્ષણ જેવાં વિવિધ ક્ષેત્રો વચ્ચેનો આંતરશાખાકીય અભ્યાસ સામેલ છે. આ કાર્યક્રમનો હેતુ

ભાષાના વિકાસ અને તેની સમસ્યાઓ સંબંધિત જ્ઞાન આપવાનો છે. મુખ્યત્વે, આ કાર્યક્રમ ઉમેદવારોને વાણી, ભાષા અને જ્ઞાનના ક્ષેત્રોમાં આંતરશાખાકીય સંશોધન હાથ ધરવા માટે તૈયાર કરશે. વધુમાં, આ કાર્યક્રમ સ્પીચ-લેંગ્વેજ પેથોલોજિસ્ટને ભારતીય સંદર્ભમાં વાતચીતની સમસ્યાઓવાળાં બાળકો અને પુખ્તો માટે મૂલ્યાંકન, નિદાન અને હસ્તક્ષેપ કાર્યક્રમોની યોજના સંબંધિત તેમના પહેલેથી જ પ્રાપ્ત કરેલા જ્ઞાનને વધારવા માટે સજ્જ કરશે.

- **P.G. Diploma in Forensic Speech Science and Technology**

વ્યક્તિઓની તેમની વાણીની લાક્ષણિકતાઓ દ્વારા ઓળખ એ વાણી-વિજ્ઞાનનું એક ક્ષેત્ર છે જે વિશ્વસનીય રીતે ફોરેન્સિક નિષ્ણાતોનું ધ્યાન આકર્ષિત કરે છે. ભારતમાં ફોરેન્સિક સ્પીકર આઈડેન્ટિફિકેશન હાથ ધરતી ખૂબ ઓછી ફોરેન્સિક લેબોરેટરીઓ છે. ફોરેન્સિક સ્પીચ સાયન્સ એન્ડ ટેક્નોલૉજીમાં પી.જી. ડિપ્લોમા પ્રોગ્રામ ફોરેન્સિક સ્પીકર આઈડેન્ટિફિકેશનના ક્ષેત્રમાં વ્યાવસાયિકોને તાલીમ આપવાનો ઇરાદો ધરાવે છે જે ફોરેન્સિક વિજ્ઞાનમાં લાગુ થશે.

- **P.G. Diploma in Neuro-Audiology**

ન્યુરોઓડિયોલૉજી એ ઓડિયોલૉજીની વિશેષ શાખા છે જે શ્રાવ્ય ચેતા માર્ગો અને સંલગ્ન ન્યુરલ નેટવર્કનાં માળખાં, કાર્ય અને સમસ્યાઓ સાથે સંબંધિત છે. આ વિશેષતાનો અવકાશ આંતરશાખાકીય છે. આ ક્ષેત્રનું જ્ઞાન જગ્યા રોકતા જખમો તેમજ શ્રાવ્ય અને સંકળાયેલ ન્યુરલ માર્ગોના ફેલાયેલા જખમોને ઓળખવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે સાંભળતી વ્યક્તિઓ તેમજ ક્લિનિકલ વસ્તીની વિશાળ શ્રેણીમાં શ્રાવ્ય સંકેતોની પ્રક્રિયાનો અભ્યાસ કરવા માટે થઈ શકે છે. તે શ્રાવ્ય ન્યુરલ સિસ્ટિમમાં પ્લાસ્ટિસિટીનું મૂલ્યાંકન કરવામાં પણ ઉપયોગી છે. કાર્યક્રમનું ધ્યાન શ્રાવ્ય અને વેસ્ટિબ્યુલર સિસ્ટિમ્સ સંબંધિત સંશોધન અને ક્લિનિકલ કૌશલ્યો આપવા પર છે. આ કાર્યક્રમ આ ક્ષેત્રમાં સંશોધન કરવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યો પણ આપે છે.

- **M.Sc. (Speech-Language Pathology)**

સ્પીચ-લેંગ્વેજ પેથોલૉજીમાં અનુસ્નાતક કાર્યક્રમ સ્પીચ-લેંગ્વેજ પેથોલૉજીના વ્યવસાયને લાગુ પડતાં અદ્યતન જ્ઞાન અને કૌશલ્યો આપવા તરફ લક્ષી છે. આ કાર્યક્રમ સ્પીચ-લેંગ્વેજ પેથોલૉજીની શિસ્તમાં સૈદ્ધાંતિક, ક્લિનિકલ, સંશોધન, ફિલ્ડ-આધારિત અને ટેક્નોલૉજી-આધારિત જ્ઞાનમાં યોગદાન આપવા માટે માનવબળ વિકસાવવા માટે રચાયેલ છે. આ કાર્યક્રમ વાતચીતની સમસ્યાઓના વિભેદક નિદાન અને સંચાલન અને દેશમાં વ્યવસાયને આગળ વધારવા માટે સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- **M.Sc. (Audiology)**

ઑડિયોલૉજીમાં અનુસ્નાતક કાર્યક્રમ એવા વિદ્યાર્થીઓ માટે તૈયાર છે જેઓ ક્ષેત્રમાં ઊંડાણપૂર્વકનાં જ્ઞાન અને કૌશલ્યો માટે ઝંખે છે. ઑડિયોલૉજીમાં અનુસ્નાતક કાર્યક્રમ શ્રાવ્ય સિસ્ટિમના સામાન્ય પાસાઓ તેમજ શ્રાવ્ય સમસ્યાઓના વિભેદક નિદાન અને વિભેદક સંચાલન વિશે વિગતવાર માહિતી આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વધુમાં, વિદ્યાર્થીઓને દિવ્યાંગતાના સંબંધિત પાસાઓ પર પણ તાલીમ આપવામાં આવે છે અને સંશોધનની જરૂરિયાતોને ઓળખવા અને સંશોધનનું આયોજન કરવા માટે તાલીમ આપવામાં આવે છે જે ડાયગ્નોસ્ટિક અને પુનર્વસન સેવાઓને અપગ્રેડ કરવામાં મદદ કરશે.

- **Ph.D. (Speech-Language Pathology, Audiology & Speech & Hearing)**

ડોક્ટરલ પ્રોગ્રામ સ્પીચ-ભાષા રોગવિજ્ઞાન, વાણી વિજ્ઞાન અને ભાષાવિજ્ઞાનનાં ક્ષેત્રોમાં સંશોધનની ગુણવત્તા અને માત્રામાં વધારો કરવા માટે રચાયેલ છે તેમજ શ્રવણ શરીરવિજ્ઞાન, મનોભૌતિકશાસ્ત્ર, વાણી દૃષ્ટિ, ડાયગ્નોસ્ટિક ઑડિયોલૉજી, પુનર્વસન ઑડિયોલૉજી, ઔદ્યોગિક અને ફોરેન્સિક ઑડિયોલૉજી, શૈક્ષણિક ઑડિયોલૉજી, બાળરોગ અને વૃદ્ધ ઑડિયોલૉજી અને સાધનો, ક્લાયન્ટલ અને વાણી અને શ્રવણના વિશાળ ક્ષેત્રમાં સંશોધન હાથ ધરવા માટે સહયોગનો સમાવેશ થાય છે.

- **Structured Programme on AVT for rehabilitationists in Speech & hearing**

શિક્ષણ વિભાગ, અલી યાવર જંગ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ ડિસેબિલિટીઝ (દિવ્યાંગજન), મુંબઈ (AYJNISHD(D)) કોક્લિયર (કોક્લિયર ઇમ્પ્લાન્ટ કંપની) સાથેના સહયોગમાં નવેમ્બરથી માર્ચ સુધી એક ઓનલાઈન સર્ટિફાઇડ કોર્સ ચલાવે છે જેને તમામ પુનર્વસન નિષ્ણાતો માટે 'સ્પર્શ' કહેવામાં આવે છે. આ કોર્સનો હેતુ જોઈન્ટ કમિટી ફોર ઇન્ફન્ટ હિયરિંગ (JCIH) માર્ગદર્શનના યોગ્ય સમાવેશ દ્વારા શ્રવણ ક્ષતિગ્રસ્ત બાળકોને વાણી, ભાષા અને વાતચીત કૌશલ્યોના સામાન્ય વિકાસ માટે શક્ય તેટલી વહેલી પુનર્વસન સહાય પૂરી પાડવાનો છે. આ તમામ પુનર્વસન વ્યાવસાયિકો જેમકે ઑડિયોલૉજિસ્ટ, સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ, શ્રવણ અને વાણી-ભાષા સેવાઓ સંબંધિત વિશેષ શિક્ષકને શ્રવણ ક્ષતિવાળાં બાળકોની સેવા અને સશક્તીકરણના તેમના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વર્તમાન ઉપલબ્ધ માર્ગદર્શિકાઓ અને સુવિધાઓ સાથે પોતાને અપડેટ કરવામાં મદદ કરે છે.

### ઓડિયોલોજી અને સ્પીચ અને ભાષા પેથોલોજી અભ્યાસક્રમોમાં પ્રવેશ

સ્નાતક કાર્યક્રમમાં પ્રવેશ માટે અરજી કરનાર ઉમેદવારે સંબંધિત રાજ્ય સરકારના પ્રિ-યુનિવર્સિટી બોર્ડ ઓફ એજ્યુકેશન દ્વારા લેવામાં આવતી 10+2 પરીક્ષા અથવા સમકક્ષ પરીક્ષા ઓછામાં ઓછા 50% ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ. લાયકાત ગુણમાં છૂટછાટ સંબંધિત યુનિવર્સિટી / રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશો અથવા કેન્દ્ર સરકારના નિયમો અને નિયમો અનુસાર રહેશે. અરજદાર / ઉમેદવારે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન / ગણિત / કમ્પ્યૂટર વિજ્ઞાન / આંકડાશાસ્ત્ર / ઇલેક્ટ્રોનિક્સ / મનોવિજ્ઞાનમાંથી કોઈ પણ એકનો અભ્યાસ કર્યો હોવો જોઈએ. વધુમાં, અનુસ્નાતક સ્તરના કાર્યક્રમો માટે, ભારતીય પુનર્વસન પરિષદ દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈ પણ યુનિવર્સિટીમાંથી B.ASLP અથવા B.Sc (વાણી અને શ્રવણ) ડિગ્રી અથવા તેની સમકક્ષ ગણાતી કોઈ પણ અન્ય ડિગ્રી ધરાવતા અને સરેરાશ 55% સુધી ગુણ ધરાવતા ઉમેદવારો માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્ર છે. પ્રવેશના વર્ષના 1 જુલાઈના રોજ અરજદારોની ઉંમર 30 વર્ષથી વધુ ન હોવી જોઈએ. વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંલગ્ન યુનિવર્સિટીઓનાં નિર્ધારિત ધોરણો અનુસાર સંબંધિત સંસ્થાઓ દ્વારા સીધા જ કરવામાં આવે છે. શૈક્ષણિક સત્ર દર વર્ષે મે/જૂનમાં કોઈક સમયે શરૂ થાય છે અને પ્રવેશ પ્રક્રિયા દર વર્ષે એપ્રિલમાં શરૂ થાય છે. તેથી, કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, સંબંધિત સંસ્થા અને યુનિવર્સિટીઓનો સીધો સંપર્ક કરી શકાય છે. નવી દિલ્હી સ્થિત RCI હેઠળ નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઇન રિહેબિલિટેશન (NBER) ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરી રહ્યું છે. અભ્યાસક્રમોનો સમયગાળો નીચે મુજબ છે.

| અનુ. નંબર | કોર્સનું નામ | લાયકાત | સમયગાળો વર્ષ |
|---|---|---|---|
| 1. | Diploma in Hearing, Language & Speech | 12મું /II PUC (વિજ્ઞાન પ્રવાહ) | 1 વર્ષ |
| 2. | B.ASLP | 12મું /II PUC (PCM/B) | 4 વર્ષ |
| 3. | PG Dip in Augmentativeand Alternative Communication | B.Sc. (Sp. & Hg.) /B.ASLP / B.S.Ed. (HI, ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર્સ, લર્નિંગ ડિસેબિલિટી, મેન્ટલ રિટાર્ડેશન, સેરેબ્રલ પાલ્સી, મલ્ટિપલ ડિસેબિલિટીઝ) | 1 વર્ષ |

| | | | |
|---|---|---|---|
| 4. | PG Dip. in Clinical Linguistics for Speech-Language Pathology | B.Sc. (Sp. & Hg.) /B.ASLP | 1 વર્ષ |
| 5. | PG Dip in Forensic Speech Science & Technology | B.Sc. (P/M/E/CS)/ B.Sc. (Sp.& Hg.)/B. ASLP / B. Tech/MBBS) | 1 વર્ષ |
| 6. | PG Dip in Neuro-Audiology | B.Sc. (Sp. & Hg.) /B.ASLP | 1 વર્ષ |
| 7. | M.Sc. (SLP) | B.Sc. (Sp. & Hg.)/B.ASLP | 2 વર્ષ |
| 8. | M.Sc. (Aud) | B.Sc. (Sp. & Hg.)/B.ASLP | 2 વર્ષ |
| 9. | Ph.D. (SLP), (Aud), (Speech & Hearing) | M.Sc. (SLP) / M.Sc. (Aud) /M.Sc. (Sp. & Hg.) /MASLP, 1 વર્ષનાં કાર્ય અનુભવ સાથે | 3 વર્ષ |
| 10. | Structured Programme on AVT for rehabilitationists in Speech & hearing | B.Sc. (Sp. & Hg.) /B.ASLP B.S.Ed. B.Sc. (P/M/E/CS)/ B. Tech/ MBBS/M.Sc. (SLP) / M.Sc. (Aud) /M.Sc. (સ્પે. અને હાઇ.) /MASLP) | 5 મહિના (20 અઠવાડિયાં) |

## વિશેષ તાલીમ અને સંશોધન સંસ્થાઓ

ભારતભરમાં આશરે 58 RCI માન્ય તાલીમ સંસ્થાઓ ઉપરાંત, આમાંની કેટલીક જાણીતી સંસ્થાઓ/યુનિવર્સિટીઓ નિયમિત અભ્યાસક્રમો ચલાવી રહી છે

- **ઓડિયોલોજી અને સ્પીચ એન્ડ લેંગ્વેજ પેથોલોજી સંબંધિત વિષયોમાં ઉચ્ચ અભ્યાસ અને સંશોધન માટે જાણીતી સંસ્થાઓ :**

| ક્રમ | સ્થળ | સંસ્થાનું નામ |
|---|---|---|
| 1. | મૈસુર | ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ (AIISH) |
| 2. | લખનૌ | ડૉ. શકુંતલા મિશ્રા નેશનલ રિહેબિલિટેશન યુનિવર્સિટી (DSMNRU) |
| 3. | મુંબઈ | અલી યાવર જંગ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ ડિસેબિલિટીઝ (દિવ્યાંગજન) (AYJNISHD) |
| 4. | તિરુવનંતપુરમ | નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ (NISH) |
| 5. | ચેન્નાઈ | નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ મલ્ટિપલ ડિસેબિલિટીઝ (NIEPMD); |
| 6. | ચંદીગઢ | પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (PGIMER) |
| 7. | પંજાબ | ગુરુ ગોવિંદ સિંહ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલ, ફરીદકોટ |
| 8. | સુરેન્દ્રનગરા | સી.યુ. શાહ મેડિકલ કૉલેજ |
| 9. | જબલપુર | નેતાજી સુભાષ ચંદ્ર બોઝ મેડિકલ કૉલેજ (NSCB) |
| 10. | મુંબઈ | ટોપીવાલા નેશનલ મેડિકલ કૉલેજ (B.Y.L. નાયર ચેરિટેબલ હૉસ્પિટલ) |
| 11. | પોંડિચેરી | જવાહરલાલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (JIPMER) |
| 12. | ઇમ્ફાલ | રિજનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (RIMS), મણિપુર |
| 13. | વેલ્લોર | ક્રિશ્ચિયન મેડિકલ કૉલેજ (CMC) |
| 14. | ચેન્નાઈ | શ્રી રામચંદ્ર મેડિકલ કૉલેજ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ |



### ગુજરાત રાજ્યમાં અભ્યાસની તકો

હાલમાં ગુજરાતની ત્રણ સરકારી સંસ્થાઓ BASLP અભ્યાસક્રમોમાં પ્રવેશ આપે છે, જેમ કે કમ્પોઝિટ રિજનલ સેન્ટર (CRC) અમદાવાદ (ઓઢવ), DEPWD, MSJ&E, ભારત સરકાર, ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી (GMERS) સિવિલ હૉસ્પિટલ, (સોલા) અને અમદાવાદમાં અસારવા સિવિલ હૉસ્પિટલ, એક ખાનગી સંસ્થા એટલે કે વડોદરામાં સુમનદીપ વિદ્યાપીઠ પણ આ અભ્યાસક્રમ ઓફર કરે છે.

કમ્પોઝિટ રિજનલ સેન્ટર (CRC) અમદાવાદ (ઓઢવ) ની સંપર્ક વિગતો નીચે મુજબ છે:

ફોન નંબર: (079) 22870544

Email.ID: crcahmedabad.nic.in

### સંશોધન તકો

ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ સામાન્ય પ્રક્રિયાઓ અને શ્રવણ સંતુલન, સંદેશાવ્યવહાર, ગળી જવા અને અન્ય સંબંધિત પાસાઓના વિકારો સંબંધિત મૂળભૂત અને લાગુ સંશોધન હાથ ધરવામાં સામેલ છે. ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ પૅથોલૉજિસ્ટ જ્ઞાન આધાર વધારવા, મૂલ્યાંકન અને સારવારના દાખલાઓની કાર્યક્ષમતા નક્કી કરવા માટે નવી પદ્ધતિઓ અને કાર્યક્રમો વિકસાવવા અને સંબંધિત ક્ષેત્રોમાં અન્ય વ્યાવસાયિકો અને જનતાને સંશોધન તારણો પ્રસારિત કરવા માટે મૂળભૂત અને લાગુ સંશોધનની ડિઝાઈન અને સંચાલનમાં સામેલ છે. ભારત અને વિદેશમાં CRC, વિશિષ્ટ રાષ્ટ્રીય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં સંશોધન તકો ઉપલબ્ધ છે. પીએચ.ડી. કરવા માટે, વ્યક્તિએ UGC ની આવશ્યકતાઓને પૂર્ણ કરવાની જરૂર છે.

### સફળતાના ગુણો

ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ પૅથોલૉજિસ્ટ તરીકે સફળ કારકિર્દી બનાવવા માટે ઉત્સુક અવલોકન, લોકોને મદદ કરવાની ઈચ્છા, મજબૂત વાતચીત કૌશલ્ય, વિશ્લેષણાત્મક ક્ષમતા, ધીરજ અને ખંત જેવા ગુણો જરૂરી છે. વ્યક્તિની અપંગ લોકો પ્રત્યે મૂળભૂત સંવેદનશીલતા પણ જરૂરી છે અને તેનો અભિગમ નૈતિક હોવો જરૂરી છે. આવી બધી કુશળતા અને ગુણો સકારાત્મક અને નિષ્ઠાવાન પ્રયાસોથી વિકસાવી શકાય છે. ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ એન્ડ લેંગ્વેજ પૅથોલૉજી એ એક એવું ક્ષેત્ર છે જેમાં તમે અપંગ વ્યક્તિઓને સારું, સંતુલિત અને શાંતિપૂર્ણ જીવન જીવવા, માનસિક સમસ્યાઓ દૂર કરવા અને લોકોના સામાજિક, કૌટુંબિક અને કાર્યસ્થળ સંબંધોને સમૃદ્ધ બનાવવામાં મદદ કરીને સંતોષ મેળવો છો. સામાન્ય રીતે, તે ફેન્સી હોદ્દાઓ અને નિયમિત પ્રમોશનની કારકિર્દી નથી. તેથી, જો આ વિષયમાં ખરેખર તમે રુચિ ધરાવો છો, તો જ તમે ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ એન્ડ લેંગ્વેજ પૅથોલૉજીમાં તમારા કાર્ય અને કારકિર્દીનો આનંદ માણી શકશો. વધુમાં, ઑડિયોલૉજિસ્ટ અને સ્પીચ એન્ડ લેંગ્વેજ પૅથોલૉજીમાં તમારી સ્નાતક લાયકાત બૅંકિંગ, સિવિલ સર્વિસીસ, રેલવે વગેરે જેવી અન્ય નોકરીઓ માટે કામ કરશે.

વધુ વિગતો માટે : કમ્પોઝિટ રિજનલ સેન્ટર (CRC) અમદાવાદ GIDC ઓઢવ, અમદાવાદ-382415

ફોન નંબર- 079-22870544

ગુજરાત ઈમેલ : crcabad@gmail.com, crcahmd-nihh@nic.in

વેબસાઈટ : crcahmedabad.nic.in

Written by : Mrs. Preeti Sahu

Translated by : Mr. Sahil Shaikh

કમ્પોઝિટ રિજનલ સેન્ટર (CRC), GIDC ઓઢવ,
અમદાવાદ-382415
ફોન નંબર- 079-22870544

# કાયદા ક્ષેત્રે બંધારણની સમજણ વિકસાવતી કારકિર્દીનું નિર્માણ...

બી. એમ. દવે

વકીલાતના વ્યવસાય માટે સૌથી ઊંચી ડિગ્રી "બાર એટ લો"ની હોય છે. જો કે ભારતમાં આ ડિગ્રીનો અભ્યાસ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. ભારતની આઝાદીના લડવૈયા મોટા ભાગે બાર એટ લોની ડિગ્રી ધરાવતા હતા. હાલ ભારતમાં B.A. L.L.B. ડિગ્રીધારકો વધુ પ્રમાણમાં જોવા મળે છે. ધોરણ 12 પાસ કર્યા પછી કોઈ પણ શાખામાં સ્નાતકનો અભ્યાસ કર્યા પછી ત્રણ વર્ષનો L.L.B.નો કોર્સ કરી શકાય છે અને વકીલાતની સનદ મેળવી કોઈ પણ કોર્ટમાં વકીલાત કરી શકાય છે.

છેલ્લા કેટલાક સમયથી ગુજરાત લો સોસાયટી અંતર્ગતની યુનિવર્સિટી હેઠળની કૉલેજમાં બી.એ. એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી વકીલાત કરી શકાય છે. વકીલાતના વ્યવસાય માટેનું મૂળ કારણ ગુનામાં ફસાયેલા નિર્દોષ વ્યક્તિને કાયદાનો સહારો લઈ છોડાવવા છે. ક્યારેક એવું પણ જોવા મળે છે કે કાયદાની આંટીઘૂંટીનો ઉપયોગ કરી રીઢા ગુનેગારને પણ નિર્દોષ સાબિત કરી છોડાવવાનો દૂરુપયોગ થતો હોય છે. કાયદાની જટિલતામાં ફસાયેલા નિર્દોષ લોકોને છોડાવવાના આ વ્યવસાયના વકીલો પોતાની બુદ્ધિ પ્રતિભાનો ઉપયોગ કરે તે આવકારદાયક છે. નામદાર હાઈકોર્ટમાં વકીલાત અંગ્રેજીમાં કરવી ફરજિયાત હોય છે. જ્યારે તાબાની કોર્ટોમાં ગુજરાતીમાં વકીલાત થઈ શકે છે. દરેક કોર્ટમાં સરકારી વકીલ હોય છે અને તેનું કાર્ય ગુનેગાર વિરુદ્ધ ગુનો સાબિત કરી સજા કરાવવાનું હોય છે.

વકીલ બનવું એ પોતાના માટે એક ગૌરવની વાત છે. સાથોસાથ દેશ અને સમાજમાં વકીલ તરીકેનો દરજ્જો હંમેશાં ઊંચો રહે છે. સૌ પ્રથમ કાયદાક્ષેત્રે કારકિર્દી ઘડવાના સ્નાતક કક્ષાના કોર્સને બેચલર ઓફ લો તરીકે ઓળખવામાં આવે છે.

### કોર્સની વિગત

L.L.B. એ એક ડિગ્રી કોર્સ છે. L.L.B.નો કોર્સ ધોરણ 12 પછી તેમજ સ્નાતક પછી પણ થઈ શકે છે. ધોરણ 12 પછી L.L.B.નો કોર્સ બે પ્રકારે થઈ શકે છે. (1.) ધોરણ 12 પછી સીધો જ પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ કોર્સ કરી શકાય છે, જે B.A.+ L.L.B., B.Com + L.L.B., BBA+L.L.B. તરીકે કરી શકાય છે. અને (2.) સ્નાતક પછી L.L.B.નો કોર્સ કરવા ડાઈરેક્ટ પ્રવેશ મળી શકે છે જ્યાં ધોરણ 12 પછી પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ કોર્સ કરવા માટે સીધો પ્રવેશ મળી શકે છે. તેમજ ઉચ્ચ સ્તરની કૉલેજમાં પ્રવેશ મેળવવા CLATની પ્રવેશ પરીક્ષા (Entrance Test) પાસ કરવી પડતી હોય છે. ભારતમાં 24 જેટલી રાષ્ટ્રીય લો યુનિવર્સિટી આવેલી છે. ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે ધી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી આવેલી છે જ્યાં પ્રવેશ પરીક્ષા પાસ કરી મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

L.L.B.ની ડિગ્રી બાદ અનુસ્નાતક ડિગ્રી L.L.M. કરી શકાય છે, જે બે વર્ષનો કોર્સ હોય છે. જેમાં Civil Laws, Criminal Laws, Corporate Laws પૈકી કોઈ એક પસંદ કરી કોઈ એક કાયદાના સ્પેશિયાલિસ્ટ થઈ શકાય છે તેમજ ત્યારબાદ પીએચ.ડી. પણ કરી શકાય છે. L.L.B. ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં થઈ શકે છે. L.L.B. પૂર્ણ કર્યા બાદ ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ રહે છે. L.L.B. પૂર્ણ કર્યા બાદ ખાનગી પ્રૅક્ટિસ કરી શકાય છે. આ ઉપરાંત સરકારી વકીલ અને ન્યાયાધીશ (જજ) પણ બની શકાય છે.

L.L.B.પૂર્ણ કર્યા બાદ જો કોઈ વકીલાત કરવા ઈચ્છતા હોય તો પ્રૅક્ટિસ કરવા માટેની સનદની પરીક્ષા આપવાની હોય છે. વધુમાં એનરોલમેન્ટ નંબર મેળવવાનો હોય છે, જેના માટે પણ આવશ્યક પરીક્ષા આપવાની હોય છે. આમ સનદ અને નંબર મેળવ્યા બાદ કોઈ પણ કોર્ટમાં વકીલ તરીકેની પ્રૅક્ટિસ કરી શકાય છે.

### મુખ્ય વિષયો

- ❖ ભારતીય બંધારણ (Constitutional Law)
- ❖ કરાર કાયદાઓ (Contract Law)
- ❖ ફોજદારી કાયદાઓ (Criminal Law - IPC, CrPC, Evidence Act)
- ❖ દીવાની કાયદાઓ (Civil Law - CPC, TPA, Family Law)
- ❖ ટોર્ટ કાયદાઓ (Law of Torts)
- ❖ કોર્પોરેટ કાયદાઓ (Company Law, Business Law)
- ❖ મજૂરી માટેના (મજૂર વર્ગના) કાયદાઓ (Labour Law)
- ❖ મૂળભૂત અધિકારો અને આંતરરાષ્ટ્રીય કાયદા (Human Rights & International Law)
- ❖ L.L.B. પછીના કારકિર્દીના વિકલ્પો
- ❖ વકીલાતનું ક્ષેત્ર (Advocacy - Advocate, Litigator, Legal Consultant)
- ❖ સક્રિય ન્યાયતંત્રમાં વિવિધ ભૂમિકાઓ (Judiciary - Civil Judge, Magistrate)
- ❖ ખાનગી સંસ્થાઓમાં કોર્પોરેટ કાયદાઓના તજજ્ઞ તરીકે (Corporate Law - Legal Advisor, Compliance Officer)
- ❖ વકીલાતમાં સંશોધક તરીકે (Legal Researcher)
- ❖ વકીલાત વિષયના શિક્ષણ ક્ષેત્રે (Professor)
- ❖ પ્રશાસનિક સેવાઓમાં કાયદાના જાણકાર તરીકે (UPSC, GPSC, CLAT PG, JAG Officer in Army)
- ❖ સત્તાવાર વેબસાઈટ consortiumofnlus.ac.in ફોન નં. 07923276611/12

### કાયદા સાથે સંકળાયેલા મુખ્ય કાયદાઓ / એક્ટ્સ

- ❖ ભારતીય સંવિધાન (Indian Constitution)
- ❖ ભારતીય દંડ સંહિતા - IPC (Indian Penal Code, 1860)
- ❖ ફોજદારી કાર્યવાહી સંહિતા - CrPC (Criminal Procedure Code, 1973)
- ❖ સિવિલ કાર્યવાહી સંહિતા - CPC (Civil Procedure Code, 1908)
- ❖ ભારતીય પુરાવા અધિનિયમ (Indian Evidence Act, 1872)
- ❖ કરાર અધિનિયમ (Indian Contract Act, 1872)
- ❖ સંપત્તિ હસ્તાંતરણ અધિનિયમ (Transfer of Property Act, 1882)
- ❖ કંપની અધિનિયમ (Companies Act, 2013)
- ❖ ફેમિલી કાયદો (Hindu Law, Muslim Law, Special Marriage Act, 1954)

### GNLU(ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગરમાં ફીનું ધોરણ

| ક્રમ | કોર્સનું નામ | કોર્સનો સમયગાળો | અંદાજિત ફી |
|---|---|---|---|
| 1 | B.A.L.L.B | 5 વર્ષ | રૂ. 9.32 લાખ |
| 2 | L.L.B. | 3 વર્ષ | રૂ. 6 લાખ |
| 3 | L.L.M. | 2 વર્ષ | રૂ. 2 લાખથી રૂ. 6 લાખ સુધી |
| 4 | B.Com, L.L.B. | 5 વર્ષ | રૂ. 6 લાખ |
| 5 | B.B.A., L.L.B. | 3 વર્ષ | રૂ. 3 લાખથી રૂ. 4 લાખ |

**ન્યાયતંત્ર (Judiciary)**

❖ કોઈ પણ દેશમાં ન્યાયતંત્ર એ સૌથી મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. ભારતમાં ત્રણ સ્તરની અદાલતો છે :

❖ સુપ્રીમ કોર્ટ (Supreme Court) - દેશની સર્વોચ્ચ અદાલત

❖ હાઈકોર્ટ (High Courts) - રાજ્યોની મુખ્ય અદાલતો

❖ જિલ્લા અને તળિયાની અદાલતો (District & Subordinate Courts)

**ન્યાયતંત્રની પરીક્ષાઓ (Judiciary Exams)**

❖ તમે સિવિલ જજ (Civil Judge) અથવા મજિસ્ટ્રેટ (Judicial Magistrate) બનવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે Judiciary Exam પાસ કરવી પડે. ભારતમાં જુદાં-જુદાં રાજ્યો માટે ન્યાયતંત્રને લગતી ભિન્ન ભિન્ન પરીક્ષાઓ હોય છે. PCSJ (Provincial Civil Services - Judiciary) જેમાં દિલ્હી ન્યાયિક પરીક્ષા, રાજસ્થાન ન્યાયિક પરીક્ષા તેમજ ગુજરાત ન્યાયિક પરીક્ષાનો સમાવેશ થાય છે. તેમજ UPSC / GPSC દ્વારા પણ કાયદા સાથે સંબંધિત પરીક્ષાઓ લેવામાં આવતી હોય છે.

**વકીલ કેવી રીતે બની શકાય ?**

❖ L.L.B.નો ત્રણ વર્ષ કે પાંચ વર્ષનો અભ્યાસ પૂર્ણ કરવો આવશ્યક છે.

❖ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (Bar Council of India /BCI) દ્વારા All India Bar Examination (AIBE) પાસ કરવી જરૂરી છે.

❖ રાજ્યની Bar Associationમાં નોંધણી કરવાની હોય છે.

❖ કોઈ વરિષ્ઠ વકીલ અથવા લૉ ફર્મ સાથે પ્રૅક્ટિસ કરી આ ક્ષેત્રનું પ્રૅક્ટિકલ જ્ઞાન સહાયરૂપ નીવડે છે.

**કાયદા અને તેના ઉપયોગો (Fields of Law & Applications)**

**A. ફોજદારી કાયદો / Criminal Law**

❖ IPC (Indian Penal Code, 1860) /ભારતીય ન્યાય સંહિતા(2023)

❖ ગુનાખોરી (Offenses) અને સજાઓ CrPC (Criminal Procedure Code, 1973) / ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (2023)- ગુનાની તપાસ અને ટ્રાયલ Evidence Act, 1872 / ભારતીય સાક્ષ અધિનિયમ (2023)પુરાવાના નિયમો(1.7.2024થી અમલમાં)

**દીવાનગી કાયદો / Civil Law**

❖ CPC (Civil Procedure Code, 1908) - દાવાઓ અને નાગરિક કેસની કાર્યવાહી

❖ TPA (Transfer of Property Act, 1882) - મિલકતના હસ્તાંતરણ માટે

❖ Family Laws (Hindu Law, Muslim Law, Christian Law)

❖ કોર્પોરેટ કાયદો (Corporate Law)

❖ Companies Act, 2013 - કંપનીઓ અને શાસન

❖ Contract Law, 1872 - કરારો અને બિઝનેસ ટ્રાન્ઝેક્શન

❖ Intellectual Property Law - પેટન્ટ, ટ્રેડમાર્ક, કૉપીરાઇટ

**ટૅકનોલૉજી અને કાયદો (Cyber Law)**

❖ IT Act, 2000 - ઇન્ટરનેટ અને ડિજિટલ ક્રાઇમ માટે

❖ Data Protection Laws-પ્રાઇવસી અને ડેટા સેફ્ટી

**કાયદાકીય સંશોધન અને લેખન (Legal Research & Drafting)**

❖ કાયદાકીય સંશોધન (Legal Research) - કેસ લૉ, જજમેન્ટ્સ અને કાયદાની વ્યાખ્યાઓનું વિશ્લેષણ

❖ ડ્રાફ્ટિંગ (Legal Drafting) - પિટિશન, કરાર, કાયદાકીય દસ્તાવેજો

❖ જજમેન્ટ ઍનાલિસિસ - અદાલતોના ચુકાદાઓનું અધ્યયન

---

જિલ્લા અદાલત કોર્ટ કેમ્પસ,
જજીસ ક્વાર્ટર, ક્વાર્ટર નંબર 302, સાંદીપનિ મંદિર રોડ,
પોરબંદર-360 578 મો. : 8469152650

# જનસંપર્ક : કારકિર્દીની વિપુલ તકો ધરાવતું ક્ષેત્ર

આશિષ ખારોડ

મહાકુંભમાં નિવાસની વ્યવસ્થા કરવાની હોય કે કોઈ હૉસ્પિટલમાં તાત્કાલિક એપોઇન્ટમેન્ટ લેવી હોય, કોઈ સ્કૂલનું એડમિશન હોય કે રેલવે ટિકિટનું રિઝર્વેશન- આપણા બધાના પરિચયમાં એકાદ વ્યક્તિ એવી મળે છે કે જેની પાસે આવી કોઈ પણ સમસ્યાનો ઉકેલ હોય. એમની આ કુશળતા આભારી છે એમના વિશાળ જનસંપર્કને ! બધાં ક્ષેત્રોમાં એમનું કોઈ ને કોઈ અનુસંધાન હોય જ જે એમનાં કામો સરળ બનાવે. આ વાત વ્યક્તિગત છે પણ આવા જ લોકોની જરૂરિયાત વ્યાવસાયિક ક્ષેત્રે પણ છે. કોઈ એવી વ્યક્તિ જે પોતાની ઈન્ડસ્ટ્રી, બ્રાન્ડ કે ઓફિસનાં કેટલાંક કામો સરળતાપૂર્વક પાર ઉતારે, પોતાની સંસ્થાની પોઝિટિવ ઈમેજ ઊભી કરે અને નેગેટિવ ઈમેજ બનતી રોકે - એ વ્યક્તિ એટલે જનસંપર્ક અધિકારી એટલે કે- Public Relation Officer.

જનસંપર્ક એ વર્તમાન સમયમાં વ્યાવસાયિક દૃષ્ટિએ ખૂબ વિકસિત અને ગતિશીલ ક્ષેત્ર છે. જે વ્યક્તિઓ (Individuals), સંસ્થાઓ (Organisations) અને બ્રાન્ડ્સની પ્રતિષ્ઠા ઘડવામાં અને ટકાવી રાખવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એક સમયે માત્ર પ્રિન્ટ મીડિયા સાથે સંકળાયેલા આ ક્ષેત્રમાં ડિજિટલ અને સોશિયલ મીડિયાના ઉભરી આવવા સાથે, કુશળ અધિકારીઓની માગમાં વધારો થઈ રહ્યો છે.

## આવશ્યક કૌશલ્ય

એક ચાઈનીઝ કહેવત છે, “If you don’t know how to smile don’t open a shop”, જો તમે ખુશમિજાજ રહી ન શકો/ વર્તી ન શકો, તો તમે ધંધો કરી શકો નહીં. સફળ જનસંપર્ક અધિકારી બનવા માટેના જરૂરી ગુણોની વાત કરતાં પહેલાં આ કહેવતને ગુરુમંત્રની જેમ સ્વીકારી લેવી જોઈએ. મળતાવડો અને વાચાળ સ્વભાવ એ જનસંપર્ક માટેની પ્રાથમિક જરૂરિયાત છે. એ ઉપરાંત કેટલીક ટેકનિકલ અને સોફ્ટ સ્કિલ્સનું સંયોજન પણ જરૂરી છે. જેમકે-

- ❖ સંવાદનું કૌશલ્ય : લેખિત રીતે સ્પષ્ટ અને અસરકારક પ્રેસનોટ્સ, લેખો કે ભાષણો લખવાં અને મૌખિક સ્વરૂપે ગ્રાહકો, મીડિયા કે અન્ય સંબંધકર્તાઓને સંદેશો પહોંચાડવો.
- ❖ વ્યૂહાત્મક વિચારસરણી : પ્રચાર- પ્રસાર માટેની વ્યૂહરચના ઘડવી, તેને અમલમાં મૂકવી અને આવી વ્યૂહરચનામાં કોઈ અડચણ આવે તો તે માટે વૈકલ્પિક ઉપાયો (Plan B) તૈયાર રાખવા. ટૂંકમાં સંકટ સમયે મૂંઝાઈ જવાને બદલે વધુ તાકાતથી નિખરી આવવાની માનસિકતા.
- ❖ સર્જનાત્મકતા અને અભિવ્યક્તિ : પોતાની બ્રાન્ડની ઈમેજ બનાવવા માટે આકર્ષક સ્ટોરીઝ બનાવવાની આવડત અને જુદા જુદા પ્રકારના કેમ્પેઈન માટેના સર્જનાત્મક વિચારો.
- ❖ વ્યક્તિગત સંબંધો અને નેટવર્કિંગ : મીડિયા પ્રોફેશનલ્સ, ઈન્ફ્લુએન્સર્સ અને સ્ટેક હોલ્ડર્સ સાથે સંબંધો કેળવવા અને જાળવી રાખવા. પોતાના સંબંધોનું વર્તુળ એટલું વિસ્તારવું કે લેખની શરૂઆતમાં કહ્યું તેમ, કોઈ પણ ક્ષેત્ર તમારા સંપર્કથી બાકાત ન હોય.
- ❖ ડિજિટલ અને સોશિયલ મીડિયામાં નિપુણતા: સોશિયલ અને ડિજિટલ મીડિયાના મૅનેજમૅન્ટ, માર્કેટિંગના ટ્રેંડ્સ અને તેના એનાલિટિક્સની જાણકારી.

❖ મૅનેજમૅન્ટની કુશળતા : જુદાં જુદાં કેમ્પેઈન, ઈવેન્ટસ કે પ્રચાર માટેના કાર્યક્રમોનું આયોજન અને વ્યવસ્થાપન અને ટાઈમ મૅનેજમૅન્ટ.

ઉપરોક્ત પૈકી જેટલી વધારે લાયકાતો હોય તેટલી તમારી જનસંપર્ક અધિકારી તરીકે સફળ થવાની ટકાવારી વધતી જાય.

**કારકિર્દીની તકો:**

જનસંપર્કના નિષ્ણાતો બિઝનેસ, સેલિબ્રિટી, રાજનેતાઓ અને નોનપ્રોફિટ સંસ્થાઓમાં કારકિર્દી ઘડી શકે છે. આ ક્ષેત્રની કેટલીક મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ નીચે મુજબ છે:

1. પબ્લિક રિલેશન્સ ઓફિસર (PRO) : પ્રેસ રિલીઝ બનાવવી, મીડિયા સાથે સંબંધ બનાવવો, જાળવવો અને crisis management.
2. મીડિયા રિલેશન્સ સ્પેશિયાલિસ્ટ : પત્રકારો અને મીડિયા સંસ્થાઓ સાથે સંબંધ બનાવવામાં ફોકસ કરે છે.
3. કોર્પોરેટ કોમ્યુનિકેશન્સ મેનેજર : સંસ્થાઓ માટે આંતરિક અને બાહ્ય સંચાર વ્યૂહરચનાઓ સંભાળે છે.
4. સોશિયલ મીડિયા મેનેજર : દર્શકો સાથે જોડાવા અને બ્રાન્ડની પ્રતિષ્ઠા વધારવા માટે સોશિયલ મીડિયા વ્યૂહરચનાઓ વિકસાવે છે.
5. ઈવેન્ટ મેનેજર: બ્રાન્ડ અથવા પ્રોડક્ટના પ્રમોશન માટે ઈવેન્ટ્સનું આયોજન કરે છે.
6. PR કન્સલ્ટન્ટ: બ્રાન્ડ પોઝિશનિંગ અને જાહેર છબી અંગે ગ્રાહકોને વ્યૂહાત્મક સલાહ આપે છે.
7. કન્ટેન્ટ રાઈટર/કોપીરાઈટર : પ્રેસ રિલીઝ, બ્લોગ્સ, સોશિયલ મીડિયા અને માર્કેટિંગ મટીરિયલ માટે આકર્ષક સામગ્રી બનાવે છે.
8. ક્રાઈસિસ કમ્યુનિકેશન સ્પેશિયાલિસ્ટ : જોખમભરી પરિસ્થિતિઓ દરમિયાન ગ્રાહકની પ્રતિષ્ઠા જાળવવા માટે સંચારનું સંચાલન કરે છે.
9. ઈન્ફ્લુએન્સર રિલેશન્સ મેનેજર : બ્રાન્ડ્સ અને કેમ્પેઈન્સના પ્રમોશન માટે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સાથે રહીને કામ કરે છે.

**ઉપલબ્ધ ક્ષેત્રો**

**જનસંપર્કના જાણકારો માટે વિવિધ ઉદ્યોગો અને ક્ષેત્રોમાં કામ કરવાની તકો ઉપલબ્ધ છે :**

1. કોર્પોરેટ ક્ષેત્ર : મોટી કંપનીઓ માટે સંચાર વ્યૂહરચનાઓ વિકસાવવી અને સ્ટેકહોલ્ડર્સ સાથે સંવાદ જાળવવો.
2. એન્ટરટેઈનમેન્ટ અને મીડિયા : સેલિબ્રિટી, ફિલ્મ પ્રોડક્શન હાઉસ, TV ચેનલ અને ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર્સ માટે PR સંચાલન.
3. સરકાર અને જાહેર સંસ્થાઓ : સરકારી સંસ્થાઓ, રાજકીય અભિયાન અને નીતિ માટે સંવાદ સંચાલન.
4. હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ્સ : હૉસ્પિટલ, ક્લિનિક અને દવા કંપનીઓ માટે આરોગ્ય સંદેશાઓ પ્રસારિત કરવા અને બ્રાન્ડની વિશ્વસનીયતા જાળવવી.
5. ફેશન અને લાઈફસ્ટાઈલ : ડિઝાઈનર્સ, ફેશન લેબલ્સ અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ્સ માટે ઈમેજ બિલ્ડિંગ.
6. નોનપ્રોફિટ સંસ્થાઓ : સામાજિક હેતુઓ માટે જનજાગૃતિ વધારવી.
7. ટૅકનોલૉજી અને સ્ટાર્ટઅપ્સ : ટેક પ્રોડક્ટ્સ માટે નેરેટિવ બનાવવો અને પ્રોડક્ટ લોન્ચનું સંચાલન કરવું.
8. શિક્ષણ : શૈક્ષણિક સંસ્થાઓ અને ઇ-લર્નિંગ પ્લેટફોર્મ માટે PR સંચાલન.
9. ફાઈનાન્સ અને બૅંકિંગ : બૅંકો અને નાણાકીય સંસ્થાઓ માટે સંચાર વ્યૂહરચનાઓ સંભાળવી.
10. સ્પોર્ટ્સ : ખેલાડીઓ, સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ અને ટીમ્સ માટે PR સંચાલન.

**ગુજરાતમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો :**

ગુજરાતની અનેક સંસ્થાઓ પબ્લિક રિલેશન્સ, જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનના અભ્યાસક્રમો ચલાવે છે. આ કોર્સિસ વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કુશળતા મેળવવાની તાલીમ આપે છે.

1. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા

(વડોદરા) : બેચલર અને માસ્ટર્સ ઈન જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશન
https://msubaroda.ac.in

2. નિરમા યુનિવર્સિટી (અમદાવાદ) : PR અને કોર્પોરેટ કમ્યુનિકેશનને આવરી લેતો વ્યાપક માસ કમ્યુનિકેશન પ્રોગ્રામ.
https://nirmauni.ac.in
3. ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ) : જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનમાં ડિપ્લોમા અને ડિગ્રી કોર્સિસ.
https://gujaratuniversity.ac.in
4. પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (ગાંધીનગર) : PR ઉપર ધ્યાન કેન્દ્રિત કરતો મીડિયા અને કમ્યુનિકેશન પ્રોગ્રામ.
https://pdeu.ac.in
5. મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્યુનિકેશન્સ (MICA) - અમદાવાદ : સ્ટ્રેટેજિક માર્કેટિંગ અને કમ્યુનિકેશન.
https://www.mica.ac.in
6. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (NIJMC) અમદાવાદ : માસ્ટર્સ ઈન જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશન
https://www.nimcj.org
7. અર્જુનલાલ હિરાણી કૉલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન : રાજકોટ
https://
8. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)ના તમામ સેન્ટર્સ પરથી એક્સટર્નલ અભ્યાસ થઈ શકે છે.
https://www.ignou.ac.in



9. ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી (BAOU) નાં તમામ સેન્ટર્સ પરથી એક્સટર્નલ અભ્યાસ થઈ શકે છે. https://baou.edu.in
10. આ ઉપરાંત રાજ્યની તમામ માન્ય યુનિ. અને સેલ્ફ ફાઈનાન્સ યુનિ.માં આ પ્રકારના અભ્યાસક્રમો ચાલે છે.

**ભારતમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો :**

1. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કમ્યુનિકેશન (IIMC) - નવી દિલ્હી : એડવર્ટાઈઝિંગ અને પબ્લિક રિલેશન્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા.
https://iimc.gov.in
2. ઝેવિયર ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્યુનિકેશન્સ (XIC) - મુંબઈ : પબ્લિક રિલેશન્સ અને કોર્પોરેટ કમ્યુનિકેશનમાં વિશેષ કોર્સ.
https://www.xaviercomm.org
3. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એન્ડ કમ્યુનિકેશન (SIMC) - પૂણે : PR ઉપર ધ્યાન કેન્દ્રિત કરતો માસ્ટર્સ પ્રોગ્રામ.
https://www.simc.edu
4. એમિટી સ્કૂલ ઓફ કમ્યુનિકેશન - નોઈડા : PR અને માસ કમ્યુનિકેશનમાં સ્નાતક અને સ્નાતકોત્તર કોર્સિસ.
https://www.amity.edu

જનસંપર્કનું ક્ષેત્ર સર્જનાત્મક અને વ્યૂહાત્મક મનોવૃત્તિવાળા અને ગતિશીલ વાતાવરણમાં આગળ વધવા ઈચ્છતા લોકો માટે ખૂબ સારી તકો પ્રદાન કરે છે. ગુજરાત અને ગુજરાત બહાર ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક કોર્સિસ મારફતે PR વ્યવસાય ઈચ્છુકો જરૂરી કૌશલ્ય અને જ્ઞાન મેળવી શકે છે. જરૂરી કૌશલ્યનો વિકાસ કરીને વ્યક્તિ સંચાર અને મીડિયાની દુનિયામાં મહત્ત્વપૂર્ણ પ્રભાવ પાડી શકે છે.

સંકલ્પ એપાર્ટમેન્ટ, શરૂ સેક્શન રોડ,
જામનગર.
મો. : ૯૦૯૯૦૦૨૮૨૧

# કૃષિ ક્ષેત્રે ઉત્તમ કારકિર્દીની તકો

ઉર્વિશા બુહા

વિશ્વ માટે ખેતીની મહત્તાને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બરોબર સમજી છે. આથી જ રાજ્યના કૃષિના વિકાસ માટે તત્કાલિન સમયે ગુજરાતમાં એક કૃષિ યુનિવર્સિટીમાંથી ચાર યુનિવર્સિટીનો વિસ્તાર કર્યો હતો. જેના પરિણામે આજે ગુજરાતમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર કૃષિનગર દાંતીવાડા યુનિવર્સિટી આવેલી છે. આ ઉપરાંત ખાનગી યુનિવર્સિટીમાં પણ કૃષિ ક્ષેત્રે અભ્યાસના કોર્ષ ઉપલબ્ધ થયા છે.

વિદ્યાર્થીઓ ધો.12 પછી કૃષિ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાની મનપસંદ કારકિર્દીનું ઘડતર કરી શકે છે.

કૃષિ તથા કૃષિ સંલગ્ન ક્ષેત્રે ધો.12 સાયન્સ પછી બી ગ્રુપના વિદ્યાર્થીઓ બી.એસસી. (એગ્રિકલ્ચર), બી.એસસી. (હોર્ટિકલ્ચર), બી.એસસી. (ફોરેસ્ટ્રી), બી.એસસી. (બાયોટેક્નોલોજી), બી.એસસી., (ફૂડ ન્યુટ્રીશન), અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓ બી.ટેક., (એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ), બી.ટેક., (ફૂડ ટેક્નોલોજી)નો અભ્યાસ કરી પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી શકે છે.

### કૃષિ સંલગ્ન અભ્યાસક્રમમાં સ્નાતક

ધોરણ-12ના પરિણામ જાહેર થયા બાદ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીમાં 'બી' ગ્રુપમાં પ્રવેશ માટેની જાહેરાત ગુજરાતના દૈનિક સમાચાર પત્રોમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવે છે. પ્રવેશ અંગેની તમામ માહિતી સત્તાવાર વેબસાઇટ https://gsauca.in ઉપર આપવામાં આવે છે. ધોરણ-12ના પરિણામ જાહેર થયા બાદ 'બી' ગ્રુપમાં પ્રવેશ માટેની જાહેરાત માટે https://gsauca.in વેબસાઇટ ચકાસવાની રહેશે. આ પ્રવેશપ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન કરવામાં આવે છે. જરૂર પડ્યે રૂબરૂ કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

### કૃષિ યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ (B ગ્રુપ)

ધો.12 સાયન્સ'બી' ગ્રુપ પછી કૃષિ યુનિવર્સિટીમાં બી.એસસી.(ઓનર્સ) એગ્રિકલ્ચર, બી.એસસી. (ઓનર્સ)



હોર્ટિકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી. ટેક (બાયોટેક્નોલોજી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

**પ્રવેશ લાયકાત**

બી.એસસી.(ઓનર્સ) એગ્રિકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) હોર્ટિકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી. ટેક (બાયોટેક્નોલોજી)માં પ્રવેશ માટે ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-12) વિજ્ઞાન પ્રવાહના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા રાજ્યના અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ. તેમજ ગુજકેટની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે 105 માર્કસ (35%) તથા અન્ય કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 120 માર્કસ (40%)ગુણ મેળવેલા હોવા જોઈએ.

જે ઉમેદવારે ધોરણ-12ની પરીક્ષા કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહ અથવા ઉત્તર બુનિયાદી પ્રવાહ (કૃષિના વિષયો સાથે) ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેઓ બી.એસસી. (ઓનર્સ) એગ્રિકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) હોર્ટિકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી તથા બી.ટેક (બાયોટેકનોલોજી)માં પ્રવેશ મેળવી શકે છે. આવા ઉમેદવારોને અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વધારાના 5% ગુણ મળવાપાત્ર છે.

તેમજ ખેડૂતના પુત્ર/પુત્રી/ભાઇ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના 5% ગુણ (ભારાંક - Weightage) બી.એસસી.(ઓનર્સ) એગ્રિકલ્ચર/બી.એસસી.(ઓનર્સ) હોર્ટિકલ્ચર/બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી અને બી.ટેક (બાયોટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જ મળવાપાત્ર છે. આ માટે ઉમેદવારે તેના પિતા/માતા/દાદા (પિતૃ પક્ષ)/દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ/બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો 7-12/8-અ નો ચાલુ નાણાકીય વર્ષનો ઉતારો તેમજ જમીનધારક અને ઉમેદવાર વચ્ચેનો સંબંધ દર્શાવતું તલાટી/મામલતદારનું પેઢીનામું રજૂ કરવાનું રહેશે.

**મેરીટ લીસ્ટ**

બી.એસસી. (ઓનર્સ) એગ્રિકલ્ચર/ બી.એસસી. (ઓનર્સ) હોર્ટિકલ્ચર/ બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી/ બી.ટેક. (બાયોટેક્નોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ચાલુ વર્ષની GUJCET કે રાજ્ય સરકાર દ્વારા માન્ય પરીક્ષાના 40 ટકા અને ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના 40 ટકા પરથી મેરીટ બને છે. તેમાં ખેડૂતના પુત્ર/પુત્રી/ભાઇ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના 5% ગુણ તથા રમતગમતમાં મેળવેલી સિદ્ધિના નિયમ મુજબ ગુણ મળી મુખ્ય મેરીટ બને છે.

કૃષિ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાના ઉમેદવારો માટે 15% અને. ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે 85% બેઠકો અનામત રાખવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલી કેટેગરી મુજબ અનામત રહેશે:

અનુસૂચિત જાતિ (SC) 7% અને અનુસૂચિત જનજાતિ (ST) માટે 15% અનામત બેઠકો છે. આ ઉપરાંત SEBC માટે 27%, EWS ઉમેદવારો માટે 10% અનામત બેઠકો રાખવામાં આવી છે.

**ધો.12 સાયન્સ ‘A’ અને ‘AB’ ગ્રુપના વિદ્યાર્થીઓ**

ધોરણ-12નું પરિણામ જાહેર થયા બાદ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીમાં ‘એ’ ગ્રુપમાં પ્રવેશ માટેની જાહેરાત ગુજરાતના દૈનિક સમાચાર પત્રોમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ પ્રવેશ અંગેની તમામ માહિતી https://gsauca.in ઉપરથી જોઈ શકાશે. આ પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઇન કરવામાં આવે છે. જરૂર પડ્યે રૂબરૂ કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

**કૃષિ યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ (A અને AB ગ્રુપ)**

ધો.12 સાયન્સ એ અને ‘એબી’ ગ્રુપ પછી કૃષિ યુનિવર્સિટીમાં બી.ટેક (એગ્રિ.એન્જિ.), બી.ટેક. (ફૂડ ટેકનોલોજી), બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જિ.), બી.ટેક. (એગ્રિ. ઈન્ફર્મેશન ટેકનોલોજી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો થાય છે.

### પ્રવેશ લાયકાત

ઉપરોક્ત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ (એ-ગ્રુપ)/ ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ/ બાયોલોજી (એબી-ગ્રુપ) સહિત અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા માન્યતા પ્રાપ્ત રાજ્યના અન્ય બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ.

બી.ટેક. (એગ્રિ. ઈન્ફર્મેશન ટેકનોલોજી)માં પ્રવેશ માટે ઉમેદવારે ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ (એ-ગ્રુપ ), ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ / બાયોલોજી (એબી-ગ્રુપ) (માત્ર મેથેમેટિક્સના માર્ક ગણતરીમાં લેવામાં આવશે) વિષયોની થિયરીમાં (ગ્રેસિંગ માર્ક સિવાય) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ 105 માર્કસ (35 ટકા) અને બાકીની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 120 માર્કસ (40 ટકા) મેળવેલા હોવા જોઈએ.

### મેરીટ લીસ્ટ

GUJCET કે રાજ્ય સરકાર દ્વારા માન્ય પ્રવેશ પરીક્ષાના 40% અને ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં (ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ વિષયની થિયરી) મેળવેલા કુલ ગુણના 60% મુજબ મેરીટ લીસ્ટ બનશે.

### કૃષિ અને કૃષિ સંલગ્ન સ્નાતક થયા બાદ રોજગારીની તકો

કૃષિ તથા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોમાં સ્નાતક થયા બાદ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, સહકારી ક્ષેત્ર, બેંકિંગ, ખાતર કંપનીઓ, ખાનગી ક્ષેત્રની વિવિધ કંપનીઓમાં નોકરીની તકો રહેલી છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રે પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરી ઉદ્યોગસાહસિક પણ બની શકે છે. આ સાથે પોતાની ખેતીમાં પણ શિક્ષણનો ઉપયોગ કરી આધુનિક ખેતી કરી ખૂબ સારી આર્થિક કમાણી કરી શકે છે.

કૃષિ સ્નાતકો અને ગુજરાત સરકારમાં કૃષિ અધિકારી, સીડ ઓફિસર તરીકે જોડાઈ શકે છે. જેની ભરતી GPSC દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત વિસ્તરણ અધિકારી(ખેતી) તરીકે પણ સરકારમાં જોડાઈ શકે છે. આ ઉપરાંત બી.એસસી. (એગ્રિ.) અને બી.એસસી. (હોર્ટિકલ્ચર)ના સ્નાતકો હોર્ટિકલ્ચર ઓફિસર, ગ્રામ સેવક તરીકે પણ સરકારમાં જોડાઈ શકે છે. વિસ્તરણ અધિકારી(ખેતી) અને ગ્રામ સેવકની ભરતી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીમાં એગ્રિકલ્ચર આસિસ્ટન્ટ, એગ્રિકલ્ચર ઓફિસર તરીકે નોકરીની તકો છે. GPSC દ્વારા લેવામાં આવતી રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર એટલે કે RFO, ACFની પરીક્ષા કૃષિ સ્નાતકો, બાગાયત સ્નાતકો, એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ સ્નાતકો, ફોરેસ્ટ્રીના સ્નાતકો આપી શકે છે.

આ ઉપરાંત નાબાર્ડ, કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI), FSSAI, NSC, FROમાં જોડાઈ શકે છે. GSFC, IFFCO, KRIFCO, ATMA, MFSM, NMSAમાં પણ નોકરીની તકો છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સોઈલ ટેસ્ટિંગ લેબમાં સેવા કરવાનો અવસર મળે છે. કિસાન કોલ સેન્ટર તથા ખાનગી કૃષિ સંલગ્ન વ્યવસાય ધરાવતી કંપનીઓ જેવી કે, જંતુનાશક કંપની, ખાતર કંપની વગેરેમાં કૃષિ વિશેષજ્ઞ તરીકે નોકરીની તક છે.

કૃષિ સ્નાતક બાદ અનુસ્નાતકનો અભ્યાસ કરી NET, Ph.Dનો અભ્યાસ પૂર્ણ કરીને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે અન્ય કૃષિ સ્નાતકોની કારકિર્દી બનાવવામાં સહભાગી બની શકાય છે. તેમજ ICAR દ્વારા પણ JRF તરીકે જોડાઈ કૃષિ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી શકે છે. તેમજ ICARના વિવિધ પ્રોજેકટમાં કામ કરવાનો અવસર મળે છે. ખાનગી કંપનીઓમાં કૃષિ માર્કેટિંગ, ખેડૂત તાલીમ વિશેષજ્ઞ, કન્સલટન્ટ બની શકાય છે. તેમજ SBI, અને IBPS દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરી દેશની ગણમાન્ય બેંકમાં એગ્રિકલ્ચર ઓફિસર તરીકે સુવર્ણ કારકિર્દી ઘડવાની તક રહેલી છે.

પૂર્ણિમા ચોક, ઓડ,
તા. ઉમરેઠ, જિ. આણંદ
મો. : ૯૩૨૮૦૮૮૦૩૪

# ડિઝાઇન કૌશલ્ય નિર્માણ માટે IPSA અને KSD : સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ

રિધ્ધિ શાહ

સૌરાષ્ટ્ર-કચ્છ ખાતે સ્થાપત્યકલાનું સ્નાતક કક્ષાનું શિક્ષણ આપતી એકપણ સંસ્થા અસ્તિત્વમાં ન હતી ત્યારે સૌરાષ્ટ્રની પ્રાદેશિક ઓળખને અને ઉત્તમ જીવનશૈલીને છાજે એવી ભાવી આર્કિટેક્ટસનું ઘડતર કરવાના હેતુથી વર્ષ 1999માં રાજકોટ ખાતે સ્કૂલ ઓફ આર્કિટેક્ચરની સ્થાપના કરવાનો વિચાર રાજકોટના ખ્યાતનામ આર્કિટેક્ટ શ્રી કિશોરભાઈ ત્રિવેદીએ વી.વી.પી.ના ટ્રસ્ટી મંડળ સમક્ષ રજૂ કર્યો. જેનો વી.વી.પી. ટ્રસ્ટી મંડળે સહર્ષ સ્વીકાર કરી વર્ષ 2000માં રાજકોટના પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ શ્રી ઈન્દુભાઇ પારેખના નામે 'ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ટચર' (IPSA) નામની આર્કિટેક્ચરનું સ્નાતક કક્ષાનું શિક્ષણ આપતી સંસ્થાની શરૂઆત થઈ. ત્યારબાદ વર્ષ 2023-24માં ઈન્ટીરીયર ડિઝાઈનનું સ્નાતક કક્ષાનું શિક્ષણ પ્રદાન કરતી 'કિચ સ્કૂલ ઓફ ડિઝાઈન' (KSD) ની સ્થાપના કરવામાં આવી હતી અને હવે આગામી શૈક્ષણિક વર્ષ 2025-26થી 'ડિપ્લોમા ઇન આર્કિટેક્ચર'નો કોર્ષ પણ શરૂ થવા જઈ રહ્યો છે.

- **સ્થાપત્યકલાના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ**

**સંસ્થાનું નામ :** ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર (IPSA)

**શૈક્ષણિક જોડાણ :** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર- ન્યુ દિલ્હી દ્વારા માન્યતા પ્રાપ્ત)

**વિદ્યાશાખા :** ફેકલ્ટી ઓફ આર્કિટેક્ચર

**અભ્યાસક્રમ :** બેચલર્સ ઈન આર્કિટેક્ચર (B.Arch.)

**સમયગાળો :** 10 સેમેસ્ટર્સ (5 વર્ષ)

**વાર્ષિક ફી :** રૂ.1,29,000/-

- **પ્રવેશ હેતુની શૈક્ષણિક લાયકાત**

બેચલર્સ ઈન આર્કિટેક્ચરમાં પ્રવેશ માટે માન્ય બોર્ડમાંથી ધોરણ-12 (વિજ્ઞાનપ્રવાહ) - ગણિત, ભૌતિકશાસ્ત્ર ફરજીયાત વિષય સાથે અને રસાયણશાસ્ત્ર / જીવવિજ્ઞાન / તકનીકી વ્યાવસાયિક વિષય / કમ્પ્યુટર સાયન્સ / ઈન્ફર્મેશન ટેકનોલોજી / ઈન્ફોર્મેટીક્સ પ્રેક્ટીસ / એન્જિનિયરિંગ ગ્રાફિક્સ / બિઝનેસ સ્ટડીઝ સાથે ઓછામાં ઓછા 50% (રીઝર્વ કેટેગરીના કિસ્સામાં 45% ગુણ સાથે) સાથે પાસ કરેલું હોવું જોઈએ.

**અથવા**

10+3 (ડિપ્લોમા) પરીક્ષા ફરજીયાત ગણિત વિષય સાથે ઓછામાં ઓછા 45% ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ.

- **બન્ને કિસ્સાઓમાં નેશનલ એપ્ટીટ્યુટ ટેસ્ટ ફોર આર્કિટેક્ચર (નાટા)માં જરૂરી સ્કોર મેળવવો અનિવાર્ય છે.**

**પ્લેસમેન્ટ :** બેચલર્સ ઈન આર્કિટેક્ચર અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ આર્કિટેક્ચર, ઈન્ટીરીયર ડિઝાઈન, ટાઈલ્સ ડિઝાઈન, ફેશન ડિઝાઈન, જ્વેલરી ડિઝાઈન પ્રોડક્ટ ડિઝાઈન, જેવા અનેકવિધ ક્ષેત્રોમાં પોતાની કારકિર્દીનું નિર્માણ કરી શકાય છે. આમ પૂર્ણ સમયની પ્રોફેશનલ પ્રેક્ટીસ તેમજ ખાનગી જોબ તરીકેની પાર્ટ ટાઈમ / ફૂલ ટાઈમ / ફ્રી લાન્સીંગ તરીકે રોજગાર મેળવવાની અનેક તકો ઉપલબ્ધ છે. બેઠકો અને પાત્રતાના માપદંડોને લગતી વધુ વિગતો માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ, ગુજરાત સરકારની વેબસાઈટ https://gujacpc.admissions.nic.inની મુલાકાત લઈ શકો છો.

**સંપર્ક :** ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર,

વી.વી.પી.કેમ્પસ, મોટેલ ધ વિલેજની સામે, વાજડી-વીરડા, કાલાવડ રોડ, રાજકોટ-360005.

**મો.:** 91046 92322, 91045 23522, 95104 37520, 94282 00698

**ઈ મેઈલ-** info@ipsarajkot.org

**વેબસાઈટ-** www.ipsarajkot.org

- **ડિપ્લોમા ઇન આર્કિટેક્ચરના અભ્યાસક્રમની વિગત**

**સંસ્થાનું નામ :** ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર

**શૈક્ષણિક જોડાણ :** ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર- ન્યુ દિલ્હી દ્વારા માન્યતા)

**વિદ્યાશાખા :** ફેકલ્ટી ઓફ આર્કિટેક્ચર

**અભ્યાસક્રમ :** ડિપ્લોમા ઈન આર્કિટેક્ચર (D. Arch.)

**સમયગાળો :** 06 સેમેસ્ટર્સ (3 વર્ષ)

**વાર્ષિક ફી :** રાજ્ય સરકાર દ્વારા હવે નિશ્ચિત કરાશે

- **પ્રવેશ હેતુની શૈક્ષણિક લાયકાત :**

માન્ય બોર્ડમાંથી ધોરણ 10 પાસ હોવું જરૂરી છે. વિદ્યાર્થીએ મેળવેલા ગુણના આધારે મેરીટ અને પ્રવેશ નક્કી થશે. બેઠકો અને પાત્રતાના માપદંડોને લગતી વધુ વિગતો માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ, ગુજરાત સરકારની વેબસાઈટ https://gujdiploma.admissions.nic.inની મુલાકાત લઈ શકાય છે.

**સંપર્ક :** ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર,

વી.વી.પી. કેમ્પસ, મોટેલ ધ વિલેજની સામે, વાજડી-વીરડા, કાલાવડ રોડ, રાજકોટ-360005.

**મો.:** 91046 92322, 91045 23522, 95104 37520, 94282 00698

**ઈ મેઈલ-** ipsadiploma@gmail.com | વેબસાઈટ- www.ipsarajkot.org

- **ઇન્ટીરીયર ડિઝાઇનના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની વિગત**

**સંસ્થાનું નામ :** કિચ સ્કૂલ ઓફ ડિઝાઈન

**શૈક્ષણિક જોડાણ :** ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી

**વિદ્યાશાખા :** ફેકલ્ટી ઓફ આર્કિટેક્ચર

**અભ્યાસક્રમ :** બેચલર્સ ઈન ઈન્ટીરીયર ડિઝાઈન (B.I.D.)

**સમયગાળો :** 08 સેમેસ્ટર્સ (4 વર્ષ)

**વાર્ષિક ફી :** રૂ.1,25,000/-

- **પ્રવેશ હેતુની શૈક્ષણિક લાયકાત :**

બેચલર્સ ઈન ઈન્ટીરીયર ડિઝાઈનમાં પ્રવેશ માટે માન્ય બોર્ડમાંથી કોઈ પણ વિદ્યાશાખામાં ધોરણ-12 પરીક્ષા ઓછામાં ઓછા 45% ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ અથવા 10+3 (ડિપ્લોમા) પરીક્ષા ઓછામાં ઓછા 45% ગુણ સાથે (રીઝર્વ કેટેગરીના કિસ્સામાં 40% ગુણ સાથે) પાસ કરેલી હોવી જોઈએ. ધોરણ-12 અથવા સમકક્ષ ડિપ્લોમાના ગુણના મેરીટના આધારે પ્રવેશ નક્કી થતો હોય છે.

**પ્લેસમેન્ટ :** કોઈપણ ભવનના ઈન્ટીરીયર ડિઝાઈનીંગ સાથે પ્રોડક્ટ ડિઝાઈન, ગ્રાફિક્સ ડિઝાઈન, ફર્નિચર ડિઝાઈન, મીડિયા, ફાઈન આર્ટસ, ડિજિટલ મોડેલીંગ વિગેરે જેવા ક્ષેત્રોમાં કારકિર્દી નિર્માણ કરી શકાય છે. આમ પૂર્ણ સમયની પ્રોફેશનલ પ્રેક્ટીસ તેમજ ખાનગી જોબ રૂપે પાર્ટ ટાઈમ / ફૂલ ટાઈમ / ફ્રી લાન્સીંગ તરીકે રોજગારીની ઘણી તકો ઉપલબ્ધ થાય છે.

**સંપર્ક :** કિચ સ્કૂલ ઓફ ડિઝાઈન, (KSD)

વી.વી.પી. કેમ્પસ, મોટેલ ધ વિલેજની સામે, વાજડી-વીરડા, કાલાવડ રોડ, રાજકોટ-360005.

**મો.:** 91046 92322, 91045 23522, 95104 37520

**ઈ-મેઈલ-** info@ksdrajkot.ac.in | **વેબસાઈટ** - www.ksdrajkot.ac.in

---

ફેકલ્ટી, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ
આર્ટિટેક્ટ, રાજકોટ.
મો. : 9979425435

## અગત્યની વેબસાઈટ્સ

| | |
|---|---|
| www.cept.ac.in | CEPT University |
| www.nift.ac.in | NIFT Gandhinagar |
| www.nid.edu | NID |
| www.daiict.ac.in | Dhirubhai Arnbani Institute - Gandhinagar |
| www.ddu.ac.in | Dhannashi Desai University - Nadiad |
| www.ninnauni.ac.in | NIRMA University |
| www.iite.ac.in | Institute of Teachers Education - Gandhinagar |
| www.gnlu.ac.in | National Law University - Gandhinagar |
| www.amaindia.org | Ahrnedabad Management Association |
| www.iirnahd.ernetin | Indian Institute of Management |
| www.prl.res.in | Physical Research Laboratory |
| www.pdpu.ac.in | PDPU Gandhinagar |
| **Universities of Gujarat State** | |
| www.mkbhavani.cdu.in | Bhavnagar University, Bhavnagar |
| www.sgu.emet.in | Veer Narmad South Gujarat University, Surat |
| www.ninnauni.ac.in | Nirma University, Ahmedabad |
| www.saurashtrauniversity.edu | Saurashtra University, Rajkot |
| www.ganpatuniversity.ac.in | Ganpat University, Mehsana |
| www.ngu.ac.in | Hemchandracharya North Gujarat University, Patan |
| www.spuvvn.edu | Sardar Patel University, Vallabh Vidhyanagar |
| www.msubaroda.ac.in | Maharaja Sayajirao University, Baroda |
| www.gujaratuniversity.org.in | Gujarat University |
| www.gujaratvidyapith.org | Gujarat Vidyapith, Ahmedabad |
| www.sday.edu.in | Gujarat Agriculture University, Dantiwada |
| www.ayurveduniversity.com | Gujarat Ayurved University, Janinagar |
| www.aau.in | Anand Agriculture Univesity, Anand |
| www.jau.in | Junagadh Agriculture University, Junagadh |
| www.nau.in | Navsari Agriculture University, Navsari |
| www.svnitac.in | Sardar Vallabhbhai National Institute & Tecnology, Surat |
| www.cept.ac.in | Centre for Environmental Planning & Technology, Ahmedabad |
| **Councils of India** | |
| www.ugc.ac.in | University Grant Commission, New Delhi. |
| www.naacindia.org | National Assessment & Acreditation Council, New Delhi |
| www.dciindia.org | Dental Council of India, New Delhi |
| www.mciindia.org | Medical Council oflndia, New Delhi |
| www.aicte-india.org | All India Council of Technical Education, New Delhi |
| www.ncte-in.org | National Council for Teacher Education, Bhopal |
| www.barcouncilofindia.nic.in | Bar Council of India, New Delhi |
| www.barcouncilofgujaratorg | Bar Council of Gujarat, Gandhinagar |
| www.pci.nic.in | Pharmacy Council of India, New Delhi |
| www.ugc.ac.in | Distance Education Council, New Delhi |
| www.ccindia.org | Central Council for Indian Medicine, New Delhi |
| www.icar.org.in | Indian Council for agricultural Research, New Delhi |

# માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

# ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક


ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

રોજગાર સમાચાર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF
gujaratinformation.gujarat.gov.in લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

| રાજ્યભરમાં 30,000થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક | રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર |
|---|---|

- રાજ્ય સરકારના વિવિધ વિભાગો,
- સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ,
- ગુજરાત જાહેર સેવા આયોગ,
- ગૌણ સેવા પસંદગી મંડળ,
- જાહેર સાહસો,
- પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો,
- બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ,
- સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

**વાર્ષિક લવાજમ માત્ર ₹30/-**



પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.